BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

**પ્રથમ વર્ષ સેમેસ્ટર – 1**

**SOMJ – 102**

# ભારતમાં સમાજ

# (Society in India)

**(મુખ્ય વિષય)**



**B.A. (Honours)-Sociology**

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશ અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOU ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ*

*'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયના પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઇ પણ ઉંમરના છાત્રાને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડીયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.*

*અસ્તુ !*

**કુલપતિશ્રી**

**ડૉ. અમી ઉપાધ્યાય,**

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,*

*જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,*

*છારોડી, અમદાવાદ.*

**વિષય સમિતિ**

| | |
|---|---|
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ | પ્રોફેસર સમાજશાસ્ત્ર, વિભાગ, સમાજવિદ્યા ભવન,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો.(ડૉ.) મહેશ ગામિત | પ્રોફેસર, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ. |

**લેખન**

| | |
|---|---|
| ડૉ. સુરેશ ગામીત | એસોસિયેટ પ્રોફેસર, એસ. બી. મહિલા આર્ટસ કોલેજ, પેથાપુર, હિંમતનગર. |
| ડૉ. ઈશ્વરભાઈ સુતરીયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ભાવનગર. |
| ડૉ. ભરત વસૈયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, એમ.પી.આર્ટસ કૉલેજ,આસ્ટોડિયા રાયપુર દરવાજા, અમદાવાદ. |

**પરામર્શન (વિષય)**

| | |
|---|---|
| પ્રો.(ડૉ.) મહેશ ગામિત | પ્રોફેસર, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ. |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| પ્રો(ડૉ) યોગેન્દ્ર પારેખ | પ્રોફેસર અને અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ.દીપકભાઈ ભાનુશંકર ભટ્ટ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સરસપુર આર્ટસ અને કોમર્સ કોલેજ, |

**સંપાદન**

| | |
|---|---|
| પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કુલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડો બાબાસાહેબઆંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ. નિતિનકુમાર જાદવ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |

**પ્રકાશક**

| | |
|---|---|
| ડૉ. ભાવિન ત્રિવેદી | કા. કુલસચિવ, ડો બાબાસાહેબ આંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ. |

**ISBN : 978-93-89456-61-5**

: સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠયપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

**વિષય સમિતિ**

| | |
|---|---|
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ | પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો.(ડૉ.) મહેશ ગામિત | પ્રોફેસર, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ. |

**લેખન**

| | |
|---|---|
| ડૉ. ભરત વસૈયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, એમ.પી.આર્ટસ કૉલેજ,આસ્ટોડિયા રાયપુર દરવાજા, અમદાવાદ. |
| ડૉ. સુરેશ ગામીત | એસોસિયેટ પ્રોફેસર, એસ. બી. મહિલા આર્ટસ કોલેજ, પેથાપુર, હિંમતનગર. |
| ડૉ. સંગીતા પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**પરામર્શન (વિષય)**

| | |
|---|---|
| પ્રો.(ડૉ.) મહેશ ગામિત | પ્રોફેસર, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ. |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| ડૉ.દીપકભાઈ ભાનુશંકર ભટ્ટ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સરસપુર આર્ટસ અને કોમર્સ કોલેજ, |
| ડૉ.હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ.દિનુભાઈ ચુડાસમા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |

**સંપાદન**

| | |
|---|---|
| પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કુલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડો બાબાસાહેબઆંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ. નિતિનકુમાર જાદવ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુંમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |

**પ્રકાશક**

| | |
|---|---|
| ડૉ. ભાવિન ત્રિવેદી | કા. કુલસચિવ, ડો બાબાસાહેબ આંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ. |

**ISBN : 978-93-89456-62-2**

: સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠયપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**B.A. (Hons.) Sociology**

**ભારતમાં સમાજ**

**(Society in India)**

**SOMJ-102**

## વિભાગ: 1


**એકમ – 1**

ભારતમાં એકતા અને વિવિધતા.

**એકમ – 2**

ભારતનો ગ્રામીણ સમાજ.

**એકમ – 3**

ભારતીય શહેરોનું સામાજિક માળખું

**એકમ – 4**

સામાજિક સંસ્થાનો અર્થ અને તેનું સ્વરૂપ.

**એકમ – 5**

કુટુંબસંસ્થાનો અર્થ અને તેના લક્ષણો, પ્રકારો અને કાર્યો

**એકમ – 6**

જ્ઞાતિ સંસ્થાનો અર્થ, તેના લક્ષણો, જ્ઞાતિ અને વર્ણવ્યવસ્થા.

**એકમ – 7**

રાજ્ય સંસ્થાનો અર્થ અને તેના લક્ષણો, રાજ્યના કાર્યો.

**એકમ – 8**

લગ્નસંસ્થાનો અર્થ અને તેના ઉદ્દેશો, પ્રકારો, લગ્નક્ષેત્ર પરનાં નિયંત્રણો..

એકમ
૧

# ભારતમાં એકતા અને વિવિધતા

## રૂપરેખા


૧.૦ ઉદ્દેશો
૧.૧ પ્રસ્તાવના
૧.૨ ભારતમાં એકતા
૧.૩ ભારતમાં એકતા અને વિવિધતા
૧.૪ સારાંશ
૧.૫ તમારી પ્રગતિ ચકાસો
૧.૬ સંદર્ભસૂચિ


## ૧.૦ ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ – વાંચન પછી નીચે મુજબની સમજૂતી મેળવી શકશો.

૧. ભારતમાં એકતા.

૨. ભારતમાં વિવિધતા.

૩. ભારતમાં એકતા અને વિવિધતા.

## ૧.૧ પ્રસ્તાવના

ભારત દેશ પ્રાચીનકાળથી જ વિસ્તાર અને વસતીની દ્રષ્ટિએ એક વિશાળ દેશ છે. જે આશરે ૩૨૮૭.૨૬૩ ચો.કી.મી. નો વિસ્તાર ધરાવે છે. ભારત દેશમાં કુદરતી સંપતિ સૌથી વધારે છે. ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં સતત વસતીવૃદ્ધિ થતી રહી છે. જેમા પાયાનો આધાર જૈવિક રહેલો છે. એટલે કે સમાજના સાતત્ય અને વિકાસમાં વસતી એ એક મહત્વનું પરિબળ રહ્યું છે. ભારતીય સમાજમાં વસતીવૃદ્ધિ સતત કદ, ઘનતામાં ફેરફારો સમગ્ર સમાજમાં ગહન અસરથી સતત પરિવર્તનો આવતા રહ્યા છે. આ પરિવર્તનોએ ભારત દેશમાં એકતા અને વિવિધતાનું દર્શન સતત કરાવ્યું છે. ભારતીય સમાજમાં ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં વિસ્ફોટક વધારો થતો રહ્યો છે. આ વસતી વધારાએ વિવિધ ધર્મો, ઉત્સવો-તહેવારો, જ્ઞાતિ-જાતિ, સભ્યતા-પછાતપણું, જ્ઞાન-અજ્ઞાન, ગ્રામીણ જીવનશૈલી-શહેરી જીવનશૈલીની પારસ્પરિક અસરો, શિક્ષણક્ષેત્રે સ્પાર્ધાત્મક્તા, ભાષા, અનુ.જાતિ, અનુ.જનજાતિ વગેરે દ્રષ્ટિએ બહુમુખી સમાજ તરીકે નિર્માણ થયેલો છે. આ બહુમુખી સમાજમાં સમાજે-સમાજે એકતા તેમજ સમાજના વિભિન્ન ક્ષેત્રો તથા દરેક સમાજ અને સમાજે-સમાજે વિવિધતા જોવા મળે છે.

ભારત દેશ પ્રાચીન સમયમાં ''ભારતવર્ષ'' ના નામથી ઓળખાતો હતો. ભારત

દેશ વિશે ''અખંડ ભારત'' તરીકેનો ઉલ્લેખ ઐતિહાસિક સામગ્રીમાં જોવા મળે છે.

## ૧.૨ ભારતમાં એકતા

ભારત દેશમાં જુદા જુદા સમુદાયોના લોકો વસવાટ કરે છે. તેઓની જાતિ, જ્ઞાતિ, ધર્મ, ભાષા, જીવનશૈલી, સંસ્કૃતિમાં વિભિન્નતા રહેલી છે. આ વિભિન્નતા ભર્યા સમાજને બહુમુખી સમાજ તરીકે ઓળખવામાં આવે છે. આ બહુમુખી સમાજમાં સામાજિક-સાંસ્કૃતિક ભિન્નતા દરેક સમુદાય-જૂથ્થોમાં રહેલી છે. આ સામાજિક-સાંસ્કૃતિ વિવિધતા હોવા છતાં સમગ્ર ભારતીય સમાજમાં સામાજિક-સાંસ્કૃતિક એકતાના દર્શન થાય છે. જે ભારતીય સમાજની અસ્મિતાની ઓળખ છે. આ પ્રકારની અસ્મિતા ઓળખ ભારતીય સમાજના ગ્રામીણ સમુદય તેમજ શહેરી સમુદાયમાં વસવાટ કરતા જુદી જુદી જ્ઞાતિ-જાતિના લોકોમાં, આદિવાસીઓમાં, અનુ.જાતિ, લઘુમતિ વગેરેમાં જોવા મળે છે. આ અસ્મિતાનું મૂળભૂત તત્વ ભારતીય સંસ્કૃતિમાં રહેલું છે. જેમ કે પ્રાચીન સમયથી જ વિભિન્ન સમુદાયો, જ્ઞાતિ-જાતિ, જૂથો વચ્ચે સંઘર્ષો થતા રહ્યા છે. કોમી હુલ્લડો, અનામત આંદોલન, ધાર્મિક-સાંપ્રદાયિક વૈમનસ્ય વગેરે પરિબળોના લીધે ભારતીય સમાજમાં વિવિધતા વધુ જોવા મળે છે. આમ છતાં આ વિવિધતાની પરિસ્થિતિમાં ભ્રાતૃભાવના, લાગણી, સહકારની ભાવના, આધ્યાત્મિક દ્રષ્ટિકોણ વગેરે ભારતીય પ્રજાજનોમાં અવિરત સામાજિક-સાંસ્કૃતિ પ્રક્રિયા તરીકે જોવા મળે છે. આ પ્રક્રિયાના ફળસ્વરૂપે ભારતીય સમાજમાં સામાજિક-સાંસ્કૃતિક વિવિધતામાં પણ એકતાના દર્શન થાય છે.

ભારત દેશમાં જુદા જુદા સમુદાયો લગભગ આશરે ૪૬૩૫ સમુદાયો છે. જે દરેક દરેક પોતાની આગવી સામાજિક વ્યવસ્થા ધરાવે છે. જેમ કે, ગુજરાતમાં-૨૮૯, આંધ્રપ્રદેશમાં-૩૮૬, મધ્યપ્રદેશમાં-૩૪૨, તામિલનાડુમાં-૩૬૪, ઉત્તર પ્રદેશમાં-૩૦૭, મહારષ્ટ્રમાં-૩૦૫ વગેરે ભારતના જુદા જુદા રાજ્યોમાં સમુદાયો છે. જેની પોતાની આગવી સામાજિક વ્યવસ્થા વિકસેલી છે, જે સામાજિક સંગઠન સ્વરૂપે પ્રસંગોપાત જોવા મળે છે. દરેક સમુદાયની જીવનશૈલીના ભાગરૂપે સંસ્કૃતિ ઉદ્દભવી-વિકાસ પામતી રહી છે. આ સંસ્કૃતિમાં દરેક સમુદાયની આગવી ભાષા, બોલી, માન્યતા, મૂલ્યો, કળા, રીત-રિવાજો, પહેરવેશ, ખોરાક, આગવી જીવનપદ્ધતિ વગેરેનો સમાવેશ થાય છે. એટલે કે દરેક સમુદાય-જૂથને પોતાની આગવી સંસ્કૃતિ હોય છે. જેમાં વ્યક્તિ પોતાનું સામાજિક જીવન વ્યતીત કરે છે અને તેનું રક્ષણ કરી સામાજિકરણની પ્રક્રિયા દ્વારા નવી પેઢીને સાંસ્કૃતિક મૂલ્યો-વર્તન વ્યવહાર પ્રદાન કરે છે. યોગેન્દ્રસિંઘના જણાવ્યા અનુસાર સંસ્કૃતિ અન્ય લોકો સાથેના આપણા સંબંધોને અર્થ પ્રદાન કરે છે. તે સમુદાયની આત્મલક્ષી ઓળખ શક્ય બનાવે છે. ભારતમાં પાયાનાં સાંસ્કૃતિક મૂલ્યો અને સંસ્થાઓનું લોકસંસ્કૃતિમાં જતન થયું છે. લોકસંસ્કૃતિની મૌખિક પરંપરા સાંસ્કૃતિક બહુવિધતાના મૂળને તેમજ સ્થાનિક સાંસ્કૃતિક અસ્મિતાને સુદ્રઢ બનાવે છે. દુબે જણાવે છે તેમ સાંસ્કૃતિક અસ્મિતાએ વૈવિધ્યનો અગત્યનો સ્ત્રોત છે. સમુદાયોને તેમનું પોતાનું ભાવાવરણ (Ethos) હોય છે. ભાવાવરણ એ સંસ્કૃતિની મૂળભૂત ચેતના કે પ્રેરક મનોભાવ છે. તે અંતર્નિહિત સંવેદના છે જે સમુદાયની માન્યતાઓ, રિવાજો, આચાર-વિચાર વગેરેની જાણકારી આપે છે. સમુદાયની પોતાપણાની સભાનતા, પોતાના વ્યક્તિત્વનું ભાન, પોતાના જાતિપણાનું ભાન, પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ પ્રત્યેનું મમત્વ અને તે પ્રત્યે આત્મીયતાની લાગણી એજ સમુદાયની સાંસ્કૃતિક અસ્મિતા. સમુદાયોની આવી સાંસ્કૃતિક અસ્મિતા સાંસ્કૃતિક વૈવિધ્યનો સ્ત્રોત બની રહે છે.

- **ધાર્મિક વિવિધતા :**

ભારતીય સમાજમાં જુદા જુદા ધાર્મિક સમુદાયો વસે છે. દરેક ધર્મના લોકો પોતાના આગવા ધાર્મિક પૂજા-આરાધન, વિધિ-વિધાનો, ધાર્મિક મૂલ્યો અનુસાર વર્તન વ્યવહાર કરે છે. જેમ કે હિંદુ ધર્મમાં જ્ઞાતિ આધારિત અર્પિત દરજ્જાના આધારે સમાજ વ્યવસ્થાનું કોટિક્રમિક માળખુ રચાયેલું છે. જેમા ભેદભાવ ભર્યુ વર્તન સ્પષ્ટ સ્વરૂપે જોવા મળે છે. મુસ્લિમ સમુદાયમાં — એકેશ્વરવાદ, નિકાહ, તલ્લાક, રોજા, જકાત, હજ, નમાજ, કલમાનાં કર્તવ્યો વગેરે; ખ્રિસ્તી ધર્મમાં — માનવતા, સમાનતા, એકેશ્વરવાદ વગેરે; બૌદ્ધ ધર્મમાં — માનવ સમાનતા, અહિંસાના વિચારો વગેરે; શીખ ધર્મમાં — કડુ, કિરપાણ, કેશયુક્ત વિશિષ્ટ પોશાક વગેરે. દરેક દરેક ધાર્મિક સમુદાયોના પોતાના આગવા ધાર્મિક મૂલ્યો છે. જેના સંદર્ભમાં પોતાની જીવનશૈલી તેમજ સમાજજીવનની વૈવિધ્યતાનાં દર્શન ભારતીય સમાજ વ્યવસ્થામાં જોવા મળે છે.

- **ભાષાકીય વિવિધતા :**

ભારતના વિભિન્ન જૂથો-સમુદાયોની ભાષા-બોલીમાં ભિન્નતા રહેલી છે. જે તે સમાજની ભાષા-બોલી સંસ્કૃતિનું અંગ છે. દરેક સમાજ કે જૂથનું સાહિત્ય-ઈતિહાસ, ભાષા-બોલીની આગવી વિશેષતા રહેલી છે. જેમાં સમાજની ઉત્પતી/ઉદ્દભવથી વર્તમાનકાળ સુધીની સંસ્કૃતિ-સાંસ્કૃતિક તત્ત્વો; ભૂતકાલીન ઈતિહાસની ઘટનાઓ-અનુભવો ભાષાના માધ્યમથી આલેખાયેલી હોય છે. જે નવી પેઢીના ઘડતરમાં ઉપયોગી બને છે. જેના ફલસ્વરૂપે દરેક સમાજની સંસ્કૃતિ પેઢી દર પેઢી જળવાઈ રહે છે. એટલે કે સંસ્કૃતિનું જતન થતું રહે છે. દા.ત. ભારતના આદિવાસી સમાજ, પટેલ, બ્રાહ્મણ વગેરે જુદા જુદા સમાજોની સંસ્કૃતિનો ઈતિહાસ, કળા, વિધિવિધાનો, રીતિ-રિવાજો, માન્યતાઓ વગેરે ભાષા-બોલીના માધ્યમથી લખાયેલું કે સચવાયેલું જોવા મળે છે. જેમાં ગ્રામીણ સંસ્કૃતિ અને શહેરી સંસ્કૃતિ તેમજ પારસ્પરિક અસરો-સાંસ્કૃતિક વૈવિધ્ય દરેક જૂથ-સમાજનું વૈવિધ્યસભર નિરૂપણ થયેલું જોવા મળે છે.

ભારતીય સમાજમાં પ્રાદેશિક્તા અનુસાર ભાષા-બોલી તેમજ સમગ્ર સંસ્કૃતિમાં વિવિધતા જોવા મળે છે. જેમ કે, હિમાલય થી કન્યાકુમારી સુધીનો ભૌગોલિક વિસ્તારમાં પ્રાદેશિક ભિન્નતા રહેલી છે.

રાધાકુમુદ મુખર્જીના જણાવ્યાનુસાર, ભૌગોલિક પરિસ્થિતિએ ભારતને જેટલી અલગતા બક્ષી છે તેટલી અલગતા જગતના અન્ય કોઈ દેશને પ્રકૃતિએ બક્ષી નથી. ભારત એક ભૌગોલિક એકમ છે અને તેની સીમાઓ ભારતને દુનિયાથી અલગ પાડે છે. ભારતના ભૌગોલિક વિસ્તારનું ક્ષેત્રફળ ૩૨ લાખ ૮૭ હજાર ચો.કિ.મી. થી વધુ છે. જેમા આબોહવા, વરસાદ, નદીઓ, પર્વતો, જમીનની ફળદ્રુપતા, સમુદ્રો, જંગલ, રણ વગેરેમાં વૈવિધ્ય રહેલું છે. જે સાંસ્કૃતિક વૈવિધ્ય સર્જવામાં મહત્વનો ફાળો આપે છે. જેમાં જુદા જુદા પ્રાદેશિક સમાજો, વિભિન્ન જ્ઞાતિઓ, વૈદિકયુગની વર્ણ-વ્યવસ્થા, ધર્મ, ઉત્સવો, ભાષા, લિંગ પ્રમાણ, અધિકારો-મેળવવાના, સમાનતા-સ્વાતંત્ર્યતા, બંધુતાની ભાવના વગેરે ક્ષેત્રોમાં વિવિધતા હોવા છતાં એકતા જોવા મળે છે. ભારતીય સમાજની એકતાએ ભારતીય અસ્મિતાનું અંગ બનેલું જોવા મળે છે. ભારતીય સમાજના વિભિન્ન ક્ષેત્રોની એકતાની ચર્ચા નીચે મુજબ કરવામાં આવી છે.

## ૧.૩ ભારતમાં એકતા અને વિવિધતા

પ્રાચીન સમયમાં ભારત દેશ અખંડ ભારત તરીકે ''ભારતવર્ષ'' ના નામથી

ઓળખાતો હતો. ભારત દેશ વિશ્વના અન્ય સમગ્ર દેશોમાં એક આગવી વિશિષ્ટ બંધુત્વની સંસ્કૃતિ ધરાવે છે. જેમાં પારિવારિક ભાવાત્મક સંબંધો વધુ જોવા મળે છે. આ સંબંધોમાં જ્ઞાતિ, જાતિ, ધર્મ, ભાષા, સમાજ, સંસ્કૃતિ વગેરેમાં વિભિન્નતા પ્રવર્તતી હોવા છતાં પ્રસંગોપાત ઉત્સવો, તહેવારો, કુદરતી આફતો, સુખ, દુ:ખ વગેરે પરિસ્થિતિમાં સમગ્ર દેશમાં એકતાની ભાવના જોવા મળે છે. આ એકતાની ભાવના ભારત દેશના ભૌગોલિક પ્રદેશ અનુસાર અભિવ્યક્તિમાં વિભિન્નતા હોવા છતાં તેમાં પણ બંધુત્વભાવના-ભાઈચારાની લાગણીના દર્શન થાય છે. જે ભારત દેશની એકતાની સંસ્કૃતિ કહી શકાય.

ભારત દેશને ભૌગોલિક દ્રષ્ટિએ જોઈએ તો, ઉત્તર ભારતમાં હિમાલયની ઊંચી ગિરિમાળાઓ, પશ્ચિમ ભારતમાં અરબી સમુદ્ર, દક્ષિણ ભારતમાં મહાસાગર અને પૂર્વ ભારતમાં બંગાળનો ઉપસાગર આવેલો છે. આ સમગ્ર ભૌગોલિક પ્રદેશમાં કુદરતી સંપત્તિ વધારે છે. જેમ કે, હિમાલયમાં પહાડી પ્રદેશમાં ભારત દેશને વિશાળ નદીઓ કુદરતી સંપત્તિ તરીકે મળેલી છે. આ ભૌગોલિક પ્રદેશમાં વિશિષ્ટ ભાતભાતની જીવનશૈલી-સંસ્કૃતિ ઉદ્દભવી વિકાસ પામતી રહી છે. ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં સતત પરિવર્તન આવતું રહ્યુ છે. સમાજ સતત પરિવર્તનશીલ રહ્યો છે. દા.ત. સિંધુ-ગંગાના મેદાનોમાં કુદરતી સંપત્તિના આધારે સંસ્કૃતિ ઉદ્દભવી છે. જેમા સમયના પ્રવાહ સાથે સતત પરિવર્તનો આવતા રહ્યા છે. આ સંસ્કૃતિ પ્રાદેશિક્તા અનુસાર ઉદ્દભવી-વિકાસ પામી છે, જેમાં સમાજે-સમાજે વિભિન્નતા પ્રવર્તે છે. જેમાં દરેક સમાજના મુખ્ય વ્યવસાયના તત્વો પાયામાં રહેલા છે. સામાન્ય રીત નદીના તટપ્રદેશમાં ખેતી મુખ્ય વ્યવસાય જોવા મળે છે. અર્થાત્ આ ભૌગોલિક પરિસ્થિતિએ ભારત દેશને ખેતીપ્રધાન દેશની ઓળખ આપી છે. ખેતી વ્યવસાયને આધારે પ્રકૃતિને અનુરૂપ દેવ-દેવીઓની તથા પ્રકૃતિની પૂજા-આરાધન-ધર્મ ઉદ્દભવી સમયના ઘટનાચક્રમાં ધાર્મિક ક્ષેત્ર અનેકવિધ પરિવર્તનો આવેલા જોવા મળે છે. આજ ભૌગોલિક પરિસ્થિતિએ ભારતીય સમાજજીવન ઉપર વ્યાપક-ગહન અસરો નિપજાવી છે. ગંગા-જમનાના તટપ્રદેશોમાં વસતા લોકો તેમજ મધ્ય ભારતમાં વસવાટ કરતા લોકોમાં ધાર્મિક ભાવના વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. દક્ષિણ ભારતના લોકોમાં પ્રાચીનપરંપરા પ્રત્યેની શ્રદ્ધા સૌથી વધુ જોવા મળે છે. એટલે કે, ભારતીય લોકોના સમાજજીવન પર જીવનશૈલીમાં નોંધપાત્ર સાંસ્કૃતિક એકતા જોવા મળે છે. ભારત દેશમાં અનેકવિધ ધર્મ, વિભિન્ન ભાષાઓ, જુદી જુદી જ્ઞાતિ-જાતિ ના લોકો, જુદા જુદા સમાજો એક સામાજિક વ્યવસ્થામાં એક એકમ તરીકે વ્યવસ્થિત ગોઠવાયેલા હોય છે. આ સામાજિક વ્યવસ્થા વિશિષ્ટ જટિલ વિભિન્નતા ધરાવતા હોવા છતાં સમગ્ર ભારતીય સમાજમાં એકતાની ભાવના જોવા મળે છે. જેમાં ભારતીય સમાજરચનાનું મહત્વનું સાંસ્કૃતિક તત્વ રહેલું છે.

દુબેના જણાવ્યાનુસાર વિવિધતામાં એકતા એ ભારતીય સમાજની ખાસિયત છે અને તે ભારતની અસ્મિતાનું અંગ છે. ભારત અસંખ્ય વિવિધ સમુદાયોનો બનેલો બહુમુખી સમાજ છે. જે રાષ્ટ્ર-રાજ્યો સ્પષ્ટ રીતે જ વિશિષ્ટતા અને ભિન્નતા ધરાવતા સામાજિક ઘટક જૂથોના બનેલા હોય તેવા રાષ્ટ્ર-રાજ્યોને બહુમુખી સમાજ કહેવાય. આ અર્થમાં ભારત બહુમુખી સમાજ છે.

ભારત વિસ્તાર અને વસતીની દ્રષ્ટિએ અત્યંત પ્રાચીન સમયથી એક વિશાળ દેશ રહ્યો છે. ભારત આશરે લગભગ ૩૨,૮૭,૨૬૩ ચો.કિ.મી. ના વિસ્તારમાં ફેલાયેલો છે. જે એશિયા ખંડમાં ભારત એક વિશાળ ઉપખંડ છે. નરેન્દ્રનાથ ઘોષના જણાવ્યાનુસાર, ભારતના ભૌગોલિક વાતાવરણએ ભારતની અદ્વિતીય અને મૌલિક સંસ્કૃતિનું ઘડતર કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે. ભારતને એક ભૌગોલિક એકતા બક્ષી છે. તેમજ આ ભૌગોલિક એકતાએ ભારતને સમાન સભ્યતા અને એક

રાષ્ટ્રના વિકાસ માટેની પાશ્વભૂમિ સર્જી આપી છે. ભારતની પ્રજા વિવિધતા અને વિવિધતામાં એકતા માટે ગૌરવ અનુભવે છે. આમ છતાં અપવાદરૂપમાં સામાજિક-સાંસ્કૃતિક વૈવિધ્યમાંથી કોમવાદ, ભાષાવાદ, જ્ઞાતિવાદ, પ્રાંતવાદ અને અલગતાવાદ સમસ્યાઓનો ઉદ્દભવ-વિકાસ પામતી રહી છે. આ સમસ્યાના નિરાકરણ માટે ભારતીય બંધારણમાં બિન-સાંપ્રદાયિક્તાને આમુખ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. સાથોસાથ લોકશાહીના મૂલ્યો તેમજ ભારતીય બંધારણના આમુખ ધારા અનેકવિધતા જેવી કે, ભાષા, જ્ઞાતિ, લઘુમતી, અનામત નીતિ વગેરે દ્વારા કલ્યાણ કાર્યક્રમોની જોગવાઈઓ કરીને રાષ્ટ્રીય એકતાનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય એકતા રાષ્ટ્રીય પ્રતીકોનું નિર્માણ કરીને આ સાથે રાષ્ટ્રીય એકતા સમિતિની રચના દ્વારા રાષ્ટ્ર નિર્માણના ભગીરથ અને સફળ પ્રયાસો થાય છે. તેમજ આ પ્રક્રિયામાં જુદા જુદા પરિબળોએ સામાજિક-સાંસ્કૃતિકવિવિધતામાં એકતા સર્જવા માટેના નવા આધારો તેમજ નવી ભૂમિકા સર્જવામાં મહત્વનો ફાળો આપ્યો છે. જેના ફળસ્વરૂપે ભારતમાં સામાજિક અને સાંસ્કૃતિક એકવિધતા વિકસતી રહી છે. આમ, સમગ્ર દ્રષ્ટિકોણથી જોતા જણાય છે કે ભારતીય સમાજની મુખ્યત્વે સામાજિક અને સાંસ્કૃતિક લાક્ષણિક્તાઓમાં સામાજિક-સાંસ્કૃતિ વિવિધતામાં એકતા, સંસ્કૃતિનું સાતત્ય, બિન-સાંપ્રદાયિક્તા, બહુત્વવાદી નીતિ વગેરેનો સમાવેશ થાય છે. ભારતીય સમાજમાં આશરે લગભગ ૩૦૦૦થી વધુ જ્ઞાતિ સમજો-સમુદાયો વસવાટ કરે છે જે દરેક દરેક સામાજિક રૂપથી એક અલગ સ્વતંત્ર સામાજિક એકમ ધરાવે છે. આ જ્ઞાતિજૂથોમાં વૈવિધ્ય હોવા છતાં વિવિધ શુભ-અશુભ પ્રસંગોએ તેમજ કુદરતી અને કૃત્રિમ આફતો-મુશ્કેલીઓમાં સંગઠિત થઈને ભારતીય સમાજનું એકમ સામાજિક એકતા જાળવી રાખે છે. આ બાબતને લઈને સમગ્ર ભારતના નાગરિકો વિવિધતામાં એકતા માટે ગૌરવ અનુભવે છે. એટલે કે ભારતીય સમાજ અને સંસ્કૃતિમાં સંવાદિતતાનું મૂલ્ય પરંપરાથી ચાલી આવ્યું છે. જેનું ભારતીય સમાજની અનેકવિધ સામાજિક સંસ્થાઓ ધારા સામાજિકરણ થતું રહ્યું છે. જેના દ્વારા સામાજિક નિયંત્રણના ક્રિયાતંત્રો દ્વારા વિવિધ મૂલ્યોનું જતન થયું છે. જેમ કે, ''સંપીને રહેવું'' નું મૂલ્ય કુટુંબ સંસ્થામાં પરંપરાથી જ સામાજિકરણની પ્રક્રિયા દ્વારા સિંચન થતુ રહ્યું છે. તેવી જ રીતે ''સંપ ત્યાં જંપ'' નું મૂલ્ય ભારતીય સંસ્કૃતિનું મહત્વનું મૂલ્ય રહ્યું છે, જેનું જતન પ્રાચીન સમયથી જ ભારતીય સંસ્કૃતિમાં ટકી રહ્યું છે. જેના ફળસ્વરૂપે જુદા જુદા સમુદાયો વચ્ચે પારસ્પરિક સહભાગીપણું વધતુ જાય છે. આમ છતાં ભારતીય સમાજના અમુક સમુદાયો વચ્ચે સંઘર્ષો થાય છે; જેમાં સંઘર્ષ થયા બાદ સમયાંતરે પરિસ્થિતિ થાળે પડી જાય છે. આ ઘટના વિરોધાભાસી અને વૈવિધ્યેની વચ્ચે પ્રવર્તતી મૂળભૂત આંતરિક એકતા સૂચિત કરે છે. પ્રવર્તમાન સમયમાં આધુનિક યાંત્રિક ટેક્નોલોજી સાથે ભારતીય સમાજમાં વ્યાવસાયિક, સામાજિક, સાંસ્કૃતિક, યાંત્રિક વગેરે ક્ષેત્રોમાં પરિવર્તનની પ્રતિક્રિયાના ભાગરૂપે ભાષા જૂથો, આદિવાસી જૂથો, અનુ.જાતિ, સભ્ય સમાજ વગેરેમાં સંઘર્ષમય પરિસ્થિતિ નિર્માણ થાય છે, તેમ છતાં વિકસતા જતાં ભારતીય સમાજમાં વ્યાપક સર્વાંગી સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તનની પ્રક્રિયાઓથી નવી રાષ્ટ્રીય સંસ્કૃતિ વિકસી રહે છે જેમાં સતત પરિવર્તનો આવતા રહ્યા છે. આમાં વિભિન્ન સમુદાયો-જૂથોનું યોગદાન મહત્વનું રહ્યું છે. વિજ્ઞાન, ટેક્નોલોજી, ઔદ્યોગિક, વેપાર-વાણિજય અને કૃષિક્ષેત્રેની સિદ્ધિઓએ તેમજ આતંકવાદ અને સરહદપારના પડકારોને પહોંચી વળવા માટે ભારત દેશે દાખવેલી પ્રતિક્રિયાના પ્રતિભાવ પર આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એક મજબૂત રાષ્ટ્ર તરીકે ભારતને પ્રાપ્ત થયું છે. જે ભારતીય રાષ્ટ્રનું ગૌરવપૂર્ણ સ્થાન ગણાવી શકાય. એટલે કે, ભારત દેશમાં વિવિધ ધર્મો, ભાષાઓ, જ્ઞાતિ-જાતિઓ, સામાજિક વ્યવસ્થામાં વિશિષ્ટ જટિલ વિભિન્નતા હોવા છતાં સમગ્ર ભારતીય સમાજમાં એકતાની ભાવના જોવા મળે છે.

ધૂર્યે એ તેમના નિબંધ ભારતીય એકતામાં ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં એકતાનું નિરૂપણ કર્યું છે. જેનાં ધૂર્યે નોંધે છે તેમ, ઈ.સ.પૂર્વે બીજી સદીથી ૧૩મી સદી સુધી ભારતીય સમાજ અખંડ રહ્યો છે. ભારતીય સભ્યતાની એકતા ભાષાકીય, ધાર્મિક અને રાજકીય પરિબળો ઉપર આધારિત હતી. સંસ્કૃત ભાષાએ ભાષાકીય એકતા પૂરી પાડી હતી. ધર્મગ્રંથો, ધાર્મિક સિદ્ધાંતો અને મહાકાવ્યોએ ધાર્મિક એકતા પૂરી પાડી હતી. આ સમગ્ર સાથે રાષ્ટ્રીય એકતા દેશના વિશાળ વિસ્તારમાં શાસન કરતા ચક્રવર્તી રાજાશાહી શાસન વ્યવસ્થાઓ પૂરી પાડી હતી. પંડિત જવાહરલાલ નહેરૂના જણાવ્યાનુસાર, પરદેશીઓ સામે વિરોધની લાગણી હતી. તે વ્યાપક રાષ્ટ્રીયતાની લાગણી ન હતી, લોકોની વફાદારી રાજા કે ઠાકોર પ્રત્યે હતી. એકમાત્ર મરાઠાઓમાં કંઈક વિશેષ એવી રાષ્ટ્રીયતાની ભાવના અમુક પ્રમાણમાં હતી. રાજાઓને પ્રજાજીવનમાં રસ ન હતો. પ્રજામાં પણ રાષ્ટ્રીય ભાવના ન હતી. રાષ્ટ્રીય એકતાના અભાવમાં ભારત એ માત્ર ''ભૌગોલિક અભિવ્યક્તિ'' બની ગયું. ડૉ. દેસાઈ જણાવે છે તેમ, મધ્યયુગીન સંસ્કૃતિ કોઈ રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરિત થઈ ન હતી. આ યુગમાં રાષ્ટ્રીય ભાવનાનો ઉદય થવાની કોઈ સંભાવના જ ન હતી. મધ્યયુગીન રાજકીય, સામાજિક, ધાર્મિક ક્ષેત્રે વિકસેલી પૃથકતા, વિધ્વંસની પરિસ્થિતિમાં પણ ભારતીય સમાજ અને સંસ્કૃતિ ટકી રહી છે. ભારતીય સંસ્કૃતિનું સાતત્ય અને તેની આંતરિક એકતાની ભાવના પ્રવર્તમાન સમયમાં પણ ટકી રહી છે.

ભારતની રાષ્ટ્રીયએકતા-અંખડિતતા ભારતની વિદેશનીતિ સાથે પણ સબંધિત છે. જેમ કે, ભારત દેશ અન્ય રાષ્ટ્રોનાં સત્તા-માળખાં અને સત્તાના સંબંધોના સંદર્ભમાં રહેલા છે. ૧૯૪૭ પહેલાં ભારત દેશ પરતંત્ર હતો ત્યારે ભારત દેશની વિદેશનીતિ ન હતી. ઓગણીસમી સદીના અંતમાં અને વીસમી સદીની શરૂઆતમાં એશિયા અને આફ્રિકાના દેશો જ્યારે યુરોપીય સામ્રાજ્યવાદ હેઠળ હતા ત્યારે જ આપણા દેશની રાષ્ટ્રીયચેતનાનું ઘડતર થઈ રહ્યું હતું. યુરોપના આધિપત્ય હેઠળના એશિયા અને આફ્રિકાના દેશોમાં રાષ્ટ્રવાદનો જુવાળ આવતાં તેમણે સામ્રાજ્યવાદ વિરોધી અવાજ ઉઠાવ્યો. વિશ્વ રાજકારણમાં જ્યારે સામ્રાજ્યવાદ તરફી અને સામ્રાજ્યવાદ વિરોધી પરિબળો વચ્ચે સંઘર્ષ થતો હતો ત્યારે જ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું વિશ્વ અંગેનું વૈચારિક માળખું ઘડાયું હતું. જેમ વૈચારિક ખ્યાલોના ઘડતરના ભાગરૂપે ભારતે આંતરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રતિનિધિત્વ પ્રાપ્ત કર્યું હતું.

પ્રો. નાગલા નોંધે છે તેમ, એક સમાજશાસ્ત્રી તરીકે ધૂર્યે National Unity and Integration ની પ્રક્રિયામાં તેમજ ભારતીય સમાજ સામેના પડકારોમાં રસ ધરાવતા હતા. તેમના લખાણોમાં, ભારતમાં જ્ઞાતિ અને જાતિ (૧૯૬૯), ભારતીય એકતા (૧૯૬૩), અનુસૂચિત આદિમજાતિઓ (૧૯૬૩), ભારતમાં સામાજિક તંગદિલી (૧૯૬૮), વિશ્વ ઈન્ડિયા (૧૯૭૪), ઈન્ડિયા રીક્રિએટ્સ ડેમોક્રસી (૧૯૭૮) વગેરેમાં ધૂર્યા સામાજિક સાંસ્કૃતિક વિવિધતામાં એકતા અંગેનું સૈદ્ધાંતિક માળખાની સમજૂતી આપી છે.

ભારતમાં સામાજિક અને રાષ્ટ્રીય એકતાની સમસ્યાના થયેલા અભ્યાસોમાં ધૂર્યેનો અભ્યાસ ભારતમાં સામાજિક તંગદિલી ઉલ્લેખનીય છે. આ અભ્યાસમાં તેમણે ભારતની રાષ્ટ્રીય એકતાની સમસ્યાના વ્યાપક સમાજશાસ્ત્રીય પાસાનું નિરૂપણ કર્યું છે. આ અભ્યાસનો હેતું સ્વતંત્ર ભારતમાં વિભિન્ન કોમી, રાજકીય અને ધાર્મિક તંગદિલી તપાસવાનો હતો. તેમા તેમણે હિંદુ-મુસ્લિમ સંબંધોનું વિશ્લેષણ કર્યું છે. આ અભ્યાસમાં તેમણે અમદાવાદમાં થયેલા કોમી રમખાણોને અનુલક્ષીને વસ્તીવિષયક માહિતીનો પણ ઉપયોગ કર્યો છે.

ધૂર્યેએ અનુસૂચિત જાતિઓમાં સુગ્રથનનાં રાજકીય અને સામાજિક પરિણામો તપાસ્યાં છે. આ ગ્રંથમાં તેમણે જણાવ્યું છે કે, પૂર્વ મધ્યભારતની ઘણી ખરી આદિજાતિઓ શિથિલ રીતે સુગ્રથિત થયેલ છે. માત્ર ડુંગરાળ અને જંગલ વિસ્તારોમાં રહેતા આદિવાસી જૂથો હિંદુ સમાજમાં સપૂર્ણપણે સુગ્રથિત થયેલા છે. અર્થાત્ વિવિધતામાં એકતા એ એક ભારત દેશની રાષ્ટ્રીય ભાવના છે, વર્ગ-સભ્યતા કે જાતિ-સભાનતાથી ભિન્ન છે. તે એક ઉચ્ચ-નિમ્ન દરજાની કે ભેદભાવથી અલગ તરી આવે છે. તે એક ગરીબ-અમીર, ઉચ્ચ-નિચ, જ્ઞાતિ-જાતિ, સ્ત્રી-પુરૂષ વગેરેને સમાન સ્વરૂપે અપનાવે છે. રાષ્ટ્રીયતાની ભાવના પ્રત્યાઘાતીને કે પ્રગતિવાદીને, સંરક્ષકવાદીને કે ક્રાંન્તિકારી એમ સર્વને પોતાનામાં સમાવે છે. રાષ્ટ્રીયતાની ભાવનામાં રાષ્ટ્રનું દરેક જૂથ દેશાભિમાનની ભાવના નીચેજ પોતાની યોજનાઓ અને પોતાના કાર્યક્રમો વિસ્તારે છે. રાષ્ટ્રીયતાનું આ સર્વવ્યાપી લાગણી તરીકેનું તત્વ જ આપણને રાષ્ટ્રીય ભાવનાની વિશાળ ભૂમિકા અને તેના આકર્ષણને સમજાવે છે. જેમા ખાસ કરીને ભારતીય એકતાના નિર્માણમાં મુખ્યત્વે ભારતીય સમાજના આદર્શ મૂલ્યોની સાથો સાથ સુગ્રથનની ભાવના અત્યંત મહત્વની બની રહે છે.

ભારતીય સમાજમાં માનવ-સમૂહોના બાહ્ય પ્રતીકોથી સમુદાય બનતા નથી. પરંતુ જે તે સમુદાયના લોકોમાં મનોવલણો, ભાવનાઓથી માનવ સમૂહ-સમુદાય બને છે. સમૂહની સાચી મર્યાદા સમુદાય પ્રત્યેની ભાવનાની મર્યાદામાં રહેલી છે. વર્તમાન સમયમાં વધતી જતી વસ્તીની સાથો સાથ ભૌતિક સુવિધાની જરૂરિયાત જેવી કે વાહન વ્યવહાર, ઉત્પાદન, જીવન-જરૂરી ભૌતિક સુવિધાઓ સામાજિક એકતામાં વિવિધતાનું નિર્માણ કરે છે. જેમા જ્ઞાન-વિનિમય દ્વારા સમગ્ર સમાજમાં વસુદેવ કુટુંબકમની ભાવના નિર્માણ કરવા માટે વિશાળ ભારત દેશમાં ઊંચ-નીચ, અમીર-ગરીબ, સ્ત્રી-પુરુષ, જુદી જુદી જ્ઞાતિ-જાતિ, સાંસ્કૃતિક ભેદભાવ વગેરે ક્ષેત્રોમાં પ્રાદેશિક્તા અનુસાર વિશિષ્ટ જટિલતા ભરેલી પરિસ્થિતિનું નિર્માણ કઈ રીતે થાય છે તે અંગે ઝીણવટભર્યા સમાજશાસ્ત્રી સંશોધન દ્વારા જ્ઞાન મેળવી પ્રજાજનોમાં આ અંગે માહિતીગાર કરવામાં આવે તો સમગ્ર ભારતીય સમાજમાં એકતાની ભાવના, રાષ્ટ્રીય ભાવના, સામુદાયિક ભાવના, રાષ્ટ્રીય સહજીવનની સામૂહિક ભાવના નિર્માણ કરતા તત્વોનું કૌટુંબિક સામાજિકરણની પ્રક્રિયા દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા તેમજ સમગ્ર ભારતીય સમાજોની વિવિધ સંસ્થાઓ દ્વારા ઘનિષ્ઠ પ્રયત્ન દ્વારા ભારતીય સમાજમાં સામાજિક એકતા, અખંડ ભારત તરીકેની ભાવના નિર્માણ કરી શકાય. ભારત દેશની આંતરિક પરિસ્થિતિ અને બાહ્ય પરિસ્થિતિના પડકારોનો સામનો કરવા માટે લોકોએ, પ્રજાએ અને નવી પેઢીએ દેશ માટે પોતાનું પ્રદાન આપવું વધુ યોગ્ય ગણાવી શકાય. જેનાથી રાષ્ટ્ર-નિર્માણમાં ભારતીય નાગરિકોમાં રાષ્ટ્રીય જાગૃતિમાં વફાદારી, ત્યાગવૃતિ, સહિષ્ણુતા, બલિદાન વગેરે દ્વારા સામાજિક-સાંસ્કૃતિક વિવિધતામાં એકતાનું નિર્માણ થઈ શકે અને તેનું સાતત્ય જળવાય રહે.

કુપ્પુસ્વામીના જણાવ્યાનુસાર, ભારતીય સમાજ અને સંસ્કૃતિ તેના સાતત્યની બાબતમાં અદ્વિતીય છે. આ સાતત્ય છે કે પાંચ હજાર વર્ષ પૂર્વની સિંધુ ખીણની સભ્યતા અને સંસ્કૃતિના સમયથી ચાલ્યું આવ્યું છે. મજુમદારના મતે, ભારતની વર્તમાન સભ્યતાએ અનેક સંસ્કૃતિઓના મિશ્રણની સંયુક્ત પેદાશ છે. આર્ય-અનાર્ય સંઘર્ષ અને સમન્વયે ભારતીય સંસ્કૃતિનું સર્જન કર્યું. ભારત ઉપર અનેક પ્રજાઓના આક્રમણો થયા છતાં સંસ્કૃતિનું સાતત્ય જળવાઈ રહ્યુંછે. આવું સાતત્ય વિશ્વની કોઈ સંસ્કૃતિએ અનુભવ્યુ નથી. વિશ્વમાંઅનેક સંસ્કૃતિઓ ઉદ્દભવી, વિકસી અને નાશ પામી, પરંતુ ભારતીય સમાજ અને સંસ્કૃતિનો પ્રવાહ અવિરત ચાલુ રહ્યો છે. ભારતીય સંસ્કૃતિના સાતત્યને બિરદાવતા અને ગૌરવ અનુભવતા કવિ ઈકબાલના કાવ્યની કડીઓ ઉલ્લેખનીય છે.

'યુનાન, મીસ, રોમાં સબ મિટ ગયે જહાઁ સે,

અબતક મગર હૈ બાકી નામોનીશાં હમારા,

પંડિત નહેરૂએ નોંધ્યું છે તેમ ''એ સંસ્કૃતિમાં એવું કંઈક તત્વ, એવું કંઈક ગૂઢ ચેતન તથા જીવનની ઊંડી સમજ રહેલી હતી જે તેને આ રીતે ટકી રહેવાનું બળ હંમેશા આપતી રહી.''

## ૧.૪ સારાંશ

ભારતીય સમાજમાં, ભારત દેશમાં એકતામાં વિવિધતા – વિવિધતામાં એકતાના દર્શન થાય છે. ભારતીય નાગરિકોના વિચારો અને વલણોમાં સામાજિકરણ-સામાજિક નિયંત્રણની પ્રક્રિયા દ્વારા રૂઢ થયેલી છે. જેના દ્વારા ભારતની પરંપરાગત રીતિપ્રથા, કુટુંબસંસ્થા, લગ્નસંસ્થા, સહિષ્ણુતા, સંવાદિતા વગેરેમાં એકતા અને વિવિધતાના તત્વો જોવા મળે છે.

## ૧.૫ તમારી પ્રગતિ ચકાસો :

૧. ભારતમાં એકતાની સમજૂતી આપો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૨. ભારતમાં વિવિધતા ચકાસો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૩. ભારતમાં એકતા અને વિવિધતાની તુલના કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## ૧.૬ સંદર્ભસૂચિ


- શાહ એ. જી. અને દવે જે. કે., ''સામાન્ય સમાજશાસ્ત્ર'', અનડા પ્રકાશન.
- દેસાઈ અક્ષયકુમાર, ''સમાજ ખંડ - ૩'', ગુજરાત યુનિ., અમદાવાદ.
- શાહ એ. જી., ''પ્રશિષ્ટ સમાજશાસ્ત્રીય પરંપરા'', અનડા પ્રકાશન.

એકમ ૨

# ભારતનો ગ્રામીણ સમાજ

## રૂપરેખા


૨.૦ ઉદ્દેશો

૨.૧ પ્રસ્તાવના

૨.૨ અંગ્રેજોના આગમન પહેલાનો ભારતનો ગ્રામીણ સમાજ

૨.૩ બ્રિટીશ યુગ દરમિયાન ભારતના ગ્રામસમાજમાં પરિવર્તન

૨.૪ ગ્રામીણ સમાજની લાક્ષણિકતાઓ

- ૨.૪.૧ અનૌપચારિકતા
- ૨.૪.૨ સ્થાનિક ભિન્નતા
- ૨.૪.૩ મર્યાદિત ગતિશિલતા

૨.૫ ગ્રામ - નગર તફાવત

૨.૬ ગ્રામીણ વિકાસ માટેના કાર્યક્રમો

- ૨.૬.૧ સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના (SGSY)
- ૨.૬.૨ એમ્પ્લોયમેન્ટ એન્સ્યોરન્સ સ્કીમ (EAS)
- ૨.૬.૩ નેશનલ સોશ્યલ એસિસ્ટન્ટ પ્રોગ્રામ (NSAP)
- ૨.૬.૪ જવાહર ગ્રામ સમૃદ્ધિ યોજના
- ૨.૬.૫ પ્રધાનમંત્રી ગ્રામોદય યોજના (PMGY)
- ૨.૬.૬ ભુમિ સુધાર

૨.૭ ગ્રામીણ સમસ્યાઓ

- ૨.૭.૧ બાળલગ્ન
- ૨.૭.૨ દહેજ
- ૨.૭.૩ કજોડા લગ્ન
- ૨.૭.૪ વિધવા પુનઃ લગ્ન નિષેધ
- ૨.૭.૫ લાજ પ્રથા
- ૨.૭.૬ સ્ત્રીનો નીચો દરજ્જો
- ૨.૭.૭ અસ્પૃશ્યતા
- ૨.૭.૮ જ્ઞાતિવાદ
- ૨.૭.૯ આંતરપેઢીય સંઘર્ષ
- ૨.૭.૧૦ વૃદ્ધો પ્રત્યેનો દુર્વ્યવહાર

૨.૮ સારાંશ

૨.૯ તમારી પ્રગતિ ચકાસો

૨.૧૦ સંદર્ભસૂચિ

## ૨.૦ ઉદ્દેશો

આ એકમ ના અભ્યાસ બાદ તમે નીચેનાનું વર્ણન કરી શકશો.

- અંગ્રેજોના આગમન પહેલાના ભારતના ગ્રામીણ સમાજની સ્થિતિ જણાવો.
- બ્રિટીશયુગ દરમિયાન ભારતના ગ્રામીણ સમાજની સમજ મેળવવી.
- ગ્રામીણ સમાજની લાક્ષણિકતાઓ જાણકારી મેળવવી.
- ગ્રામીણ સમાજના વિકાસ માટેના કાર્યક્રમોની જાણકારી મેળવવી.
- ગ્રામીણ સમસ્યાઓની સમજ મેળવવી.

## ૨.૧ પ્રસ્તાવના

ભારતના ગામડામાં વસવાટ કરતો દેશ છે. ભારતીય સમાજને સમજવો હોય સાચી રીતે તો ભારતના ગ્રામીણ સમાજના સામાજિક – સાંસ્કૃતિક જીવનને સમજવુ પડે છે. ભારતની સાંસ્કૃતિક સમસ્યા અને સમૃદ્ધિના ઉદભવના સ્ત્રોતો પણ ભારતના ગામડાઓ છે. આપણા દેશના ગ્રામીણ સમાજનો ભુતકાળ ખુબજ ભવ્ય હતો. સમયના પ્રવાહની સાથો-સાથ આપણો દેશ પ્રાચીન સમયમાં જુદા-જુદા ખંડોમાં વહેંચાઇ ગયો અને પરિણામે વિદેશી લોકોની ગુલામી હેઠળ આવી ગયો. પરિણામે ભારતના ગ્રામીણ સમાજની શાંતિ અને સમૃદ્ધિ ભિન્ન – ભિન્ન કરી નાખી. આજે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી પણ ભારતના ગામડાઓને એક તક મળી છે કે પોતાના ગ્રામ વસ્તીઓની શાંતિ અને સમૃદ્ધિને સંઘઠિત સૌ થઈને પાછી લાવવાનો પ્રયત્ન કરે અને તે માટે ગ્રામીણ સમાજના વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસો થવા જરૂરી છે.

ભારત ગામડાનો બનેલો દેશ છે. એટલે કે, Real India is Rural India એટલેકે ઈતિહાસને અનુસરતો, સંયોજીત અને પદ્ધતિ પુર્વકોનો ભારતીય ગ્રામ સમાજનો અભ્યાસ એ આજના સમાજની પ્રક્રિયાની શાસ્ત્રીય – સુઝ – સમજ તથા તેના ઉચ્ચત્તર કક્ષાના આર્થિક, સાંસ્કૃત્તિ અને સામાજિક ઉત્કર્ષ માટેના ઉચિત કાર્યક્રમના સર્જન માટેની પ્રમુખ પુર્વાપ્રેક્ષિત વસ્તુ છે. ગ્રામીણ ભારતના પુન નિર્માણનાં યોગ્ય માર્ગદર્શન માટે ગ્રામ સમાજનો ઉદ્દભવ તેનુ સંગઠન તેની રચના, સમસ્યા વગેરેનો વૈજ્ઞાનિક અભ્યાસ આવશ્યક છે. આ વસ્તુ ગ્રામ સમાજના અભ્યાસ વગર અશક્ય છે. ભારતના ગ્રામીણ સમાજના અભ્યાસ માટે વિભિન્ન અભિગમો વિકસ્યા છે. વેઈનબર્ગ અને રુબિંગ્ટનના મતે અભિગમ એ વસ્તુઓને જોવાની રીત છે. તે અભ્યાસ માટે ઉપયોગમાં લીધેલુ સાધન કે માર્ગ છે. તે ઘટનાને વસ્તુલક્ષી રૂપે સમજવા માટેની રીત છે, આથી સમજાશે કે ગ્રામીણ સમાજને વસ્તુલક્ષી સ્વરૂપે જોવાની રીત સાધન કે માર્ગ છે. તે ગ્રામીણ સમાજનો અભ્યાસ કરવાની દિશા નક્કી કરે છે. ગ્રામીણ સમાજના અભ્યાસ માટે ત્રણ અભિગમો પ્રચલિત છે જેમાં ગ્રામીણ શહેરી તફાવતોનો અભિગમ, ગ્રામીણ શહેરવાદનો અભિગમ અને કૃષક અભ્યાસનો અભિગમ સમાવિષ્ટ થાય છે.

## ૨.૨ અંગ્રેજોના આગમન પહેલાનો ભારતનો ગ્રામીણ સમાજ

આપણા ભારતના ગ્રામીણ સમાજમાં અંગ્રેજોના આગમન પહેલા ભારતીય સમાજ વ્યવસ્થામાં જ્ઞાતિપ્રથા હિન્દુ ધર્મના કર્મના સિદ્ધાંત ઉપર આધારિત હતી. તે સમયમાં જે લોકો તે સમયની વિચારસરણી, રીત – રિવાજો, મૂલ્યો વગેરેમાં વળગી રહેતા તેને પવિત્ર ગણવામાં આવતા આર્થિક ક્ષેત્રે વ્યવસાયોના વિભાગો અને તેની સાથે જોડાયેલા કાર્યો બજાવવાનો અધિકાર જ્ઞાતિ પ્રમાણે નક્કી થતા અને જ્ઞાતિને ધર્મનું

અનુમોદન હતું. કયો વ્યવસાય પવિત્ર અને શુદ્ધ તે ધર્મની વિચારધારા ઉપર આધારિત હતો. તે સમયે સત્તાધારી વર્ગ અને જમીનદારી લોકોની અન્યાયી માંગણીઓ વધી પડતી ત્યારે ત્યાંના લોકો પોતાનું વતન છોડી બીજી જગ્યાએ સ્થળાંતરીત થતા હતા. પરંતુ તે સમયના જમીનદારો અને સત્તાધારી પાસે લોકો પોતાનો અવાજ રજૂ કરી શકતા નથી. વ્યક્તિગત રીતે તે સમયના કારીવર્ગ ઉત્પાદનની પ્રક્રિયામાં બહુ મુશ્કેલીથી સુધારા – વધારા દાખલ કરી શકતો. મોટાભાગની જ્ઞાતિઓ પોતાના વ્યવસાયમાં ઈજારાઓ ભોગવતી હતી. તે સમયમાં શિક્ષણમાં પણ ધાર્મિક મૂલ્ય સર્વત્ર છવાઈ રહેતુ. જન્મ, મરણ, લગ્ન, અને અન્ય સામાજિક બાબાતોમાં પરંપરાઓ અને રિવાજોની અસરો દેખાઇ આવતી હતી.

## ૨.૩ બ્રિટીશ યુગ દરમિયાન ભારતના ગ્રામ સમાજમાં પરિવર્તન

ગામડું ભારતીય સમાજના પાયાના એકમ તરીકે આપણને જોવા મળે છે. ભારતનું પરંપરાગત ગામડુ આત્મ નિર્ભર હતુ. જ્ઞાતિ અને સંયુક્ત કુટુંબ પ્રથા સામાજિક જીવનના પાયાના એકમ હતા. ગામડામાં સ્થાનિક પંચાયત પણ અગત્યનો ભાગ ભજવતી હતી. ગામમાં જુદા-જુદા કુટુંબો વચ્ચે નાણાકીય વ્યવહારના બદલે તેઓની વચ્ચે ચીજ-વસ્તુઓનો વ્યવહાર જરૂરિયાત અનુસાર થતો હતો. ગામડાના લોકોનો મુખ્ય વ્યવસાય કૃષિ સંબધીત પ્રવૃત્તિઓ હતી. યંત્ર વિજ્ઞાન અને ટેકનોલોજીનું સ્થાન એકદમ નીચું હતુ. દરેક ગામડાને પોતાનું આગવુ સાંસ્કૃતિક જીવન હતુ. તેઓ બાહ્ય જગતથી દુર રહેતા હતા. ગ્રામીણ લોકો લગ્નમાં જવાનું હોય કે કોઈ અન્ય સામાજિક કામ માટે જવાનું હોય તે સિવાય વાહન વ્યવહારની મુસાફરી કરતા હતા નહી. બીજા લોકો સાથેના ઓછા સંપર્કના કારણે ગ્રામ જીવન અને ગ્રામીણ લોકમાનસ બંધિયાર, સંકુચિત તથા સ્થિર બની ગયા હતા. તે વખતે જે સામાજિક પરિવર્તનો આવતા તે અત્યંત ધીમા આવતા હતા.

પરંતુ બ્રિટીશયુગના સમયગાળા દરમિયાન શિક્ષણ, શહેરીકરણ, ઉધોગીકરણ, સંચારસાધનો વગેરે પરિબળોનો વિકાસ થતા ગામડાનું પરંપરાગત સ્વરૂપ બદલાતુ ગયુ. સ્વતંત્ર ભારતમાં આ બધા પરિબળો ઉપરાંત સમુદાય વિકાસ યોજના, પંચાયતી રાજ અને સંબધિત ગ્રામ વિકાસ કાર્યક્રમો જેવા આયોજીત વિકાસનાં નવા પરિબળો વિકસતા ગામડામાં પરિવર્તનની પ્રક્રિયા ઝડપી બની છે.

બ્રિટીશ સમયગાળા દરમિયાન નવી વહીવટી પ્રથા અને નવી મહેસુલી પ્રથા, ન્યાય વ્યવસ્થાને કારણે ગામડાની ગ્રામ પંચાયાતની રાજકીય સત્તા નષ્ટ થઈ. જમીન ખાનગી મિલકત બનવાના કારણે અને ખેડુતોએ રોકડેથી મહેસુલ ભરવાની પ્રથાને કારણે ગ્રામ પંચાયત આર્થિક રીતે નબળી પડી. ગ્રામઉધોગો પડી ભાંગવા લાગ્યા અને ખેતીનું વેપારીકરણ થવા લાગ્યુ અને યજમાની વ્યવસ્થામાં કરારી તત્વો દાખલ થયા. ગામડાના કુટુંબોનું પરસ્પરાવલંબન ઘટવા લાગ્યું. આ બધી અસરોનું સીધુ પરિણામ એ આવ્યુ કે ગ્રામ સંગઠન અને એકતાના બંધનો નબળા પડવા લાગ્યા. ગામડામાં સામુદાયિક ભાવનાની જગ્યાએ વ્યક્તિવાદ આવ્યો અને સહકારની જગ્યા પર સ્પર્ધા આવી. બ્રિટીશ સરકારે દાખલ કરેલી રૈયતવારી પ્રથા તેમજ જમીનદારી પ્રથા અને જમીનમાં ખાનગી મિલકતનો હક સ્થાપિત કરવાથી ગ્રામીણ સમાજમાં નવા વર્ગનો ઉદભવ થયો. જેમાં જમીનદાર વર્ગ, ખેડુત વર્ગ, ખેતમજુર વર્ગ, ગણોત વર્ગ, શાહુકાર વર્ગ જેવા નવા વર્ગોના જન્મ થયો.

## ૨.૪ ગ્રામીણ સમાજની લાક્ષણિકતાઓઃ-

ભારતનું ગામડુ 'એક આત્મનિર્ભર લઘુ ગણરાજ્ય' નથી. પ્રાચીન સમયમાં પણ

ગામડાઓને પોતાની જીવનજરૂરિયાતોની ચીજવસ્તુઓ માટે બીજા ઉપર આધાર રાખવો પડતો હતો. એટલે કે, આંતરિક ગામ વેપાર થતા હતા. આજુબાજુના ગામડાઓ ભેગા થઈને અઠવાડિક બજાર ચીજ-વસ્તુઓની ભરાતી હતી. તેમાં આજુબાજુના ગામના લોકો પોતાની ચીજવસ્તુઓના ખરીદવેચાણ માટે આવતા હતા. આવા ગ્રામીણ સમાજની લાક્ષણિકતા જોઈએ તો,

### ૨.૪.૧ અનૌપચારિકતા

ગ્રામીણ સંબધો સમાજના લોકોના પારસ્પરિક વ્યવહારો અનૌપચારિક સ્વરૂપના હોય છે. ગ્રામીણ લોકોના પ્રેમ, લાગણી, હુંફ, દયા અને ઉદારતાનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે. ગામડાના લોકોમાં અમે પણાની ભાવના પણ જોવા મળે છે. તેઓ બીજાના સુખઃદુખમાં હંમેશા ભાગીદાર બનતા હોય છે. ગામના દરેક લોકો પોતાના ગામ માટે કંઈક કરી છુટવાની ભાવના ધરાવતો હોય છે. મુકરજી જણાવે છે કે, ભારતીય ગ્રામીણ સમાજમાં જ્ઞાતિના સ્તરો ઉપરાંત આર્થિક સ્તરો પણ ગ્રામીણ સમાજમાં સ્તરીકરણની વ્યવસ્થા જન્માવે છે. ગ્રામીણ સમુદાય માં સામાજીક નિયંત્રણ અનૌપચારિક સ્વરૂપનું છે. અનૌપચારિક કાયદો ઓછો હોય છે.

### ૨.૪.૨ સ્થાનિક ભિન્નતા : -

ભારતનું ગામડુ સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક વૈવિધ્ય ધરાવે છે. ગામડામાં વિવિધ જ્ઞાતિના, ધર્મના અને વિવિધ સાંસ્કૃતિક પરંપરા ધરાવતા માનવસમુહો ભારતીય ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા જોવા મળે છે. ગામડના લોકો તેમની જીવન જીવવાની પદ્ધતિઓમાં પણ વિવિધતા ધરાવતા હોય છે. તે પોતાની પરંપરાગત જીવનશૈલી પ્રમાણે જીવન જીવતો હોય છે. દરેક ગ્રામીણ સમાજના લોકો પોતાની આગવી સાંસ્કૃત્તિક પરંપરાઓ ટકાવી રાખવામાં ગૌરવની લાગણી અનુભવે છે. આવી રીતે ગામડું વૈવિધ્યપુર્ણ એકમ છે. ગ્રામીણ સમુદાય પ્રકૃતિ સાથેના નિકટનો સંપર્ક ધરાવે છે. તેઓ પોતાનું જીવન કુદરત પર આધારિત રાખતા હતા. તેઓનો મુખ્ય વ્યવસાય ખેતી કુદરત પાસેથી યોગ્ય વરસાદ અને યોગ્ય વાતાવરણ પ્રાપ્ત કરતા હોય છે. માટે તેમનું જીવન પણ સંઘર્ષવાળુ રહે છે.

### ૨.૪.૩ મર્યાદિત ગતિશીલતાઃ

ગામડુ સામાન્ય રીતે સ્થિર પરિસ્થિતી હોય છે. તેમાં પરિવર્તન અને ગતિશીલતાની માત્રા ઓછી હોય છે. વ્યક્તિ કે જુથ પોતાના સામાજિક સ્થાનમાં ગતિશીલતા લાવી શકતા નથી. આથી ગામડુ સ્થિરતાનો અનુભવ છે. ગ્રામીણ લોકો પ્રાચીન સમયમાં મોટાભાગે શહેરોના સંપર્કમાં બહુ ઓછા પ્રમાણમાં આવતા હતા એના પરિણામે તેઓની ગતિશીલતા માર્યાદિત રહેતી હતી પરંતુ વર્તમાન સમયમમાં શહેરોની નજીક આવેલા ગામડાઓમાં પરિવર્તનના પવનો ફુંકાવા લાગ્યા છે.

## ૨.૫ ગ્રામ – નગર તફાવત

ગ્રામ તથા નગરોમાં ઘણો તફાવત છે. બંને વચ્ચે વિરોધાભાસ પણ છે. આ બંન્ને સમુદાયો વચ્ચે સામાજિક, આર્થિક, ભૌગોલિક, વસ્તી વિષયક, મનોવૈજ્ઞાનિક તફાવતો સ્પષ્ટ પણે જોઈ શકાય છે. ભૌગોલિક રીતે જોઈએ તો

ગામડું નાનુ એકમ છે. વસ્તીની ગીચતા ઓછી જોવા મળે છે. અને ગામડાની વસ્તી મોટાભાગે સ્થિરતા વાળી જોવા મળે છે. અહીં જન્મદરથી જ વસ્તી વૃદ્ધિ જોવા મળે છે. જ્યારે શહેરોમાં વસ્તીનું કદ મોટું હોય છે જ્યાં જન્મદાર સિવાય પણ બહારથી સ્થળાંતરીત વસ્તી પણ વસવાટ માટે આવતી હોય છે. માટે ત્યાં વસ્તી વૃદ્ધિ પણ થાય છે. ભારતના મોટાભાગના શહેરો સ્થળાંતરીત વસ્તીથી ઉભરાવા લાગ્યા છે. આથી ભુખમરો, ગરીબી, બેકારી, ગુનાખોરી, રહેઠણનાં પ્રશ્ન, બાળગુનાખોરી, ભિક્ષાવૃત્તિ વગેરે સમસ્યાઓ નગરોમાં પ્રવર્તતી જોવા મળે છે. જ્યારે ગામડામાં આવો સામાજિક સમાસ્યાઓ ઓછી પ્રવર્તતી હોય છે. ગામડું કુદરતી વાતાવરણ સાથે સતત સંપર્કમાં રહે છે. જ્યારે નગરના લોકોનો વ્યવસાય કુદરતી વાતાવરણ પર આધાર રાખતો નથી. શહેરી લોકો ટેકનોલોજીની મદદથી તેઓ કુદરત પર પોતાનું ભૌતિક આધિપત્ય જમાવી શકે છે. જ્યારે ગામડાઓમાં કુદરતી વાતાવરણ પર ગ્રામીણ લોકો નિયંત્રણ ઓછું ધરાવે છે. શહેરોની અંદર પંચરંગીપણુ જોવા મળે છે. જ્યારે ગામડાની અંદર સમાન સંસ્કૃતિ, પરંપરાઓ અને ભાષાઓ ધરાવે છે. નગરોની અંદર ઔપચારિક નિયંત્રણની વ્યવસ્થા બહુ ઓછી હોય છે. જ્યારે ગ્રામીણ વ્યક્તિઓને અનૌપચારિક રીતે સામાજિક નિયંત્રણ કરવામાં આવે છે. ગામડામાં વ્યક્તિ ને પોતાના સમાજના ડરના કારણે ગુનાહિત પ્રવૃત્તિ કરતા અટકે છે. ગામડામાં સામાજિક સ્તર રચના જ્ઞાતિ અને આર્થિક સ્તર પર આધારિત ચુસ્ત વ્યવસ્થા છે. જ્યારે નગરમાં જ્ઞાતિસ્તર ગૌણ બની જાય છે. વ્યક્તિનું આર્થિક સ્તર જ ધ્યાનમાં લેવામાં આવે છે. આથી નગરમાં વ્યક્તિલક્ષી સામાજિક ગતિશીલતા વધુ જોવા મળે છે. ગામડાના લોકોમાં પોતાના જુથ તરફ પોતપોતાની લાગણી હોય છે. ગ્રામીણ લોકો પોતાની ઓળખ પોતાના ગામથી આપે છે. જ્યારે નગરજનો વ્યક્તિ કેન્દ્રિત હોવાથી વ્યક્તિ પ્રથમ પોતાના હિતોનો વિચાર કરે છે.

## ૨.૬ ગ્રામીણ વિકાસ માટેના કાર્યક્રમો

કોઈપણ બાબત વર્તમાનની તેમજ ભવિષ્યની બધીજ જરૂરિયાતો લક્ષમાં રાખીને દલીલ યુક્ત વિચારણાપુર્વક તેમજ વ્યવસ્થિત રીતે ગોઠવીને ગ્રામીણ વિકાસ માટેના કાર્યક્રમો માટેના વ્યુહ નક્કી કરવામાં આવ્યા છે. જેમના કેટલાક કાર્યક્રમો જોઈએ તો.

### ૨.૬.૧ સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના (SGSY) :-

આ યોજના અગાઉના કાર્યક્રમોના વિધાયક પાસા તેમજ ખામીઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય હેતુ પુન નિર્માણનો છે. આ યોજના દ્વારા ગ્રામીણ લોકોની નિશ્ચિત સ્થિર અને લાંબા ગાળાની આવક પેદા થતી રહે છે. તે બાબતો પર ભાર મુકવામાં આવ્યો છે. આ યોજનાનું ધ્યેય ગ્રામીણ વિસ્તારોમાં અસંખ્ય નાના સાહસો સ્થાપવાનું છે. નાના સાહસો સ્થાપવામાં ઝુમખા અભિગમ ઉપર કૌશ્લ્ય વિકસાવવા માટે તાલીમ ઉપર ભાર મુકવામાં આવ્યો છે. જેઓના ધિરાણ માટેની લોન મંજુર કરવામાં આવે છે. તેઓને તાલીમ પણ આપવામાં આવે છે. આમા ટેકનોલોજીનું સ્તર ઊંચુ લાવવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ યોજના જ્યારથી અમલમાં આવી ત્યારથી અગાઉની યોજના જેવી કે ગંગા કલ્યાણ યોજના, સંકલિત ગ્રામીણ વિકાસ યોજના, ગ્રામીણ વિસ્તારોમાં સ્ત્રીઓ અને બાળકોના વિકાસનો કાર્યક્રમ, સ્વરોજગાર માટે ગ્રામીણ યુવાનોની તાલીમનો કાર્યક્રમ વગેરે યોજનાઓ બંધ કરવામાં આવી હતી.

### ૨.૬.૨ એમ્પ્લોયમેન્ટ એન્સ્યોરન્સ સ્કીમ (EAS)

આ યોજના દ્વારા અસરગ્રસ્ત, રણ અને ડુંગરાળ પ્રદેશના ૫૨૪ જિલ્લાઓની પછાત પંચાયત સમિતિઓમાં અમલ કરવામાં આવે છે. આ યોજનાનો પ્રાથમિક હેતુ વધારાની આવક થાય અને રોજગારી પુરી પાડવામાં આવે. તેના દ્વારા ગરીબીરેખા નીચે જીવતા ગ્રામીણ ગરીબોને કામના અભાવવાળા સમયગાળા દરમિયાન રોજગારી પુરી પાડવામાં આવે છે. આ યોજના ૨જી ઓકટોબર ૧૯૯૩ થી અમલમાં મુકવામાં આવી છે.

### ૨.૬.૩ નેશનલ સોશ્યલ એસિસ્ટન્ટ પ્રોગ્રામ (NSAP)

આ યોજના ઓગસ્ટ, ૧૯૯૫ થી અમલમાં આવી. આ યોજનામાં મુખ્યત્વે ત્રણ પાસાઓ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. (૧) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (૨) રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના (૩) રાષ્ટ્રીય માતૃત્વ સહાય યોજના. આ ત્રણેય યોજનાઓ લોકોની સામાજિક સલામતી પુરી પાડવાની છે.

### ૨.૬.૪ જવાહર ગ્રામ સમૃદ્ધિ યોજના :-

આ યોજના એપ્રિલ, ૧૯૯૯ થી અમલમાં મુકવામાં આવી. આ યોજના જવાહર રોજગાર યોજનાનું પુનઃ ઘડતર કરીને તેને વિસ્તૃત બનાવામાં આવી. ગ્રામીણ ગરીબોના જીવન સુધારણા માટે આ યોજનાને અમલમાં મુકવામાં આવી. ચંડીગઢ અને દિલ્હી સિવાયની બધી ગ્રામ પંચાયતમાં આ યોજનાને અમલમાં મુકી હતી. આ યોજનાનો મુખ્ય હેતુ ગ્રામીણ બેરોજગારોને રોજગારી અને પુરક રોજગારીની તકો વધારવાનું છે. આ યોજનામાં રોજગારીની તકોમાં સ્ત્રીઓ માટે રોજગારી ૩૦% તકો સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવે છે.

### ૨.૬.૫ પ્રધાનમંત્રી ગ્રામોદય યોજના (PMGY)

આ યોજના માનવ વિકાસ સાધવા માટે અમલમાં મુકવામાં આવી. આ યોજનામાં ગ્રામીણ રસ્તાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક શિક્ષણ ગ્રામીણ નિવાસ, ગામડા માં પીવાના પાણી અને પોષણ માટે આ યોજનાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. ગામડાના પીવાના પાણીની યોજનાનો અમલ અને સંચાલન પીવાના પાણીના પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ યોજના મુખ્યત્વે શુદ્ધ પિવાનું પાણી ગ્રામીણ વિસ્તારમાં પુરુ પાડવાની ઘોષણા કરે છે.

### ૨.૬.૬ ભુમિ સુધારઃ-

આ યોજનામાં કૃષિ સંબધોનું પુનનિર્માણ કરવાનું છે. ભુમિ સુધારાના મુખ્ય સુધારાઓમાં જમીન —ટોચ મર્યાદા ગણોત સુધારણા, નાના — ખેતરોનું સંયોગીકરણ, જમીન ટોચ મર્યાદાની ઉપલબ્ધ થયેલ જમીન તથા સરકારની ખરાબાની જમીન વહેંચણી, ભુદાનથી પ્રાપ્ત થયેલ જમીનની ગ્રામીણ ગરીબોને વહેંચણી વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

આમ, ઉપરોક્ત સિવાયની અનેક યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા ગ્રામીણ સમાજના વિકાસ અને સર્વાંગી અને ઝડપી બનાવવાના પ્રયાસો થઈ રહ્યાં છે. આ બધા કાર્યક્રમના ઘડતર અને અમલમાં પંચાયતો અને ગ્રામસભાને સત્તા અને જવાબદારી

સોંપવામાં આવી છે. આ દરેક કાર્યક્રમોમાં અનુસુચિત જ્ઞાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને સ્ત્રીના વિકાસ ઉપર સવિશેષ ભાર મુકવામાં આવ્યો છે.

## ૨.૭ ગ્રામીણ સમાસ્યાઓ

પ્રાચીન સમયથી આજદીન સુધી ગામડાઓમાં અનેક સામાજિક સમસ્યાઓએ જન્મ લીધો છે અને આ સામાજિક સમસ્યાઓના કારણે કોઈના કોઇ રીતે ગ્રામીણ વિકાસમાં અવરોધો થયા છે. ગ્રામીણ સંસ્કૃતિ પોતાના પરંપરાગત રિવાજો, મૂલ્યો, અંધશ્રદ્ધા અને વહેમમાં ડુબતી જોવા મળતી હતી. આજના સમાયમાં પણ ભારતના ગ્રામીણ સમાજમાં કેટલીક સામાજિક સમસ્યાઓ જોવા મળે છે. જેમાની કેટલીક સમસ્યાઓની અસર હજુ પણ છે. કેટલીક સામાજિક સમસ્યાઓ જોઈએ તો..,

### ૨.૭.૧ બાળલગ્ન :

ભારતના ગ્રામીણ સમાજમાં શહેરો કરતા લગ્નવય નીચે જોવા મળે છે. એકવીસમી સદીમાં ગ્રામીણ સમાજમાં આવેલી જાગૃતિ, વધતુ જતુ શિક્ષણ અને સરકારી નિયમોના કડક પાલનના કારણે બાળ લગ્નનું પ્રમાણ ગામડાઓમાં બહુ જ ઓછું રહ્યું છે. પ્રાચીન સમયના ભારતના ગ્રામીણ સમાજમાં બાળ લગ્નનું પ્રમાણ સવિશેષ જોવા મળતુ હતુ. ગામડાના લોકો મોટે ભાગે ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા હોવાથી અને ગરીબીના કારણે તેમના મોટા ભાગના સંતાનોના લગ્ન એક સાથે કરતા જોવા મળતા હતા. કારણકે તેનાથી તેઓ લગ્નના ખર્ચથી પણ બચી શકે. વર્તમાન સમાયમાં આવા બાળ લગ્નનું પ્રમાણ ક્યાંક અંતરિયાળ થાય હોય તેવું ન્યુઝ પેપરમાં વાંચવા મળે છે. બાકી કાયદાના કડક અમલીકરણને કારણે બાળલગ્નનું પ્રમાણ ઘણું જ નીચું ગયેલું જોવા મળે છે.

### ૨.૭.૨ દહેજ :

ભારતના ગ્રામીણ સમાજમાં ઘણા પ્રાદેશિક વિસ્તારો અને ઘણી જ્ઞાતીઓમાં દહેજનું ઘણુ મોટુ દુષણ પ્રવર્તતુ હતુ. ગરીબ માતાપિતાએ પણ દેવુ કરીને પણ પોતાની દિકરીનું દહેજ કરવું પડતુ હોય છે. આજે પણ ભારતના ગામડાઓમાં અને શહેરોમાં દહેજના કારણે સ્ત્રીઓની આત્મ હત્યા કે હત્યા કે મારપીટ થતી હોય તેવુ આપણને સાંભળવા જોવા અને વાંચવા મળે છે. ગ્રામીણ સમાજમાં નિરક્ષરતા નું પ્રમાણ અને પરંપરાનું પ્રમાણ હોવાથી દહેજનંક દુષણ ભારતના ગ્રામીણ સમાજમાં પોતાનું ઘર કરી ગયુ છે.

### ૨.૭.૩ કજોડા લગ્નઃ -

પતિ-પત્ની ની ઉંમરના થતા મોટા તફાવતને કજોડા લગ્ન કહેવાય. ગ્રામીણ વિસ્તારમાં આવા કજોડા લગ્નનું પ્રમાણ જોવા મળતું હોય છે. આવા લગ્ન થવા પાછળના કારણમાં ગરીબી, દહેજનું દુષણ કે અન્ય કોઈ કારણોસર આવા લગ્ન વધુ જોવા મળે છે. કજોડા લગ્નના કારણે લગ્ન જીવન જીવવામાં ઘણી મુશ્કેલીઓ થતી હોય છે. અને આવી મુશ્કેલીઓમાં સહન કરવાનું મોટાભાગે સ્ત્રીઓના ભાગે આવતુ હોય છે.

### ૨.૭.૪ વિધવા પુનઃ લગ્ન નિષેધઃ

એક ભવમાં બે ભવ નહીં એવુ માન્યતા અને રિવાજના કારણે તેમજ સમાજની પરંપરાને કારણે ગામડાઓમાં અમુક જ્ઞાતિમાં વિધવા પુનઃ લગ્નનો નિષેધ છે. નાની ઉંમરમાં સ્ત્રી વિધવા બને તો પણ તેઓ પુનઃ લગ્ન જ્ઞાતિના રિવાજ પ્રમાણે કરી શકતા નથી. ઘણી વખત સમાજમાં તેમના માતા-પિતા અને કુટુંબના ઉંચા મોભાના કારણે પણ વિધવાઓ પુનઃ લગ્ન કરી શકતી નથી. એના પરિણામે વિધવા જીવન મોટાભાગે સ્ત્રીઓ માટે પીડાદાયક અને બોજરૂપ બની જતુ હોય છે.

### ૨.૭.૫ લાજપ્રથાઃ-

ભારતના ગામડામાં આજે પણ પડદા પ્રથા કે લાજપ્રથા જોવા મળે છે. સ્ત્રીઓને ઘરની અંદર કે ઘરની બહાર પોતાના જે સાસરીયા પક્ષમાં વડીલો હોય કે તેમના સાસરીયાના ગામના હોય તેની લાજ કાઢવી પડતી હોય છે. લાજ કાઢવાને કારણે સ્ત્રીઓને ઘરકામ અને બહારના કામમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. પરંતુ ભારતના ગામડાઓમાં પ્રાચીન સમયથી ચાલી આવતી આ લાજ પ્રથાને આજે પણ આપણે સંપૂર્ણ રીતે દુર કરી શકયા નથી.

### ૨.૭.૬ સ્ત્રીનો નીચો દરજ્જોઃ-

ભારતીય સમાજમાં મોટાભાગે પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા પ્રવર્તે છે માટે સ્ત્રીનો દરજ્જો ભારતીય સમાજ વ્યવસ્થામાં નીચો ગણવામાં આવે છે. ભારતના ગામડાઓમાં સ્ત્રીઓને માત્ર ઘરકામ જ કરવાનું અને પરિવારના સભ્યોની સેવા કરવાની તેમજ વધેલા સમયમાં ખેતી કામ કે અન્ય કામમાં જોડાવાનું રહે છે. પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થામાં જ્યારે સ્ત્રીઓ પોતાના શોષણ વિરુદ્ધ અવાજ ઉઠાવે તો મોટાભાગે તેમના અવાજને દબાવી દેવામાં આવે છે. સ્ત્રીઓને કોઈના કોઇ રીતે પુરુષો મોટાભાગે પોતાનો દરજ્જો નીચો છે તેવો અહેસાસ કરાવતા હોય છે.

### ૨.૭.૭ અસ્પૃશ્યતાઃ-

ભારતીય સમાજમાં પ્રાચીન સમયમાં વર્ણ વ્યવસ્થા અસ્તિત્વમાં હતી. આ વર્ણ વ્યવસ્થામાં શુદ્રોનું સ્થાન છેલ્લું હતુ. જેમને વર્ણવ્યવસ્થાના કોટીક્રમ મુજબ સમાજની સેવા કરવાનું એવું કહેવામાં આવતુ હતુ. આજ પણ ભારતના ગામડાઓની અંદર અસ્પૃશ્યતામાં લોકો માનતા હોય છે. આપણા બંધારણની અસ્પૃશ્યતા નાબુદી માટેના કાનુનો બનાવ્યા હોવા છતાં અસ્પૃશ્યતામાં માનવા અંગેના દૂષણની નાબુદી આજે પણ આપણે સંપુર્ણ પણે કરી શક્યા નથી.

### ૨.૭.૮ જ્ઞાતિવાદઃ-

બ્રિટિશ સમયગાળા દરમિયાન ૧૯ મી સદીમાં સામાજિક અને ધાર્મિક સુધારણા આંદોલનમાં જ્ઞાતિ સુધારણા અને જ્ઞાતિ નાબુદી માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આર્યસમાજ, પ્રાર્થના સમાજ, બ્રહ્મો સમાજ, રામકૃષ્ણ મિશન વગેરે દ્વારા જ્ઞાતિ સુધારણા અને જ્ઞાતિ નાબુદી માટેના પ્રયાસો થયા. તેના માટે સમાજની અંદર જાગૃતિ પણ વિકસાવી. વિભિન્ન જ્ઞાતિઓ વચ્ચે ખાન-પાન અને સામાજિક વ્યવહારના પ્રતિબંધો પ્રવર્તતા હતા. જેમાં શુદ્ધિ –અશુદ્ધિના ખ્યાલ કેન્દ્રસ્થાને હતા. જુદી-જુદી જ્ઞાતિઓની

નાગરિક અને ધાર્મિક અસમર્થતાઓ અને વિશેષાધિકાર પ્રવર્તતા હતા. ગામડાઓમાં આજે પણ જ્ઞાતિવાદ એ એક સળગતો મુદ્દો છે. આજે દરેક બાબતોમાં જ્ઞાતિના લોકો કોઈપણ જ્ઞાતિના નાગરિકની સમસ્યા ઊભી થઈ હોય તો તેમાં પૂર્ણપણે સાથ આપતા હોય છે.

### ૨.૭.૯ આંતરપેઢીય સંઘર્ષઃ-

સંયુક્ત કુટુંબની અને વિભક્ત કુટુંબની અંદર આશરે ૨૦ વર્ષનું અંતર હોય છે. ૨૦ વર્ષના સમયગાળામાં ઘણુ સામાજિક પરિવર્તન આવી ગયુ હોય છે. સમાજના સામાજિક વાતાવરણમાં પણ ઘણો બદલાવ આવ્યો હોય છે. લોકોના અરસપરના વ્યવહારો પણ વધ્યા હોય છે. અને નવી પેઢી અને જુની પેઢીને ઘણા નવા અનુભવો થયા હોય છે. તેમજ નવી પેઢીની સમસ્યાઓ પણ ઉદ્દભવી હોય છે. દરેક પેઢીનો ઉછેર પછી અલગ રીતે થતો હોય છે. આથી પેઢીયો વચ્ચેનું અંતર એ માત્ર સમયા કે ઉંમરનું નથી પણ સામાજિક, સાંસ્કૃતિક વાતાવરણ, વિચારો, મુલ્યો, માન્યતાઓ, વલણો, અભિગમો અને વર્તનોનું અંતર છે. એટલેકે, જુની પેઢી પરંપરાઓને વળગી રહેવાનું વલણ ધરાવે છે. જ્યારે નવી પેઢી આધુનિક વિચારો અને નવા મૂલ્યો સાથે જીવન જીવવા માંગતા હોય છે. આના કારણે નવી પેઢી અને જુની પેઢી વચ્ચેના સંઘર્ષને આંરતપેઢીય સંઘર્ષ કહેવાય છે. આવા સંઘર્ષ પાછળ અનેક પરિબળો ભાગ ભજવતા હોય છે. અને આ સંઘર્ષ માત્ર કુટુંબ જીવન પુરતો સીમિત ન રહેતા તે સમાજ જીવનના તમામ ક્ષેત્રોમાં પ્રગટ થાય છે.

### ૨.૭.૧૦ વૃદ્ધો પ્રત્યેનો દુર્વ્યવહારઃ-

ભારતના ગ્રામીણ સમાજમાં ધીમે-ધીમે સંયુક્ત કુટુંબોના થતા વિઘટનના કારણે વૃદ્ધો માટે પણ સામાજિક સલામતીની સમસ્યા ઉભી થઈ છે. એક સમયે ગ્રામીણ સમાજમાં વૃદ્ધો માન ભર્યુ જીવન જીવતા હતા અને કુટુંબના સભ્યોને માર્ગદર્શન અને સલાહ આપવાનું કામ કરતા હતા. પરંતુ વર્તમાન સમયમાં વૃદ્ધોનું આવુ માન કુટુંબમાં ધીમે – ધીમે ઓછું થતુ રહ્યું છે. શિક્ષણનું વધતુ જતુ પ્રમાણ તેમજ શહેરોના સંપર્ક અને સ્વાર્થીભર્યા જીવનના કારણે પુત્રો અને પુત્રવધુઓ પોતાના કુટુંબના વૃદ્ધોને પોતાની સ્વતંત્રતામાં બાધક ગણવા લાગ્યા છે. અને તેઓ વૃદ્ધોની સલાહની અવગણના કરવી, તેમનુ અપમાન કરવુ તેમજ તેમની પ્રાથમિક જરૂરિયાતો યોગ્ય રીતે સંતોષવી નહી. તેમને સંપર્કથી દુર રાખવા તેમજ ધીમે-ધીમે તેમને સામાજિક જીવનથી દુર કરીને તેમની સાથે દુર્વ્યવહાર કરતા હોય છે. આવા સમયમાં કુટુંબનું વાતાવરણ પણ આખુ કલેશ ભર્યુ થતું જતું હોય છે. આથી કેટલાક વૃદ્ધો ના છુટકે વૃદ્ધાશ્રમનો આશ્રય લેતા હોય છે. અને કેટલીક વખત વૃદ્ધોને પોતાના સંતાનો વૃદ્ધાશ્રમ તરફ ધકેલતા હોય છે.

આમા ઉપરોક્ત ગ્રામીણ સમાજની સમસ્યાઓ જોવા મળતી હોય છે.

## ૨.૮ સારાંશ

સમગ્ર ચર્ચાને અંતે એમ કહી શકય કે પ્રાચીન સમયના ભારતમાં ગ્રામીણ સમાજની વ્યવસ્થા અને તેની સ્થિતી તેમજ બ્રિટિશ સમય દરમિયાન ભારતના ગામડાઓની સ્થિતી અને આઝાદી બાદના ભારતના ગ્રામીણ સમાજ વ્યવસ્થામાં ઘણો બદલાવ આવેલો જોવા મળે છે. દરેક સમયગાળા દરમિયાન કોઈને કોઈ બાબતો સારી

જોવા મળે છે. જ્યારે કોઈ બાબતોની અંદર મર્યાદાઓ જોવા મળે છે.

## ૨.૯ તમારી પ્રગતિ ચકાસો.

**(ક) નીચે આપેલા પ્રશ્નોના જવાબો ટુંકમાં આપો.**

(૧) દહેજ એટલે શું?

..............................................................
..............................................................
..............................................................
..............................................................

(૨) અનૌપચારિક સંબધોની ટુંકી સમજ આપો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................

(૩) કજોડા લગ્ન કોને કહેવાય?

..............................................................
..............................................................
..............................................................
..............................................................

(૪) ગ્રામીણ સમાજની લાક્ષણિકતા જણાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(૫) ગ્રામ, નગર વચ્ચેનો તફાવત સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

.................................................................

(૬) ગ્રામીણ સમાજની સમસ્યાઓની સમજુતી આપો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## ૨.૧૦ સંદર્ભસૂચિ


- પટેલ એસ. આર., ચોવટિયા ડી. જી., દવે કિર્તીબેન, ''ગ્રામ્ય સમાજશાસ્ત્ર'', રચના પ્રકાશન, અમદાવાદ.
- શાહ એ. જી. અને દવે જે. કે., ''આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન'', અનડા પ્રકાશન, અમદાવાદ.
- ચાવડા એચ. એલ., ''ભારતનો ગ્રામીણ સમાજ'', પેરેડાઈઝ પબ્લિશર્સ, જયપુર.

## એકમ ૩

# ભારતીય શહેરનું સામાજિક માળખું

## રૂપરેખા


૩.૦ ઉદ્દેશો

૩.૧ પ્રસ્તાવના

૩.૨ શહેરનું સામાજીક રચના તંત્ર

 ૩.૨.૧ નગરનું વિસ્તૃત કદ

 ૩.૨.૨ સ્થળાંતર

 ૩.૨.૩ વસ્તી વૃદ્ધિ

 ૩.૨.૪ સામાજિક વિવિધતા

 ૩.૨.૫ મર્યાદિત ધ્યેય આધારિત સબંધો

 ૩.૨.૬ વિવિધ સેવાઓ

  ૩.૨.૬.૧ આરોગ્ય

  ૩.૨.૬.૨ રહેઠાણ

  ૩.૨.૬.૩ બજાર

  ૩.૨.૬.૪ વાહન વ્યવહાર અને દુર સંચારના સાધનો

  ૩.૨.૬.૫ શિક્ષણ

 ૩.૨.૭ નગરનું ભૌગોલિક વિભાજન

 ૩.૨.૮ નગરનું આયોજન

 ૩.૨.૯ નાગરીય પ્રશ્નો

  ૩.૨.૯.૧ વસ્તી વૃદ્ધિ

  ૩.૨.૯.૨ ટ્રાફીકનો પ્રશ્ન

  ૩.૨.૯.૩ નવા રસ્તાઓનું યોગ્ય નિર્માણ કરવું

  ૩.૨.૯.૪ ગંદા વસવાટો

  ૩.૨.૯.૫ ભિક્ષાવૃત્તિ

  ૩.૨.૯.૬ વેશ્યા વ્યવસાય

  ૩.૨.૯.૭ અપરાધોમાં વધારો

  ૩.૨.૯.૮ માનસિક તણાવ

  ૩.૨.૯.૧ પાણીનું પ્રદુષણ

  ૩.૨.૯.૧૦ મનોરંજન સ્થળના પ્રશ્નો

 ૩.૨.૧૦ શહેરોનું ભાવિ

૩.૩ સારાંશ

૩.૪ તમારી પ્રગતિ ચકસો

૩.૫ સંદર્ભસૂચિ

## ૩.૦ ઉદ્દેશ્યો

આ એકમ ના અભ્યાસ બાદ-

- શહેરોનો ખ્યાલ સમજાશે.
- શહેરી સમસ્યાઓની જાણકારી મેળવશો.
- શહેર આયોજન અંગેની સમજ મેળવશો.
- શહેરનું સામાજિક રચનાતંત્રની જાણકારી મેળવશો.

## ૩.૧ પ્રસ્તાવના

પ્રાચીન સમયની અંદર રાજ્યના વહીવટ તરીકે વિકાસ તેમજ શહેરોના કદો નાના હતા. વસ્તીની દ્રષ્ટીએ ગીચતાનું પ્રમાણ પણ ઓછુ હતુ. પરંતુ જ્યારથી ખાસ કરીને ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત બાદ ધીમે – ધીમે શહેરોના સ્વરૂપના ખુબ જ મોટુ પરિવર્તન આવતું જોવા મળ્યુ છે. આજે દુનિયાના દેશોમાં ઔદ્યોગિકરણને કારણે શહેરીકરણની પ્રક્રિયાએ વેગ પકડ્યો છે. વિશ્વના વધુ વસ્તીવાળા દેશોમાં ભારતનો ક્રમ પ્રથમ પાંચમાં આવે છે. ઔદ્યોગિકરણ ક્રાંતિ પછી વિકસેલા મોટા નગરોએ શહેરી વિકાસની એક નવી જ ઘટના છે. આ શહેરીકરણ એકબાજુ વિકાસનો એક આધાર પણ ગણાય છે. તો બીજી તરફ તેણે સામાજિક અને આર્થિક સમસ્યાઓ પણ સર્જી છે. બ્રિટીશ સમયગાળા દરમિયાન આપણા દેશમાં ઔદ્યોગિકરણની ધીમી પણ શરૂઆત થઈ ચુકી હતી. આઝાદી ભારતે વિકાસ માટે યોગ્ય આયોજનો કરી તેની શરૂઆતો કરી હતી અને તેના પરિણામે ભારતમાં યાંત્રીકરણ, ઔદ્યોગિકરણ, આર્થિક અને સામાજિક આયોજન, વસ્તીવૃદ્ધિ, સ્થળાંતર જેવા પરિબળોએ પરંપરાગત સ્વરૂપમાં પરિવર્તન લાવી અને શહેરીકરણની પ્રક્રિયાને ગતિ આપી હતી. અને તેના પરિણામ સ્વરૂપે છેલ્લા વર્ષમાં ભારતમાં શહેરોનો વિકાસ ઝડપી થયો છે માટે આપણા શહેરો આધુનિકરણના સામાજિક કેન્દ્રો બન્યા છે.

બ્રિટિશ સમયગાળા દરમિયાન આપણા દેશમાં નગર વિકાસના ક્ષેત્રે ઊંડી અસરો ધરાવતી ઘટનાઓએ નગરીકરણને વેગ આપ્યો. તેમ છતા તે સમયના સંસ્થાનવાદને અનુકુળ રહે તે પ્રમાણે મુખ્યત્વે મદ્રાસ, મુંબઈ અને કલકત્તા આ ત્રણ નગરો જ ઝડપી રીતે વિકાસ પામી શક્યા. ભારતના શહેરીકરણની પ્રક્રિયાનો વિચાર કરતા પહેલા ઐતિહાસિક દૃષ્ટીએ જોઈએ તો પ્રાચીન સમયથી ભારતમાં શહેરોનું નિર્માણ અને વિકાસની પ્રક્રિયા તથા ગ્રામીણ વિસ્તારમાંથી સ્થળાંતરની પ્રક્રિયા ઓછેવત્તે અંશે અવિરત રીતે ચાલુ રહી છે. તેમજ આપણા દેશમાં ઐતિહાસિક સમયમાં પણ હડપ્પા અને મેહેં-જો-દડો જેવા શહેરોનું અસ્તિત્વ હતું. પ્રાચીન યુગ કરતા મધ્યયુગમાં શહેરીકરણનો વિસ્તાર વધ્યો હતો. અને તેમાં મુખ્યત્વે રાજકીય કારણો પણ મહત્વની ભૂમિકા ભજવતા હતા. બ્રિટીશ સમયમાં શહેરીકરણનો વિસ્તાર વધ્યો હતો. અને તેમાં મુખ્યત્વે રાજકીય કારણો પણ મહત્વની ભૂમિકા ભજવતા હતા. બ્રિટીશ સમયમાં શહેરીકરણની પ્રક્રિયા મધ્યયુગ કરતા પણ વધુ ઝડપી બની. તેમાં મુખ્યત્વે ઔદ્યોગિકરણ પ્રક્રિયાએ મહત્વનો ભાગ ભજવ્યો. આમ, છતા આઝાદી પછીના શરૂઆતના વર્ષોમાં શહેરીકરણની પ્રક્રિયાનું પ્રમાણ એકંદરે ધીમું હતુ. વીસમી સદીના ઉત્તરાર્ધમાં ગ્રામીણ લોકોનું શહેરો તરફના સ્થળાંતરના કારણે શહેરીકરણની પ્રક્રિયામાં વૃદ્ધિ થઈ. શહેરીકરણની વધતી જતી વસ્તીના કારણે અનેક નવી સામાજિક સમસ્યાઓનો પણ જન્મ થયો.

**વસ્તી ગણતરી પ્રમાણે નગરો અને શહેરોની વ્યાખ્યાઃ-**

૧૯૬૧, ૧૯૭૧, ૧૯૮૧ ની વસ્તી ગણતરીમાં 'શહેરી વિસ્તારોના' વર્ગીકરણ

માટે અપનાવેલા માપદંડ અનુસાર ૧૯૮૧ માં ભારતમાં ૩,૯૪૭ નગરો અને શહેરો હતા. દેશની ૨૩.૩૩% ટકા વસ્તી એટલેકે ૧૬૦ મિલીયન વસ્તી શહેરી વિસ્તારોમાં વસવાટ કરતી હતી.

૧૯૬૧ ની વસ્તી ગણતરીમાં શહેરી વિસ્તાર માટે અપનાવેલી વ્યાખ્યા અનુસાર ૫ હજાર કે તેથી વધુ વસ્તી અને તેમાં ૭૬ ટકા વસ્તી બિનકૃષી વ્યવસાયોમાં રોકાયેલી હતી. વસ્તીની ઘનતા દર ચોરસ માઈલ દીઠ ૧૦૦૦ વ્યક્તિઓથી ઓછી ન હોય તેમજ કેટલીક સ્પષ્ટ દેખાતી શહેરી ખાસિયતો અને સુખ – સુવિધાઓ જેવી કે પાણી, રહેઠાણ, વીજળી, ઉદ્યોગો, મનોરંજનના સ્થળો અને જાહેર વાહન વ્યવહાર ધરાવતા માનવ વસવાટ વિસ્તારને શહેરી વિસ્તાર તરીકે વ્યાખ્યા બદ્ધ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપલ વિસ્તારો તેમજ ટાઉન કમિટિઓ વગેરે વિસ્તારોને શહેરી વિસ્તારો તરીકે ઓળખાતા હતા.

૨૦૧૧ ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં ૭૭૪૨ નગરો અને શહેરો છે. દેશની ૩૧.૬ ટકા વસ્તી એટકેલે ૩૭.૭૧ મિલિયન વસ્તી શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાં મ્યુનિસિપાલટી, કોર્પોરેશન વગેરે સ્થળો તેમજ ઓછામાં ઓછી ૫ હજારની વસ્તી જેમાં ઓછામાં ઓછા ૭૫ ટકા પુરુષ કામદારો બિનકૃષી વ્યવસાયોમાં રોકાયેલા હોય તેમજ એક ચોરસ કીલોમીટર દીઠ વસ્તીની ઘનતા ઓછામાં ઓછી ૪૦૦ માણસોની હોય તેવા સ્થળને શહેરી વિસ્તાર તરીકે વ્યાખ્યાબદ્ધ કરવામાં આવેલ છે.

## ૩.૨ શહેરનું સામાજિક રચનાતંત્ર

શહેર સમુદાયો બધી રીતે એક સરખા હોતા નથી તેમનો ઔદ્યોગિક વિકાસ, વહીવટી દરજ્જો, તેમના કદ કાર્યો, વ્યાવસાયિક બંધારણ વગેરેની બાબતોમાં ભિન્નતા હોવાથી નગરો જુદા-જુદા પ્રકારના હોય છે તેમનું સામાજિક રચનાતંત્ર જોઈએ તો,

### ૩.૨.૧ નગરનું વિસ્તૃત કદઃ-

વર્તમાન સમયમાં વિશ્વના દરેક દેશોમાં શહેરીકરણની ગતિ ઝડપી બની છે. તેવી ઝડપી ગતિ પહેલા ક્યારેય જોવા મળતી ન હતી. વિકાસસીલ દેશોમાં જ્યાં વિશ્વની ત્રીજા-ચોથા ભાગની વસ્તી રહે છે તે વિસ્તારમાં જનસંખ્યાનું સ્થળાંતર ગામડાઓમાંથી શહેરો તરફ ઘણું જોવા મળ્યુ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વિશ્વના શહેરોની વસ્તી ઝડપથી વધતી રહી છે. ૧૯૭૨ ની વસ્તી ગણતરીમાં ભારતમાં વસ્તી ૫૪.૭૪ કરોડ હતી. જેમાંથી ૧૦ કરોડ ૮૮ લાખ લોકો નગરોની અંદર વસવાટ કરતા હતા. દસ લાખની વસ્તી વાળા શહેરો ૧૯૫૧ માં માત્ર ૫ હતા જે ૨૦૦૧ માં વધીને ૨૭ થઈ ગયા છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાં એવા શહેરોની સંખ્યા ૫૦ થઈ શકે છે. ૫૦ લાખથી વધારે વસ્તીવાળા ચાર મહાનગર દિલ્લી, મુંબઈ, કલકત્તા, ચેન્નાઈ છે. ભારતનું સૌથી મોટુ શહેર મુંબઈ છે. જેની વસ્તી ૧.૬૩ કરોડથી વધારે છે. ભારતનું સૌથી વધારે નગરીકૃત રાજ્ય ગોવા છે. જ્યાં ૪૯.૮ ટકા વસ્તી નગરીય ક્ષેત્રોમાં વસવાટ કરે છે. ભારતમાં વધતા જતા શહેરીકરણને અનેક આર્થિક, સામાજિક સમસ્યાઓ, પરિવર્તનો અને પ્રભાવોને જન્મ આપ્યો છે.

### ૩.૨.૨ સ્થળાંતરઃ-

ભારતની અંદર ગામડાઓથી નગરો તરફ અને નાના કદના નગરોમાંથી

પ્રથમ વર્ગના નગરો અને મહાનગરો તરફ માનવ વસ્તીનું સ્થળાંતર શરૂ થયુ એટલે કે અમુક મોટા શહેરોમાં વસ્તીનું કેન્દ્રીકરણ થવા લાગ્યુ છે. આથી નાના શહેરોમાં પણ વસ્તીનું પ્રમાણ વધવા લાગે છે. અને ગામડાઓમાં વસ્તીનું પ્રમાણ ઘટે છે. માટે આવા સ્થળાંતરને અટકાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. ગીરીરાજ ગુપ્તા કહે છે કે ૧૯૬૧-૭૧ ના દસકામાં મુંબઈની વસ્તીમાં ૪૪ ટકા, મદ્રાસમાં ૬૩ ટકા અનેદીલ્હીમાં ૫૪ ટકાનો વધારો થયો છે. અને આ વધારામાં મોટાભાગની વસ્તી ગામડામાંથી સ્થળાંતર કરીને આવતા લોકો દ્વારા થઈ છે. ટુંકમાં ભારતમાં મોટા નગરોમાં આડેધડ થતા સ્થળાંતરને રોકવુ જોઈએ.

### ૩.૨.૩ વસ્તીવૃદ્ધિ :-

શહેરમાં વધતી વસ્તીના કારણે શહેરનું માળખું, શાસન, શિક્ષણ, કાયદો, વ્યવસ્થા અને સુરક્ષા જેવી અનેકવિધ સમસ્યાઓ સરકાર અને લોકો માટે પેદા થઈ છે. દરેક લોકોને પોતાની મૂળભૂત પાયાની જરૂરિયાતો સંતોષવી એ પણ એક મુશ્કેલી ભરેલું કામ છે. લોકોને માટે રોજગારીનું સર્જન કરવુ કે દરેકને શિક્ષણ આપવુ એ પણ એક સમસ્યા શહેરી વિસ્તાર માટે ઊભી થાય છે. ટૂંકમાં અતિપ્રમાણમાં વધતી જતી વસ્તીના કારણે શહેરોમાં ગીચતા વધતી જાય છે અને અનેક નવા પ્રશ્નો દિવસને દિવસે જન્મ થતા જાય છે.

### ૩.૩.૪ સામાજિક વિવિધતાઃ-

શહેરી વિસ્તારોમાં લોકો કાયમી ધોરણે વસવાટ કરતા હોવાથી શહેરી લોકોના જીવનમાં વૈવિધ્ય અને પંચરંગીપણુ કુદરતી રીતે જ જન્મ લે છે. વિવિધતાનો આધાર શહેરવાસીઓની ભાષા, ધર્મ, જ્ઞાતિ, વ્યવસાય, બોલી વગેરે છે. કારણકે, શહેરી વિસ્તારોમાં અલગ-અલગ જગ્યાઓ પરથી લોકો સ્થળાંતર કરીને આવ્યા હોય છે માટે આવા વિસ્તારોમાં આપણને અનેકવિધતા જોવા મળે છે.

### ૩.૨.૫ મર્યાદિત ધ્યેય આધારિત સંબંધોઃ-

શહેરોનું કદ મોટા પ્રમાણમાં હોવાથી તો એક નિકટવર્તી અથવા પ્રાથમિક જુથ હોતુ નથી. શહેરવાસીઓ અવાર – નવાર તેમના બિન પરિચિત હોય તેવા લોકોના સંપર્કમાં આવતા હોય છે. તેમ છતા શહેરમાં વસવાટ કરતા તેમના બિન પરિચિત લોકો સાથેના તેમના નિકટતાના સબંધો હોતા નથી એટલેકે દરેક સાથે તે કૌટુંબિક સંબંધો જેવા સંબંધો રાખવા મુશ્કેલ ભરી બાબત છે. દરેકની સાથે નિકટવર્તી સંબંધો સ્થપાતા નથી. માટે શહેરોમાં વસવાટ કરતા લોકો સાથેના માત્ર તેમના મોટા ભાગના સબંધો ધ્યેય આધારિત હોય છે.

### ૩.૨.૬ વિવિધ સેવાઓઃ-

શહેરોમાં વસવાટ કરતા લોકોને પ્રાથમિક સુવિધાઓ સંતોષવા માટે શિક્ષણ, આરોગ્ય, વિષયક સેવાઓ રહેવા માટે સ્વચ્છ ઘરો તેમજ બજારો અને વાહન વ્યવહારની કેટલીક પાયાની જરૂરિયાતો સરળતાથી સંતોષી શકાય તેવી વ્યવસ્થાઓ કરવી જોઈએ. આપણે તેમાની કેટલીક સેવાઓનો પરિચય મેળવીયે.

### ૩.૨.૬.૧ આરોગ્યઃ-

શહેરી વિસ્તારોમાં શુદ્ધ અને સ્વચ્છ વાતાવરણનો અભાવ હોય છે. મકાનો નજીક-નજીક હોવાના કારણે સૂર્યપ્રકાશ અને સ્વચ્છ હવાનો અભાવ તેમજ વાયુ પ્રદુષણ, કારખાનાઓના ધુમાડા, વધુ પડતા ઘોંઘાટ, ગટરોની દુર્ગંધો, મચ્છરોનો ફેલાવો વગેરેની અસરો માનવીના સ્વાસ્થ્ય પર અસર કરતી હોય છે અને પરિણામ સ્વરૂપે વ્યક્તિ બિમાર પડતી હોય છે. નગરોમાં સામાન્ય રીતે ગામડા કરતાં લોકો વધુ બીમાર પડતા હોય છે. નગરોમાં લોકોને શારીરિક બિમારીને સાથો-સાથ માનસિક બિમારીનો પણ ભોગ બનતા હોય છે. દોડધામ વાળી જીવનશૈલીના કારણે વ્યક્તિની માનસિકતા ઉપર પણ અસર પડતી હોય છે.

### ૩.૨.૬.૨ રહેઠાણઃ-

શહેરોમાં એક મુખ્ય સમસ્યા લોકોને રહેવા માટે યોગ્ય હવા ઉજાસવાળા મકાનોની પણ છે. જેમની પાસે પોતાનુ મકાન નથી તેવા લોકો ફૂટપાથ ઉપર કે ઝુંપડીઓ બનાવીને રહેતા હોય છે. ઘણા કારખાનાવાળા વિસ્તારો કે ગીચ શહેરી વિસ્તારો જ્યાં મકાનની ખુબજ ઊંચી કિમંતો છે કે રહેવા માટેના મકાનના ભાડા પણ બહુ વધારે હોય છે ત્યાં એક રૂમમાં ઘણા વ્યક્તિઓ રહેતા હોય છે. અને ત્યાં તેમને જે જોઈએ તેવી સુવિધાઓ પણ હોતી હોય છે નહિ. ઘણા મકાનો તો એવી જગ્યા ઉપર બનાવેલા હોય છે કે તે માનવીનું ઘર બીમારીનું ઘર હોય છે.

### ૩.૨.૬.૩ બજારઃ-

શહેરોનો પ્રભાવ આર્થિક ક્રિયાઓ ઉપર પહેલો છે એટલે કે મોટાભાગના શહેરી વિસ્તારોમાં નાના-મોટા ઉદ્યોગોની સ્થાપનાઓ થવા લાગી છે. અને ઘણા શહેરોતો ઉત્પાદનના મુખ્ય કેન્દ્રો પણ બની ગયા છે. શહેરોમાં તૈયાર થયેલી વસ્તુઓ રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય બજારો સુધી પહોંચવા લાગી છે. શહેરોમાં વિશેષીકરણ અને શ્રમ વિભાજન વધારે પ્રમાણમાં જોવા મળે છે. શહેરોમાં ગ્રામીણ વિસ્તારના લોકો આવીને પોતાના દ્વારા ઉત્પાદીત કરેલ વસ્તુઓ વેચી અને પોતાના માટેની જરૂરી વસ્તુઓ શહેરોની બજારમાંથી ખરીદતા હોય છે. શહેરોમાં મળતી સુવિધાઓને કારણે ત્યાં ઉદ્યોગીકરણનું પ્રમાણ ગ્રામીણ વિસ્તારો કરતા વધુ થયુ છે માટે શહેરી બજારોની અંદર ગીચતાનું પ્રમાણ ધીમે ધીમે વધવા લાગ્યુ છે.

### ૩.૨.૬.૪ વાહન વ્યવહાર અને દૂરસંચારના સાધનોઃ-

ઉદ્યોગોમાં ઉત્પાદન થતી વસ્તુઓની હેરફેર માટે વાહન વ્યવહારના સાધનો ખુબ જ મહત્વના છે. રેલ્વે, ધોરીમાર્ગ, સડકો, બસ વ્યવહાર વગેરે ઉદ્યોગોના વિકાસમાં તેમજ શહેરોના વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. બ્રિટિશ સમય દરમિયાન રેલ્વેની સ્થાપના થઈ હતી અને તેનું ધીમે-ધીમે વિસ્તૃતીકરણ થયુ હતુ. આજે ભારતનો ઘણો મોટો વિસ્તાર રેલ્વે સેવાઓથી જોડાયેલો છે. તેમજ અન્ય વાહન વ્યવહારોની સુવિધાઓને કારણે વ્યક્તિ કે વસ્તુઓની હેરફેર ઝડપથી કરી શકાય છે. સાથો-સાથ જળમાર્ગના વિકાસના કારણે પણ આયાત-નિકાસ શરૂ થઈ છે. આમ, ઔદ્યોગીકરણના કારણે શહેરોનો પણ વિકાસ થતો જાય છે. તેમાંય ખાસ કરીને મુખ્ય રેલ્વે માર્ગો તેમજ મુખ્ય હાઈવે રસ્તાઓ પરના શહેરોનો પણ ઝડપથી વિકાસ થતો ગયો છે.

### ૩.૨.૬.૫ શિક્ષણઃ-

ભારતમાં કેટલાય શહેરો તેમની શિક્ષણ વ્યવસ્થાના કારણે વિકાસ પામેલા છે. જેમકે, વલભી, નાલંદા, તક્ષશિલા, વારાણસી વગેરેના વિકાસમાં તેમની પ્રખ્યાત શિક્ષણ પ્રણાલી છે. મધ્યયુગમાં બનારસ, મદુરા, પ્રયાગ, માદિયા, મિથિલા વગેરે ઉચ્ચ

શિક્ષણના કેન્દ્રો હતા. વર્તમાન સમયમાં પણ શિક્ષણના વિકાસે શહેરીકરણની પ્રક્રિયાને વેગ આપવાનો મહત્વનો ભાગ ભજવ્યો છે. જેમ કે, ગુજરાતમાં વલ્લભવિદ્યાનગર ખાતે સ્થપાયેલી યુનિવર્સિટીના કારણે આ શહેરનો વિકાસ થયો છે. એ જ રીતે યુનિવર્સિટીના કેન્દ્રો ધરાવતા શહેરોના વિકાસમાં શિક્ષણ અગત્યનું પરિબળ બની રહે છે. શિક્ષણ સંશોધન પ્રવૃત્તિને ગતિ આપે છે. વૈજ્ઞાનિક ક્ષેત્રમાં થતા સંશોધનો ઔદ્યોગિક વિકાસમાં અગત્યનો ફાળો આપી નવા ઉદ્યોગો વિકસાવવાની શક્યતાઓ સર્જી ઔદ્યોગીકરણની પ્રક્રિયાને અને દ્વારા તે શહેરોની ઝડપી પ્રક્રિયાને બળ પુરું પાડે છે.

### ૩.૨.૭ નગરનું ભૌગોલિક વિભાજન :-

પ્રાચીન સમયમાં આપણા ગામડાઓની અંદર જે-તે જ્ઞાતિ કે વર્ણના ભૌગોલિક દ્રષ્ટિએ અલગ-અલગ નિવાસ સ્થાનો જોવા મળતા હતા. તેવી જ રીતે શહેરોમાં ઔદ્યોગિક વિસ્તાર, બજારોનો વિસ્તાર, આરોગ્ય સેવાઓનો વિસ્તાર, શૈક્ષણિક સંસ્થાઓનો વિસ્તાર તેમજ રહેઠાણનો વિસ્તાર, હવે ધીમે-ધીમે શહેરોની અંદર આવા આખા નવા જ વિસ્તારો વિકાસ પામી રહ્યા છે. જે – તે વિસ્તારમાં આ બધી સેવાઓની પ્રાપ્તિ થતી હોય છે અને જે-તે બજારના કારણે એ વિસ્તારનું નામ અને તેના નામ પરથી જ પ્રખ્યાત થતુ હોય છે. એટલે કે, નગરોમાં

### ૩.૨.૮ નગર આયોજનઃ -

નગર આયોજન કરવા પાછળના મુખ્ય હેતુ નગરોની સુધારણા કરવાનો છે. શહેરી લોકોની જરૂરિયાત મુજબ સપ્રમાણ ભૌતિક અને સંસ્થાકીય સાધનો સંપર્કનો પુરા પાડવા તેમજ શહેર સમુદાયના લોકોની સામાજિક, આર્થિક, ભૌતિક પરિસ્થિતિ અંગેની બધીજ વાસ્તવિક માહિતી એકત્ર કરી એ હકીકતોના આધારે ભાવી જરૂરિયાતો શહેરી લોકોની કેવી અને કઈ રહેશે તે ખ્યાલ નગર આયોજન સાથે સંકળાયેલો છે. એટલે કે, લોકોની તમામ પાયાની જરૂરિયાતો પુરી પડી રહે તે પ્રમાણેનું નગરનું આયોજન વ્યવસ્થિત રીતે કરવું જોઈએ. આપણા દેશના નગરોની સ્થિતિ જોતાં એવુ લાગે છે કે નગર આયોજન કરવામાં આપણે કોઈપણ જગ્યાએ કચાશ રાખીએ છીએ. જેના કારણે આપણું નગર આયોજન યોગ્ય પુરવાર થતુ નથી, આપણે ત્યાં ‘ટાઉન પ્લાનીગ’’ખાતાઓનુ અસ્તિત્વ છે પણ તેમની કામગીરી જે નગર આયોજન માટે થવી જોઈએ એવી થતી નથી. ભારતના મોટા ગણાતા શહેરોમાં ગંદકી, પ્રદુષણ, ભીડ, અપુરતી સુવિધાઓ વગેરે પરિસ્થિતી જોતા જણાય છે કે નગર આયોજન જે તે સમયે વ્યવસ્થીત થયેલ નથી. દા.ત. સુરતના અનેક વિસ્તારમાં ગંદકી જોવા મળે છે. મુંબઈની વસ્તી દિવસેને દિવસે વધતી જાય છે. અમદાવાદમાં અંદર ટ્રાફીક અને રસ્તાઓના પ્રશ્નો ઊભા થયેલ છે. ટુંકમાં આ બધી પરિસ્થિતિઓ આપણી નગર આયોજનની મર્યાદાઓ બતાવે છે. માટે આપણે હવે જો યોગ્ય રીતે નગર આયોજન નહી કરીએ તો હજુ પણ આવનારા સમયમાં નગરો અનેક સમસ્યાઓથી ઘેરાયેલા રહેશે.

### ૩.૨.૯ નગરીય પ્રશ્નોઃ-

શહેરોની અંદર સમય જતા ઘણા પરિવર્તનો થયા છે. અને આવા પરિવર્તનોના કારણે આપણને ઘણા લાભો થયા છે, તો બીજી તરફ અનેકવિધ નવી સમસ્યાઓએ પણ જન્મ લીધો છે. અને શહેરોના વિકાસને કારણે ઘણી સમસ્યાઓ ઉદ્દભવી છે. જે આપણે નીચે મુજબ તપાસીએ.

### ૩.૨.૯.૧ વસ્તીવૃદ્ધિઃ-

ગ્રામીણ લોકો ધંધો, રોજગારી કે શિક્ષણ મેળવવા માટે ધીમે-ધીમે-ધીમે ગામડાઓમાંથી સ્થળાંતર કરીને શહેરો તરફ વળવા લાગ્યા છે અને શહેરોની અંદર ધીમે-ધીમે વસ્તી વૃદ્ધિ થવા લાગી છે. ઘણા શહેરોની અંદર અતિ વસ્તીનો પ્રશ્ન ઉદ્દભવ્યો છે. પરિણામે ત્યાં રોજગારી, શિક્ષણ, કાયદો, આરોગ્ય, સુરક્ષા વગેરે જેવા પ્રશ્નોએ જન્મ લીધો છે. માટે શહેરોની અંદર વસ્તી વૃદ્ધિને કારણે શહેરોમાં વસવાટ કરતા દરેક લોકોની પાયાની જરૂરિયાતો પૂર્ણ કરવી એ એક પ્રશ્ન બની ગયો છે. માટે શહેરોમાં વસ્તી વૃદ્ધિ નિયંત્રણમાં કરવી પણ ખુબજ જરૂરી છે.

### ૩.૨.૯.૨ ટ્રાફીકનો પ્રશ્નઃ-

વધતી જતી વસ્તી અને ટેકનોલોજીના કારણે વાહનોની સંખ્યા શહેરોમાં દિન-પ્રતિદિન વધતી જાય છે અને પરિણામે શહેરોમાં વસ્તીની ગીચતા વધતા વાહનોનું ટ્રાફીક પણ વધવા લાગ્યુ છે. શહેરોમાં કાર, બસ, રીક્ષાઓ, મોટર સાઈકલ જેવા વાહનોનુ પ્રમાણ દિન-પ્રતિદિન વધતું જાય છે. વાહનોની સંખ્યાનુ પ્રમાણ વધતુ જાય છે પરંતુ રોડની પહોળાઇ વધતી નથી માટે ટ્રાફિકની અંદર ઘણો સમય પણ જતો રહેતો હોય છે. તેમજ શહેરોમાં વાહનોના કારણે વાતાવરણ પ્રદુષિત થતું હોય છે. વધતા જતા વાહનોને કારણે અકસ્માતોનું પ્રમાણ પણ વધતું જાય છે. તેમજ દર વર્ષે હજારો લોકો અકસ્માતમાં ઈજાગ્રસ્ત કે મૃત્યુ પામતા હોય છે.

### ૩.૨.૯.૩ નવા રસ્તાઓનું યોગ્ય નિર્માણ કરવુઃ-

ટ્રાફીક પ્રશ્ન અને શહેરી ગીચતાને ધ્યાનમાં રાખીને તેને હલ કરવા માટે જુના રસ્તા પહોળા કરવા અને રસ્તાઓ પર થયેલ ગેરમાન્ય દબાણો હટાવવા તેમજ અન્ડર બ્રિજ, ઓવર બ્રિજ અને રીંગ રોડનું નિર્માણ કરવું અને ટ્રાફીકનો પ્રશ્ન હલ કરવાનો પ્રયત્ન કરવો.

### ૩.૨.૯.૪ ગંદા વસવાટોઃ-

ભારતમાં શહેરો અને મહાનગરોમાં ગંદા વસવાટોની પ્રશ્ન એ અતિ ગંભીર પ્રશ્ન બન્યો છે. શહેરોમાં વધતી જતી ગીચતા અને વધતા જતા જમીનોના ભાવને કારણે તેમજ વધતી જતી મોંઘવારીને જોતા ગરીબ માણસો માટે શહેરો મકાન બનાવવું એક સ્વપ્ન બની ગયુ છે. આથી, ગરીબ માણસો રોડ પર કે અન્ય ખાલી જગ્યા પર ઝુંપડા બનાવીને રહેવાનું શરૂ કરી દે છે. ભારતના ઘણા શહેરોમાં ખુબ ગંદા વિસ્તારો જોવા મળે છે. ભારતના નગરોની ૧૦ થી ૧૫% વસ્તી ગંદા વિસ્તારોમાં વસ્તીની ગીચતા અને જરૂરી પ્રાથમિક સુવિધાનો અભાવ રહે છે. આથી ગંદા વસવાટોમાં સલામતી અને નૈતિક મુલ્યોના પ્રશ્નો જન્મ લેતા થયા છે. ભૂતપૂર્વ આપણા રાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગીરીએ મુંબઈ શહેરના ગંદા વિસ્તારના સંદર્ભમાં જણાવ્યુ કે આવા ગંદા વિસ્તારો માનવ ગૌરવના અપમાન સમાન છે. તે હિંસાખોરી, અપરાધીવૃત્તિ અને તિરસ્કારની ભાવના જન્માવે છે. આપણે ગુજરાતની વાત કરીએ તો ખાસ કરીને અમદાવાદની અતિ વસ્તીમાં આવા ગંદા વિસ્તારોનું વિશેષ પ્રમાણ જોવા મળે છે. ઔદ્યોગિક ગંદા વિસ્તારોએ અરાજકતા અને હિંસાખોરીના પ્રમાણમાં એટલી હદ સુધી વધારો કર્યો છે કે સરકારને માટે પણ હલ કરવુ મુશ્કેલ ભર્યુ છે. આયોજનપૂર્વક રચાવામાં આવેલ ચંદીગઢ જેવા શહેરોમાં પણ ગંદા વિસ્તારો ઉદ્દવભવવા લાગ્યા છે. આ બધા પાછળ અતિવસ્તીની સમસ્યા મુખ્ય કારણ છે.

### ૩.૨.૯.૫ ભિક્ષાવૃત્તિઃ-

શહેરમાં આજે ભિક્ષાવૃત્તિનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે. જાહેરસ્થળો,

મંદિરો, મસ્જિદ, બસ્સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન વગેરે જગ્યાએ ભિક્ષુકોનુ પ્રમાણ જોવા મળતા હોય છે. ઘણા લોકોએ ભિક્ષાવૃત્તિને પોતાનો એક વ્યવસાય બનાવી લીધો છે. તેમજ નાના બાળકોના અપહરણ કરીને તેને ભિક્ષાવૃત્તિની તાલીમ આપીને તેને પણ ભિક્ષુક બનાવી દેવાના ઘણા કિસ્સાઓ આપણી સામે આવતા જોવા મળતા હોય છે. ટૂંકમાં, શહેરોમાં ભિક્ષાવૃત્તિ પણ વધારે પ્રમાણમાં થતી જોવા મળે છે.

### ૩.૨.૯.૬ વેશ્યા વ્યવસાયઃ-

શહેરની અંદર ગામડાની તુલનામાં વેશ્યાવૃત્તિનું પ્રમાણ વધુ જોવા મળે છે. વેશ્યાવૃત્તિપાછળના કારણમાં ગરીબી મુખ્યત્વે ભાગ ભજવતી હોય છે. સ્ત્રી પોતાના ભરણ પોષણ માટે પોતાના શરીરનો વેપાર કરીને તેમાંથી આવક પ્રાપ્ત કરે છે. જ્યારે મોટાભાગના પુરુષો શહેરોમાં કામ માટે પોતે શરૂઆતમાં એકલા આવ્યા હોવાથી તેમજ ઘણી વખત અપરણિત પુરુષો પણ પોતાની શારીરિક જરૂરિયાતોની પૂર્તિ માટે આવા વેશ્યા વ્યવસાયો જ્યાં ચાલતા હોય ત્યાં જતા હોય છે. ટૂંકમાં શહેરોમાં વધતી જતી વસ્તી અને મોંઘવારીના કારણે આવા નવા પ્રશ્નો એ જન્મ લીધો છે.

### ૩.૨.૯.૭ અપરાધોમાં વધારોઃ-

શહેરોમાં પાડોશી, ધર્મ, રક્તસંબધોઅને જાતીઓની નિયંત્રણનોની શિથીલતાના કારણો અપરાધોનું પ્રમણ વધી રહ્યુ છે. નગરમાં અપરિચિતતાને લીધે અપરાધોની પુર્વભુમિકા તૈયાર થાય છે. શહેરોમાં બીજાના અપરાધો જોઈને તેનાથી પ્રેરિત થઈ અમુક લોકો અપરાધ કાર્ય કરતા હોય છે. શહેરોમાં દિવસે ને દિવસે ચોરી, લૂંટફાટ, અપહરણો, ATM, મશીનો તોડવા, ખુન, છેતરપીંડી વગેરે ગુનાઓનું પ્રમાણ વધતુ જાય છે.

### ૩.૨.૯.૮ માનસિક તણાવઃ-

શહેરોમાં માનસિક તણાવ અને સંઘર્ષનુ પ્રમાણ વધતું જાય છે. જેનાથી લોકો રાત્રે આરામથી ઉંઘ લઈ શકતા નથી. પરિણામે તેઓ ઉંઘની ગોળીઓ અને વ્યસનો તરફ ધકેલાતા હોય છે. અને તે વ્યસનોમાંથી તે બહાર નીકળી શકતા નથી અને અંતે તેનો ભોગ બનતા હોય છે.

### ૩.૨.૯.૯ પાણીનું પ્રદુષણઃ-

શહેરોની ગીચ વસ્તીએ પીવાના પાણીને પ્રદુષિત કર્યુ છે. શહેરોમાં અસંખ્ય લોકોને પીવાનું ચોખ્ખુ પાણી મળતું નથી. ઔદ્યોગિક કચરો અને ગટરોનું ખરાબ પાણી દરિયામાં નાખવામાં આવે છે. સમગ્ર ભારતમાં અનેક શહેરોમાં પાઈપમાંથી પીવાનું પાણી લીક થવાના કારણે તેની સાથો-સાથ ગટર લાઈન હોવાને કારણે તે ગટર લાઈનનુ ગંદુ પાણી તેમાં ભળી જાયછે. તેમના પરિણામે ગંભીર રોગોના ભોગ બનતા હોય છે.

### ૩.૨.૯.૧૦ મનોરંજન સ્થળના પ્રશ્નોઃ -

શહેરી જીવનને તણાવ મુક્ત બનાવવા માટે મનોરંજનના કેન્દ્રો વિકસાવવા જોઈએ. આવી જગ્યાએ બાળકો અને યુવાનોને રમતગમત અને મનોરંજનની સુવિધાઓ ઉપલબ્ધ થશે. ગ્રંથાલયો, નાટ્યગૃહો, જીમખાના, રમતગમતના સંકુલો, થિયેટરો, મ્યુઝિયમો વગેરેનો વિકાસ થવો જોઈએ. પરંતુ આવી સુવિધાઓ શહેરોમાં બહુ વધુ પ્રમાણમાં નાણાકીય મુશ્કેલીઓને કારણે ઉપલબ્ધ ન પણ થઈ શકે. પરંતુ થોડા-થોડા નજીકના શહેરોના જુથ બનાવી તેનો વિકાસ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેથી મનોરંજનનો આનંદ મેળવી વ્યક્તિ તણાવ મુક્ત સ્વસ્થ થઈ શકે.

### ૩.૨.૧૦ શહેરોનું ભાવીઃ-

શહેર વિકાસ માટેની વિવિધ યોજનાઓ શહેરીકરણનું સહાયક પરિબળ છે. આવી યોજનાઓમાં ખાસ કરીને શિક્ષણની સુવિધા, આરોગ્યની સુવિધાઓ, મનોરંજનની સુવિધા, વાહન વ્યવહારની સુવિધા, જાહેર રસ્તા બનાવવા, ગરીબ લોકો માટેના મકાનો બનાવવા, ખેલકુદના મેદાનો, ટ્રાફિકના પ્રશ્નો નિવારવા, લાઈબ્રેરીઓ બનાવવી વગેરે યોજનાઓ અમલમાં લાવી માળખાકિય અસુવિધાઓ દુર કરી અને આ રીતે નગરો ઉભા થયેલા પ્રશ્નો દુર કરવા જોઈએ. નગર આયોજન દ્વારા આપણે સર્વાંગી સુધારાઓ કરી નગર સમાજની જરૂરિયાત અનુસાર આપણે સપ્રમાણ ભૌતિક અને સંસ્થાકિય સાધનો સંગઠનો પુરા પાડવા. નગરોની સામાજિક અને આર્થિક, ભૌતિક પરિસ્થિતી અંગેની હકીકતો એકત્ર કરી એ હકીકતોને આધારે ભાવી સામુદાયિક જીવનની જરૂરીયાતોનો અંદાજ કાઢવો તેમજ તેને પૂરી કરવાનો પ્રયત્નનો ખ્યાલ આયોજન સાથે સંકળાયેલો છે.

## ૩.૩ સારાંશ

ઔદ્યોગિક કેન્દ્રો તરીકે પ્રખ્યાત થયેલા શહેરોની હાલત વિચાર માંગી લે તેવી થતી જાય છે. આ શહેરો ઉપર વસ્તીના વધતા જતા ભારણને લીધે અનેક પ્રશ્નો પણ ઉપસ્થિત થવા લાગ્યા છે. તેથી હવે ભારતના અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ શહેર વિકાસના ક્ષેત્રે ચોકકસ પગલા લેવામાં આવી રહ્યા છે. આ પગલા લેવા પાછલના કારણોમાં શહેરોની બગડતી સ્થિતિ ઉપર નિયંત્રણ મેળવવુ તેમજ તેમાં સુધારા લાવવાનો છે.

## ૩.૪ તમારી પ્રગતિ ચકાસો.

**(ક) નીચે આપેલા પ્રશ્નોના જવાબો ટૂંકમાં જવાબો આપો.**

(૧) વસ્તી વૃદ્ધિ એટલે શુ?

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(૨) પાણી પ્રદુષણની ટૂંકી સમજ આપો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(૩) શહેરની વસ્તીની દ્રષ્ટીએ વ્યાખ્યા આપો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

**(ખ) નીચે આપેલા પ્રશ્નોના જવાબો દસ લીટીના આપો.**

(૧) વસ્તી વૃદ્ધિ શહેરી સમસ્યા તરીકે સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(૨) નગર આયોજનમાં કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ?

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(૩) શહેરને અસર કરતા કોઈ બે પરિબળ સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## ૩.૫ સંદર્ભસૂચિ


- આહુજા રામ, (૧૯૯૭), ''સામાજિક સમસ્યાએ'', રાવત પબ્લીકેશન, નવી દિલ્હી.
- દોશી હરીશ, (૧૯૯૮), ''નગર સમાજશાસ્ત્ર'', યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
- દેસાઈ એ .આર. અને દેસાઈ નીરા, (૧૯૭૮), ''વિકસતા શહેરો અને ઝૂપડપટ્ટીઓ'', આર. આર. શેઠ કંપની, મુંબઈ.
- દવે હર્ષિદા, (૨૦૧૬), ''સામાજિક સમસ્યાઓ'', યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

એકમ ૪

# સામાજિક સંસ્થાઃ અર્થ અને સ્વરૂપ

## રૂપરેખા


૪.૦ ઉદ્દેશ

૪.૧ પ્રસ્તાવના

૪.૨ સામાજિક સંસ્થાનો અર્થ

૪.૩ સામાજિક સંસ્થાના લક્ષણો

૪.૪ સામાજિક સંસ્થાના કાર્યો

૪.૫ સંસ્થા અને સંસ્થાકરણ

૪.૬ સંસ્થાકીય સંબંધની પ્રક્રિયા

૪.૭ સારાંશ

૪.૮ ચાવીરૂપ શબ્દો

૪.૯ તમારી પ્રગતિ ચકાસો

૪.૧૦ સંદર્ભસૂચિ

૪.૧૧ "તમારી પ્રગતિ ચકાસો" ના જવાબો.


## ૪.૦ ઉદ્દેશ

આ પ્રકરણના અભ્યાસ દ્વારા તમે....

૧. સામાજિક સંસ્થાનો અર્થ સમજી શકશો.

૨. સંસ્થાના લક્ષણોની વિગતપૂર્ણ સમજુતી મેળવી શકશો.

૩. સંસ્થાના કાર્યો વિશે કહી શકશો.

૪. સંસ્થાકીય સંબંધની પ્રક્રિયા નીચેની બે રીતે સમજી શકશો.

**A** સંસ્થાના ક્ષેત્રની અંદરની ભૂમિકાઓના પારસ્પરિક સંબંધની પ્રક્રિયા તરીકે.

**B** જુદી જુદી સંસ્થાઓના પારસ્પરિક સંબંધની પ્રક્રિયા તરીકે

૫. સામાજિક સંસ્થાને અમલમાં મૂકવા માટેના સંગઠિત સમૂહના સભ્યોની આંતરક્રિયાને તે કઈ રીતે ઘડે છે તે કહી શકશો.

૬. બધી સંસ્થાઓના સમાન ગુણધર્મો કયા છે? અથવા તેઓ કયા સમાન સાધનો અને પ્રયુક્તિઓ ઉપયોગમાં લે છે તે સમજી શકશો.

## ૪.૧. પ્રસ્તાવના

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. દરેક પ્રાણીની પ્રાથમિક આવશ્યકતાઓ હોય છે.

તે તેના શારીરિક ઘડતર ઉપર આધારિત હોય છે. માણસની મુખ્ય બે જરૂરિયાત હોય છે. (૧) શારીરિક (૨) માનસિક. તે પૈકી બીજા નંબરની જરૂરિયાતને સમાજશાસ્ત્રીઓ અને મનોવૈજ્ઞાનિકોએ વધુ મહત્વ આપ્યુ નથી. પરંતુ આ જરૂરિયાતો સિવાય પણ માણસની જરૂરિયાતો અગણિત છે. તેમાય મનુષ્ય સામાજિક પ્રાણી હોવાના લીધે તેની જરૂરિયાતો વધુ હોય છે. તેમાં સભ્યતાના વિકાસ ને કારણે માણસની માણસની જરૂરિયાતોમાં વધારો થતો જાય છે. આ બધી જરૂરિયાતોની પૂર્તિ માટે માનવજીવન ટકાવી રાખવું અતિ આવશ્યક બને છે. અને તે મેળવવા માટે મનુષ્ય કેવા પ્રકારની પ્રવૃત્તિઓ કરવી પડે છે તે મહત્વનું છે.

દરેક વ્યક્તિ પોતાની જરૂરિયાતો સરળતાથી મળી રહે તેવું ઇચ્છે છે તે સ્વાભાવિક છે. કેમ કે માણસની રચના પ્રકૃતિએ એક વિવેકશીલ પ્રાણી તરીકે કરી છે. માટે તે પર્યાપ્ત સાધનો દ્વારા જરૂરિયાતો સંતોષવાનો પ્રયાસ કરે છે. જેમ કે કુદરતી રીતે સર્જન પામેલા સૂર્યનો તડકો અને કુદરતી રીતે વહેતી નદીનું મૂળ શોધવા મનુષ્ય પ્રયત્ન નથી કરતો પણ નદીના કે નળમાં આવતા પાણીમાં ગ્લાસ ભરી પાણી લઈ પોતાની જરૂરિયાત પુરી કરે છે. એ વ્યવસ્થા પણ માણસના મગજમાં સુજી હશે અને નળ-પાણીની વ્યવસ્થા ઉભી કરી હશે. આમ મનુષ્યની દરેક પ્રકારની જરૂરિયાત પુરી કરવા કોઇને કોઇ પધ્ધતિ કે પ્રયુક્તિઓ હોય છે. એટલા માટે કહેવાય છે- **"आवश्यकता - आविष्कार की जननी है".**

આમ જરૂરિયાતોની પરિપૂર્તિ માટે વ્યક્તિ વિચારે છે. તે વિચાર દ્વારા પ્રવૃત્તિ, કાર્ય કે પ્રયુક્તિનો ઉપયોગ કરે છે અને તેની જરૂરિયાત પૂર્ણ થતા સમાજ તે વિચારસરણી સ્વીકારે છે. તેને લોકરીતિ તરીકે માનવામાં આવે છે.

મેકાઈવર અને પેજ એ જણાવ્યું હતું કે ''જનરીતિઓ સમાજની માન્યતાઓ પ્રાપ્ત કરવા કે સ્વીકૃતિમય વ્યવહાર કરવા માટેની પધ્ધતિઓ છે.'' — સમાજશાસ્ત્રમાં આ સ્વીકૃત પધ્ધતિઓને સમાજ માટે ઉપયોગી, કલ્યાણકારી સમજી સ્વીકારવામાં આવે છે અને તેને આપણે લોકરીતિ, રૂઢિઓ તરીકે માનીએ છીએ. દરેક લોકરીતિ, રૂઢિઓને પોતાના કાર્ય કરવાની અલગ- અલગ ઢબ હોય છે. તે મુજબ સમાજમાં સંબંધિત ધોરણોનું પાલન કરી સમાજ સ્વીકાર કરી અનુસરે છે.

કોઈપણ સંસ્થાની શરૂઆત એક સ્વાર્થ કે વિચારમાંથી ઉત્પન થાય છે. જે માનવસમાજની જરૂરિયાત મુજબ હોય છે, સમયાંતરે મનુષ્યની જરૂરિયાતોમાં પરિવર્તન આવતુ જાય છે. પરંતુ માનવ સમાજમાં જે વિચારો સર્વસ્વીકૃત બનતા હોય અને સમાજ માટે હકારાત્મક હોય તેનો સ્વીકાર કરી અનુસરે છે. અને મનુષ્ય- મનુષ્ય, સમૂહ- સમૂહ, સમાજ- સમાજની વચ્ચે આ પ્રક્રિયા, વ્યવહારો, સંબંધોનું માળખું ઉભું થતું જાય છે અને પેઢી દર પેઢી તેનું સિંચન થતું જાય છે અને તેના નિયમાનુસાર તેમાં ધોરણો બનાવવામાં આવે છે. અંતે માળખું એક વ્યવસ્થા બને છે અને એ વ્યવસ્થા એક સામાજિક સંસ્થાના સ્વરૂપે સમાજમાં પ્રસ્થાપિત થતી હોય છે.

સમનર નામના વિદ્વાને કહ્યું હતું કે ''સંસ્થા એક વિચારધારા અને એક રૂઢિથી મળીને બને છે.''

આમ સંસ્થાની પાયાની પ્રક્રિયા (સ્વરૂપ) સમજવુ આવશ્યક છે. બદલાતા સમાજના માળખામાં તેના સ્વરૂપોમાં બદલાવ આવતો રહે છે. પરંતુ વાસ્તવિકતામાં બદલાવ આવતો નથી.

## ૪.૨. સામાજિક સંસ્થાનો અર્થ

દરેક સમાજને લાંબા સમય સુધી ટકી રહેવા માટે અને અસરકારક રીતે કાર્યો કરવા માટે કેટલીક પાયાની જરૂરિયાતો પુરી કરવી પડે છે. સમાજની રચના કરનારા સામાજિક સંબંધોમાંથી તે પેદા થતી હોય છે. આ સમાજની વ્યવસ્થાને સમાજશાસ્ત્રીઓ, મનોવૈજ્ઞાનિકો અને અન્ય વિદ્વાનો સમાજના પેટા મૂલ્યોને જ્યારે સ્થાપિત કરી સમાજ વ્યવસ્થાના ભાગ સાથેનું સ્વરૂપ આપે છે ત્યારે એક માળખાગત વ્યવસ્થા તરીકે સ્વીકારે છે અને અલગ- અલગ વિદ્વાનોએ સામાજિક સંસ્થાને સમજવા વ્યાખ્યાઓ આપવા પ્રયત્ન કર્યો છે.

"સંસ્થાએ વ્યક્તિઓ અને જૂથો વચ્ચેના સંબંધોને નિયંત્રિત કરતી લાંબા સમય સુધી ટકી રહેતી સ્વીકૃત કાર્ય પ્રણાલીકા છે."

**ગિલ્બર્ટ**

"સંસ્થાને સમૂહ પ્રવૃત્તિની પ્રસ્થાપિત કાર્યપ્રણાલીકા તરીકે પરિભાષિત કરે છે."

**મેકાઈવર અને પેજ**

"અમૂક વિશિષ્ટ પ્રકારના સામાજિક સંબંધોને લાગુ પડતી ધોરણાત્મક ઢબ તરીકે ઓળખે છે."

"માનવ જરૂરિયાતોની આસપાસ કેન્દ્રીત થયેલી લોકરીતિઓ અને લોકનીતિના સંગઠિત સંકુલને સંસ્થા કહેવાય."

**હોર્ટન અને હન્ટ**

"સંસ્થા એ કોઇ એક કે વધુ કાર્યોની આસપાસ રચાયેલ પરસ્પર સંબંધિત લોકરીતિઓ, લોકનીતિઓ અને કાયદાનો સંકુલ છે."

**કિંગ્સલે ડેવિસ**

"સંસ્થા સમાજના સભ્યોના સામાન્ય વર્તન અને ચોક્કસ ભૂમિકાને માર્ગદર્શન આપતા ધોરણોનું ઝુમખું છે."

**સધર લેન્ડ**

"સંસ્થા એટલે સામાજિક સંબંધોની વ્યવસ્થિત રચના. જેમાં સમાન મૂલ્યો અને પધ્ધતિઓ સમાયા હોય છે અને જે સમાજની પાયાની જરૂરિયાત પુરી પાડે છે."

**હોર્ટન અને હન્ટ**

"An Institution Consist of a concept and a structure."

**Sumner W. G.**

"In Sociological Parlance an Institution is a set of Folkways and mores that enter in the achievement of some human end or Purpose."

**Sutherland, Woodward and Maxwell**

"As a eliminate Organization Pursuing some specific interest or Pursuing general interests in a specific way."

**Madver R.M**

"An Institution is a complex organization of collective behavior established in the social heritage and meeting some

persistent need or want."

**C.H. Cooley**

## ૪.૩. સામાજિક સંસ્થાઓના લક્ષણો

સામાજિક સંસ્થાના સ્વરૂપને સમજવા માટે સામાજિક સંસ્થાના લક્ષણોને સમજવા આવશ્યક છે.

**૧) વર્તન તરેહ અથવા કાર્યપધ્ધતિઃ-**

સામાજિક સંસ્થા સમાજ અથવા સંગઠિત સમૂહના સભ્યોની એક કે તેથી વધારે જરૂરિયાતોની કરવા માટે અપનાવવામાં આવતી અને સ્થાપિત કરવામાં આવતી કાર્યપધ્ધતિ છે.

**૨) સંસ્કૃતિની ભિન્નતા પ્રમાણે સંસ્થાના સવરૂપમાં ભિન્નતાઃ-**

સામાજિક સંસ્થાઓ સંસ્કૃતિનો એક ભાગ છે. ઘણી વખત જુદા જુદા સમયના જુદા જુદા પ્રદેશોના સમાજોની સંસ્કૃતિ એકબીજાથી જુદી હોય તેવું બનતુ હોય છે. પરિણામે લોકો પોતાના મૂલ્યો અને હિતોથી દોરાઇ જઇ વર્તન- વ્યવહાર કરતા હોય છે અને સમાન જરૂરિયાતો પુરી કરવા માટે પણ તેઓ એકબીજાથી જુદી કાર્યપધ્ધતિઓ અપનાવતા હોય છે.

દા.ત. પ્રજનન અને બાળઉછેરની જરૂરિયાતની પૂર્તિ કરવા માટે એક સમાજે એકસાથી લગ્ન સંસ્થાને માન્ય કરી હોય અને બીજા સમાજે બહુપત્ની લગ્ન સંસ્થાને સ્વીકારી હોય છે.

**૩) રચનાત્મક પાસુંઃ-**

રચનાની દૃષ્ટિએ સામાજિક સંસ્થાના બે મુખ્ય પાસા છે. [y] ધોરણાત્મક પાસુંઃ- એટલેકે સંસ્થા સાથે સંકળાયેલ લેખિત કે અલેખિત, ઔપચારિક કે અનૌપચારિક અપેક્ષાઓ. નિયમો અને કાર્યપધ્ધતિઓનો સમાવેશ થાય છે. [*f*] વ્યક્તિઓ અંગેનું પાસુંઃ- એટલે સંસ્થાને અમલમાં મૂકનારા દરજ્જા, ભૂમિકા તથા વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

**૪) કાર્યાત્મક પાસુંઃ-**

સંસ્થાઓ સમાજના સભ્યોની એક અથવા એકથી વધારે જરૂરિયાતો સંતોષવાનો ધ્યેય ધરાવે છે. તેને આધારે સંસ્થાના કાર્યોને બે પ્રકારોમાં વહેંચીને સમજવાના પ્રયાસ કરવામાં આવ્યા છે જેમ કે...

અ) પ્રગટ કાર્યોઃ-

પ્રગટ કાર્યો એટલે સંસ્થાના એવા પરિણામો કે જે પહેલેથી ઇચ્છીત અને માન્ય હોય છે.

બ) અપ્રગટ કાર્ય એટલે સંસ્થાના એવા પરિણામો કે જે પહેલેથી ધારેલા અથવા ઇચ્છીત કે માન્ય હોતા નથી.

સમાજશાસ્ત્રી મર્ટને દાખલો આપતા જણાવ્યું છે કે મોટરકારનું ઉત્પાદન કરવાની આર્થિક પ્રવૃત્તિનું પ્રગટ કાર્ય એ છે કે લોકોની વાહનની જરૂરિયાત પુરી પાડે છે. પરંતુ તેનું અપ્રગટ કાર્ય એ છે કે તેને ખરીદનારાઓની સમાજમાં પોતાનું સ્થાન ઉંચુ દેખાડવાની ઇચ્છાને પણ સંતોષે છે.

સંસ્થાના કાર્યોની બાબતમાં ધ્યાનમાં રાખવા જેવી બાબત છે કે- "એક સંસ્થા

એક જ જરૂરિયાતોની પરિપૂર્તિ કરી શકે છે એમ હંમેશા હોતું નથી. એક સંસ્થા એકથી વધારે જરૂરિયાતોની પરિપૂર્તિ કરે તેવુ પણ બને છે.

દા.ત. પહેલાના સમાજોમાં કુટુંબસંસ્થા પોતાના સભ્યો પ્રત્યેની જવાબદાર ભૂમિકા નિભાવતી હતી. વર્તમાન સમયમાં સમાજ કુટુંબ ઉપરાંત આરોગ્ય સંસ્થા, શિક્ષણ સંસ્થા, સરકારી વ્યવસ્થાઓ સહભાગી બને છે.

આમ સમયના બદલાવના સંજોગોમાં પરિવર્તન સાથે વિશિષ્ટ સંસ્થાના કેટલાક કાર્યો વધે- ઘટે, કેટલાક નાબુદ થાય એવું પણ બને છે. વર્તમાનમાં કુટુંબસંસ્થાના ઘણા કાર્યો અન્ય સંસ્થાઓએ ઉપાડી લીધા છે. પરિણામે સરકારના કાર્યોમાં વધારો થયો છે.

**૫) સ્થાયી અને રૂઢિવાદી સ્વરૂપઃ-**

સંસ્થાઓ પ્રમાણમાં લાંબા સમય સુધી રચાઇ અને ટકી રહેતી હોય છે અને સમાજના સાંસ્કૃતિક મૂલ્યો પ્રમાણે લોકોને વર્તન કરતા રાખીને તે મૂલ્યોની જાળવણીમાં અગત્યનો ફાળો આપતી હોય છે. તેનાથી સંસ્થાઓ સરળતાથી બદલાતી નથી. તેને જાળવવા સંસ્થાના અમલ માટે સંકળાયેલ વ્યક્તિઓ સંસ્થામાં પરિવર્તન લાવનારા પરિબળોનો વિરોધ કરે છે અને પરંપરાથી ચાલી આવેલી સંસ્થાની તરફેણ કરે છે. આવી સંસ્થાઓની જાળવણીમાં કેટલીક વ્યક્તિઓનું હિત જળવાતું હોય છે.

દા.ત. ભારતમાં વડીલોની સંમતિથી લગ્ન કરવાની પરંપરામાં વડીલોને વધારે અધિકારો ભોગવવા મળતા હોય છે અને નાનેરાઓ ઉપર વર્ચસ્વ ભોગવવા મળતુ હોય છે. યુવક યુવતીઓને વડીલોની સંમતિ વિના લગ્નની છૂટ આપવાના પ્રસ્તાવનો તેઓ વિરોધ કરતા હોય છે. એવી જ રીતે અન્ય સામાજિક સંસ્થાઓનું માળખું પણ જોવા મળે છે.

**૬) સંસ્થાઓમાં પરિવર્તનઃ-**

સમાજમાં સાંસ્કૃતિક રીતો અને મૂલ્યોમાં આવતા પરિવર્તન સાથે સંસ્થાઓમાં પણ પરિવર્તન આવતું હોય છે. આવું પરિવર્તન સંસ્થાની રચનામાં પણ આવી શકે અને તેના કાર્યોમાં પણ આવી શકે છે.

બહુસાથી લગ્નપ્રથાને સ્થાને એકસાથી લગ્નપ્રથા, રાજાશાહીના સ્થાને લોકશાહી, કુટિર ઉદ્યોગોની પ્રથાના સ્થાને કારખાનામાં મોટા યંત્રો દ્વારા ઉત્પાદન કરવાની પ્રથા વગેરે સંસ્થાની રચનામાં પરિવર્તનના દષ્ટાંત છે.

અગાઉ કુટુંબ તેના સભ્યો માટે આર્થિક, શૈક્ષણિક, ધાર્મિક, મનોરંજન, શરીરની દેખરેખ રાખવાના કાર્યો કરતું હતું. પરંતુ વર્તમાન સમયમાં કુટુંબ સંસ્થાના કાર્યો અન્ય સંસ્થાઓએ લઈ લીધા છે. તેવી જ રીતે રાજ્ય સરકારનું કાર્ય આંતરિક અને બાહ્ય આકર્ષણોથી રક્ષણ કરવા પૂરતું હતું, પરંતુ જેમ જેમ ઉપયોગીકરણ અને શહેરીકરણ થતા પ્રશ્નો ઉભા થયા, તેમાં સામેલ થતા કાર્યોમાં પરિવર્તન આવતુ જાય છે.

સામાજિક સંસ્થાઓમાં સરળતાથી પરિવર્તન આવતું નથી.પરંતુ તેની સરખામણીમાં તેના કાર્યોમાં ઝડપથી પરિવર્તન આવતું હોય છે. ભારતમાં જ્ઞાતિપ્રથાની રચના કરતા તેના કાર્યોમાં ઝડપથી પરિવર્તન આવ્યું છે. તેવી જ રીતે કુટુંબસંસ્થાના પણ દષ્ટાંત લઈ શકાય.

**૭) સમાન પ્રશ્નોના સંદર્ભમાં બધી સંસ્થાઓ દ્વારા મદદમાં લેવામાં આવતા સમાન સાધનો અને પ્રયુક્તિઓઃ-**

બધી સંસ્થાઓમાં નીચે દર્શાવેલ સમાન પ્રશ્નોને પાર પાડવાના હોય છે.

અ) સંસ્થા સાથે વ્યક્તિઓની વફાદારીની જાળવણી

બ) વ્યક્તિઓમાં દરજ્જા- સ્થાનો, ભૂમિકા- કાર્યોની ફાળવણી

ક) સંસ્થામાં ભાગીદાર બનતી વ્યક્તિઓના વર્તનને નિયંત્રિત કરવાના ધોરણો

ડ) અન્ય સંસ્થાઓ સાથે સંબંધિત થવાની પધ્ધતિ વિકસાવી

ઉપર્યુક્ત પ્રશ્નોને પાર પાડવા માટે બધી સંસ્થાઓ નીચે દર્શાવેલ કેટલાક સાધનો અને પ્રયુક્તિઓની મદદ લેતી હોય છે આ બધાને સંસ્થાના ગુણધર્મો **[Institutional traits]** પણ કહેવામાં આવે છે.

**[I]** સંસ્થાનો સર્વસામાન્ય નમૂનોઃ-

દરેક સંસ્થા સાથે સંકળાયેલ સભ્યોએ અનુસરવા માટેનો એક પ્રમાણભૂત નમૂનો તૈયાર કરીને તે અંગે બધા સભ્યોએ પાળવાના ધોરણો રજુ કરવામાં આવે છે. દા.ત. કુટુંબસંસ્થા અને અન્ય સામાજિક સંસ્થાઓ.

**[II]** ભૌતિક સાધનઃ-

દરેક સંસ્થા સમાજમાં કાર્યાન્વિત થવા માટે કોઇ ને કોઇ ભૌતિક સાધનની મદદ લે છે. દા.ત. ઘર કે રહેઠાણ મકાન કુટુંબને કાર્યાન્વિત થવા માટેનું ભૌતિક સાધન છે. તેવી રીતે રાજધાની, સચિવાલય સ્કુલ કોલેજ માટે તેવી જ રીતે ધાર્મિક સ્થળ માટે ધર્મ, ઔદ્યોગિક વસાહત, કારખાના માટેના સહાયક માળખાની આવશ્યકતા ઉભી થતી હોય છે.

**[III]** સાંસ્કૃતિક પ્રતીકોઃ-

દરેક સંસ્થા તેનું સ્મરણ કરાવતા વધુ સ્વરૂપો જેવા પ્રતીકો ધરાવતી હોય છે. દા.ત. પરિણીત હિંદુ સ્ત્રી દ્વારા સેંથામાં પૂરવામાં આવતું સિંદુર, મંગળસૂત્ર વગેરે. રાષ્ટ્રગીત, શાળાનો ગણવેશ, શાળાનું ટ્રેડમાર્ક વગેરે પ્રતીકો હોય છે.

**[IV]** કાર્યકરોઃ-

દરેક સંસ્થા દ્વારા મંજૂર થયેલી વર્તન તરેહને અમલમાં મૂકવાની કામગીરી ચોક્કસ કાર્યકરો દ્વારા સંભાળવામાં આવતી હોય છે. દા.ત. સ્કુલ- કોલેજમાં આચાર્ય તથા શિક્ષકો, કુટુંબમાં માતા- પિતા, ધર્મસંગઠનમાં ધર્મગુરુઓ સરકારમાં ચૂંટાયેલા તથા નિમાયેલા અધિકારીઓ ઔદ્યોગિક પેઢિના માલિકો અને મેનેજરો વગેરે કાર્યકરોના દૃષ્ટાંત છે.

**[V]** આચારસંહિતાઃ-

લેખિત અથવા અલેખિત સ્વરૂપની આચારસંહિતા પણ દરેક સંસ્થા દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી એક રીત છે. તે સંસ્થા સાથે સંકળાયેલા કાર્યકરોને ભૂમિકા- વર્તન અંગે માર્ગદર્શન આપે છે. દા.ત. રાષ્ટ્રભક્તિ અંગેના શપથ, લગ્નવચનો વગેરે દૃષ્ટાંત છે.

**[VI]** વિચારસરણીઃ-

વિચારસરણી એટલે સંસ્થાને લગતા ધોરણોનું સમર્થન કરનારા વિચારોનું તંત્ર વારંવાર લેવામાં આવતા શપથ વ્યક્તિને ધોરણોનું પાલન કરવા ઔપચારિક રીતે બાંધે છે અને વિચારસરણી તે ધોરણોનું પાલન શા માટે વ્યાજબી છે તેનું તર્કસંગત સ્પષ્ટીકરણ કરે છે.

**૮) સામાજિક સંસ્થાઓનો પારસ્પરિક સંબંધઃ-**

જ્યારે આપણે કુટુંબ, આર્થિક સંસ્થા, સરકાર, ધર્મ શિક્ષણ જેવી વિશિષ્ટ સંસ્થાઓનો વિચાર કરીએ છીએ ત્યારે તે દરેક સંસ્થા એકબીજાથી અલગ અસ્તિત્વ

ધરાવતી હોય તેવો ભાવ ઉઠે છે. પરંતુ વાસ્તવમાં તેઓ સતત એકબીજા સાથે આંતરક્રિયામાં રહેતી હોય છે. જેમ કે ધર્મ કુટુંબપ્રથાના આદર્શો, રાજ્ય કે સરકાર લગ્ન અને છૂટાછેડાના વર્તનના કાનૂન ઘડે છે. પરંતુ ક્યારેક સંસ્થાના બનાવવામાં આવેલ ધોરણોના પાલનમાં બાંધછોડ કરવી પડતી હોય છે. શિક્ષણસંસ્થા શાળા કોલેજોમાં અદ્યતન અભ્યાસક્રમ ઘડીને બધા વિદ્યાર્થીઓને સરખું શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે.

પરિણામે એક સંસ્થામાં આવતું પરિવર્તન અન્ય સંસ્થામાં પણ પરિવર્તનને પ્રેરે છે.

**૯) સંસ્થાઓ સાથે સંકળાયેલી બે મુખ્ય સમસ્યાઓઃ-**

(અ) કેટલીક સંસ્થાઓમાં અન્ય સંસ્થાઓમાં થતા વિકાસની તુલનામાં પાછળ રહી જવાનું વલણ રહેલું હોય છે. આવી સ્થિતિ સમસ્યાને જન્મ આપી શકે છે જેમ કે અર્થતંત્ર સ્ત્રીઓ માટે નોકરીની તકને અને સ્વતંત્રતાને પ્રોત્સાહન આપે તેવા સંજોગો સર્જે છે ત્યારે કેટલાક કુટુંબો સ્ત્રીઓનું કાર્ય ઘરની ચાર દિવાલો વચ્ચે જ મર્યાદિત થયેલું છે તેવી માન્યતાને છોડતા નથી. આવી પરિસ્થિતિ સમસ્યાઓ પેદા કરે છે.

(બ) સંસ્થાઓ કેટલીક જરૂરિયાતોની અને કેટલાક ધ્યેયોની પરિપૂર્તિ કરવા માટેના સાધન છે એ વાતને ભૂલી જવામાં આવે છે અને કોઇ જરૂરિયાતની પરિપૂર્તિ કરવામાં સંસ્થાની કોઇ ઉપયોગીતા ન રહી હોવા છતાં તેનું યંત્રવત્ અનુસરણ કરવાનો આગ્રહ રાખવામાં આવે છે. નવા વહેણ સાથે બદલાતા માળખામાં અનુકૂલન સાધવાનો પ્રયાસ કરવામાં આવતો નથી. પરિણામે સંઘર્ષ, વિરોધની પરિસ્થિતિ સર્જાય છે.

**૧૦) સંસ્થાકરણ પ્રયાસ :-**

એક સંસ્થામાં જેનું વધુ સંસ્થાકરણ થયું હોય તેનું બીજા સમાજમાં એટલા પ્રમાણમાં સંસ્થાકરણ ન થયુ હોય એમ બની શકે છે. જ્યાં એક સંસ્થા ઝીણવટભર્યુ, ચોક્સાઇપૂર્ણ અને વિશિષ્ટ સ્વરૂપ આપવામાં આવ્યું હોય છે. માનવશાસ્ત્રી- માર્ગરેટ મીડે તેના "Coming of Age Sainoa" નામના પુસ્તકમાં જણાવ્યું હતુ કે સમોઆ ટાપુઓની આદિવાસી સમાજમાં શિક્ષણ સંસ્થાનો નિર્દેશ કર્યો છે અને કહ્યુ હતુ કે ત્યાં શિક્ષણ આપવાનુ કાર્ય કોઇ શિક્ષકો, શાળા કે પુસ્તકો દ્વારા કરવામાં આવતું નથી પણ કુટુંબીજનો તે પછીની પેઢીને સંસ્કૃતિના મૂલ્યો, કૌશલ્યો અને જ્ઞાનનું શિક્ષણ આપે છે જ્યારે નગર સમાજમાં જ્ઞાનની વિશિષ્ટ વિદ્યાશાખાઓ વિકાસ પામતી જાય છે. આમ એક તરફ સમાજમાં વ્યાપક અને અસ્પષ્ટ સામાજીકીકરણની પ્રક્રિયા દ્વારા આપવામાં આવતું શિક્ષણ અને બીજી બાજું વિશિષ્ટ શિક્ષણ વ્યવસ્થા આ બાબત દર્શાવે છે કે સંસ્થાકરણ એ પ્રમાણની બાબત છે.

**૧૧) સંસ્થાઓની ઔપચારિક ભૂમિકાઓ પાછળ કામ કરતી અનૌપચારિક અંગત સંબંધોની જાળ-ગૂંથણીઃ-**

સામાજિક સંસ્થાઓ હંમેશા પૂર્વનિશ્ચિત ઔપચારિક સ્વરૂપની નિશ્ચિત ભૂમિકાઓથી કંઇક વિશેષ હોય છે. સંસ્થાઓની ઔપચારિક ભૂમિકામાં બદલાવ આવે છે તેમાં મૈત્રી, દુશ્મનાવટ તેમજ પ્રશંસાયુક્ત ચાહનાઓની અંગત સંબંધોની અનૌપચારિક જાળ- ગૂંથણી સતત કામ કરતી હોય છે. અને સંસ્થાને મજબૂત બનાવવા કે નબળી પાડવામાં ફાળો આપતી હોય છે.

એવી જ રીતે સંસ્થા સાથે સંકળાયેલા ઉંચા પદ પરના અધિકારીઓને નિર્ણયો લેવાનો અને અમલ કરાવવાનો સત્તાવાર અધિકાર હોય છે. પરંતુ બીજા ઉપર પ્રભાવ પાડી શકે તેવા વ્યક્તિગત ગુણો હોતા નથી. જયારે ક્યારેક નીચેના અધિકારી પાસે આવો પ્રભાવ ગુણો સારા હોય છે. તેવી પરિસ્થિતિમાં અનૌપચારિક સંબંધો વિકાસ

પામતા હોય છે. ત્યારે સંસ્થાની બધી જરૂરિયાતો પૂર્ણ કરવા ઔપચારિક ભૂમિકાની હકારાત્મક અસરો જોવા મળતી નથી.

**૧૨) સમાજની આગળ પડતી સંસ્થા દ્વારા સમાજની ઓળખઃ-**

સમાજની જે સંસ્થા અન્ય સંસ્થાઓની સરખામણીમાં આગળ પડતી ગણાતી હોય તેને મહત્વ આપવામાં આવતુ હોય છે તેના નામે સમાજની ઓળખાણ આપવામાં આવતી હોય છે. દા.ત. મધ્યયુગીન સમાજ ધર્મપ્રધાન સમાજ તરીકે, સ્પાર્ટાનો સમાજ સૈન્ય પ્રધાન સમાજ તરીકે, ચીનના સમાજને કુટુંબપ્રધાન સમાજ તરીકે વગેરે. વર્તમાન સમયના શહેરી સમાજને ઔદ્યોગિક સમાજ તરીકે ઓળખવામાં આવે છે.

## ૪.૪.સામાજિક સંસ્થાના કાર્યોઃ-

પ્રત્યેક સંસ્થાને તેના કેટલાક વિશિષ્ટ અને મૂળભૂત કાર્યો હોય છે. તેમ છતાં પ્રત્યેક સામાજિક સંસ્થા નીચેના કેટલાક સર્વસામાન્ય કાર્યો કરે છે.

**૧. માનવ જરૂરિયાતોની પરિપૂર્તિઃ-**

સામાજિક સંસ્થાઓ સંપૂર્ણપણે આપોઆપ કે કુદરતી રીતે કે કોઈપણ પ્રકારના આયોજન વગર ઉદભવતી નથી. તે જીવનજરૂરિયાતોની પેદાશ છે. તેની પાછળ ઉંડુ સામાજિક ચિંતન રહેલું હોય છે. તે રીતે જોતા સામાજિક સંસ્થાઓ માનવ જરૂરિયાતોમાંથી ઉદ્ભવે છે. માનવ જરૂરિયાતો એટલે માનવહિતો, હેતુઓ અને આકાંક્ષાઓ વગેરે. દા.ત. લગ્નસંસ્થા પ્રજોત્પાદન અને બાળઉછેરની જરૂરિયાત પૂરી પાડે છે. હર્બટ સ્પેન્સરે કહ્યું છે તેમ જીવનના ભયમાંથી ધર્મની ઉત્પત્તિ થઈ છે અને મૃત્યુના ભયમાંથી રાજયની ઉત્પત્તિ થઈ છે. ટુંકમાં ભયમાંથી ધર્મ મુક્ત કરે છે અને મૃત્યુમાંથી રાજ્ય મુક્ત કરે છે.

આ રીતે પ્રત્યેક સંસ્થા માનવજરૂરિયાતો પૂરી પાડવાનુ કાર્ય કરે છે,

**૨. સામાજિક નિયંત્રણઃ-**

સામાજિક નિયંત્રણ એ સંસ્થાનું બીજુ મહત્વનું કાર્ય છે. સંસ્થા વ્યક્તિ અને જૂથો વચ્ચેના સંબંધોને નિયંત્રિત કરેતી ધોરણાત્મક ઢબ છે. લોકરીતિ, લોકનીતિ વગેરે કઈ રીતે વર્તન કરવુ અને કઈ રીતે ન વર્તવું તે નક્કી કરી વર્તન પર અને પારસ્પરિક સંબંધો ઉપર નિયંત્રણ મૂકે છે.

મેરીલ અને એલ્ડરીજના જણાવ્યા મુજબ સામાજિક નિયંત્રણની પ્રક્રિયામાં સામાજિક સંસ્થાઓ કેન્દ્રીય ભાગ ભજવે છે. સમાજની નીતિમત્તા સંસ્થાઓમાં વણાયેલી હોય છે. મૂળભૂત રીતે સંસ્થા ધોરણાત્મક ઢબ છે. મોટા ભાગના સામાજિક ધોરણો સંસ્થાઓમાં ગૂંથાયેલા હોય છે અને તેના દ્વારા વ્યક્તિના વર્તનનું મૂલ્યાંકન થાય છે. ધોરણાત્મક ઢબનું સિધ્ધાંતીકરણ અને આદતીકરણ થાય છે તે સામજના સભ્યોના વર્તનને ઘડે છે. માર્ગદર્શન આપે છે અને વર્તન ઉપર નિયંત્રણ મૂકે છે.

પ્રત્યેક સંસ્થાના મુખ્ય કાર્યની આસપાસ મૂળભૂત ધોરણો અને મૂલ્ય પધ્ધતિ વણાયેલી હોય છે. આથી વ્યક્તિના ભૂમિકા વર્તન ઉપર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંસ્થા નિયંત્રણ મૂકે છે. દા.ત. ધર્મસંસ્થા. પાપ- પુણ્યના મૂલ્યો, સ્વર્ગ- નર્કના ખ્યાલો, ધર્મના અનુયાયીઓના વર્તન ઉપર નિયંત્રણ મૂકે છે. આ જ રીતે પ્રત્યેક સંસ્થા સામાજિક નિયંત્રણનું કાર્ય કરે છે.

**૩. માર્ગદર્શનઃ-**

સધરલેન્ડ જણાવે છે તેમ સંસ્થા સમાજના સભ્યોના સામાન્ય વર્તન અને ભૂમિકાને માર્ગદર્શન આપે છે. જેમકે શિક્ષણસંસ્થા શિક્ષક અને વિદ્યાર્થીને તેમની ભૂમિકા ભજવવામાં માર્ગદર્શક બને છે. કુટુંબસંસ્થા બાળઉછેર અંગે માર્ગદર્શન આપે છે. આમ અન્ય સામાજિક સંસ્થાઓ સમાજજીવનના વિભિન્ન ક્ષેત્રોમાં કેવી ભૂમિકા ભજવવી તે માર્ગદર્શન, વર્તન અંગે યોગ્ય અયોગ્ય વર્તન તરફ સજાગતા કરવાનુ કાર્ય કરે છે. અંતે જોતા સંસ્થાઓ વ્યક્તિગત કક્ષાએ તંગદિલી નિવારવાનું કાર્ય કરે છે.

**૪. સામાજિક વારસાનું હસ્તાંતરણઃ-**

સંસ્થા લાંબા સમય સુધી ટકી રહેલી કાર્યપ્રણાલીકા છે. જેના દ્વારા સામાજિક વારસાનું હસ્તાંતરણ અને સાતત્ય શક્ય બને છે. વ્યક્તિ મુખ્યત્વે તેની સામાજિક સંસ્થાઓની પેદાશ છે. સંસ્થાઓ વ્યક્તિને ઘડે છે અને સામાજિક વારસાનું પ્રદાન કરે છે. પ્રત્યેક નવી પેઢીના વ્યક્તિત્વમાં સંસ્થાના મહત્વના તત્વોનુ સિંચન થાય છે, સંસ્થાઓમાં પરિવર્તન આવવા છતાં તેની મૂળભૂત ઢબ અદૃશ્ય થતી નથી,

દા.ત. કુટુંબસંસ્થા પોતાની પ્રણાલીકા નવી પેઢીને વારસામાં આપે છે. લગ્નની મૂળભૂત વિચારસરણીનું સિંચન કરે છે. શિક્ષણસંસ્થા નવી પેઢીને મૌખિક રીતે કે પુસ્તક દ્વારા સામાજિક વારસો પ્રદાન કરે છે અને ટકાવી રાખે છે. ધર્મસંસ્થા તેના સિધ્ધાંતને ટકાવી રાખે છે. આમ સંસ્થાઓ સામાજિક વારસાનું હસ્તાંતરણ કરે અને સમાજની રચનાને તથા મૂળભૂત મૂલ્યોને ટકાવી રાખે છે.

★ **તમારી પ્રગતિ ચકાસો (ક)**

**નોંધઃ- (ક) તમારા ઉત્તરો માટેની નીચેની જગ્યાનો ઉપયોગ કરો.**

**(ખ) આ એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.**

૧. સામાજિક સંસ્થાનો અર્થ જણાવી તેના લક્ષણોનું વર્ણન કરો.

..............................................................

..............................................................

૨. સામાજિક સંસ્થાનો અર્થ આપી સામાજિક સંસ્થાના કાર્યો જણાવો.

..............................................................

..............................................................

૩. સામાજિક સંસ્થાઓ સંસ્કૃતિનો એક ભાગ છે. (હા/ના)

..............................................................

૪. કોઇ એક સંસ્થા એક જ જરૂરિયાતોની પરિપૂર્તિ કરી શકે છે. (હા/ના)

..............................................................

૫. સંસ્થા સાથે સંકળાયેલી બધી જ ભૂમિકાઓને ''સંસ્થા'' તરીકે પ્રસ્થાપિત કરવામાં આવતી નથી. (હા/ના) ...............................................

## ૪.૫. સંસ્થા અને સંસ્થાકરણ

સંસ્થા એટલે કે એક કે તેથી વધારે કાર્યોની આસપાસ પારસ્પરિક રીતે ગૂંથાયેલો, લોકરીતિઓ, રૂઢિઓ અને કાયદાઓનો સમુચ્ચય. હિંદુ લગ્નની સંસ્થાનું દષ્ટાંત લઈએ તો તેમાં વેવિશાળ વખતે કન્યા તરફના ઘરે જઈને ચાંદલો કરવા અંગેની લોકરીતિ કે લગ્નવિધિ પછી કાંસાના એક પાત્રમાં વરકન્યાએ પ્રતીકરૂપ જમવા અંગેની લોકરીતિ, જેવી હાલ જોવા મળે છે તેમ મધુરજની ઉજવવા અંગેની લોકરીતિઓ, લગ્ન પહેલાની પવિત્રતા તેમજ લગ્ન પછીની વફાદારી અંગે સોગંદ લેવા તેમજ નિભાવવા અંગેના કર્તવ્યો વિશેની રૂઢિઓ, તેમજ લગ્નના રજીસ્ટ્રેશન, છૂટાછેડાના અધિકાર અને છેતરપીંડી સામે સંરક્ષણ વિશેના કાયદા આ બધા ધોરણો પરસ્પર ગૂંથાઇને લગ્નની સંસ્થારૂપી ચોક્કસ રચનાનુ સર્જન કરે છે અને તે સંપૂર્ણપણે અર્થપૂર્ણ બને છે. પરિણામે વર્તનરૂપે અમલમાં મૂકાતા પ્રજનન અને બાળસંભાળ જેવા સામાજિક કાર્યો અને જાતીય આવશ્યકતાઓને સંતોષવા માટેના તેમ જ સ્નેહપ્રદાનના વ્યક્તિ માટેના કાર્યોની પરિપૂર્તિ કરે છે.

આવી જ રીતે અન્ય સામાજિક સંસ્થાઓનુ માળખું બનેલું હોય છે. જેવી કે આર્થિક સંસ્થા, રાજકીય સંસ્થા, શૈક્ષણિક સંસ્થા, ધાર્મિક સંસ્થા, મનોરંજન અંગેની સંસ્થાઓ ઉપર્યુક્ત લગ્ન સંસ્થાની જેમ કાર્યોની પરિપૂર્તિ કરવાની ક્ષમતા ધરાવે છે. અને એક વિવિધ ધોરણોનું સમુચ્ચયનું સ્વરૂપ ધારણ કરે છે.

''સંસ્થા એટલે સમાજ અથવા સામાજિક સંગઠનના અસ્તિત્વ માટે સમાજના સભ્યો દ્વારા જેને નૈતિક અને સામાજિક દૃષ્ટિએ મહત્વની માનવામાં આવે છે એવી સામાજિક ક્રિયાઓની તરેહને પરિભાષિત કરતી અને સંચાલિત કરતી પ્રસ્થાપિત અને સ્વીકૃત ધોરણાત્મક વ્યવસ્થા.''

આ ધોરણાત્મક વ્યવસ્થાનું સંસ્થાકરણ એટલે એવી પ્રક્રિયા કે જેનો સમાજ અથવા સામાજિક સંગઠનના સભ્યો ધોરણાત્મક વ્યવસ્થાનો સ્વીકાર કરે છે અને આંતરીકૃત કરે છે. તેમાં ત્રણ બાબતો વિશે સ્પષ્ટતા કરવી જરૂરી છે.

(૧) સામાજિક સંગઠનના જુદા જુદા સામાજિક સ્થાનો ને લાગુ પડતા સંસ્થાકૃત ધોરણો જુદા જુદા હોય છે. પરંતુ સમગ્ર સંસ્થાકૃત ધોરણો વિશે બધા સભ્યો જ્ઞાન ધરાવે છે અને તેને ટેકો આપતા હોય છે.

(૨) સામાજિક સંગઠનના એકંદર સભ્યો દ્વારા આ ધોરણોનું આંતરીકરણ એ પ્રમાણની બાબત છે.

(૩) ધોરણોનો વિશાળ પ્રમાણમાં સ્વીકાર એ પ્રમાણની બાબત છે અને તે ધોરણના સ્વરૂપ તથા સંગઠનના કદ અને જટિલતા ઉપર આધાર રાખે છે.

આમ સંસ્થાકૃત ધોરણોના સમુચ્ચયને બદલો અને શિક્ષા માટેની જોગવાઈઓ સંસ્થાના ધોરણોમાં સામેલ છે. પરિણામે સમાજજીવન સ્થિર તત્વો તરીકે સ્વરૂપ ધારણ કરે છે. તેમા સમયાંતરે પરિવર્તનો આવતા હોય છે. દા.ત. ઔદ્યોગિક પરિવર્તન આવતા સમાજની સંસ્થાકીય ગોઠવણમાં પરિવર્તન આવતું હોય છે.

મંડળ અને સંસ્થા એકબીજા સાથે સંકળાયેલા હોય છે, સંસ્થારૂપી ધોરણોના સંસ્થાકરણ દ્વારા જ મંડળ પોતાના ધ્યેયની પ્રાપ્તિ કરે છે. સૈધ્ધાંતિક રીતે જોતા સંસ્થા અને મંડળનો તફાવત દર્શાવવા માટે કહી શકાય કે મંડળ એ પરસ્પર સંબંધિત વ્યક્તિઓના સમુચ્ચયનો નિર્દેશ કરે છે અને સંસ્થા એ પરસ્પર સંબંધિત ધોરણોના સમુચ્ચયનો નિર્દેશ કરે છે. આમા અમૂક મંડળના સભ્યો સંસ્થા પ્રમાણેની તરેહને અનુસરતા નથી અને સંસ્થાના બધા જ સભ્યોનો સમાવેશ પણ કરી શકતા નથી. આ હકીકતમાં સંસ્થા અને

મંડળ વચ્ચેના તફાવતને સ્પષ્ટ કરે છે. સંસ્થાના સ્વરૂપ વિશે અને સામાજિક સંગઠનમાં તેની મુખ્ય સંસ્થાઓ અને તેમની વચ્ચેના સંબંધ વિશેની સમજુતી સમગ્ર સામાજિક વ્યવસ્થા અંગે પરિચય આપવામાં ઉપયોગી બને છે.

સામાજિક સંગઠન પોતાના ઐતિહાસિક અનુભવોના સંદર્ભમાં માનવસંબંધોની ગોઠવણો રચી કાઢે છે અને મુખ્ય પ્રશ્નોને અનુલક્ષીને પોતાના સામાજિક રચનાતંત્રને ઘાટ આપવાના કાર્યના સંદર્ભમાં બધા સામાજિક સંગઠનોમાં સંસ્થાઓની રચના, તેમના ભાગરૂપે ધોરણો ક્રિયા તરેહોના સંસ્થાકરણની પ્રક્રિયા થતી જોવા મળે છે અને ઐતિહાસિક અનુભવના આધારે વર્તમાન સમયમાં સંસ્થાકૃત રચનાતંત્રનો વિકાસ થતો હોય છે.

(૧) બધા સમાજોમાં સંવનન, પ્રજનન, બાળ ઉછેરની પ્રક્રિયાને નિયંત્રિત કરવાના પ્રશ્નનો અનુભવ થતો હોય છે. અને કુટુંબરૂપ પોતાની લોકરીતિઓ, રૂઢિઓ કે કાયદા સ્વરૂપના આગવા ધોરણોના સમુચ્ચય પુરાણોનું સંસ્થાકૃત રચનાતંત્ર વિકાસ પામતું હોય છે.

(૨) બધા સમાજોમાં આર્થિક ઉપાર્જન માટે લોકોને કામે લગાડવાના, ભૌતિક પાલતું ઉત્પાદન કરવાનું અને વિતરણ કરવાના પ્રશ્નનો અનુભવ થતા તેનું માળખું રચી રચનાતંત્ર વિકાસ પામતુ હોય છે.

(૩) બધા જ સમાજોમાં સમાજના સભ્યોએ સહીયારી રીતે ઘડેલા કાયદા- નિયમોનું પાલન કરાવવાના તથા તેમનો ભંગ કરનારને સજા કરવાના બળનો કાયદેસર રીતે ઉપયોગ કરવાના તેમજ ન્યાય આપવાના પ્રશ્નનો અનુભવ કરતા રાજકીય રચનાતંત્ર વિકાસ પામતું હોય છે.

(૪) બધા જ સમાજોમાં સ્વીકૃત સંસ્કૃતિનું પેઢી દર પેઢી શિક્ષણ આપવાના પ્રશ્નનો અનુભવ થતો હોય છે આ પ્રશ્નના સંદર્ભમાં શિક્ષણ અંગેનું રચનાતંત્રવિકાસ પામતું હોય છે.

(૫) બધા જ સમાજોમાં જીવન વિશેની મૂળભૂત માન્યતાઓ તેમજ સમાજને નૈતિક એકમતિમાં સંગઠિત કરતા નૈતિક દૃષ્ટિકોણને વિધિ અનુષ્ઠાન અને રચનારૂપે વ્યક્ત કરવાના પ્રશ્નના પરિણામે ધાર્મિક રચનાતંત્ર વિકાસ પામતું હોય છે.

આમ બધા સમાજોમાં તેમને ટકી રહેવા, કાર્યશીલ રહેવા અંગેના પ્રશ્નો સંબંધી જરૂરિયાતો અનુભવાતી હોય છે અને સમાજના સાંસ્કૃતિક મૂલ્યોમાં સહભાગી બની આવશ્યકતાઓની પરિપૂર્તિ કરતી ઉપરોક્ત સંસ્થાકૃત રચનાઓનો વિકાસ થતો હોય છે. સંગઠન વધુ કાર્યશ્રમ બને, ધ્યેય પ્રાપ્તિ તરફ આગળ વધે તેવો હેતુ રહેલો છે. પરંતુ વિવિધ, સંગઠનોથી પેટા એકમોમાં વિશેષીકરણનું પ્રમાણ જેમ વધુ તેમ પેટા એકમો વચ્ચેના પારસ્પરિક સંબંધોના સંયોજન માટે સંસ્થાકરણની વધુ આવશ્યકતા રહેતી હોય છે.

## ૪.૬. સંસ્થાકીય સંબંધની પ્રક્રિયા

સંસ્થાઓનો મુખ્ય હેતુ વ્યક્તિઓ વચ્ચે આંતરક્રિયા સ્થાયી સ્વરૂપ રચીને તે દ્વારા સમાજની જરૂરિયાતો પૂર્ણ કરવાનો હોય છે. ટુંકમાં સંસ્થાઓ જેનું વત્તે- ઓછે અંશે અનુમાન કરી શકાય એવી ભૂમિકા રીત રૂપે લોકોની પ્રવૃત્તિઓને સ્થાયી સ્વરૂપ આપે છે.

દા.ત. પ્રજનન અને બાળ ઉછેરની જરૂરિયાતની પરિપૂર્તિ કરવા માટે કુટુંબમાં પતિ- પત્નિ, માતા- પિતા, પિતા, પુત્ર, માતા, પુત્રી, કાકા- કાકી, મામા- ફોઇ, માસીના

સંતાનો વચ્ચે સ્થાયી ભૂમિકા- સંબંધોની રીત નક્કી કરવામાં આવે છે.

વિવિધ કૌશલ્યો, મૂલ્યો શીખવાની જરૂરિયાતની પરિપૂર્તિ માટે શિક્ષણમાં શિક્ષક- વિદ્યાર્થી વહીવટી અધિકારી વગેરે વચ્ચે સ્થાયી ભૂમિકા- રીત નક્કી કરવામાં આવે છે.

જ્યારે ક્યારેક આપણે માનીએ છીએ કે સંસ્થાઓ સ્થાયી વર્તન રીત છે. ત્યારે એવી ગેરસમજ પેદા થતી હોય છે કે સંસ્થાઓ અપરિવર્તનશીલ છે. વાસ્તવમાં એ બાબત ધ્યાનમાં રાખવા જેવી છે કે સમયના બદલાવમાં સંસ્થાઓનું સ્વરૂપ ભાગ્યે જ સ્થાયી રહેતું હોય છે.

દા.ત. આદિમ અને કૃષિ સમાજોમાં કુટુંબ અને સગપણ વ્યવસ્થા આર્થિક જરૂરિયાતો પૂરી કરવામાં સહભાગી સંસ્થાઓ હતી. ખેડૂત કુટુંબમાં માતા- પિતા અને સંતાનો મળીને ખેતી કાર્યમાં સહભાગી બનતા હતા પરંતુ વેપારી અને ઔદ્યોગિક સમાજોમાં આર્થિક ઉત્પાદનનું કાર્ય કુટુંબમાં થતું નથી પરંતુ ઘર કે કુટુંબથી અલગ એવી પેઢીઓમાં કે કારખાનામાં થાય છે.

આમ સંસ્થાકીય સંબંધો હંમેશ એક પ્રક્રિયાના રૂપમાં પરસ્પર સંબંધિત બનાવોની હારમાળા સ્વરૂપમાં હોય છે. દા.ત. એક સમયે માલનું ઉત્પાદન કરવા ગૃહઉદ્યોગ પ્રથા હતી. જેમાં કારીગર સ્વતંત્ર રીતે સ્વેચ્છાએ ફૂરસદના સમયે નિરાંતે પોતાના ઓજારોથી માલનું ઉત્પાદન કરતો હતો. ઉત્પાદન પોતાના ઘરે કરતો હોવાથી કુટુંબના દરેક વ્યક્તિની મદદ મેળવી શકતો પરિણામે સંયુક્ત કુટુંબની પ્રથા વધુ મજબૂત બનતી. કારખાના પધ્ધતિ શરૂ થતા સ્ત્રીઓ અને બાળકો કારીગરોને કારખાનામાં લાંબો સમય કામ કરવું પડતું હતું. સમય જતા રાજકર્તાઓ અને સમાજને આ સમસ્યાનો અનુભવ થયો એટલે મુક્ત વેપારની નીતિનો ત્યાગ કરીને કારખાનાને લગતા કાયદા બનાવી પરિસ્થિતિ સુધારવાનો પ્રયાસ કર્યો.

સંસ્થાકીય સંબંધને મુખ્ય બે રીતે સમજી શકાય.

૧. એક સંસ્થાના ક્ષેત્રની અંદરની ભૂમિકાઓના પારસ્પરિક સંબંધની પ્રક્રિયા.

૨. જુદી- જુદી સંસ્થાઓના પારસ્પરિક સંબંધોની પ્રક્રિયા.

**૧. એક સંસ્થાના ક્ષેત્રની અંદરની ભૂમિકાઓના પારસ્પરિક સંબંધની પ્રક્રિયાઃ-**

અ) સંસ્થા સાથે સંકળાયેલી બધી ભૂમિકાઓ ‘‘સંસ્થા’’ તરીકે પ્રસ્થાપિત કરવામાં આવતી નથી.

દા.ત. કુટુંબમાં નાનો પુત્ર માતાને હંમેશા કોઇને કોઇ મદદ પૂરી પાડતો હોય તો પણ ‘‘માતાના નાના સહાયક’’ તરીકે ભૂમિકા રચાતી નથી. પરંતુ પુત્ર અને પુત્રી એ સંસ્થાકૃત ભૂમિકાઓ છે. વ્યક્તિએ ધોરણોને અનુસરીને ભૂમિકા કરવી પડે છે. દા.ત. અદાલતમાં બેસતા બધા ન્યાયાધીશોએ એકસરખી ભૂમિકા કરવાની હોય છે. રાષ્ટ્રના પ્રમુખે પણ તે પ્રકારનું વર્તન કરવું પડે છે. જો તેમ કરવામાં નિષ્ફળ જાય તો પોતાની અસરકારતા ગુમાવે છે. સંસ્થાની અંદરની વ્યક્તિઓ પોતપોતાની ભૂમિકાઓને અનુરૂપ રહીને એકબીજા સાથે વર્તન કરે છે. કોઇ એક પેઢીના માલિક અને કર્મચારીઓમાં ફેરફાર થાય ત્યારે જૂની વ્યક્તિની જગ્યાએ નવી વ્યક્તિઓ આવે છે.

દા.ત. એક બોસ તરીકેની વ્યક્તિને ઓફિસની તેની કામગીરીમાં મદદ કરવા માટે સેક્રેટરી મળી હોય તે પોતાના બોસની જરૂરિયાતોનું પોતાની મેળે અનુમાન કરી મદદ કરતી હોય છે. બીજી બાજુ તે જ વ્યક્તિ ઘરે જાય ત્યારે પત્ની હંમેશા તેની પાસે પોતાના અધિકારોની માંગણી કરતી હોય છે અને પૂરા અધિકાર ન મળ્યાનો અસંતોષ વ્યક્ત કરતી હોય છે. આવી પરિસ્થિતિમાં વ્યક્તિ પત્નીને છૂટાછેડા આપી દે છે અને

સેક્રેટરી સાથે લગ્ન કરી લે છે ત્યારે તેને અનુભવ થાય છે કે ''પત્ની'' બનેલી સેક્રેટરી અધિકારોની માંગણી કરતી પત્ની તરીકે જ વર્તવા લાગે છે. આમ વ્યક્તિ બદલવાથી ભૂમિકા- સંબંધોમાં પરિવર્તન આવતું નથી.

બ) એક સંસ્થાના ક્ષેત્રની અંદર ઘણી વખત સંઘર્ષો પેદા થતા હોય છે તેમાં વ્યક્તિઓનો તફાવત ક્યારેક જવાબદાર હોય છે. પણ મહદઅંશે તેમાં કેટલીક સંસ્થાકીય ભૂમિકાઓનું પરસ્પર વિરોધી અપેક્ષાઓ ધરાવતું સ્વરૂપ વધારે કારણભૂત બનતું હોય છે.

દા.ત. કારખાનામાં ઉત્પાદન ચાલતુ રહે તે ચેરમેનની ભૂમિકા છે અને ઉત્પાદનની ખામીઓ જોવી કે સુધારવી એ ઇન્સપેક્ટરની ભૂમિકા છે. તેવી જ રીતે કોલેજમાં એક અધ્યાપક વિચારે કે અમૂક વિષયની બાબતે બૌધ્ધિક વિવાદને પ્રોત્સાહિત કરવો છે પરંતુ પ્રિન્સિપાલ કે સંચાલકનું વલણ હકારાત્મક ન હોય તો બંને પારસ્પરિક સંબંધોમાં સંઘર્ષો ઉભા થવાની શક્યતા હોય છે. આમ ભૂમિકાઓ વચ્ચેના સંઘર્ષો માટે વ્યક્તિના તફાવતો માટે વ્યક્તિઓની પોતાની ભૂમિકા ગ્રહણ કરવાની ઓછી કાબેલિયત જવાબદાર હોય છે.

ક) સંસ્થાની કામગીરી સરળતાથી થાય તે માટે જરૂરી છે કે તેની ભૂમિકાઓ વચ્ચે પારસ્પરિક અનુકુળ થવાનું વલણ કેળવાય.

દા.ત. શાળામાં ભૂમિકા અદા કરતી અન્ય વ્યક્તિઓ તેમની ભૂમિકાઓને ન સમજે અથવા તેને સમજવા સક્ષમ ન હોય, અન્ય વ્યક્તિની ભૂમિકા સાથે પોતાની ભૂમિકા ભજવવાની ઇચ્છા ન હોય ત્યારે આચાર્ય પોતાની કામગીરી કરી શકતા નથી.

ડ) કોઇ પણ ભૂમિકામાં કેવા વર્તનની અપેક્ષા રાખવામાં આવશે તેનો આધાર તે ભૂમિકા સાથે સંબંધિત જે તે સાથીની ભૂમિકા પર રહેતો હોય છે.

પિતૃપ્રધાન કુંટુંબના વડીલની તેના ભાઇ સાથેની ભૂમિકાનું સ્વરૂપ તેની પત્ની સાથેની અથવા તેના મોટા પુત્ર સાથેની અથવા પુત્રવધુ સાથેની અથવા પુત્રી સાથેની ભૂમિકાના સ્વરૂપ કરતા જુદી પડતી હોય છે.

ઇ) સંસ્થા સાથે સંકળાયેલી કેટલીક ભૂમિકાઓ અન્ય ભૂમિકાઓની સરખામણીમાં વધારે મહત્વની હોય છે.

આવી ભૂમિકા કરનારા પદાધિકારીઓ અથવા કારભારીઓને સંસ્થા સાથે સંકળાયેલી અન્ય વ્યક્તિઓના સંદર્ભમાં વધુ સત્તા ભોગવવાના અધિકાર આપવામાં આવતા હોય છે.

ફ) સંસ્થા સાથે અમૂક ચોક્કસ કામગીરી માટે અને ચોક્કસ સમય પૂરતી જ સંકળાયેલી વ્યક્તિઓ પર સંસ્થાનો કાબુ ઓછો હોય છે.

જેમ કે ધાર્મિક સંપ્રદાય સાથે સંકળાયેલ ધર્મગુરુ ઉપર ધાર્મિક વર્તન- ઢબનો જેટલો કાબુ હોય છે તેવો કાબુ અન્ય ધર્મસંપ્રદાયમાં જોડાયેલ વ્યક્તિને નથી હોતો. જેમ કે શિક્ષિકા સ્કુલ સાથે, માતા કુટુંબની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે તેમ બધી વ્યક્તિઓ સંકળાયેલી નથી હોતી અને તેવા વ્યવહાર નથી હોતા.

આમ એક સંસ્થા ક્ષેત્રની અંદરની ભૂમિકાઓના પારસ્પરિક સંબંધની પ્રક્રિયા ઓળખવા- સમજવા જરૂરી છે. તેમાં સામાજિક- સાંસ્કૃતિક પરિબળોથી સંબંધોમાં પરિવર્તન આવતું હોય છે. જેમ કે ગ્રામ સમુદાય અને શહેરી સમુદાયનું માળખુ, કુટુંબમાં સભ્યો વચ્ચેના સંબંધો વગેરે ઉપર બદલાતા પરિબળોની અસરોનું પરિણામ જોવા મળે છે.

**૨. જુદી જુદી સંસ્થાઓના પારસ્પરિક સંબંધની પ્રક્રિયાઃ-**

અ) સંસ્થાઓની પારસ્પરિક સંબંધિતતાઃ-

ધર્મ, સરકાર, વેપાર, શિક્ષણ, કુટુંબ સતત એકબીજા સાથે આંતરક્રિયાની સ્થિતિમાં રહેતા હોય છે. ધર્મગુરુઓ, વેપારીઓ, શિક્ષણકારો સરકારની પ્રવૃત્તિ ઉપર અસર કરે છે. સરકારની નિતિ- કાયદા, શિક્ષણની તેમ જ ધર્મના ક્ષેત્રની પ્રવૃત્તિઓને અસર કરે છે. જેમાં દરેક સંસ્થા પોતાના રચના હેતુ મુજબ પ્રવૃત્તિ કરવા કરાવવા પ્રયત્ન કરે છે. દા.ત. શિક્ષણ દ્વારા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો ફેલાવો કરવાના પ્રયત્નો કેટલા પ્રમાણમાં થશે તે ધર્મ તેને કેવો ટેકો આપે છે તેના ઉપર આધારિત હોય છે.

બ) સંસ્થાકીય દૃષ્ટિબિંદુ પ્રમાણે સંસ્થાની અંદરના સભ્યોના વર્તનને નિયંત્રિત કરવામાં પૂરતા પ્રમાણમાં સફળ ન થવાનું કારણઃ-

કેટલીક વખત સંસ્થાના દૃષ્ટિકોણ મુજબ સભ્યોના વર્તનને નિયંત્રિત કરવામાં સફળતા મળતી નથી. સંસ્થાઓની પારસ્પરિક સંબંધિતતા આમ થવાનું કારણ બનતી હોય છે. દા.ત. શાળાઓ વિદ્યાર્થીઓ વધુ બૌધ્ધિક વિકાસ કરે તે માટે અભ્યાસક્રમ મૂકે પરંતુ વિદ્યાર્થીઓ તેને અનુરૂપ પ્રતિક્રિયા આપશે તે માટે શાળાઓએ કુટુંબો ઉપર આધાર રાખવો પડે છે કે બાળકના કુટુંબનું વાતાવરણ, વિડીયો, ટેલિવિઝન જ્ઞાતિબંધુઓની ચર્ચા કરવા માળખું ઉભુ થયેલું હોય તો તે હકારાત્મક પરિણામ આવી શકે છે.

**૩. સંબંધિત સંસ્થાની માંગને સંપૂર્ણપણે પૂરી કરી શકાય તેમ ન હોય ત્યારે તેમાં કરવી પડતી બાંધછોડઃ-**

ધર્મસંપ્રદાયો દ્વારા અનુયાયી સમક્ષ રજુ કરવામાં આવતા નૈતિક આદર્શોનું ઉદાહરણ લઇ શકાય. ધર્મસંપ્રદાયો અનુયાયીઓ પાસે ઉંચા નૈતિક આદર્શો પ્રમાણે વર્તન કરવાની માંગ કરે છે. પરંતુ અનુયાયીઓએ વેપાર- વાણિજ્ય, રાજકારણ, જીવનપસંદગીની વાસ્તવિક પ્રક્રિયાઓ સાથે અનુકુલન સાધવા માટે આદર્શોને કેટલીક બાંધછોડ કરીને અમલમાં મૂક્યા છે.

**૪. જુદી જુદી સંસ્થાઓ દ્વારા વ્યક્તિઓ પર લાદવામાં આવતી ભૂમિકાઓને એકબીજા સાથે સંવાદી બનાવવાની જરૂરિયાતઃ-**

અહીં કુટુંબ અને શિક્ષણ સંસ્થાનું ઉદાહરણ લઇ શકાય. કુટુંબ બાળકને વડીલશાહીના મૂલ્યો સ્કુલ કે કોલેજ વ્યક્તિ સ્વાતંત્ર્યના મૂલ્યો પ્રમાણે ઘડતર કરવા માંગતી હોય છે. ઘરમાં જૂની પધ્ધતિ પ્રમાણે ગણિત શીખવવામાં આવતું હોય શાળામાં નવી પધ્ધતિને અમલમાં મૂકવા માંગતી હોય ત્યારે જુદી-જુદી સંસ્થાઓ દ્વારા લાદવામાં આવતી જુદી- જુદી ભૂમિકાઓ વ્યક્તિઓને માનસિક સંઘર્ષનો અનુભવ ન કરાવે તે માટે કુટુંબ અને બાળકોને એકબીજા સાથે સંબંધમાં લાવે તેવા વાલીમંડળો રચવાની જરૂર પડે છે.

આમ કારકિર્દી પ્રત્યેની વફાદારી અને પતિને પત્ની તેના કાર્યમાં સહભાગી બનવા વિવિધ કાર્યક્રમોમાં મદદ કરી જવાબદારી કે કાર્યોની વહેંચણી કરી જીવન જીવવાના સિધ્ધાંતો અનુરૂપ વર્તન અપેક્ષિત હોય છે.

★ **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

નોંધઃ- **(ક)**તમારા ઉત્તરો માટેની નીચેની જગ્યાનો ઉપયોગ કરો.

**(ખ)** આ એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

૧. સંસ્થા એટલે શું?

..............................................................

..............................................................

૨. સંસ્થાકરણ એટલે શું?

..............................................................

..............................................................

૩. સંસ્થાકીય સંબંધની પ્રક્રિયા એટલે શું? તેને કઈ રીતે સમજાવી શકાય?

..............................................................

..............................................................

૪. સંસ્થાકીય સંબંધો અપરિવર્તનશીલ હોતા નથી. (હા/ના)

..............................................................

૫. સંસ્થા અને મંડળ ભિન્ન હોઇ શકે છે, પરંતુ સંપૂર્ણપણે અલગ નથી. (હા/ના)

..............................................................

૬. સંસ્થાકરણ મુખ્યત્વે સામાજિક ધોરણો સાથે સંકળાયેલ પ્રક્રિયા છે. (હા/ના)

..............................................................

૭. માનવજરૂરિયાતોની આસપાસ કેન્દ્રીત થયેલી રીતિઓ અને લોકનીતિની સંગઠિત સંકુલને સંસ્થા કહેવાય છે. (હા/ના)

..............................................................

## ૪.૭. સારાંશ

આ એકમના સારાંશમાં જોતા કહી શકાય કે ભારતની સામાજિક સંસ્થાઓની પોતાની લાક્ષણિકતાઓ ધરાવે છે. માટે સમાજમાં આ લાક્ષણિકતાઓને આધારે તેનું મહત્વ રહ્યું છે. એટલું જ નહીં પણ સંસ્થાઓની આગવી લાક્ષણિકતાઓને આધારે વિદેશના વિદ્વાનોનું ધ્યાન આપણા સમાજ તરફ દોરાયું છે અને આકર્ષિત બન્યું છે. જેમણે સંસ્થાઓનો અભ્યાસ કર્યો છે તેમને સંસ્થાઓની કપોળ-કલ્પનાઓ, પૌરાણિક કથાઓ, અંધ વિશ્વાસ, ધાર્મિક ક્રિયાકાંડો, રૂઢિયો, અસ્પૃશ્યતા, પ્રયુક્તિઓ અને આંડબરોના મિશ્રણ માને છે અને કહે છે કે તે ન તો ભારતીય આત્માને નથી સમજતા કે ભારતીય સંસ્કૃતિને યથાર્થ રીતે નથી સમજતા.

ડો. અગ્રવાલે લખ્યુ છે કે આ મન ઉદાર, સહિષ્ણુ, નવા ભાવોને જાગૃત કરી સ્વાગત કરવાનું કાર્ય કરે છે. અનુશાસન, ઉંચા આદર્શો, ત્યાગની ભાવના, કાર્યપ્રેરણાથી વધુ અસર કરે છે. આવા મનને દઢતાથી લોકરીતને બાંધવા માટે ઉદાર ભાવોને ભરવા માટે ત્યાગ, તપ અને યજ્ઞ એક ઉપાય છે અને ભારતની સંસ્થાઓ આ પાયાના મૂર્ત સ્વરૂપ છે. યજુર્વેદમાં એક ઋષિએ કહ્યું હતું કે- ‘‘બધા પ્રાણી મને પોતાનો મિત્ર સમજે અને બધા પ્રાણીઓને હું મારો મિત્ર સમજું’’ આવા વિચાર સામાજિક સંસ્થાઓએ આપ્યા છે. તેનો સ્વીકાર અનેક મહપુરુષોએ, ઋષિમુનીઓએ અને વિદ્વાનોએ કર્યો છે અને સામાજિક સંસ્થા તરીકે સર્વને પોતાનું સ્થાન, ભૂમિકા, કાર્યો, અધિકારો, લક્ષણો વગેરેનું વર્ગીકરણ કરીને માણસ અને સમાજ વ્યવસ્થાનું પ્લેટફોર્મ પુરુ પાડ્યું છે.

## ૪.૮. ચાવીરૂપ શબ્દો

૧) સંસ્થાઃ- સંસ્થા એટલે એક એવી વર્તન- તરેહ કાર્યપધ્ધતિ કે જેની મદદથી સમાજના લોકો તેમની એક અથવા એકથી વધારે પાયાની જરૂરિયાતોને પુરી કરી શકે છે.

૨) વર્તન-તરેહઃ- સામાજિક સંસ્થા સંગઠિત સમૂહના સભ્યોની એક અથવા એકથી વધારે જરૂરિયાતોની પરિપૂર્તિ કરવા માટે અપનાવવામાં આવતી અને સ્થાપિત કરવામાં આવતી કાર્યપધ્ધતિ.

૩) પ્રગટ કાર્યઃ- સંસ્થાના એવા પરિણામો કે જે પહેલેથી જ ઇચ્છીત અને માન્ય હોય છે.

૪) પ્રચ્છન્ન કાર્યઃ- સંસ્થાના એવા પરિણામો કે જે પહેલેથી ધારેલા કે ઇચ્છીત હોતા નથી.

૫) સાંસ્કૃતિક પ્રતીકોઃ- દરેક સંસ્થા તેનું સ્મરણ કરાવતા લઘુ સ્વરૂપો જેવા પ્રતીકો ધરાવતી હોય છે.

૬) ધોરણાત્મક પાસુઃ- સંસ્થા સાથે સંકળાયેલ લેખિત કે અલેખિત અનૌપચારિક કે ઔપચારિક અપેક્ષાઓ નિયમો અને કાર્યપધ્ધતિઓ.

૭) આચાર સંહિતાઃ- લેખિત કે અલેખિત સ્વરૂપની નિયમાવલી

૮) વિચારસરણીઃ- વિચારસરણી એટલે સંસ્થાને લગતા ધોરણોનું સમર્થન કરનારા નિયમોનું તંત્ર.

૯) સંસ્થાકરણઃ- સંસ્થાકરણ એટલે એવી પ્રક્રિયા કે જેનો સમાજ અથવા સામાજિક સંગઠનના સભ્યો ધોરણાત્મક વ્યવસ્થાનો સ્વીકાર કરે છે અને આંતરીકૃત કરે છે.

## ૪.૯. સંદર્ભસૂચિ

- Davis Kingsely, (1960), “Human Society”- Page 260 to 263.
- Broom L. and Selznick P., (1965), “Sociology”.
- MacIver and Page, (1955), the Folkways are the recognized of accepted ways of Behaving in society.
- Johnson H., (1966), [Indian edition], “Sociology”.
- શાહ એ.જી. અને દવે જે.કે., પ્રથમ આવૃતિ, (૨૦૦૨-૨૦૦૪), ‘‘ભારતીય સમાજ અને ભારતમાં સામાજિક સંસ્થાઓ’’,અનડા પ્રકાશન, અમદાવાદ.

- શાહ વી. એમ., પ્રથમ આવૃતિ, (૧૯૯૩), ''ભારતની સામાજિક સંસ્થાઓ'', શ્રી જમનાદાસ કંપની, અમદાવાદ.
- ઠાકર દક્ષા કે., પ્રથમ આવૃતિ, (૧૯૭૫), ''સામાજિક સંસ્થાઓ'', રચના પ્રકાશન- અમદાવાદ.
- પટેલ હસમુખભાઇ, પ્રથમ આવૃતિ, (૧૯૭૫), ''સમાજશાસ્ત્ર પ્રવેશ'' રચના પ્રકાશન- અમદાવાદ.


## ૪.૧૦. ''તમારી પ્રગતિ ચકાસો'' ના જવાબો

તમારી પ્રગતિ ચકાસો (ક)

૧. સામાજિક સંસ્થાનો અર્થ.

★ સામાજિક સંસ્થાના લક્ષણો

૧) વર્તન- તરેહ અથવા કાર્યપધ્ધતિ

૨) સંસ્કૃતિની ભિન્નતા પ્રમાણે સંસ્થાના સ્વરૂપમાં ભિન્નતા

૩) રચનાત્મક પાસું

૪) કાર્યાત્મક પાસું

૫) સ્થાયી અને રૂઢિવાદી

૬) સંસ્થાઓમાં પરિવર્તન

૭) સમાન પ્રશ્નોના સંદર્ભમાં બધી સંસ્થાઓ દ્વારા મદદમાં લેવામાં આવતા સમાન સાધનો અને પ્રયુક્તિઓ.

**(a)** સંસ્થાનો સર્વસામાન્ય નમૂનો

(**b**) ભૌતિક સાધન

(**c**) સાંસ્કૃતિક પ્રતીકો

(**d**) કાર્યકરો

(**e**) આચારસંહિતા

(**f**) વિચારસરણી

૮) સામાજિક સંસ્થાઓની પારસ્પરિક સંબંધિતતા

૯) સંસ્થાઓ સાથે સંકળાયેલી બે મુખ્ય સમસ્યાઓ

૧૦) સંસ્થાકરણનું પ્રમાણ

૧૧) સંસ્થાઓની ઔપચારિક ભૂમિકાઓ

૧૨) સમાજની આગળ પડતી સંસ્થા દ્વારા સમાજની ઓળખ.

૨. સામાજિક સંસ્થાનો અર્થ

★ સામાજિક સંસ્થાના કાર્યો

૧) માનવજરૂરિયાતોની પરિપૂર્તિ

૨) સામાજિક નિયંત્રણ

૩) માર્ગદર્શન

૪) સામાજિક વારસાનું હસ્તાતંર

૩. હા

૪. ના

૫. હા

''તમારી પ્રગતિ ચકાસો'' ના જવાબો (ખ)

૧) સંસ્થા એટલે એક અથવા એકથી વધારે કાર્યોની આસપાસ પારસ્પરિક રીતે ગૂંથાયેલો લોકરીતિઓ, રૂઢિઓ અને કાયદાઓનો સમુચ્ચય.

૨) ''સંસ્થાકરણ મુખ્યત્વે સામાજિક ધોરણો સાથે સંકળાયેલ પ્રક્રિયા છે. મર્યાદિત અર્થમાં જોઈએ તો આ પ્રક્રિયા સામાજિક ધોરણોના વિશાળ સ્વીકાર અને તેના આંતરિક પ્રક્રિયાનો નિર્દેશ કરે છે.''

૩) સંસ્થાકીય સંબંધની પ્રક્રિયાને મુખ્ય બે રીતે સમજી શકાય

૧. એક સંસ્થાના ક્ષેત્રની અંદરની ભૂમિકાઓના પારસ્પરિક સંબંધની પ્રક્રિયા

૨. જુદી જુદી સંસ્થાઓના પારસ્પરિક સંબંધોની પ્રક્રિયા

(અ) સંસ્થા સાથે સંકળાયેલી બધી જ ભૂમિકાઓને સંસ્થા તરીકે પ્રસ્થાપિત કરવામાં આવતી નથી.

(બ) એક સંસ્થાના ક્ષેત્રની અંદર ઘણી વખત સંઘર્ષો પેદા થતા હોય છે તેમાં વ્યક્તિઓનો તફાવત ક્યારેક જવાબદાર હોય છે પણ ખરો. પરંતુ તેમાં મોટેભાગે કેટલીક સંસ્થાકીય ભૂમિકાઓનું પરસ્પર વિરોધી અપેક્ષાઓ ધરાવતું સ્વરૂપ વધારે કારણભૂત બનતુ હોય છે.

(ક) સંસ્થાની કામગીરી સરળતાથી થાય તે માટે જરૂરી છે કે તેની ભૂમિકાઓ વચ્ચે પારસ્પરિક અનુકૂળ થવાનું વલણ.

(ડ) કોઈ પણ ભૂમિકામાં કેવા વર્તનની અપેક્ષા રાખવામાં આવશે તેનો આધાર તે ભૂમિકા સાથે સંબંધિત જે તે સાથીની ભૂમિકા પર રહેલો હોય છે.

(ઇ) સંસ્થા સાથે સંકળાયેલી કેટલીક ભૂમિકાઓ અન્ય ભૂમિકાઓની સરખામણીમાં વધારે મહત્વની હોય છે.

(ફ) સંસ્થા સાથે અમૂક ચોક્કસ કામગીરી માટે અને ચોક્કસ સમય પૂરતી જ સંકળાયેલી વ્યક્તિઓ પર સંસ્થાનો કાબુ ઓછો હોય છે.

૨. જુદી જુદી સંસ્થાઓના પારસ્પરિક સંબંધની પ્રક્રિયા

(અ) સંસ્થાઓની પારસ્પરિક સંબંધિતતા

(બ) સંસ્થાકીય દૃષ્ટિબિંદુ પ્રમાણે સંસ્થાની અંદરના સભ્યોના વર્તનને નિયંત્રિત કરવામાં પૂરતા પ્રમાણમાં સફળ થવાનું કારણ

૩. સંબંધિત સંસ્થાની માંગને સંપૂર્ણપણે પૂરી કરી શકાય તેમ ન હોય ત્યારે તેમાં કરવી પડતી બાંધછોડ.

૪. જુદી જુદી સંસ્થાઓ દ્વારા વ્યક્તિઓ પર લાદવામાં આવતી ભૂમિકાઓને એકબીજાસાથે સંવાદી બનાવવાની જરૂરિયાત.

૪) હા

૫) હા

૬) હા

૭) હા

એકમ ૫

# કુટુંબસંસ્થાઃ અર્થ અને લક્ષણો, પ્રકારો અને કાર્યો

## રૂપરેખા


૫.૦ ઉદ્દેશ

૫.૧ પ્રસ્તાવના

૫.૨ કુટુંબસંસ્થાનો અર્થ

૫.૩ કુટુંબસંસ્થાના લક્ષણો

૫.૪ કુટુંબના ઉદ્દભવસંબંધી સિધ્ધાંતો

૫.૫ કુટુંબસંસ્થાના પ્રકારો

[A] માતૃસત્તાક કુટુંબ

[B] પિતૃસત્તાક કુટુંબ

[C] વિભક્ત કુટુંબ

[D] સંયુક્ત કુટુંબ

૫.૬ કુટુંબના કાર્યો

૫.૭ કુટુંબસંસ્થામાં પરિવર્તન

૫.૮ સારાંશ

૫.૯ ચાવીરૂપ શબ્દો

૫.૧૦ સંદર્ભસૂચિ

૫.૧૧ ‘‘તમારી પ્રગતિ ચકાસો’’ ના જવાબો


## ૫.૦ ઉદ્દેશ

આ એકમ તમને આધુનિક સમાજમાં કુટુંબ સંસ્થાનો પરિચય કરાવે છે અને તેના દ્વારા તેનું ધ્યેય :-

- આધુનિક કુટુંબસંસ્થાનું વર્ણન કરવું
- કુટુંબસંસ્થામાં આવતા પરિવર્તનના પરિબળો સમજવા
- વર્તમાન સમયમાં કુટુંબ વ્યવસ્થાની સમજૂતી મેળવવી
- કુટુંબસંસ્થાના કાર્યો, પ્રકારો અને અન્ય સામાજિક પરિવર્તનનું વર્ણન કરવું
- કુટુંબસંસ્થા પાયાની સંસ્થા તરીકે સમજવી.

## ૫.૧ પ્રસ્તાવના

કુટુંબ સંસ્થા સામાજિક અને સાર્વત્રિક સંસ્થા છે. પ્રત્યેક સમાજમાં કોઇ પણ સ્વરૂપનું કુટુંબનું અસ્તિત્વ જોવા મળે છે. કુટુંબના સભ્યો વચ્ચે સંબંધો, ભૂમિકા- દરજ્જો ફરજો વગેરે સમાજે- સમાજે અલગ- અલગ હોય છે. કેમ કે આ અલગતાપણું સંસ્કૃતિની વિવિધતા દર્શાવે છે.

કુટુંબ વિકસિત કે અવિકસિત બંને પ્રકારના સમાજોમાં અસ્તિત્વ ધરાવે છે. અવિકસિત સમાજમાં સામાન્ય રીતે કુટુંબ એકમાત્ર સામાજિક સંસ્થા છે. તેમની મોટા ભાગની જરૂરિયાતો કુટુંબ પરિપૂર્તિ કરે છે અને સભ્યોના વર્તન ઉપર નિયંત્રણ રાખે છે. કુટુંબની સ્વરૂપ, કદ બદલાતુ થાય તેમ સામાજિક સાંસ્કૃતિક જટિલતા વધતી જાય છે તેમ તેમ રાજકીય વ્યવસ્થાની જરૂર ઉભી થાય છે. સમાજમાં વ્યવસ્થા જાળવવા માટે કાયદો, પોલિસ કે અદાલતોની જરૂર પડે છે. આ માટે પાયાની સંસ્થા તરીકે માનવામાં આવે છે અને તેમાંથી અન્ય સામાજિક સંસ્થાઓનો જન્મ થાય છે.

કુટુંબના સભ્યો વચ્ચે પ્રત્યક્ષ, ગાઢ, નિકટભર્યા, અંગત અને અનૌપચારિક સંબંધો હોય છે. આ સંબંધો કાયમી અને ટકાઉ હોય છે. આ રીતે કુટુંબને નિકટવર્તી જૂથ માનવામાં આવે છે. નિકટવર્તી સભ્યોમાં પિતા, માતા, સંતાનોનો સમાવેશ થાય છે. જેમાં સભ્યો અંગેની કોઇ મર્યાદા હોતી નથી. માટે તેમના સંબંધો કાયમી અને ટકાઉ હોય છે. પરિણામે સભ્યો વચ્ચે પરસ્પર પ્રેમ, લાગણી, ભાવના અને સહાનૂભૂતિ હોય છે. મનુષ્યના ઉછેર અને ઘડતરમાં કુટુંબનો મુખ્ય ફાળો હોય છે. વ્યક્તિને તેના સમાજની સંસ્કૃતિનો પરિચય કુટુંબ દ્વારા જ થાય છે. વ્યક્તિની વ્યક્તિમત્તા પર કુટુંબ સૌથી પહેલી અને કાયમી અસર કરે છે.

વોર્નરના મતે નજીકના સગાવહાલામાં જાતીય સંબંધોનો નિષેધ હોય છે. આથી લગ્ન કરતી પ્રત્યેક વ્યક્તિ બે વિભિન્ન કુટુંબની સભ્ય બને છે. ઓરિએન્ટેશન કુટુંબ અને પ્રોક્રિયેશન કુટુંબ. જે કુટુંબમાં વ્યક્તિ જન્મે છે તેને ઓરિએન્ટેશન કુટુંબ અને આ કુટુંબમાં વ્યક્તિનો ઉછેર, વ્યક્તિત્વ ઘડતર, તેની સામાજિક- માનસિક જરૂરિયાતો સંતોષાય પરિણામે લગ્ન પછી જે વિભિન્ન કુટુંબ શરૂ થાય છે તેને પ્રોક્રિયેશન કુટુંબ કહેવામા આવે છે.આ બંને કુટુંબોની રચના સરખી હોય છે પરંતુ બંને કુટુંબોમાં વ્યક્તિનો દરજ્જો બદલાય છે. દા.ત ઓરિયેન્ટેશન કુટુંબમાં જે વ્યક્તિ પુત્ર તરીકેનું સ્થાન ભોગવે છે એ જ વ્યક્તિ પ્રોક્રિયેશન કુટુંબમાં પિતા તરીકેનો દરજ્જો ભોગવે છે.

કુટુંબ રચનાનો આધાર જૈવિક છે. કુટુંબસંસ્થા એવું જૂથ છે કે જેના સભ્યો પ્રજનનની પ્રક્રિયા વડે એકબીજા સાથે સંકળાયેલા હોય છે. આ જૂથ લગ્ન અને લોહીના સંબંધો દ્વારા અસ્તિત્વમાં આવે છે. અન્ય જૂથોના સભ્યો વચ્ચે આ પ્રકારના સંબંધો હોતા નથી માટે કુટુંબને વિશિષ્ટ પ્રકારનું જૂથ માનવામાં આવે છે.

બર્ગેસ અને લૉક નામના સમાજશાસ્ત્રી માને છે કે ‘‘કુટુંબ એ લગ્ન, લોહી અથવા દત્તક સંબંધોથી જોડાયેલ વ્યક્તિઓનું જૂથ છે. તેઓ મુખ્યત્વે એક જ ઘરમાં રહે છે અને જૂથના સભ્યો પતિ- પત્ની, માતા અને પિતા, પુત્ર- પુત્રી, ભાઇ અને બહેન તરીકેની સામાજિક ભૂમિકા ભજવે છે. તેમની વચ્ચે આંતરક્રિયા અને આંતર સંબંધોથી જોડાયેલા હોય છે. તેઓ એક સરખી સંસ્કૃતિનું સર્જન કરી જાળવણીનું કાર્ય પણ કરે છે.

## ૫.૨ કુટુંબઃ અર્થ અને સ્વરૂપ

કુટુંબ સમાજના અસ્તિત્વથી આજ સુધી સતત ચાલું રહ્યુ છે અને વિશ્વના દરેક

દેશોમાં કે આદિસમાજોમાં ખ્યાલ આવે છે. આ ઉપરથી સમજાય છે કે કુટુંબ સાર્વત્રિક છે. મનુષ્યજીવનમાં કુટુંબની જેટલી અસરો પડેલી છે અન્ય જૂથોની એટલી પડેલી નથી. વ્યક્તિના જન્મથી મૃત્યુ સુધી કુટુંબની અસરો જોવા મળે છે. પરિણામે વિકાસ, હૂંફ મેળવે છે અને આ મનુષ્યની સામાજિક- સાંસ્કૃતિક પેદાશ છે. વિવિધ સમાજમાં સામાજિક- સાંસ્કૃતિક મૂલ્યો જુદા હોવાથી કુટુંબ સંગઠનની રચના અને કાર્યમાં વિવિધતા જોવા મળે છે. બીજા શબ્દોમાં કહીએ તો પ્રત્યેક જગ્યાએ એક જ પ્રકારનું કુટુંબ જણાતું ન હોવા છતાં કુટુંબના કેટલાક સર્વ સામાન્ય લક્ષણો જોવા મળે છે.

કુટુંબની ઉત્પત્તિના મુખ્ય કારણોમાં સ્ત્રી- પુરુષની જાતીયવૃત્તિની પરિપૂર્તિ, વંશવૃદ્ધિ, સંતતિપ્રેમ, સંભાળ તેમજ ઉછેર ગણાવી શકાય. કુટુંબની ઉત્પત્તિ વિશે જુદા જુદા મંતવ્યો પ્રવર્તે છે પરંતુ એટલું ચોક્કસ કહી શકાય કે કુટુંબનો કોઇ ચોક્કસ ઉગમ નક્કી કરી શકાય તેમ નથી. જેથી આપણે એમ કહી ન શકીએ કે આ પૂર્વે કુટુંબ નહોતું અને પછી ઉદ્દભવ્યું છે. જ્યારથી માનવનો ઇતિહાસ લખવાની શરૂઆત થઈ ત્યારથી તેનું અસ્તિત્વ છે.

લોહીના સગાઓ વચ્ચે જાતીય સંબંધોના નિષેધને લીધે લગ્ન કરતી વખતે દરેક વ્યક્તિ બે વિભિન્ન કુટુંબની સભ્ય બને છે. (૧) ઓરિએન્ટેશન (૨) પ્રોક્રિયેશન. આમ પ્રથમ વ્યક્તિના જન્મ અને સામાજિક ઘડતર જ્યારે બીજામાં વ્યક્તિના સ્થાનમાં તફાવત દર્શાવે છે.

કુટુંબની રચના ચાર મૂળભૂત પાયાઓ ઉપર રચાયેલા કુટુંબના કાર્યો છે. વર્તમાન સમયમાં સમાજવ્યવસ્થાના વિસ્તારને કારણે કેટલા મંડળોએ કુટુંબના કાર્યો નિભાવે છે. આપણે માનીએ છીએ એ મુજબ સામાજિક સંસ્થાઓ પરિવર્તનશીલ છે તેનું આ પરિણામ છે. કુટુંબ સંસ્થામાં ભૌતિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો દ્વારા પરિવર્તન આવે છે. વર્તમાન સમય જોતા કુટુંબ સંસ્થાનું ભાવી અટપટું બની ગયું છે. પરંતુ કુટુંબ સંસ્થા ટકી રહેશે. તેમાં કાર્યો, સ્વરૂપ, આદર્શો કે મૂલ્યોમાં બદલાવ આવી શકે છે. જ્યાં સુધી મનુષ્યમાં જાતીયવૃત્તિ, વંશવર્ધનની વૃત્તિ, બાળઉછેરની ભાવના હશે ત્યાં સુધી કુટુંબનું અસ્તિત્વ હશે. કેમ કે કુટુંબની ઇમારત જે મુખ્ય પાયા ઉપર આધારિત છે તે તૂટવાની નથી કેમ કે મનુષ્યના આ સ્વભાવગત લક્ષણો દુર કરી શકવાના નથી. પરિણામે કુટુંબનું અસ્તિત્વ હશે જ.

સમાજની સુવ્યવસ્થા, સંવાદિતા અને વિકાસનો આધાર કુટુંબની સંવાદિતા, વિકાસ અને સુવ્યવસ્થા ઉપર રહેલો છે. સામાજિક વિઘટનનું એક કારણ કૌટુંબિક વિઘટન છે. આમ કોઇ પણ સમાજ માટે કુટુંબ પ્રાણરૂપ અને આધારશીલ છે.

કુટુંબના સ્વરૂપને સમજવા માટે કેટલીક વ્યાખ્યાઓ સમજવી આવશ્યક છે.

**વ્યાખ્યાઓઃ-**

''કુટુંબ એ એક જ નિવાસમાં રહેતું એવું જૂથ સમૂહ કે જેમાં સ્ત્રી અને પુરુષનો સંબંધ પ્રજનન અને બાળ ઉછેર પૂરતો નિશ્ચિત અને ટકાઉ હોય છે. તેમાં સ્ત્રી પુરુષ સંતાનો ઉપરાંત નિકટના બીજા સગાઓનો પણ સમાવેશ થાય છે.''

**મેકાઈવર**

''રક્ત, લગ્ન કે સંબંધ પર આધારિત અને સર્વ સામાન્ય સંસ્કૃતિ ધરાવતો મનુષ્ય સમૂહ એટલે કુટુંબ''

**કાલહાઉન**

''કુટુંબ એક એવું જૂથ છે કે જેમાં બે કે વધુ વ્યક્તિઓ લોહીના સંબંધથી, લગ્નથી કે દત્તક લેવાથી જોડાઇ હોય અને જે સાથે રહેતા હોય. આવી તમામ વ્યક્તિઓને

કુટુંબના સભ્યો તરીકે ગણી શકાય.''

**અમેરિકન બ્યુરો ઓફ સેન્સસ**

''કુટુંબ એ પ્રજનન અને બાળ ઉછેર માટેની પ્રમાણભૂત કાયદેસરની અને નિયમબધ્ધ કાર્યપ્રણાલિકા છે.''

**રોબર્ટ બસ્ટિડર્ટ**

''કુટુંબ એ લગ્ન, લોહી કે દત્તક દ્વારા સંબંધિત બે કે વધુ વ્યક્તિઓનું બનેલું અને સહનિવાસ કરતું જૂથ છે.''

**યંગ અને મેક**

''કુટુંબ એ અપિંડી પુરુષો, તેમની પત્નીઓ, અપરિણિત બહેનો અને અપરિણિત- પુત્રીઓના વસવાટવાળા ઘરોનું સમૂહીકરણ છે.''

**ટી. એન. મદન**

''કુટુંબ એ લોહીની સગાઈવાળું એક એવું જૂથ છે જ્યાં સંતાનોના ઉછેર તથા માનવીની અન્ય જરૂરિયાતો માટે વ્યવસ્થા થઈ હોય છે.''

**હોર્ટન અને હન્ટ**

''કુટુંબ એ એવા ઓછા કે લાંબા કાળના રક્ત સંબંધોવાળો સમૂહ છે કે જેમાં સંતાનોવાળા કે સંતાનો વિનાના પતિ- પત્નીઓ અથવા તો જેને સંતતિ હોય એવા પુરુષનો કે સ્ત્રીનો સમાવેશ થતો હોય છે.''

**ઓગબર્ન અને નિમકોફ**

''કુટુંબ એ લગ્નગ્રંથિથી, લોહીના સંબંધથી કે દત્તક સંબંધથી પરસ્પર જોડાયેલી અને પતિ- પત્ની, માતા- પિતા, પુત્ર- પુત્રી કે ભાઈ- બહેનની સામાજિક ભૂમિકામાં પરસ્પરની આંતરક્રિયા અને આંતરસંબંધોમાં સંકળાયેલ હોય એવી વ્યક્તિઓનું જૂથ છે જે સંસ્કૃતિનું સર્જન અને જાળવણી કરતું હોય છે.''

**બર્ગેશ અને લોક**

''કુટુંબ એવી વ્યક્તિઓનું સમૂહ છે કે જે એક જ મકાનમાં રહે છે, રક્ત સંબંધથી જોડાયેલા છે અને સ્થાન સ્વાર્થ તથા પરસ્પર કર્તવ્યના જ્ઞાનના આધારે સમાન હોવાથી ચેતના અને ભાવના રાખે છે.''

**ડો. ડી. એન. મજમુદાર**

## ૫.૩ કુટુંબના લક્ષણો

મેકાઈવર અને પેજ કુટુંબની વ્યાખ્યાને વધુ સ્પષ્ટ કરતા તેના પાંચ લક્ષણો બતાવે છે. મોટા ભાગના માનવસમાજોમાં કુટુંબમાં આ લક્ષણો ઓછે વત્તે અંશે હોય છે.

**[1] સ્ત્રી અને પુરુષ વચ્ચે જાતીય સંબંધઃ-** સ્ત્રી અને પુરુષ વચ્ચેનો જાતીય સંબંધ કુટુંબનું મહત્વનું લક્ષણ છે. આ સંસ્થામાં ઘણા હેતુઓ માનો એક હેતુ જાતીય કામનાની તૃપ્તિ મેળવવાનો છે. પરિણામે આવનાર સંતાનો વંશવૃધ્ધિ કરે છે. કુટુંબમાં બાળકની કાળજીપૂર્વકની સંભાળ અને યોગ્ય ઉછેર થાય છે. આધુનિક સમયમાં સ્ત્રી- પુરુષ વચ્ચેના જાતીય સંબંધોને લગતા નવા મૂલ્યો કેટલાક સમાજોમાં જોવા મળે છે. નવા મૂલ્યો એ સ્ત્રી- પુરુષ વચ્ચેના જાતીય સંબંધોને નકારાત્મક આંચકો આપ્યો છે. લગ્ન પહેલાના અને લગ્ન પછીના **Pre- marital and Extra Martial**

**Sexual Relationships** અન્ય સ્ત્રી- પુરુષ સંબંધોના વિચારોએ નવી દિશા જન્માવી છે. સ્ત્રી- પુરુષ વચ્ચે જાતીય સંબંધ લગ્ન બાદ કુટુંબ પૂરતો જ મર્યાદિત રહેવો જોઇએ એ મૂલ્ય હજી સ્વીકારતા આવ્યા છે. અન્ય કુટુંબ બહારના સ્ત્રી- પુરુષ વચ્ચેના જાતીય સંબંધોની લોકો ટીકા કરે છે.

**[2] લગ્નપ્રથાઃ-**

સ્ત્રી અને પુરુષ વચ્ચેના જાતીય સંબંધને વ્યવસ્થિત સમાજ માન્ય બનાવવા માટે લગ્ન સંસ્થાની આવશ્યકતા છે. લગ્ન સંસ્થા દ્વારા જોડાયેલ સ્ત્રી- પુરુષને જાતીય સંબંધ બાંધવાનો અધિકાર છે. આ વિચારને સાર્વત્રિક ટેકો મેળ્યો છે. દરેક સમાજ સ્ત્રી- પુરુષ વચ્ચેના જાતીય સંબંધોને વ્યવસ્થિત કરવા માટે લગ્નસંસ્થાને સ્વીકારે છે. એ દષ્ટિએ જોઇએ તો કુટુંબ જેટલું જ મહત્વ અને સાર્વત્રિકતા લગ્નસંસ્થાને મળી છે. કુટુંબ અને લગ્ન કોઇ પણ સમાજ માટે અનિવાર્ય છે. તેને એકબીજાથી અલગ પાડી શકાય નહી. બંને એકબીજાના પરસ્પરાવલંબી છે.

દરેક સમાજ પોતાની રીતે લગ્નસંસ્થા નિભાવે છે. સમાજશાસ્ત્રીઓએ લગ્નના ચાર પ્રકાર જણાવ્યા છે. તેમાં (૧) સમૂહલગ્ન (૨) બહુપતિ લગ્ન (૩) બહુપત્નીત્વ અને (૪) એક પતિ પત્નીત્વ લગ્ન. સમૂહ લગ્ન બહુ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. બહુ પતિત્વ પણ ઓછા પ્રમાણમાં જણાય છે. આ પ્રકાર આદિમ સમાજોમાં અને પછાત લોકોમાં પ્રચલિત હોય છે. આજે પણ બહુપત્નીત્વ ઓછા પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે. તેમાં ઇસ્લામ ધર્મમાં બહુપત્નીત્વ સ્વીકૃત થયેલ હોઇ બીજા પછાત તથા આદિમ સમાજોમાં પ્રવર્તતું  હોઇ અનેક જગ્યાએ જોવા મળે છે. મોટા પ્રમાણમાં એક પતિ પત્નીત્વ સ્વીકારેલ લગ્નપ્રકાર છે અને વર્તમાનમાં વિવિધ રાજ્યોમાં એક પતિ પત્નીને લગતા કાયદા બનાવવામાં આવ્યા છે.

દરેક સમાજમાં લગ્ન ઉપર સામાજિક અંકુશ છે. સામાજિક નિયમોનુસાર વ્યક્તિએ અમુક વર્તુળમાં લગ્ન કરવાનુ હોય છે અને વ્યક્તિ અમુક વ્યક્તિ સાથે લગ્ન કરી શકતી નથી. આવા નિષેધાત્મક ધોરણો છે. તે બે પ્રકારના છે. (૧) આંતર્લગ્ન (૨) બહિર્લગ્ન. તે અંતર્ગત જોતા આંતર્લગ્નમાં અમુક સમૂહમાં લગ્ન કરવા બહિર્લગ્નમાં અમુક સમૂહમાં લગ્ન કરવાનુ હોય છે. પરંતુ એ સમૂહના પોતાના નજીકના સગા વહાલા સાથે લગ્ન થઈ શકતા નથી. લગ્ન અંગેના સામાજિક નિયમો પ્રત્યેક સમાજમાં અલગ અલગ હોય છે. દા.ત. હિંદુ સમાજમાં વ્યક્તિએ પોતાની જ્ઞાતિના સમૂહમાં પરણવાનું હોય છે. પરંતુ એજ સમૂહના પોતાના નજીકના સગાસંબંધી સાથે લગ્ન કરી શકે નહી તેને બહિર્લગ્ન કહેવાય છે.

**[3] નામાભિધાન અને વંશાનુક્રમણ પધ્ધતિઃ-** નામાભિધાન એટલે કુટુંબના સભ્યોને નિશ્ચિત નામ આપવાની પ્રક્રિયા. આ પ્રક્રિયાથી કુટુંબના સભ્યોની ઓળખ થાય છે. કુટુંબમાં ઘણા સભ્યો હોય છે. તેમની વચ્ચે સામાજિક સંબંધ સ્થપાય છે. એક સભ્ય અને બીજા સભ્ય વચ્ચેનો સંબંધ ઓળખવા માટે ચોક્કસ પધ્ધતિઓ દરેક સમાજ નક્કી કરે છે. સભ્યોને ચોક્કસ નામ આપવામાં આવે છે તેનાથી તેને ઓળખી શકાય છે તેમ જ તેનો દરજ્જો અને ભૂમિકા નક્કી કરી શકાય છે. દા.ત. પિતા- માતા, ભાઇ- બહેન વગેરે.

વંશાનુક્રમણ પધ્ધતિ એટલે કુટુંબમાં વંશ કેવી રીતે ગણવામાં આવશે તે નક્કી કરતી પ્રક્રિયા. વંશ નક્કી કરવાની પ્રક્રિયા મહત્વની છે. કેમ કે વંશ નક્કી થવાથી

વારસો પ્રાપ્ત કરવાની પ્રક્રિયા પણ નક્કી થાય છે. કુટુંબમાં વંશ નક્કી કરવાની બે પધ્ધતિઓ છે. (૧) પિતૃવંશી (૨) માતૃવંશી. પિતૃવંશી કુટુંબમાં વંશ પુરુષ તરફથી ઉતરે છે, જ્યારે માતૃવંશીમાં વંશ સ્ત્રી તરફથી ઉતરે છે. સામાન્ય રીતે બંનેમાં એ જ આધારે વારસાની વ્યવસ્થા પણ થઈ છે. મહદઅંશે પિતૃવંશી પધ્ધતિ વધુ પ્રચલિત છે પણ માતૃવંશી પધ્ધતિ અનેક સમાજોમાં અમલી બની છે.

**[4] સ્ત્રી અને પુરુષની જવાબદારીઃ-**

કુટુંબના નિભાવ માટે આર્થિક વ્યવસ્થા જરૂરી બને છે. અર્થવ્યવસ્થા ઉપર કુટુંબનો આધાર હોય છે. કુટુંબમાં પેદા થતી સમસ્યાઓ આ મુદ્દામાંથી જન્મે છે. કુટુંબમાં મુખ્ય સ્ત્રી- પુરુષ તરીકે ઓળખાતા હોય છે તેઓએ જવાબદારી ઉપાડવાની હોય છે. કુટુંબમાં આર્થિક વ્યવસ્થા જેટલી જ ગૃહવ્યવસ્થા પણ એટલી જ મહત્વની છે. કુટુંબમાં આ બંને વ્યવસ્થા વચ્ચે સફળતાપૂર્વકની સમતુલા જળવાવી જરૂરી બને છે.

આ બંને પાસાને આધારે પ્રત્યેક માનવસમાજમાં કુટુંબના સ્ત્રી પુરુષ વચ્ચે શ્રમ વિભાજન જણાય છે. સામાન્ય રીતે પુરુષ અર્થવ્યવસ્થા અને સ્ત્રી ગૃહવ્યવસ્થાની જવાબદારી સંભાળે છે. ગૃહવ્યવસ્થામાં સ્ત્રી ગૃહસંભાળ, બાળસંભાળ સંભાળે છે. પહેલાના સમયમાં સ્ત્રી- પુરુષ બંને મળીને અર્થવ્યવસ્થાના કાર્યમાં જોડાવુ પડતુ હતું. દા.ત. શિકારયુગ. વર્તમાન સમયમાં પણ સ્ત્રી અને પુરુષ બંને આજીવિકા માટે કામ કરે છે. આધુનિક યુગમાં સ્ત્રી આજીવિકા મેળવવાના કાર્ય સાથે બાળઉછેરનું કાર્ય કરે છે. તેવી રીતે સ્ત્રીના કાર્યમાં પુરુષ પણ મદદ કરે છે.

**[5] સહનિવાસઃ-**

સામાન્ય રીતે કુટુંબના સભ્યો એક જ નિવાસસ્થાનમાં રહે છે. સંજોગોવસાત કુટુંબથી દુર રહેનાર વ્યક્તિ કુટુંબનો સભ્ય મટી જતો નથી. એક નિવાસસ્થાનથી સભ્યો વચ્ચે નિકટતા, પ્રત્યક્ષ સંબંધ ગાઢ અને લાગણીશીલ રહે છે. પરિણામે કુટુંબનો પાયો મજબૂત બને છે. નિવાસસ્થાનને આધારે કુટુંબના બે પ્રકાર છે. (૧) પિતૃસ્થાની (૨) માતૃસ્થાની. પિતૃસ્થાની પ્રથામાં લગ્ન પછી પત્ની પોતાના પતિને ત્યાં રહેવા જાય છે. માતૃસ્થાની પ્રથામાં લગ્ન પછી પતિ પોતાની પત્નીને ત્યાં રહેવા જાય છે. વર્તમાનમાં પિતૃસ્થાની પ્રથા વધુ જોવા મળે છે. છતાં માતૃસ્થાની પ્રથા પણ અનેક જગ્યાએ અમલી બનેલી જોવા મળે છે.

**★ કુટુંબના વિશિષ્ટ લક્ષણોઃ-**

કુટુંબના અનિવાર્ય એકમરૂપ તત્વોની વિચારણા કર્યા પછી હવે આપણે કુટુંબના કેટલાક વિશિષ્ટ લક્ષણોની ચર્ચા કરીશું. જે લક્ષણો કુટુંબને અન્ય સામાજિક મંડળોથી જુદુ પાડે છે એટલુ જ નહી પણ આ લક્ષણો દરેક સમયે દરેક સમાજમાં અને દરેક પ્રકારના કુટુંબમાં જોવા મળે છે. લગભગ બધા જ સમાજશાસ્ત્રીઓમાં કુટુંબના વિશિષ્ટ લક્ષણો અંગે એકમત પ્રવર્તે છે. કુટુંબના વિશિષ્ટ લક્ષણો નીચે મુજબ છે.

**[1] સર્વવ્યાપકતાઃ-**

સરકાર, રાજ્ય, અર્થવ્યવસ્થા કેળવણી જેવા સામાજિક સંગઠનો કરતા કુટુંબનુ સંગઠન તમામ માનવસમાજોમાં જોવા મળે છે. માત્ર માનવીમાં નહી પણ પ્રાણીસમાજમાં

પણ કુટુંબ જેવી વ્યવસ્થા દેખાય છે. શક્ય છે કે કુટુંબના પ્રકારોમાં સમયાન્તરે ભિન્નતા જોવા મળતી હોય. પરંતુ કોઇ સમાજ કુટુંબ વિનાનો હોય તેવું જાણવા મળ્યુ નથી. આધુનિક સમાજમાં કુટુંબના પરંપરાગત કાર્યો ઘટ્યા, ક્રાંતિકારી પરિવર્તન આવ્યા પણ કુટુંબનું સ્થાન લઈ શકે તેવી વૈકલ્પિક બીજુ સંગઠન ઉદ્દભવ્યું નથી.

**[2] નિકટવર્તી સમૂહઃ-**

સમાજશાસ્ત્રી કુલેએ જણાવ્યું છે તેમ કુટુંબ એ નિકટવર્તી સમૂહ હોવાને કારણે સભ્યોની મૂળભૂત વ્યક્તિમત્તાનું એ ઘડતર કરે છે. કુટુંબના સભ્યો વચ્ચે મોઢામોઢની અને અનૌપચારિક સંબંધવ્યવસ્થા હોય છે. સભ્યો વચ્ચે અમેપણાની અને આત્મીયતાની લાગણી હોય છે.

**[3] મર્યાદિત કદઃ-**

સમાજમાં અન્ય સામાજિક સંગઠનો છે. તેના કરતાં કુટુંબનું કદ સરખામણીએ દરેક જગ્યાએ હંમેશા નિશ્ચિત અને મર્યાદિત રહ્યું છે. કેમ કે બીજા સમૂહો કરતા કુટુંબના સભ્યો વચ્ચે લોહીના કે લગ્ન દ્વારા સંબંધ સ્થપાતા હોઇ એમાં સમાવિષ્ટ થતા સભ્યોની સંખ્યા આપોઆપ નિશ્ચિત અને મર્યાદિત બનતી હોય છે.

**[4] સમાજમાં કેન્દ્રીય સ્થાનઃ-**

સામાજિક વ્યવસ્થામાં કુટુંબનું સ્થાન સમાજમાં મધ્યબિંદુએ હોય છે. કેટલાક આદિવાસી સમાજોમાં તો કુટુંબ એકમાત્ર એકમ અને આધાર સ્તંભ હોય છે. સમાજ જુદા જુદા સમૂહોનો બનેલો હોય છે અને સમૂહોમાં માનવીનો સમાવેશ થાય છે. માનવીના જન્મ અને જીવનમાં કુટુંબ કેન્દ્રસ્થાને હોય છે.

**[5] સભ્યમાં ફરજ- હક્કના ખ્યાલોઃ-**

કુટુંબના દરેક સભ્યો વચ્ચે જે સંબંધોની ઢબ હોય છે તે ફરજ- હક્કના ખ્યાલો ઉપર રચાયેલી હોય છે. આ ફરજ- હક્ક માત્ર ઔપચરિક સ્વરૂપના જ હોતા નથી પણ શરૂઆતથી જ એ રીતે સામાજીકરણ થતુ હોય છે, જેનાથી સભ્યો એકબીજા પ્રત્યે માન, આદર, ફરજ સહકારની લાગણી હોય છે. દા.ત. કુટુંબના સભ્યો વચ્ચેના સંબંધો ઉર્મિલ અને સહજભાવે પ્રવર્તતા હોય છે. પરિણામે કુટુંબનું સંચાલન સરળ અને આસાન રીતે સંચાલન થઈ શકે છે.

**[6] સામાજિક નિયંત્રણઃ-**

કુટુંબમાં રહેતી વ્યક્તિઓનો પ્રારંભિક ઉછેર અને વિકાસ કુટુંબમાં થાય છે એટલે કુટુંબના સભ્યોને વિચાર, વર્તનની સમાજમાન્ય શૈલી કુટુંબ શીખવાડતું હોય છે. વ્યક્તિના સામાજીકરણના સાથે વ્યક્તિમત્તા ઉદ્દભવતી હોય છે. આમ વ્યક્તિને સમૂહના રીત રિવાજ, માન્યતા અને મૂલ્યોનું જ્ઞાન કુટુંબમાં મળે છે. કુટુંબમાં આચારસંહિતાની તાલીમ વ્યક્તિના વતનનું માર્ગદર્શન પુરુ પાડે છે. આમ કુટુંબ સામાજિક નિયંત્રણના સહાયક પરિબળની ભૂમિકા ભજવે છે. આમ સમાજ વધુ પ્રાથમિક અને મંદ પરિવર્તનશીલ તેમ વ્યક્તિ ઉપર કુટુંબનું નિયંત્રણ અસરકારક હોય છે.

**[7] સ્થિર અને પરિવર્તનશીલઃ-**

કુટુંબ એ સ્થિર અને પરિવર્તનશીલ સંગઠન છે. કુટુંબને લાગેવળગે ત્યાં સુધી જ્યારે કુટુંબના તમામ સભ્યોના અવસાન પછી તેના કુટુંબનું નામ ભૂંસાઈ જાય છે, પરંતુ એક સંસ્થા તરીકે કુટુંબનું સમાજમાં સાતત્ય જળવાઇ રહેતું હોય છે. કેમ કે પ્રજોત્પાદનની પ્રવૃત્તિ સતત ચાલતી હોય છે. એ માટે કુટુંબસંસ્થા અનિવાર્ય ગણાય છે. જ્યારે કુટુંબને રચનાતંત્ર તરીકે જોઇએ તો તેના પ્રકારો, કદમાં પરિવર્તન આવતુ હોય છે. આ પરિવર્તનો કુટુંબના કાર્યો ઉપર અસર કરે છે અને કાર્યોની અસર રચનાતંત્ર ઉપર પડે છે. કુટુંબ મંડળ તરીકે તેમાં પરિવર્તનો આવ્યા કરતા હોય છે.

## ૫.૪ કુટુંબના ઉદ્દભવ સંબંધી સિધ્ધાંતો [Theories of Origin of Family]

**[1] ક્લાસિકલ સિધ્ધાંતઃ-**

કુટુંબના ઉદ્દભવ અંગેનો સિધ્ધાંત સૌપ્રથમ પ્લેટો અને એરિસ્ટોટલે રજુ કર્યો હતો. જે સમાજ અને સમયમાં તેઓ રહેતા હતા તે ઉપરથી તેમણે એવું પ્રતિપાદિત કર્યુ કે કુટુંબનો આદિ પ્રકાર પિતૃસત્તાક હતો. ૧૯૬૧માં સર હેન્રી જોઇને આ સિધ્ધાંત ફરીને રજુ કર્યો હતો. બહુ જૂના કાળમાં ગ્રીક, રોમન અને હિબ્રુ કુટુંબો બહુપત્નીવાળા હતા. સ્ત્રીનું કુટુંબમાં કેન્દ્રવર્તી કે મહત્વનું સ્થાન હોય એ સિધ્ધાંત મુજબ અર્વાચીન કે સભ્યતાના વિકાસ પછીની ઘટના છે. કુટુંબમાં પિતાનું સ્થાન મુખ્ય અને કેન્દ્રવર્તી હોય એવુ કુટુંબ વધારે જૂનુ અને કુદરતી છે. આ મત મુજબ કુટુંબનો આદિ પ્રકાર પિતૃસત્તાક હોઇ શકે.

**[2] ઉત્ક્રાંતિવાદી સિધ્ધાંતઃ-**

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં આદિવાસી સમાજોનો અભ્યાસ થવા માંડ્યો હતો. પુરાતત્વીય અવશેષોની પ્રાપ્તિ અને સંશોધન પ્રાચીનકાળની માહિતી પુરી પાડતા હતા. આ સંશોધન અને પુરાવાઓને આધારે એવું અનુમાન કરવામાં આવતું હતુ કે શરૂઆતનું કુટુંબ પિતૃસત્તાક નથી પણ માતૃસત્તાક હશે. બેકોકને "Mother Right" માં આ સિધ્ધાંત રજુ કર્યો. તેમના આ સિધ્ધાંત સ્પેન્સર. લુઇસ મોર્ગન, મેકલેનન, લુબોક અને ટીબરે તેમની સાથે સહમત થયા હતા.

આ સિધ્ધાંતના પુરસ્કર્તાઓનું માનવું હતું કે માનવસમાજની શરૂઆતમાં કુટુંબજીવન ખુબ અસ્તવ્યસ્ત હતું. સર્વત્ર સ્વચ્છંદ જાતીય વ્યવહાર પ્રવર્તતો હતો. આ સંજોગોમાં માતા અને સંતાનો વચ્ચેનો જ સંબંધ નિશ્ચિત અને ઓળખી શકાય તેવો હતો.

ગરીબી તથા જીવનનિર્વાહના સાધનોની અછતને કારણે કન્યા હત્યાની પ્રથા પ્રચલિત હતી. પરિણામે જાતિ પ્રમાણમાં અસમાનતા પ્રવર્તતી હતી. તેમાં પુરુષોની સંખ્યા વધતા બહુપતિ લગ્નનો પ્રકાર ઉદ્દભવ્યો અને ખોરાકનો પુરવઠો વધે, આર્થિક પ્રવૃત્તિમાં વિશેષ મદદ મળે અને સામાજિક પ્રતિષ્ઠા વધે તે માટે પુરુષ એક કરતા વધુ પત્નીઓ કરતો હતો તેમાંથી બહુપત્ની લગ્નનો પ્રકાર ઉદ્દભવ્યો હતો. તેમાંથી નીતિમત્તા અને ન્યાયના ખ્યાલોથી સભ્યતાના વિકાસે એક પતિ- પત્ની વાળા લગ્ન પ્રકારની શરૂઆત થઈ હતી.

બહુપતિ લગ્નના તબક્કામાં સ્ત્રીઅને બાળકોના સંબંધો કુટુંબના કેન્દ્રમાં હતા. પ્રારંભિક કાળમાં આદિવાસી લોકોને પિતાના સંબંધનું જ્ઞાન ન હતું. બાળકો માતા સાથે સંબંધથી જોડાયેલા હતા. આ તબક્કા દરમ્યાન ખોરાક તેમજ સંરક્ષણ એ બંને

સમૂહના સમગ્ર પુરુષસભ્યો તરફથી મળતા. આથી પિતાની ઓળખ અજ્ઞાત રહેતી. પરંતુ બહુ પત્ની પ્રકારવાળા કુટુંબમાં સત્તાનું કેન્દ્ર પિતા બન્યો. પુરુષ તેના સંતાનો, પત્નીઓ અને માલમિલકતનો માલિક બન્યો અને સર્વ હક્કો પોતાના છે આ સિધ્ધાંતને ઉત્ક્રાંતિનો સિધ્ધાંત કહે છે. આ સિધ્ધાંતની સાથે હર્બટ સ્પેન્સરનું નામ જોડાયેલું છે.

ઉત્ક્રાંતિનો સિધ્ધાંત શરૂઆતમાં પિતૃસત્તાક કુટુંબના સિધ્ધાંતના ખંડન તરીકે નહી પણ પ્રાથમિક સમાજોમાંથી માનવશાસ્ત્રીઓને મળેલા પુરાવાઓ પર આધારિત હતો. ઘણા માનવશાસ્ત્રીઓને શિકારી સમાજોમાં માતૃવંશી અને માતૃસ્થાની કુટુંબો જોવા મળ્યા છે. સંસ્કૃતિના ક્રમિક વિકાસના તબક્કાઓમાં પ્રથમ શિકારી જીવન પછી પશુપાલન વાળું જીવન ઉદ્દભવ્યું હતું. આ અંગે ધણા વિદ્વાનોની સહમતિ હતી અને માનતા હતા કે માતૃવંશી અને માતૃસ્થાની કુટુંબોને આદિ પ્રકાર તરીકે ઉપસ્થિત હતો. તેમાં કેટલાક તર્ક- વિતર્ક પણ પ્રવર્તતા હતા.

કુટુંબ અંગે જે ઉત્ક્રાંતિનો સિધ્ધાંત રજુ કરવામાં આવ્યો તે માટે પ્રચલિત એવા એ વિચાર પ્રવાહો કારણભૂત બન્યા હતા. એક તો ડાર્વિનના સાહિત્યને પરિણામે ડાર્વિનનો સિધ્ધાંત જવાબદાર બન્યો હતો. તેમાં બધા સામાજિક સંગઠનો અને ફેરફારોની ઉત્ક્રાંતિની ભાષામાં સમજુતિ આપવી એક ફેશન થઈ ગઈ હતી. તેમાં સંસ્કૃતિ, ધર્મ, રાજ્ય, લગ્ન, કુટુંબ, અર્થવ્યવસ્થા વગેરેને ક્રમિક તબક્કાઓ જણાવ્યા છે. ટેલરના મતે પહેલા માતૃવંશી અને પિતૃવંશી અંતે પિતૃવંશી કુટુંબ ઉદ્દભવ્યું માનવામાં આવે છે.

બીજુ કારણ આધુનિક માનવી આદિ માનવથી બધી રીતે જુદો અને વિરોધી છે. સભ્ય માનવીના સમાજમાં એકસાથી લગનનો પ્રકાર જોવા મળે છે અને પિતૃસત્તાક કુટુંબનો પ્રકાર પ્રચલિત છે. આમ આદિકાળમાં માતૃસ્થાયી વર્તમાનમાં પિતૃસ્થાયી કુટુંબના સ્વરૂપોમાં પરિવર્તન આવતા વિરોધાભાસની માન્યતાઓ પણ કારણભૂત બની છે.

**[3] વેસ્ટરમાર્કનો મતઃ-**

કુટુંબના આદિપ્રકાર અંગે જે કલાસિકલ અને ઉત્ક્રાંતિવાદી સિધ્ધાંતોમાં રજુ થયેલ છે તેનો અભ્યાસ કરી વેસ્ટરમાર્ક જુદા અનુમાન પર આવ્યા હતા. તેઓ માને છે કે ખૂબ પ્રાચીન કાળથી લઈને વિકસિત ટોળીઓમાં જે લગ્નપ્રકાર જોવા મળે છે તે એકસાથી અને કુટુંબનો જ પ્રકાર છે. સ્વચ્છંદ જાતીય સંબંધ, બહુપતિ પ્રકાર એ કામચલાઉ ઉદ્દભવ પ્રકારો માને છે. વેસ્ટરમાર્કે જણાવ્યું હતુ કે આધુનિક માનવી ધીરે ધીરે એકસાથી લગ્નનો પ્રકાર સ્વીકાર્યો છે. તે એક કુટુંબ પ્રકાર જ છે. તેઓ માને છે કે એકસાથી લગ્ન પ્રકાર સિવાયના બીજા પ્રકારો ધીમે ધીમે અદશ્ય થઈ જશે. મેલિનોવસ્કી પણ આ વેસ્ટરમાર્કના મંતવ્યને ટેકો આપે છે.

**તમારી પ્રગતિ ચકાસો(ક)**

**નોંધઃ- (ક) તમારા ઉત્તરો માટે નીચેની જગ્યા વાપરશો.**

**(ખ) તમારા ઉત્તરો એકમના અંતે આપેલ ઉત્તરો સાથે સરખાવો.**

૧. કુટુંબની વ્યાખ્યા આપી કુટુંબના લક્ષણોનું વર્ણન કરો.

...........................................................

...........................................................

૨. કુટુંબનો અર્થ જણાવી કુટુંબના વિશિષ્ટ લક્ષણો જણાવો.

..............................................................

..............................................................

૩. કુટુંબના ઉદ્દભવ સંબંધી સિધ્ધાંતો કયા કયા છે?

..............................................................

..............................................................

૪. કુટુંબ સંસ્થા પાયાની સંસ્થા તરીકે માનવામાં આવે છે. (હા/ના)

..............................................................

૫. કુટુંબ વિકસિત કે અવિકસિત બંને પ્રકારના સમાજોમાં અસ્તિત્વ ધરાવે છે. (હા/ના)

..............................................................

૬. કુટુંબના ઉદ્દભવ અંગેનો સિધ્ધાંત સૌપ્રથમ કોણે આપ્યો હતો?

..............................................................

..............................................................

૭. સમાજશાસ્ત્રીઓએ લગ્નના કેટલા પ્રકારો વર્ણવ્યા છે?

..............................................................

..............................................................

## ૫.૫ કુટુંબના પ્રકરોનું વર્ગીકરણઃ-

કુટુંબનું વર્ગીકરણ કરવાથી કુટુંબના વિવિધ પ્રકાર વિષેની માહિતી મળશે. કુટુંબના પ્રકાર કયા મુદ્દાને આધારે ગોઠવવામાં આવે છે તે અગત્યનું છે. આ તબક્કે કુટુંબના પ્રકારો વિગતવાર ચર્ચા કરવાના નથી. કુટુંબના અનેક પ્રકાર હોવાથી સ્વાભાવિક રીતે જ ગેરસમજ અને ગૂંચવાડો ઉભો થવાની શક્યતાઓ રહે છે. વર્ગીકરણ જુદા જુદા મુદ્દા દ્વારા તપાસ્યા બાદ એના માત્ર મહત્વના પ્રકારોની જ અહીં ચર્ચા કરીશું. જેમાં નાના પ્રકારો સમાઇ જાય છે. અને જેનો અર્થ પણ એમાંથી મળી રહે છે. જે પ્રકારો નીચે મુજબ દર્શાવ્યા છે.

કુટુંબ

સત્તાની દ્દષ્ટિએ

વંશની દ્દષ્ટિએ

સહનિવાસની દ્દષ્ટિએ

સાથે રહેતી પેઢીની સંખ્યા તથા અન્ય લક્ષણોને આધારે

માતૃસત્તાક કુટુંબ (Matriarchal Family) પિતૃસત્તાક કુટુંબ (Patriarchal Family) માતૃવંશી કુટુંબ (Matrilineal Family)પિતૃવંશી કુટુંબ (Patrilineal Family) માતૃસ્થાની કુટુંબ (Matrilocal Family) પિતૃસ્થાની કુટુંબ (Patrilocal Family) વિભક્ત કુટુંબ (Nuclear Family) સંયુક્ત કુટુંબ (Joint Family)

### ★ માતૃસત્તાક કુટુંબ (Matriarchal Family):-

આ પ્રકારના કુટુંબને માતૃપ્રધાન કુટુંબ પણ કહેવામાં આવે છે. કુટુંબની ઉત્પત્તિ સમાજશાસ્ત્રીઓ માટે કઠિન પ્રશ્ન થઈ પડ્યો છે. કુટુંબની ઉત્પત્તિ સાથે માતૃસત્તાક કુટુંબ અને લગ્નના પ્રકારોને જોડવામાં આવે છે. માનવજીવનની શરૂઆતમાં કુટુંબમાં સ્ત્રીનું સ્થાન મહત્વનું હતું તે માટે સામાજિક નહીં પણ જૈવિક કારણો જવાબદાર છે. એનું કારણ એ હતું કે સ્ત્રી અને પુરુષ વચ્ચેની જાતીય સ્વતંત્રતા હતી. તેના પરિણામે જન્મતા બાળકોના પિતા નક્કી કરવા કઠીન હતું. સ્વાભાવિક રીતે બાળકોની જવાબદારી માતાની ગણાતી. માટે શરૂઆતના સમાજમાં કુટુંબ સ્ત્રીની આગળ- પાછળ વિકસ્યું છે એવી માન્યતા છે. તેના સમર્થનના કોઈ પુરાવા મળતા નથી.

સ્ત્રીની સત્તા અને અગત્યને લીધે આવા કુટુંબને માતૃસત્તાક કહેવામાં આવે છે. સ્ત્રીની આ સત્તા કયા અર્થમાં છે તે જોવા માટે માતૃવંશી અને માતૃસ્થાની કુટુંબો જોવા પડે. માતૃસત્તાક કુટુંબ સામાન્ય રીતે માતૃવંશી લક્ષણો ધરાવે છે. માતૃવંશી કુટુંબ માતૃસત્તાક કુટુંબનું અગત્ય દર્શાવે છે. આ પ્રકારના કુટુંબમાં વંશ અને વારસો સ્ત્રી તરફથી નક્કી થાય છે. સંતાનોના નામની પાછળ માતાનું નામ મૂકાય છે. વારસા અને મિલકતની બાબતમાં સ્ત્રીઓ મહત્વનો અધિકાર ભોગવે છે. પુરુષોને મિલકતનો અધિકાર રહેતો નથી. માતૃવંશી કુટુંબ માતૃસ્થાની પણ હોય છે. પતિ પોતાની પત્નીના કુટુંબીજનો સાથે રહે છે. પુરુષ એક કુટુંબમાં જીવનભર રહે છે એવું નથી. મલબારના નાયર તથા આસામના ગારો સમાજોમાં માતૃસત્તાક કુટુંબના દાખલા જોવા મળે છે.

માતૃસત્તાક કુટુંબમાં સ્ત્રીનું સ્થાન સારુ અને વધારે છે પરંતુ પુરુષનું મહત્વ નથી એવું સમજવું નહી. આવા કુટુંબોમાં પણ પુરુષનું સ્થાન મહત્વનું ગણવામાં આવે છે. સ્ત્રી સત્તાધીશ હોવા છતાં વહીવટ પુરુષો કરે છે. આ સત્તા સ્ત્રીના પિતા કે ભાઈના હાથમાં વધુ હોય છે. પતિ પાસે સત્તા ઓછી હોય છે છતાં ગારો લોકોમાં સ્ત્રીની માલિકી મિલકત પર હોવા છતાં મિલકત પર પતિનું નિયંત્રણ રહે છે.

આવી સમાજવ્યવસ્થામાં સ્ત્રીનું સ્થાન- દરજ્જો ઉંચો હોવાને લીધે સ્ત્રી કુટુંબમાં વધુ સ્વતંત્રતા અને અધિકાર ભોગવે છે. સ્ત્રી સ્વાતંત્ર્યની અસર જીવનમાં જુદા જુદા ક્ષેત્રોમાં અસરકારક જોવા મળે છે. જાતીય સંબંધોની બાબતમાં સ્ત્રી સ્વતંત્રતા ભોગવે છે. સ્ત્રીઓમાં લગ્ન બહારના જાતીય સંબંધોની શક્યતાઓ રહેલી હોય છે.

આવી સમાજવ્યવસ્થામાં લગ્નના બહુપતિત્વ પ્રકારની શક્યતાઓ રહેલી છે. લગ્નસાથીની પસંદગીમાં સ્ત્રી ઠીક ઠીક સ્વતંત્રતા ભોગવે છે. તેમાં છૂટાછેડાના પણ અધિકારોનો સમાવેશ થાય છે.

### ★ પિતૃસત્તાક કુટુંબ (Patriarchal Family):-

પિતૃસત્તાક કુટુંબને પિતૃપ્રધાન કુટુંબ પણ કહેવામાં આવે છે. જેમ- જેમ કુટુંબ વધારે વ્યવસ્થા માંગતુ ગયુ તેમ વધારે વ્યવસ્થિત થયું. સ્ત્રી અને પુરુષના જાતીય સંબંધો ઉપર નિયંત્રણ મૂકાતું ગયું. પતિ- પત્ની વચ્ચેના સંબંધો સ્થિર થતા ગયા. પરિણામે

પિતૃસત્તાક કુટુંબની શક્યતાઓ વધવા લાગી. મિલકત, સત્તાનું કેન્દ્રીકરણ અને કાર્યોના વિભાજનથી પિતૃસત્તાક કુટુંબનું મહત્વ વધવા લાગ્યું. તેમાં અગત્યના પરિબળ તરીકે પિતૃસત્તાક કુટુંબમાં ખેતીનો વિકાસ મહત્વનું ગણાય છે.

મોટાભાગના વિકસિત કે અવિકસિત એવા સમાજોની સંસ્કૃતિમાં પિતૃસત્તાક કુટુંબ જ નજરે પડે છે. ભારતમાં મોટેભાગે આ પ્રથા પ્રચલિત છે. સમગ્ર કુટુંબમાં સત્તા, કાબુ પિતાના હાથમાં હોય છે. પત્ની તથા બાળકો ઉપર તેનું વર્ચસ્વ હોય છે. પિતા કુટુંબની જવાબદારી ઉપાડે છે અને આર્થિક, સામાજિક, ધાર્મિક ક્ષેત્રમાં અંતિમ નિર્ણયો લે છે.

પિતૃસત્તાક કુટુંબમાં પિતૃવંશી અને પિતૃસ્થાની કુટુંબના લક્ષણો જણાય છે. વંશ અને વારસો પિતાનો ગણાતો હોઇ સંતાનો પાછળ પિતાનું નામ આવે છે. મિલકતનો વારસો માત્ર પુરુષોને મળે છે. સ્ત્રીઓને મિલકત અંગેના અધિકાર ભાગ્યે જ મળે છે. લગ્ન પછી પત્ની પોતાના પતિના ઘરે રહેવા જાય છે.

સ્ત્રીનું સ્થાન આવા કુટુંબમાં નીચું હોય છે પરંતુ તેનો એવો અર્થ નથી કે તેનુ સ્થાન નથી. સામાન્ય રીતે સ્ત્રી પુરુષ ઉપર આધારિત હોય છે. આધુનિક સમયમાં વિવિધ પરિબળોથી સ્ત્રીઓનો દરજ્જો બદલાયો છે. પરિણામે સ્ત્રી પુરુષ વચ્ચે શ્રમ વિભાજન જણાય છે. પુરુષ આર્થિક કાર્ય કરે છે જ્યારે સ્ત્રી ગૃહકાર્ય અને બાળ ઉછેરનું કાર્ય કરે છે. હવે સ્ત્રી કાર્યોની સાથે આર્થિક પ્રવૃત્તિઓમાં પણ સહભાગી બનતી જાય છે.

આવી સમાજવ્યવસ્થામાં પુરુષ વધારે સ્વતંત્રતા ભોગવે છે. તેની અસર જીવનના વિવિધ ક્ષેત્રોમાં વરતાય છે. સામાજિક ધોરણો દ્વારા નિષેધ હોવા છતાં લગ્ન સિવાયના અને લગ્ન પહેલાના જાતીય સંબંધોમાં પુરુષ સ્ત્રી કરતાં વધારે સ્વતંત્રતા ભોગવે છે પરિણામે બહુપત્નીત્વનો પ્રકાર શક્ય બન્યો છે. સ્ત્રી જાગૃતિ, કેળવણી, રાજ્ય અંકુશને લીધે તેના ઉપર નિયંત્રણ રહ્યું છે. પુરુષને છૂટા છેડાની તક રહે છે. તેનાથી કુટુંબ વ્યવસ્થિત અને સંગઠિત બનતું જાય છે.

### ★ વિભક્ત કુટુંબ (Nuclear Family):-

જે કુટુંબમાં સામાન્ય રીતે પતિ પત્ની અને તેમના બાળકોનો સમાવેશ થાય છે તેને વિભક્ત કુટુંબ કહેવાય. હોર્ટન અને હન્ટના મત મુજબ વિભક્તના વિચારમાં પતિ- પત્ની અને તેના બાળકો અને કોઇકવાર અન્ય સંબંધીઓનો સમાવેશ થાય છે. ક્યારેક આવા કુટુંબોમાં નજીકના અન્ય સગાવહાલાનો સમાવેશ થાય છે.

પિતાના હસ્તક સર્વ સત્તા હોય છે. કુટુંબનો સર્વ વહીવટ તેને હસ્તક હોય છે. પત્ની અને બાળકોના ભરણપોષણની જવાબદારી પુરુષને હસ્તક હોય છે. જેમાં શિક્ષણ, બાળકોના લગ્ન, વ્યવસાયમાં પિતાના વિચારોને અગ્રસ્થાન હોય છે. બાળકોને સ્પર્ષતા સવાલો બોલવાનો અને અમલમાં મૂકવાનો વધુ અવકાશ હોય છે. વંશ અને વારસો પુરુષ સભ્યોને જ મળે છે. આધુનિક સમયમાં કયદા દ્વારા સ્ત્રી ને પણ વારસાની અધિકારીણીનો હક્ક પ્રાપ્ત થાય છે. વિભક્ત કુટુંબમાં નવપરિણિત યુગલો માટે સ્વતંત્ર કુટુંબજીવન શરૂ કરવાની અનુકુળતા હોય છે. પત્ની પોતાના પતિ સાથે રહેવા જાય છે.

ભારતમાં હિન્દુઓમાં ભૂતકાળમાં સંયુક્ત કુટુંબ હતું. વિભક્ત કુટુંબ એ આધુનિક કુટુંબ રચના છે. સંયુક્ત કુટુંબનું વિઘટન એક પરિબળ છે. વિભક્ત કુટુંબની રચનામાં ઉદ્યોગીકરણ, વ્યક્તિવાદ જેવા પરિબળોની ભૂમિકા રહી છે. વિભક્ત કુટુંબમાં અનુકુળતા, મોકળાશની સાથે કેટલીક ત્રુટીઓ પણ રહેલી છે. વિભક્ત કુટુંબમાં સભ્યો વચ્ચેના સંબંધો સ્વતંત્ર અને સહકારના પાયા ઉપર રચાયા હોય છે. સભ્યોના સંબંધોમાં

સહકારની ભાવના ઓછી થતી જાય છે અને કટોકટી ઉભી થતા કુટુંબ છિન્નભિન્ન પણ થઈ જાય છે.

પશ્ચિમના સમાજોમાં વ્યક્તિના મુશ્કેલ પ્રસંગોએ સામાજિક સંસ્થાઓ અને રાજ્યો તરફથી સહાય મળે છે. આ સહાય ભારતમાં મળતી નથી પરિણામે સભ્યો મુશ્કેલીમાં મૂકાય છે તેવા સમયમાં સંયુક્ત કુટુંબ આર્થિક સલામતી અને વીમાની ગરજ સારે છે.

★ **સંયુક્તકુટુંબ (Joint Family) :-**

કુટુંબમાં સાથે રહેતી પેઢીઓની સંખ્યા પરથી કુટુંબના વિભક્ત અને અવિભક્ત એવા પ્રકાર પડે છે. સંયુક્ત કુટુંબને અવિભક્ત કુટુંબની જેમ વિસ્તૃત કુટુંબ [Extended Family] પણ કહેવામાં આવે છે. વિભક્ત કુટુંબ અને સંયુક્ત કુટુંબના પ્રકાર માત્ર પેઢીઓની સંખ્યા પરથી નક્કી થાય છે. તે ઘણા સમાજશાસ્ત્રીઓ સ્વીકારતા નથી. આઈ. પી. દેસાઈના મતે સંયુક્ત કુટુંબના લક્ષણોમાં સમૂહની આવક, મિલકત ઉપરાંત પરસ્પર હક્કો અને ફરજોનો સમાવેશ થવો જોઇએ. બી. આર. અગ્રવાલના મતે સત્તાની પણ ગણતરી થવી જોઇએ. ઇરાવતી કર્વેના મતે એ લોકોનો એવો સમૂહ છે કે જેઓ સામાન્ય રીતે એક જ વસવાટમાં રહે છે, એક રસોડે જમે છે. મિલકત સહીયારી, ધાર્મિક વિધિઓમાં સહભાગીપણું અને તેઓની વચ્ચેનો સંબંધ ચોક્કસ પ્રકારની લોહીની સગાઇનો માને છે.

સંયુક્ત કુટુંબ હિન્દુ સમાજનુ મહત્વનું લક્ષણ છે. તેને હિન્દુ સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તરીકે ઓળખાય છે. હિન્દુઓનું સંયુક્ત કુટુંબ દુનિયાની સમાજ રચનાઓમાં વિશિષ્ટ રીતે જુદુ પડે છે એવી માન્યતા છે. પણ તે અર્ધ સત્ય માની શકાય. ભારતમાં હિંદુ સંયુક્ત કુટુંબપ્રથા પિતૃસત્તાક અને માતૃસત્તાક પણ છે. ભારતમાં મોટા ભાગના હિંદુઓ, પિતૃસત્તાક પ્રથા અનુસરે છે. આમ છતાં હિંદુઓમાં મલબારના નાયર લોકોમાં તરવાડ કુટુંબો માતૃસત્તાક છે.

## ૫.૬ કુટુંબના સામાજિક કાર્યો

કુટુંબની સાર્વત્રિકતા અને અગત્યતા તેના કાર્યોને આભારી છે. અનેક તબક્કામાંથી પસાર થયું હોવા છતાં તે ટકી રહ્યું છે અને ભવિષ્યમાં પણ ટકી રહેશે. કુટુંબ વ્યક્તિ અને સમાજ વચ્ચે ઉપયોગી મહત્વના કાર્યો કરે છે ત્યાં સુધી સમાજની આધારશીલા તરીકેનું સ્થાન નિશ્ચિત છે. તેને સમાજવ્યવસ્થાનો પાયો ગણવામાં આવે છે.

માનવસમાજની સાથે સમાજવ્યવસ્થાનું સ્વરૂપ સરળ સમાજમાંથી જટીલ સમાજ તરફનું વહેણ બદલાતું રહ્યું છે. માનવીની જરૂરિયાતો વધતી રહી છે. તેને સંતોષવા વિવિધ મંડળોની રચનાઓ થઈ છે. નવા મંડળોએ કુટુંબના કેટલાક પરંપરાગત કાર્યો ઉપાડી લીધા છે. આધુનિક રાજ્ય કલ્યાણ રાજ્ય તરીકે રહી કુટુંબના કાર્યોમાં રસ લઈ રહ્યું છે. આ ઉપરાંત શાળાઓ, ધાર્મિક મંડળો, સામાજિક અને સાંસ્કૃતિક મંડળોએ કુટુંબના કાર્યો ઉપાડી લીધા છે.

સમાજશાસ્રીઓનો વિશાળ વર્ગ આ નવી પ્રક્રિયાથી ચિંતામાં છે. કુટુંબનું ભાવિ એ જ તેઓની સ્વાભાવિક લાગણી છે. તેઓને એ ભય સતાવે છે કે કુટુંબનું મહત્વ ઘટી જશે કે લાંબા ગાળે તેનો અંત આવશે. પણ એ કલપ્રા જ છે. કુટુંબના કાર્યો રાજ્ય કે અન્ય મંડળો ભલે ઉપાડી લે પણ કુટુંબના પાયાના કાર્યોમાં કોઇ ફેર પડતો નથી. કેમ કે કુટુંબસંસ્થાની કાર્ય કરવાની પધ્ધતિ અને અન્ય મંડળોની પધ્ધતિમાં તફાવત છે.

**[1] જાતિ સાતત્યઃ-**

કુટુંબનું મહત્વનું કાર્ય જાતિ સાતત્ય એ આજે પણ પહેલાની જેમ થતું આવ્યુ છે. જે સભ્ય સમાજમાં માત્ર કુટુંબ જ કરી શકે છે. કુટુંબ અને લગ્ન સિવાય પણ માનવજાત ચાલુ રાખી શકાય છે તે વિશે કોઈને મતભેદ નથી. માનવજગતની જેમ પ્રાણીજગતમાં આમ થાય છે. માનવસમાજ અને પ્રાણીસમાજ વચ્ચે જે મહત્વનો તફાવત છે એ જોતા કોઈ પણ સુસંસ્કૃત સમાજ જાતિ સાતત્ય માટે કુટુંબ અને લગ્નની અવગણના કરી શકશે નહી. લગ્ન દ્વારા રચાયેલ કુટુંબમાં પ્રજનન કાર્ય કુટુંબ રચનાનું કાર્ય કરે છે અને માનવ પ્રજનન માટે કુટુંબ અનિવાર્ય બન્યું છે.

**[2] બાળ સંભાળઃ-**

કુટુંબમાં બાળકોની સંભાળ સારી રીતે થઈ શકે છે. માતા- પિતાનો સંતાનો પ્રત્યેનો સ્નેહ અને ભાવિ પેઢીનું સર્જન તેઓના શ્રેષ્ઠ ઉછેરના પરિબળો છે. આધુનિક સમયમાં બાળ ઉછેરનું મહત્વ ખુબ સ્વીકારાયું છે. સમાજના વિકાસનો લાભ બાળ ઉછેરમાં લેવાય છે. બાળકોના વિકાસ માટે નવુ જ્ઞાન અને વિવિધ પધ્ધતિઓ અપનાવવામાં આવે છે. બાળમરણનું ઘટતું પ્રમાણ અને બાળરોગોનું ઘટતુ પરિણામ તેના ઉદાહરણ છે. બાળ ઉછેરના કાર્યમાં કુટુંબને મદદરૂપ ખાસ સંસ્થાઓ સહભાગી બની છે. જેવી કે રાજ્યસંસ્થા તેમ જ અન્ય સંસ્થાઓ. પરિણામે સગવડો મળતા કુટુંબ બાળ ઉછેરનું કાર્ય સારી રીતે કરી રહ્યા છે.

બાળવિકાસ અંગે માતા- પિતાની કાળજી અને પ્રેમની સરખામણીમાં અન્ય સંસ્થા આવી શકે નહી. સામ્યવાદી દેશોમાં કુટુંબનું મહત્વ ઘટાડવા અને તેની વિચારસરણી વિકસાવવા માટે કિન્ડર ગાર્ટન પધ્ધતિઓ અપનાવાઈ છે પરંતુ ગમે તેટલી પધ્ધતિઓ વિકસાવવા છતાં કુટુંબની ભૂમિકામાં અન્ય સંસ્થા આવી શકે નહી. કુટુંબ બાળસંભાળ દ્વારા સભ્યોનું સર્જન અને સંરક્ષણ કરે છે.

**[3] વ્યક્તિમત્તાનો વિકાસઃ-**

બાળસંભાળની સીધી અસર વ્યક્તિમત્તાના વિકાસ પર થાય છે. વ્યક્તિની વ્યક્તિમત્તાનો વિકાસ કુટુંબમાં જ થાય છે. કુટુંબ વ્યક્તિના ઘડતરમાં જેટલો ફાળો છે તેટલો ફાળો અન્ય સંસ્થાઓ આપી શકતી નથી. વ્યક્તિના શરૂઆતના ઘડતરમાં માતા- પિતા, કુટુંબના અન્ય સભ્યો તથા સામાજિક વાતાવરણની ભૂમિકાનો ફાળો પણ મહત્વનો હોય છે. વ્યક્તિની વ્યક્તિમત્તા ઉપર કુટુંબની છાપ ઉંડી અને કાયમી હોય છે.

**[4] સામાજીકરણઃ-**

વ્યક્તિમત્તાના વિકાસ સાથે જોડાયેલું કુટુંબનું મહત્વનું કાર્ય પોતાના સભ્યોનું સામાજીકરણ કરવાનું છે. કુટુંબના સભ્યોની આંતરક્રિયા દ્વારા વ્યક્તિનું સામાજીકરણ થાય છે. સહનિવાસથી વ્યક્તિ પોતાની આગળ- પાછળની પરિસ્થિતિમાંથી ઘણું મેળવે છે. વ્યક્તિને કુટુંબ દ્વારા સમાજ અંગેનુ જ્ઞાન મળે છે. કુટુંબના વડીલ, વ્યક્તિની નજર કુટુંબના સભ્યોના વર્તન ઉપર હોય છે અને જરૂર પડ્યે સલાહ અને માર્ગદર્શન આપે છે. આ એક સામાજીકરણની પ્રક્રિયાનો જ ભાગ છે.

કુટુંબમાં વિવિધ પ્રસંગો અને કાર્યો દ્વારા તેને અમુક શીખવાનું મળે છે. પોતે કુટુંબનો ભાગ છે તેવી લાગણી અનુભવે છે. વ્યક્તિ કુટુંબની પરિસ્થિતિને અનુકુળ

થતા શીખે છે અને અનેક આદર્શો, સદ્‌ગુણો શીખે છે. સ્વાર્થ ત્યાગ, સહિષ્ણુતા, ઉમદા ચારિત્ર્ય, શિસ્ત, સંયમ વગેરે ગુણો સામાજીકરણ દ્વારા વ્યક્તિને કુટુંબમાંથી પ્રાપ્ત થાય છે. એવી રીતે ખરાબ અસર પણ પડે છે.

**[5] આર્થિક કાર્યઃ-**

કુટુંબને સામાજિક એકમની જેમ આર્થિક એકમ પણ ગણવામાં આવે છે. કુટુંબના સભ્યો અમુક ઉંમર સુધી પોતાના જીવનનિર્વાહની ચિંતા કરતા નથી. કુટુંબ સભ્યોને આર્થિક સ્થિરતા આપે છે. કુટુંબના સભ્યો કુટુંબની જરૂરિયાત મુજબ અથોપાર્જનનું કાર્ય કરે છે. ગરીબ વર્ગના કુટુંબોમાં નાની વયના બાળકોને આર્થિક બોજ ઉઠાવવો પડે છે. જેવા કે ભિક્ષાવૃત્તિ, બૂટચંપલ પોલિસ કરવા, હમાલ, હોટલમાં બોય તરીકેના કાર્યમાં જોડાતા હોય છે. મોટા ભાગના સમાજોમાં કુટુંબના સભ્યો જેવા કે સ્ત્રીઓ, બાળકો, અશક્તો, બીમારો, વૃધ્ધોની જવાબદારી કુટુંબના અન્ય સભ્યો ઉપાડી લે છે.

**[6] ધાર્મિક કાર્યઃ-**

મોટા ભાગના સમાજોમાં કુટુંબ ધાર્મિક કાર્ય બજાવે છે. સામાન્ય રીતે કુટુંબના બધા જ સભ્યો ધર્મને અનુસરે છે. વિવિધ પ્રસંગોએ ધાર્મિક પુજાઓ કુટુંબમાં થાય છે. સભ્યો સહભાગી બને છે. ધાર્મિક કાર્યથી કુટુંબ પોતાના સભ્યોમાં આધ્યાત્મિક એકતા લાવે છે. ધર્મની સાથે સંકળાયેલ નિયમો સભ્યો પાળતા હોય છે અને શીખતા હોય છે તેની અસર તેના વર્તણૂક ઉપર પડે છે.

ઉપર જણાવ્યા સિવાયના અનેક નાના મોટા કાર્યો કુટુંબ કરે છે. પોતાના વારસાનું ભાન કરાવી પેઢી થી પેઢી સુધી તેનું વહન કરવાનું કાર્ય કુટુંબ કરે છે. સભ્યોને કેળવણીના પાઠ શીખવી પ્રાથમિક તાલીમ આપી વ્યક્તિને સમાજમાં દરજ્જો અપાવી તેને અનુરૂપ ભૂમિકા ભજવવા તૈયાર કરે છે.

આ ઉપર્યુક્ત મોટા ભાગના કાર્યો સમાજમાં કુટુંબ કરે છે. આમ છતાં જેટલી નિષ્ઠાપૂર્વક કુટુંબ કાર્યો કરે છે તેટલી નિષ્ઠાથી અન્ય સંસ્થા કે મંડળો કરી શકતા નથી. ત્યાં સુધી કુટુંબ સમાજનું પાયાનું એકમ બની રહેવાનું છે.

## ૫.૭ કુટુંબ સંસ્થામાં પરિવર્તનોઃ-

### [1] પતિ- પત્ની વચ્ચેના સંબંધોમાં પરિવર્તનઃ-

આધુનિક સમયમાં વિભિન્ન પરિબળોની અસરના કારણે પતિ પત્ની વચ્ચેના સંબંધોમાં પરિવર્તનો આવી રહ્યા છે.

રૂઢિગત સંયુક્ત કુટુંબમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે પડદાપ્રથા દ્વારા સામાજિક અલગતા જાળવવામાં આવતી હતી. સ્ત્રીની સ્વતંત્રતા ઉપર રોક હતી. આજે સ્વતંત્રતાથી બહર જઈ શકે છે. શિક્ષિત કુટુંબોમાં રૂઢિગત સામાજિક અલગતા તૂટી રહી છે. આર્થિક ક્ષેત્રે સ્ત્રી સહભાગી બની બહાર કામ કરતી થઈ છે. મેન્ડલ બોય કહે છે કે પુરુષ જ સ્ત્રીઓને પડદા પ્રથામાંથી બહાર લાવવા પ્રયાસ કરે છે.

પરંપરાગત કુટુંબમાં મા બાપના અંકુશથી પતિ પત્ની વચ્ચે સાહચર્ય નહિવત હતું. પરિણામે પતિ પત્નીની જરૂરિયાતો પ્રત્યે દુર્લક્ષ સેવતો હતો. બીજી બાજુ મા બાપની સત્તા નબળી પડવા લાગી અને સંતાનો પ્રત્યેના વલણો બદલાતા ગયા છે. જેનાથી પત્નીના આરોગ્ય, ખોરાક, પોષાક, મોજ શોખ, હરવા ફરવા વગેરે જરૂરિયાતો

સંતોષવા પ્રયત્ન કરે છે.

પતિ પત્ની વચ્ચે રૂઢિગત સત્તા અને તાબેદારીના સંબંધોમાં બદલાવ જોવા મળે છે. શ્રીવાસ્તવ અને શર્માના અભ્યાસમાં જણાવ્યું હતું કે પતિ વધુ સહાનુભૂતિપૂર્ણ અને સહિષ્ણુતાભર્યુ વલણ દાખવતો થયો છે. રૂઢિગત માળખાથી પતિ પત્ની વચ્ચેના સંબંધોની અલગતા, કાર્યક્ષેત્ર સ્ત્રી ચાર દિવાલની અંદર વગેરેમાં પરિવર્તન આવતું રહ્યું છે. સ્ત્રી આર્થિક ક્ષેત્રે કામ કરતી થઈ છે. પરિણામે પુરુષ ઉપરનું અવલંબન ઘટ્યું છે. સ્ત્રીઓની લગ્નવય વધતા પુરુષનું પ્રભુત્વ ઘટ્યું છે. બાલ્યકાળમાં, બાળકીઓને જે સામાજીકરણ દ્વારા તૈયાર કરતા તેમાં પતિ વિશેના ખ્યાલોમાં બદલાવ આવતા રહ્યા છે. મેન્ડલબોય કહે છે કુટુંબમાં સ્ત્રીની ભૂમિકામાં નોંધપાત્ર પરિવર્તન આવેલું દેખાય છે. સાથે જે જ્ઞાતિમાં વિધવા પુનર્લગ્નનો નિષેધ હતા તે પુનઃલગ્ન કરી શકે છે. પરિણામે સ્ત્રીનું ભાગ્ય સંપૂર્ણ રીતે પુરુષને આધિન રહ્યુ નથી. ડો. ગોરે નોંધે તેમ શહેરી વિસ્તારોમાં આનંદપ્રમોદનું સ્વરૂપ આધુનિક સમાજને અનુરૂપ હોય છે. શહેરી સમાજમાં સ્ત્રી પુરુષો સાથે ભાગ લેતા હોય છે. જેમ કે મેળા, સિનેમા, પ્રદર્શનો જેવા કાર્યક્રમોમાં સહકુટુંબ ભાગ લે છે. પરિણામે બાળકોના કૌશલ્યના વિકાસ માટે તક મળી રહે છે.

શિક્ષિત યુવતીઓ મોટી વયે લગ્ન કરવાનું પસંદ કરે છે. આથી લગ્ન બાદ પોતાનુ ઘર સ્વતંત્ર રીતે ચલાવવામાં સમર્થ હોય છે અને સાસુ સસરાના પ્રણાલિગત હુકમમાં પરિવર્તન આવતુ રહ્યુ છે. છતાં આજે સમાનતાવાદી મૂલ્યો વિના પતિ પોતાની પત્ની ઉપર આધિપત્ય ભોગવતો હોવાનું બતાવવામાં આવ્યું છે. જાહેરમાં પત્નીને ઔપચારિક આધિપત્ય અને સત્તાનો વિરોધ કરી શકતી નથી. આમ સ્ત્રી પુરુષના સંબંધો, વ્યવહારો, પ્રવૃત્તિઓમાં ક્યારેક સંયુક્ત કુટુંબની અને માતા પિતાનું સ્થાનનું મહત્વ વર્તન વ્યવહારમાં જોવા મળે છે. જ્યારે કેટલીક પ્રવૃત્તિ, ક્રિયાઓ વ્યવહારોમાં સ્ત્રી પુરુષને અલગતાનો અનુભવ થાય છે.

લિંગભેદમાં સ્ત્રીની ગૃહિણી તરીકેની ભૂમિકામાં ગૃહકાર્ય, માતૃત્વ, બાળ ઉછેરનો સમાવેશ થાય છે. જે આધુનિક સમયમાં આ ભૂમિકાઓ સીમિત બનતી જાય છે. સાથે પરંપરાગત સ્ત્રીને ગૃહીણી તરીકેનું શ્રમકાર્ય, કુટુંબના સભ્યો પહેલા સવારે ઉઠવું, છેલ્લે મોડે ઉંઘવું જેવા મૂલ્યોમાં પત્રવિજ્ઞાન, ટેકનોલોજી વિકસતા તેની ભૂમિકામાં પરિવર્તન આવતુ રહ્યું છે.

કુટુંબ કલ્યાણ કાર્યક્રમોની અસર શિક્ષિત સ્ત્રીઓમાં જોવા મળે છે. તેમાં કુટુંબમાં બાળકોનું કદ, આરોગ્ય વિષયક બાબતો, વ્યવસાય નોકરીના કારણે બાળ ઉછેર વગેરે પરંપરાગત વલણોમાં પરિવર્તન આવતુ જોવા મળે છે. સાથે આરોગ્ય વિષયક બાબતોમાં બાળકની સંભાળ, રસી, પોષકતત્વો, બાળકનું ભાવિ વિશે સ્ત્રી પોતે નિર્ણય લેવાની તક મળતી જોવા મળે છે. પરંતુ જે પતિ- પત્ની વચ્ચેના પરંપરાગત સંબંધોથી કુટુંબનો આશરો બધાને મળતો હતો તે ક્યારે સંયુક્ત કુટુંબની આ છાયાની કમીનો અનુભવ પણ થતો હોય છે અને સ્ત્રીની બેવડી ભૂમિકામાં સમસ્યાઓ, સંઘર્ષ અને પડકારોના સામના સાથે પરિવર્તન આવતું રહ્યું છે.

**[2] મા- બાપ અને સંતાનો વચ્ચેના સંબંધોમાં પરિવર્તનઃ-**

માતા- પિતા અને સંતાનો વચ્ચેના સંબંધો અંગેના પરંપરાગત ધોરણો મૂલ્યો, આદર્શો, અપેક્ષાઓ અને ભૂમિકાઓમાં શિક્ષણ, ઉદ્યોગીકરણ અને લોકશાહી સમાનતાવાદી મૂલ્યોના કારણે નોંધાપાત્ર પરિવર્તન આવ્યું છે.

પિતાની સત્તા નબળી પડતી જાય છે અને વ્યક્તિગત કુટુંબ એકમ સ્થાનિયગિત બનતા જાય છે. પિતા- વડીલની સત્તા સમકક્ષ સંતાનોની સત્તા બનતી જાય છે અને તેનો વિરોધ કરતા રહ્યા છે. પિતાના કુટુંબથી અલગ રહેતા હોય ત્યારે નાણાકીય નિયંત્રણ, મિલકતમાં હિસ્સો વગેરે પુત્રને કાયદાનો આધાર લઈ અધિકાર પુત્ર ભોગવતો થયો છે અને પુત્રને વ્યસાયિક કે અન્ય માર્ગદર્શનનો સંપૂર્ણ આધાર પુત્ર વડીલ કે પિતા ઉપર રાખતા નથી. પરિણામે માતા- પિતાના આધિપત્યથી મુક્ત થઈ જાય છે. જેમ- જેમ પુત્ર મોટો થતો જાય તેમ તેમ પિતા- પુત્ર વચ્ચેના સંબંધોમાં પરિવર્તન આવતું જાય છે. વિવિધ અભ્યાસો પૈકી મધ્ય પ્રદેશના રાયખેરી ગામના અભ્યાસમાં જણાવ્યું હતુ કે બાળક ૧૦ વર્ષનો થાય ત્યારે તેના કૃત્યો માટે પોતે જ જવાબદાર બને છે. લગ્ન પછી જન્મેલ બાળકને પિતાની સત્તામાંથી મુક્ત કરવામાં આવે છે. પરંતુ તે પિતાને માન આપવાનું ચાલુ રાખે છે.

વર્તમાન સમયમાં નવી પરિસ્થિતિના સંપર્કમાં આવતા પુત્ર- પિતા વચ્ચેના સંબંધોમાં પરિવર્તન આવતા જાય છે અને પુત્ર વધુ સ્વતંત્રતા ભોગવતો થયો છે. આર્થિક બાબતે જોતા વડીલોની સત્તા, લગ્ન, વ્યવસાય, ધર્મ, વસવાટ વગેરે બાબતોમાં સંતાનો પ્રત્યે માતા પિતાનું વલન બદલાઇ રહેલુ જોવા મળે છે અને સંતાનોને શિક્ષા કરવા કરતા સહિષ્ણુતા દાખવે છે. સંતાનો ઉપર માતા- પિતાનું નિયંત્રણ હોવા છતાં વ્યાજબી બાબતોમાં સ્વતંત્ર અભિપ્રાય આપે છે અને આ વાસ્તવિક બાબતને વડીલ પણ સ્વીકારતા થયા છે.

સ્થાળાંતર કરી પુત્ર અલગ રહેતા પોતાના સંયુક્ત કુટુંબ પ્રત્યે લાગણી અને જવાબદારી નબળી પડે છે. આમ સંયુક્ત કુટુંબવાદમાંથી વ્યક્તિવાદ તરફ પ્રયાસ કરી રહ્યું છે. પરિણામે વૃધ્ધોની સમસ્યા ઉભી થઈ છે. જેમાં વૃધ્ધો સ્નેહ, આદર, સુરક્ષા, સદભાવની અપેક્ષા રાખે છે. પરિણામે વ્યક્તિવાદ આ વાસ્તવિકતાથી દુર રાખે છે. પિતા- પુત્રની સત્તા, કુટુંબમાં મહત્વના ક્ષેત્રોમાં સ્વાતંત્ર્ય વગેરે ક્ષેત્રે બદલાવ આવતો રહ્યો છે. ભારતની પરિવર્તન પામતી અર્થવ્યવસ્થામાં પણ પુરુષ- સ્ત્રી બંનેને કુટુંબથી આર્થિક રીતે સ્વાવલંબન બનાવવા સમર્થ બનાવ્યા છે. જેથી વડીલોની કુટુંબની રૂઢિ, ધર્મ, જ્ઞાતિ, વ્યવસાય, વસવાટ વગેરેમાં સ્વતંત્રતા ભોગવવા સમર્થ બન્યા છે.

લગ્ન વિષયક બાબતોમાં પણ બાળકો ઉપર માતા- પિતા કે સમાજના પરંપરાગત રિવાજો, મૂલ્યો, ધોરણોમાં વધુ સ્વતંત્રતા ભોગવતા યુવક- યુવતીઓના કિસ્સા વધતા રહ્યા છે. શહેરી સમાજમાં વડીલોની સત્તા નબળી પડી છે પરંતુ તેમનું સ્થાન જળવાઇ રહ્યું છે.

### [3] આંતરપેઢીય અંતરઃ-

આંતરપેઢીય અંતર એટલે બે પેઢીઓ વચ્ચેનું અંતર. બે પેઢીમાં જીવનશૈલી, વિચારસરણી, જરૂરિયાતો, જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ, અપેક્ષાઓ, સ્વભાવ, બોલવા ચાલવાની ઢબ, વર્તન વ્યવહાર, બાહ્ય સંપર્કો વગેરેમાં તફાવત છે. તેમાં નવી પેઢી બિન અનુભવી પરંપરાગત માળખાનો વિરોધ કરે છે અને આધુનિક મૂલ્યોને સ્વીકારી અનુસરવાના પ્રયાસો કરે છે.

આંતરપેઢીય અંતર એક સ્વાભાવિક પ્રક્રિયા છે. પ્રત્યેક યુગમાં પ્રત્યેક સમાજોમાં આંતરપેઢીય અંતરની ઘટનાનું અસ્તિત્વ રહેલું છે. આધુનિક સમયમાં ઝડપથી પરિવર્તન સર્વાંગી અને સર્વવ્યાપી બનતું ગયું છે. તેમાં આંતરપેઢીય અંતર ઝડપી અને સર્વાંગી બન્યુ છે. સંચાર- સાધનો, શિક્ષણ વગેરેની ભૂમિકા રહી છે. જૂની પેઢી નવી પેઢીને પોતાની સંસ્કૃતિ મુજબ ઘડતર કરી શકતી નથી. કેમ કે દરેક વ્યક્તિમાં સ્વાયત્તા હોય છે.

પરિણામે નવી પેઢી નવી સંસ્કૃતિના તત્વોના આગ્રહી વધારે હોય છે, પરિણામે નવી પેઢી અને જૂની પેઢી વચ્ચે ક્યારેક અમુક બાબતોમાં સંઘર્ષ થતા રહ્યા છે. જૂની પેઢી કુટુંબવાદી જ્યારે નવી પેઢી વ્યક્તિવાદી વલણ ધરાવે છે. તેમાં શુધ્ધિ- અશુધ્ધિના ખ્યાલો, વૈજ્ઞાનિક વલણ, સાહસિકતા, સહનશીલતા, સંયમ વગેરે મૂલ્યોમાં વિરોધાભાસ મળે છે.

દરજ્જા વિષયક બાબતોમાં પ્રાપ્ત દરજ્જાને નવી પેઢી વધુ મહત્વ આપે છે. સંયુક્ત કુટુંબ ત્રણ કે વધુ પેઢીઓના સભ્યનું બનેલું એકમ છે અને વિભક્ત કુટુંબ એ પેઢીઓનું બનેલું છે. બે પેઢી વચ્ચેના અંતરમાં આશરે વીસેક વર્ષનું અંતર હોય છે. આ સમયમાં સમાજમાં સામાજિક પરિવર્તન, સંપર્ક ક્ષેત્રો વધ્યા છે. તેમાં નવી પેઢીને નવા અનુભવો મળ્યા છે અને નવી સમસ્યાઓ ઉભી થઈ છે. દરેક પેઢીને જુદો જુદો સામાજિક વારસો મળે છે. આથી પેઢીઓ વચ્ચેના અંતરમાં માત્ર ઉંમર કે સમયનું અંતર નથી પણ સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણ વિશેના વિચારો, મૂલ્યો, માન્યતાઓ, દૃષ્ટિબિંદુ, અભિગમો, વલણોમાં અંતર છે. આમ પેઢીઓ વચ્ચેનું અંતર પરંપરા અને આધુનિકતાના મૂલ્યો વચ્ચેનું અંતર સૂચવે છે. માટે નવી પેઢી જીવનના વિવિધ ક્ષેત્રે સ્વતંત્રતાની અપેક્ષા રાખે છે, જ્યારે જૂની પેઢી નિયંત્રણની અપેક્ષા રાખે છે.

બે પેઢીઓ વચ્ચે માન્યતાઓ, વિચારો અને વર્તનોનું અંતર પેદા કરવામાં પરિવર્તન પાયાનો ભાગ ભજવે છે. વર્તમાન સમયમાં શહેરીકરણ, ઉદ્યોગીકરણ, સંચાર- માધ્યમોની અસરો નવી પેઢીને વધુ અસરકારક બન્યા છે. પરિણામે સ્વાતંત્ર્ય, સમાનતા, વ્યક્તિવાદ, બિનસાંપ્રદાયિકતા જેવા મૂલ્યોમાં માનતા થયા છે. તેમાં શિક્ષણની ભૂમિકા પણ મહત્વની રહી છે. દરેક પેઢીને પોતાના સમયનું ચોક્કસ વાતાવરણ હોય છે. આમ પેઢીઓ વચ્ચેના અંતરમાં સમાજના વિભિન્ન પાસાઓમાં વત્તા- ઓછા બદલાવ એ જે તે સમયની પરિસ્થિતિનું પરિણામ છે.

### [4] કુટુંબમાં વિઘટનની પ્રક્રિયા ઉભી થાય છે.:-

ડો. ગોરેના મત મુજબ લોક દૃષ્ટિએ નોકરી કે ધંધાને કારણે ફરજીયાત રીતે કુટુંબથી જુદા રહેવાના પ્રસંગો ઉપસ્થિત ન થવા છતાં સંયુકત નિવાસ છોડી ભાઇઓ જુદા રહેવા જાય તેને સંયુક્ત કુટુંબના વિઘટન તરીકે ગણીએ છીએ. આમ સંયુક્ત કુટુંબની સંયુક્તતા, પારસ્પરિક ફરજો, જવાબદારી, બંધનોને નબળા પડવાની ઘટનાને વિભક્ત કુટુંબની રચના કહેવાય. સમાજમાં બાળકો પુખ્તવયે પહોંચતા કુટુંબ સંબંધોની નવી ઢબ ઉદ્દભવે છે. સંયુક્ત કુટુંબમાં ભાઇ, પુત્રના લગ્ન પછી નવી પુત્રવધુ આવતા માનસિક, સામાજિક તંગદિલીનો અનુભવ કરે છે અને એકલા રહેવાનું વિચારે છે. ક્યારેક સમજુતીથી તો ક્યારેક ઘરમાં ભાઇઓ- માતા- પિતા સાથે સંઘર્ષો પણ થાય છે. જેમાં મિલકત વહેંચણી પણ જવાબદાર કારણ બનતું હોય છે. સેન ગુપ્તા અને મીન્ટર્ન માને છે કે સંઘર્ષનો પ્રથમ તબક્કો ઘરમાં જ જુદો ચૂલો શરૂ થાય છે. કુટુંબ સંઘર્ષોમાં સ્ત્રીઓ વચ્ચેના ઝઘડા પણ એટલા જ જવાબદાર રહ્યા છે. જેમ કે દેરાણી- જેઠાણી, સાસુ- વહું વચ્ચેના દરજ્જા, ભૂમિકા, અધિકારોના હક્કમાં આવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે. આ સાથે જ નાનોભાઇ- મોટાભાઇના સ્થાનમાં પણ ક્યારેક સંઘર્ષ, વિરોધનું વાતાવરણ ઉભું થતા વિભક્ત કુટુંબ ઉભુ કરવા મજબૂર બને છે.

### [5] નાના સંયુક્ત કુટુંબો વિકસી રહ્યા છે.:-

સંયુક્ત કુટુંબ ત્રણ ચાર કે તેથી વધુ પેઢીઓના રક્તસંબંધોવાળું બનેલું હતું. તેમાં સહનિવાસ, સંયુક્ત રસોડું, સહભોજન, સંયુક્ત મિલકત, સંયુક્ત આવકના લક્ષણો છે. ડો. દેસાઇના મહુવાના અભ્યાસમાં સર્વોચ્ચ માત્રાની સંયુક્તતા વધુ હતી અને ઓછી

માત્રાની સંયુક્તતા ઓછી જોવા મળી હતી. આવી જ રીતે શ્રીવાસ્તવના અભ્યાસમાં પણ રૂઢિગત સંયુક્ત કુટુંબનું પ્રમાણ વધારે હતું. બંને વિધ્વાનોના અભ્યાસના આધારે કહેતા નાના કદનું કુટુંબ એ સામાન્ય પ્રવાહ માનવામાં આવે છે. એલવીન રોયે જણાવ્યું હતું કે ભારતમાં મધ્યમ અને ઉચ્ચ મધ્યમ શહેરી વર્ગોમાં નાનુ સંયુક્ત કુટુંબ એ હવે કુટુંબજીવનનું લક્ષણ બન્યું છે.

આર્થિક પરિસ્થિતિ અને ઝઘડાઓએ કુટુંબના કદ ઉપર અસર નિપજાવી છે. ઉચ્ચ શિક્ષણ, ઉચ્ચ મહત્વાકાંક્ષાઓ, વ્યાવસાયિક ગતિશીલતા વગેરે નાના કુટુંબના વસવાટને ઉત્તેજન પુરૂ પાડે છે.

★ **તમારી પ્રગતિ ચકાસો.(ખ)**

**નોંધઃ- (ક) તમારા ઉત્તરો માટે નીચેની જગ્યાનો ઉપયોગ કરો.**

**(ખ) તમારા ઉત્તરો અંતે આપેલા એકમ સાથે સરખાવો.**

૧. કુટુંબના પ્રકારોનું વર્ગીકરણ કરો.

.............................................................
.............................................................
.............................................................
.............................................................

૨. કુટુંબના કાર્યોને સવિસ્તાર સમજાવો.

.............................................................
.............................................................
.............................................................
.............................................................

૩. ઇલોમ એટલે શું?

.............................................................
.............................................................

૪. કુટુંબ અંગેનો ઉત્ક્રાંતિનો સિધ્ધાંત કઈ સદીમાં ઉદ્દભવ્યો હતો?

.............................................................

૫. નામ્બુદ્રી કુટુંબ પિતૃપ્રધાન કુટુંબ છે. (હા/ના)

.............................................................

૬. તરવાડ એ માતૃવંશી કુટુંબ છે. (હા/ના)

.............................................................

૭. નામ્બુદ્રી સંયુક્ત કુટુંબ (ઇલોમ) ક્યાં વસે છે?

.............................................................

૮. ભારતમાં ખાસી અને ગારો આદિવાસી સમૂહો પિતૃસત્તાક અને પિતૃસ્થાની કુટુંબ છે. (હા/ના)

.............................................................

૯. કુટુંબસંસ્થામાં આવેલા પરિવર્તનો જણાવો.

.............................................................

.............................................................

.............................................................

.............................................................

## ૫.૮ સારાંશ

ભારતમાં હિંદુ સંયુક્ત કુટુંબનું સ્વરૂપ બહુ પ્રાચીન છે. તેનો ઇતિહાસ લાંબો છે. મહદઅંશે ખેતી પ્રધાન દેશમાં સંયુક્ત કુટુંબ જોવા મળે છે. ભારતમાં ખેતી અને ગ્રામસમાજ એ બે તેની વિશિષ્ટતા હોવાથી સંયુક્ત કુટુંબવ્યવસ્થા અનુકુળ અને બંધબેસતી થઈ છે. જ્યાં જ્યાં સંયુક્ત કુટુંબના અસ્તિત્વ અને વિકાસ માટેના જે સ્વરૂપો હતા તે બદલાતા ગયા છે. ત્યાં વિભક્ત કુટુંબ વ્યવસ્થા જણાવા લાગી છે. ખેતીના મુખ્ય વ્યવસાય બદલે હાલ એક કુટુંબના સભ્યો ભિન્ન ભિન્ન વ્યવસાયોમાં જોડાયેલ હોવાથી એક જ ઘરમાં રહેવાની જરૂર રહેતી નથી. આ ઉપરાંત પાશ્ચાત્ય કેળવણી વ્યક્તિવાદની ભાવના અને વ્યક્તિ સ્વાતંત્ર્યને લીધે લોકોનું સંયુક્ત કુટુંબ તરફનું આકર્ષણ દિન- પ્રતિદિન ઘટતું જાય છે. સંયુક્ત કુટુંબમાં વ્યક્તિગત સ્વાતંત્ર્ય અને સુખ ભોગવી શકતા નથી. આધુનિક યુગમાં પરિવર્તનો આવી રહ્યા છે. તેમાં રાજય, મંડળોએ કુટુંબસંસ્થાની જવાબદારીઓ ઉપાડી છે. વ્યક્તિને વિભક્ત કુટુંબની દિશામાં જવાનો મોકો પૂરો પાડે છે.

ઉદ્યોગીકરણ, શહેરીકરણ, રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પરિવર્તનોએ વિભક્ત કુટુંબને વિકસાવવામાં અને સંયુક્ત કુટુંબના વિઘટનમાં ફાળો આપ્યો છે. આધુનિક યુગમાં વ્યક્તિવાદની ભાવના, સ્વાર્થવૃત્તિ, સંકુચિત ભાવનાનો વિકાસ, કેળવણીનો નવીન દૃષ્ટિકોણ, સામાજિક મૂલ્યોમાં આવેલા પરિવર્તનો, પતિ- પત્નીના નવા દૃષ્ટિકોણ, સ્વાતંત્ર્યતાની અપેક્ષા, વડીલોના નિયંત્રણમાં મોકળાશ, આર્થિક સંકડામણ વગેરે પરિબળોના પરિણામે કુટુંબોના સ્વરૂપમાં બદલાવ આવ્યો છે.

આ પ્રકરણમાં કુટુંબનું સ્વરૂપ, લક્ષણો, પ્રકારો, સિધ્ધાંતો, કાર્યો, પરિવર્તનોના પરિબળોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે સમયાંતરે કુટુંબના સ્વરૂપો બદલાતા જોવા મળ્યા છે.

## ૫.૯ ચાવીરૂપ શબ્દો [Key Words]

★ માતૃ પ્રધાનઃ- ''એવી સમાજવ્યવસ્થા જેમાં સ્ત્રીનો પ્રભાવ અને સત્તા હોય છે.''

★ માતૃવંશીઃ- એવી સમાજવ્યવસ્થા જેમાં માતા દ્વારા વારસો મળે છે.

★ પિતૃપ્રધાનઃ- એવી સમાજવ્યવસ્થા જેમાં પુરુષનો પ્રભાવ અને સત્તા હોય છે.

★ પિતૃવંશીઃ- એવી સમાજવ્યવસ્થા જેમાં પિતા દ્વારા જ વારસો મળે છે.

★ મિતાક્ષર પધ્ધતિઃ- દરેક પુત્રોને જન્મથી વડીલોપાર્જિત મિલકતમાં સમાન અધિકાર પ્રાપ્ત થાય છે અને પિતાની હયાતીમાં તેઓ મિલકત વિભાજનની માંગણી કરી શકે છે.

★ દાયભાગ પધ્ધતિઃ- પિતા જીવંત હોય ત્યાં સુધી પુત્રોને વડીલોપાર્જિત મિલકત પર કોઇ અધિકાર હોતો નથી. પિતાના મૃત્યુ પછી જ તેઓ આવી મિલકતના હક્કદાર બને છે.

★ વિભક્ત કુટુંબઃ- સામાન્ય રીતે પતિ- પત્ની અને તેમના અવિવાહિત સંતાનોનો સમાવેશ થાય છે.

★ સંયુક્ત કુટુંબઃ- બે થી ત્રણ પેઢીની વ્યક્તિઓ તેમ જ લોહીની સગાઈથી અન્ય વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

## ૫.૧૦ સંદર્ભસૂચિ


- દવે જે.કે., પ્રથમ આવૃતિ, (૨૦૧૧-૧૨), ''ભારતીય સમાજમાં કુટુંબ'' , અનડા પ્રકાશન.
- શાહ એ. આર., ચોથી આવૃતિ (૧૯૭૨), ''સમાજ એટલે શું?'', મેમર્સ બી. એસ. શાહ પ્રકાશન.
- પટેલ તારાબેન, (૧૯૬૧), ''ભારતીય સમાજવ્યવસ્થા'', ધી ન્યુ ઓર્ડર બુક કુ., અમદાવાદ.
- દેસાઇ અક્ષયકુમાર અને દેસાઇ નીરાબેન, (૧૯૬૮), ''સંયુક્ત કુટુંબ વ્યવસ્થા'' આર. આર. શેઠની કુ., અમદાવાદ.
- Kapadia K. M., (1956) "Marriage and Family in India" Oxford University press.


## ૫.૧૧ ''તમારી પ્રગતિ ચકાસો'' ના જવાબો.

**તમારી પ્રગતિ ચકાસો. (ક)**

**(1)** ''કુટુંબ એ નિશ્ચિત અને લાંબાગાળા સુધી ટકે તેવા જાતીય સંબંધ પર રચાયેલું સંતાનોની ઉત્પત્તિ અને ભરણ પોષણ અને બાળકોનું જૂથ છે.''

★ કુટુંબના લક્ષણોઃ

૧) સ્ત્રી અને પુરુષ વચ્ચે જાતીય સંબંધ.

૨) લગ્નપ્રથા

૩) નામાભિધાન અને વંશાનુકરણ પધ્ધતિ

૪) સ્ત્રી અને પુરુષની જવાબદારી

૫) સહનિવાસ

(૨)કુટુંબના વિશિષ્ટ લક્ષણોઃ-

૧) સર્વવ્યાપકતા

૨) નિકટવર્તી સમૂહ

૩) મર્યાદિત કદ

૪) સમાજમાં કેન્દ્રીય સ્થાન

૫) સભ્યના ફરજ- હક્કના ખ્યાલો

૬) સમાજિક નિયંત્રણ

૭) સ્થિર અને પરિવર્તનશીલ

(૩) સિધ્ધાંતોઃ-

૧) ક્લાસિક સિધ્ધાંત

૨) ઉત્ક્રાંતિવાદી સિધ્ધાંત

૩) વેસ્ટર માર્કનો સિધ્ધાંત

૪) હા

૫) હા

૬) પ્લેટો અને એરિસ્ટોટલ

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(૧) કુટુંબના પ્રકારોઃ-

૧) સંયુક્ત કુટુંબ

૨) વિભક્ત કુટુંબ

(૨) સત્તાની દૃષ્ટિએ

૧) માતૃસત્તાક કુટુંબ

૨) પિતૃસત્તાક કુટુંબ

(૩) સહનિવાસની દૃષ્ટિએ

૧) માતૃસ્થાની કુટુંબ

૨) પિતૃસ્થાની કુટુંબ

(૪) વંશની દૃષ્ટિએ

૧) માતૃવંશી કુટુંબ

૨) પિતૃવંશી કુટુંબ

(૫) સાથે રહેતી પેઢી અને અન્ય લક્ષણોને આધારે

૧) વિભક્ત કુટુંબ

૨) સંયુક્ત કુટુંબ

(૨) કુટુંબના કાર્યોઃ-

૧) જાતિ સાતત્ય

૨) બાળ સંભાળ

૩) વ્યક્તિમત્તાનો વિકાસ

૪) સામાજીકરણ

૫) આર્થિક કાર્ય

૬) ધાર્મિક કાર્ય

(૩) મલબારના નામ્બુદ્રી લોકો બ્રાહ્મણ જ્ઞાતિના છે. તેઓમાં માતૃસત્તાક, માતૃવંશી અને માતૃસ્થાની સંયુક્ત કુટુંબ પ્રવર્તે છે. તેઓનું કુટુંબ 'ઇલોમ' તરીકે ઓળખાય છે.

(૪) ૧૯મી સદીમાં

(૫)હા

(૬) હા

(૭) મલબારના ટાપુઓમાં

(૮) ના

(૯) ૧) પતિ- પત્ની વચ્ચેના સંબંધોમાં પરિવર્તન

૨) મા- બાપ અને સંતાનો વચ્ચેના સંબંધમાં પરિવર્તન

૩) આંતરપેઢીય અંતર

૪) કુટુંબમાં વિઘટનની પ્રક્રિયા વિકસી છે.

૫) નાના સંયુક્ત કુટુંબો વિકસી રહ્યા છે.

એકમ ૬

# જ્ઞાતિસંસ્થાનો અર્થ અને તેના લક્ષણો

## રૂપરેખા


૬.૧ ઉદ્દેશો

૬.૨ પ્રસ્તાવના

૬.૩ જ્ઞાતિનો અર્થ

૬.૪ જ્ઞાતિ સંસ્થાના લક્ષણો

૬.૪.૧ હિંદુ સમાજનું જુદા જુદા ખંડોમાં વિભાજન

(એ) વંશપરંપરાગત

(બી) જ્ઞાતિપંચ

(સી) સંસ્કૃતિ

૬.૪.૨ કોટિક્રમ

૬.૪.૩ ખાનપાન અને સામાજિક વ્યવહાર અંગેના પ્રતિબંધો

૬.૪.૪ નાગરિક તથા ધાર્મિક અસમસ્યાઓ

૬.૪.૫ ધંધાની પસંદગી ઉપર અંકુશો

૬.૪.૬ લગ્ન પરના પ્રતિબંધો

૬.૫ ઉપસંહાર

૬.૬ તમારી પ્રગતિ ચકાસો

૬.૭ સંદર્ભસૂચિ


## ૬.૧ ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે નીચે મુજબ જાણી શકશો

- જ્ઞાતિના અર્થનું વર્ણન
- જ્ઞાતિના સમાજરચનાનું વિશ્લેષણ
- જ્ઞાતિના લક્ષણોની સમજૂતી

## ૬.૨ પ્રસ્તાવના

ભારતીય સમાજવ્યવસ્થામાં જ્ઞાતિ એક પાયાની સમાજવ્યવસ્થા તરીકે પ્રાચીન કાળથી જ હોવાનું ઐતિહાસિક માહિતી દ્વારા જણાય છે. ભારતમાં આવી જ્ઞાતિઓ ઉચ્ચ- નિમ્ન આદિ જટીલ સ્વરૂપમાં જોવા મળે છે. વૈશ્વિક સ્તરે ભારતીય સમાજમાં જટીલ જ્ઞાતિસંસ્થા સમાજના વિભિન્ન ક્ષેત્રોમાં એક અદ્વિતીય ઘટના તરીકે જોવા મળે

છે. જ્ઞાતિસંસ્થાની વ્યવસ્થામાં બ્રામણ-વાણિયા, રાજપૂત વગેરે પોતાની જ્ઞાતિનો ઉચ્ચ દરજ્જો સન્માનની સ્થિતિ પ્રાપ્ર કરે છે. જયારે વાણંદ, દરજી, સુથાર, ચમાર વગેરે જ્ઞાતિઓ પોતાને સમાજવ્યવસ્થામાં ગૌરવપૂર્વક સમાનતા દરજ્જામાં બતાવી શકતા નથી.

જ્ઞાતિસંસ્થા એ ભારતીય  સમાજમાં હિંદુ સમાજ વ્યવસ્થાની વિશિષ્ટતા છે. જે એક સંસ્થાના પ્રતીક તરીકે જોવા મળે છે. શાળા-કોલેજ, વહીવટી વ્યવસ્થા, સાંસ્કૃતિક, રાજકીય-આર્થિક –ધાર્મિક વગેરે વિભાજન ક્ષેત્રોના જ્ઞાતિ અગ્રિમ સ્થાન ધરાવે છે. ભારતના વિભાજિત યુગોમાં પરિવર્તનના પ્રવાહમાં જ્ઞાતિસંસ્થામાં પણ સમયાંતરે પરિવર્તનો આવ્યા છે. દરેક યુગમાં સમજ વ્યવસ્થામાં તથ પ્રતીજીવનના પ્રવાહોમાં સમયાંતરે પરિવર્તનો થતાં રહે છે છતાં જ્ઞાતિસંસ્થાએ આધુનિક સમયમાં પણ પોતાની ખોળખ અસ્તિત્વ ટકાવી રાખી છે. આ પરિસ્થિતિએ વર્તમાન સમાજવ્યવસ્થામાં પરિવર્તનોના પ્રવાહ સાથે વિવિધ જટિલ સમસ્યા દરેક ક્ષેત્રે સર્જાય છે.

શ્રીનિવાસના મતે જ્ઞાતિ એ એક વંશપરાપરાગત સામાન્ય રીતે એક સ્થળે રહેતુ, આંતરલગ્નો કરતું જૂથ છે. નિશ્ચિત વ્યવસાય સ્થાનિક કોટિક્રમમાં ચોકકસ દરજ્જો ધરાવે છે. જ્ઞાતિઓ વચ્ચેના સંબંધમાં નિયમન-નિયંત્રણ રૂચિ-અનુરૂચિના ખ્યાલો મુખ્ય છે. જ્ઞાતિ અનુસાર સહયોજનના વ્યવહારમાં જ્ઞાતિમાંજ વધારે જોવા મળે છે.

પ્રો. નાગલાના મતે, જ્ઞાતિ પેટાજ્ઞાતિઓમાં વિભાજિત થયેલી છે. આ પેટાજ્ઞાતિઓ અંતલગ્નના પ્રથાના એકમો છે. પેટાજ્ઞાતિના સભ્યો સમાન વ્યવસ્થાને અનુસરે છે. પેટાજ્ઞાતિઓ સમાજિક અને ધાર્મિક જીવનના એકમો છે. જે સમાન સંસ્કૃતિ ધરાવે છે. સભ્યોનાં વર્તન વ્યવહારનું નિયંત્રણ પંચાયત દ્વારા કરે છે.

કારન્ય જણાવે છે કે જ્ઞાતિએ વંશાનુગત અંતવિવાહી કોઇ એક વ્યવસ્થા સાથે પરંપરાગત સંબંધ ધરાવતું અને જ્ઞાતિઓના કોટિક્રમમાં નિશ્ચિત સ્થાન ધરાવતુ સામાન્ય રીતે સ્થાનિક જૂથ છે. જ્ઞાતિઓ વચ્ચેના સંબંધો સુચિ અને અરુચિના ખ્યાલો વડે નિયંત્રિત થાય છે. અને સહયોજિતા સામાન્ય રીતે જ્ઞાતિમાં જ થાય છે.

દૂબેના મતે જ્ઞાતિના સભ્યો સમાન સંસ્કૃતિ ધરાવે છે. આ સંસ્કૃતિ જ્ઞાતિના સભ્યોની જીવનશૈલી રચે છે. તેના આર્થિક, રાજકીય, ધાર્મિક અને સામાજિક સંગઠન વગેરેને લગતી માન્યતાઓ, મૂલ્યો અને વર્તનના નિયમોનો સમાવેશ થાય છે. જ્ઞાતિની આ સંસ્કૃતિ સામાજિક કલ્યાણની પ્રક્રિયા દ્વારા નવી પેઢીમાં હસ્તાંતરીત થતી રહે છે. જ્ઞાતિઓ નામની અંદર અને આંતરવ્યવસ્થામાં સામાજિક નિયંત્રણ અને સંઘર્ષ નિવારણના ક્રિયાતંત્રો ધરાવે છે.

ઉપરોકત મુજબ જુદા-જુદા વિચારોએ જ્ઞાતિ નો અર્થ /વ્યવસ્થામાં જુદો-જુદો છતાં સમાજિક વ્યવસ્થામાં સમાન સ્વરૂપનો પોતાનો મત દર્શાવ્યો છે.

જેના લીધે સમાજજીવનમાં, સંદેશાવ્યવહારમાં સંઘર્ષમય જીવનમાં અનેકવિધ સામાજિક-આર્થિક –રાજકીય-ધાર્મિક-સાંસ્કૃતિક ક્ષેત્રોમાં સમસ્યાઓ જટિલ સ્વરૂપે સર્જાય છે. જેની સ્પષ્ટ ચોકકસ સમજૂતી આપવી મુશ્કેલ જણાય છે.

## ૬.૩ જ્ઞાતિનો અર્થ

જ્ઞાતિ ( Caste)શબ્દ પોર્ટુગીઝ શબ્દ કાસ્ટ (Caste) માંથી ઉતરી આવ્યો છે. તેઓ અર્થ/વ્યાખ્યા આપવી ખૂબજ મુશ્કેલ જણાય છે. કારણકે, જ્ઞાતિવ્યવસ્થાના ઉદભવ-વિકાસના મૂળ ભારતીય ઇતિહાસમાં સ્પષ્ટ સ્વરૂપે જોવા મળતા નથી. આમ છતાં ભારતીય સમાજ વ્યવસ્થામાં એક જટિલ વ્યવસ્થાના ભાગરૂપે જ્ઞાતિનો અર્થ

જુદા-જુદા વિજ્ઞાનોએ આપવાનો પ્રયાસ કર્યો છે.

એ.એમ.શાહના મતે જ્ઞાતિવ્યવસ્થા એ જટિલ છે. તેના ભાગરૂપ એકમોની ચોકકસ વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. સામાન્ય રીતે જ્ઞાતિવ્યવસ્થા ખંડવિભાજન અને કોટિક્રમ એમ બે સિદ્ધાંતો દ્વારા નિયંત્રીત થાય છે. ખંડવિભાજનનો સિદ્ધાંત હિન્દુ સમાજનું અસંખ્ય જૂથો અને પેટાજૂથોમાં વિભાજન સૂચવે છે. કોટિક્રમનો સિદ્ધાંત આ જૂથ વિભાજનોની ઊંચા અને નીચા ક્રમમાં ગોઠવણી સૂચવે છે.

ઘૂર્યએ જ્ઞાતિના અભ્યાસમાં ત્રણ ગ્રંથો જેવા કે, (૧) ભારતમાં જ્ઞાતિ અને જાતિ (૨) ભારતમાં જ્ઞાતિ અને વર્ગ અને (૩) જ્ઞાતિ - માં જ્ઞાતિને સમજવા માટે ઐતિહાસિક માવનશાસ્ત્રીય અને સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષનું સંયોજન કર્યું છે. જેમા રચનાતંત્ર –સાંસ્કૃતિક –ઐતિહાસિક તુલનાત્મક-સંગ્રંથાત્મક પોર પ્રેત્વથી જ્ઞાતિનો અભ્યાસ કર્યો છે.

## ૬.૪ જ્ઞાતિ સંસ્થાના લક્ષણો

ભારતમાં જ્ઞાતિસંસ્થા પ્રાચીન કાળથી અસ્તિત્વ ધરાવે છે. તેનું સ્વરૂપ/લક્ષણો ઘણાંજ જટિલ છે. જ્ઞાતિ સંસ્થાના વિભાજન વિજ્ઞાનોએ પોતાનો મત વ્યકત કર્યો છે. છતાં સર્વસામાન્ય મત એવો જોવા મળે છે કે જ્ઞાતિ એટલે વિશિષ્ટ નામ ધરાવતું વિવિધગોત્ર-કુટુંબ-લગ્ન ભોજન માટે નિશ્ચિત નિયમો અને વ્યવસ્થા કરતું માનવજૂથ.

પ્રાચીનકાળમાં જ્ઞાતિનું જે સ્વરૂપ હતું તે મધ્યકાલીન સમાજમાં અલગ સ્વરૂપનું જોવા મળે છે. જે આજની જે અર્વાચીન અને આધુનિક સમાજવ્યવસ્થામાં જોવા મળતું નથી. એટલે કે માનવસમાજ સતત પરિવર્તનશીલ છે. જ્ઞાતિસંસ્થાના સ્વરૂપમાં ગહન પરિવર્તન આવ્યું છે.

ડાં. ધ્રૂવ એ ભારતીય સમાજની પરંપરાગત જ્ઞાતિ સંસ્થાને સમજાવવા માટે જ્ઞાતિના છ રૂઢિગત લક્ષણ નીચે મુજબના દર્શાવ્યા છે.

### ૬.૪.૧ હિંદુ સમાજનું જુદા જુદા ખંડોમાં વિભાજન

ભારતીય સમાજવ્યવસ્થાના અનેકવિધ ઘટકજૂથોને જ્ઞાતિ, પારસ્પરિક કોઇને કોઇ સ્વરૂપે જોડાયેલી છે. જે અખંડ સમુદાય તરીકે દ્રષ્ટિગોચર થાય છે. સામાન્ય રીતે હિન્દુ સમાજવ્યવસ્થામાં દરેક જ્ઞાતિ સ્વતંત્ર રીતે એક સમાજિક જૂથ તરીકે અસ્તિત્વ ધરાવે છે.

**(એ) વંશપરંપરાગત :** જ્ઞાતિનું સભ્યપદ અને દરજજો જન્મગત છે. અર્થાત હિન્દુ સમાજવ્યવસ્થામાં વ્યકિતનો જન્મ જે જ્ઞાતિમાં થયો હોય તેજ જ્ઞાતિનું સભ્યપદ અને દરજજો વંશાનુગત નિશ્ચિત થઇ જાય છે. વ્યકિત સ્વપ્રયત્નથી જ્ઞાતિઓ બદલવાની ઇચ્છા હોવા છતાં બદલી શકે નહીં. દા.ત બ્રામણ, પટેલ, વાણિયા વગેરે જ્ઞાતિઓમાં વંશ પરંપરાગત વર્તન-વ્યવહારમાં ગહન પરિવર્તનો આવેલા છે. આધુનિક સભ્યતામાં દરેક જ્ઞાતિ-સમાજના સભ્યોની જીવનશૈલી પરિવર્તનશીલ હોવા છતાં વંશ પરંપરાગત દરજજો અને જ્ઞાતિ સમાજના દરજજો જોઇને કોઈ સ્વરૂપે તેના વર્તન - વ્યવહારમાં જોવા મળે છે.

**(બી ) જ્ઞાતિપંચ :** ડાં ઘૂર્યના જણાવ્યાનુસાર દરેક જ્ઞાતિઓને પોતાની જ્ઞાતિપંચ હોય છે.

જ્ઞાતિના આંતર તેમજ બાહ્ય વર્તન-વ્યવહાર પર નિયંત્રણ રાખે છે. દરેક જ્ઞાતિ જૂથના ચોકકસ વર્તન-વ્યવહારના રિવાજો હોય છે. જેમાં ઉલ્લંઘન બદલ સજાની જોગવાઇ હતી. જ્ઞાતિના આ લક્ષણમાં વર્તમાન સમયમાં પરિવર્તન આવવાથી જ્ઞાતિપંચની સત્તા પંચાયતી રાજ હેઠળ જોવા મળે છે. એટલે કે જ્ઞાતિપંચની સત્તા સાહિત્ય વકિલોની સત્તા પ્રભુત્વ ઓછુ જોવા મળે છે.

જ્ઞાતિમાં ઉચ્ચ જ્ઞાતિના ખ્યાલના આધારે સામાજિક ભેદભાવ જોવા મળે છે. જયારે વર્ણમાં કર્મ પર આધારિત છે.

જ્ઞાતિમાં સભ્યપદ જન્મ આધારિત છે. જે આજીવન  રહે છે. જ્ઞાતિ દરજજો બદલી શકાતો નથી. જયારે વર્ણ, કર્મ,ને આધારિત છે. વર્ણવ્યવસ્થામાં પ્રાપ્ત દરજજાની રહેલી છે.

જ્ઞાતિ વ્યવસથામાં ભેદભાવ-અસમાનતા જટીલ સ્વરૂપની જોવા મળે છે. જયારે વર્ણવ્યવસ્થામાં કર્મ આધારિત સામાજિક અસમાનતા જોવા મળે છે.

જ્ઞાતિવાદને પોતાના કાર્યમાં અવ્યવસ્થા જણાય છે. તેમ જયારે ઉચ્ચ જ્ઞાતિનો અભ્યાસ કરવામાં આવશે ત્યારે સમાજનું કે જ્ઞાતિ વિભાજન સ્થાનિક હતા. આ સમજવા માટે વર્ણની રચના પૂરતી નથી. તેઓ વધુમાં જણાવે છે તેમ આ વર્ણનનું ચોકઠું કેટલું જડ છે. તે જ્ઞાતિ વચ્ચેના સર્વોપરીની હકીકતો અને તેમાં ગણાવી શકતા નથી.

ટૂંકમાં જ્ઞાતિ અને વર્ણ ભારતીય સમાજવ્યવસ્થાના જટિલ સ્વરૂપની જોવા મળે છે. જેમાં સામાજિક-ધાર્મિક ખ્યાલોના આધારે સામાજિક-આર્થિક-રાજકીય-સાંસ્કૃતિક તથા ધાર્મિક ભેદભાવો અસમાનતા, અસ્પૃશ્યતા ટકાવી રાખવા તેમજ સમસ્યા આર્થિક ભેદભાવનુ નિર્માણ કરવામાં પાયાની ભૂમિકા રહેલી જણાય છે.

**(સી) સંસ્કૃતિ :** ભારતીય સમાજોમાં દરેક જ્ઞાતિ પોતે એક આગવી સંસ્કૃતિ ધરાવે છે. જે તેની પોતાની ઓળખ છે. આ સંસ્કૃતિ અન્ય જ્ઞાતિથી અલગ તરી આવે છે. ટૂંકમાં વર્તમાન આઈ.ટી યુગના પરિવર્તનના પ્રવાહમાં પણ દરેક જ્ઞાતિએ પોતાની ઓળખ-અસ્તિત્વ —અસ્મિતા સંસ્કૃતિના સ્વરૂપે ટકાવી રાખી છે.

હિન્દુ સમાજવ્યવસ્થાના આ ઉપરોકત જ્ઞાતિના ત્રણે પાસા ખંડવિભાજનમાં જોવા મળે છે. જે દરેક જ્ઞાતિને એક સ્વતંત્ર સામાજિક એકમ બનાવે છે.

### ૬.૪.૨ કોટિશ્રમ

ભારતીય સમાજમાં સામાજિક દરજજોઓનો કોટિશ્રમ અથવા કોટિશ્રમિક વ્યવસ્થા જ્ઞાતિ સંખ્યા સાથે જોડાયેલી છે. ર્ડા. ઘૂર્યેના જણાવ્યાઅનુસાર દરેક જ્ઞાતિઓની ઉચ્ચ-નિમ્ન અંગેની એક ચોકકસ યોજના સ્વરૂપે જોવા મળે છે. આ કોટિશ્રમિક વ્યવસ્થામાં બ્રામણોને ઊંચા ગણાવ્યા છે. ર્ડા. ઘૂર્યે નોંધ છે તેમ વર્તમાન સમયમાં જ્ઞાતિનું સ્થાન ઓળખી શકાય. … ઓળખવુ મુશ્કેલ છે. જ્ઞાતિની સૈદ્ધાંતિક સર્વસામાન્ય ઓળખ જોવા મળતી નથી. ટૂંકમાં દરેક જ્ઞાતિમાં કોટિશ્રમિક વ્યવસ્થા-ઉચ્ચ અને નિમ્ન હોવા છતાં આ જ્ઞાતિ કયા સ્થાને છે તે નકકી કરવું મુશ્કેલ છે.

### ૬.૪.૩ ખાનપાન અને સામાજિક વ્યવહાર અંગેના પ્રતિબંધો

ર્ડા. ઘૂર્યેના જણાવ્યાઅનુસાર ખાનપાન અને સામાજિક વ્યવહાર અંગેના પ્રતિબંધો અર્થાત જ્ઞાતિ-જ્ઞાતિઓ, વચ્ચે શુદ્ધિ-અશુદ્ધિના ખ્યાલો પ્રવર્તે છે. જુદી જ્ઞાતિઓ

વચ્ચે આ અંગેના ખ્યાલોમાં વિભિન્નતા પ્રવર્તે છે. જેમાં ઝીણવટભર્યા નિયમો જેવા કે લોકરીતિ-લોકનિતી અને સામાજિક ધોરણો પ્રવર્તે છે. આ સંબંધો ખાવાપીવાના સંબંધો અને સામાજિક વ્યવહારોમાં જોવા મળે છે. દા.ત ઉચ્ચ-જ્ઞાતિ-નીચી જ્ઞાતિ વચ્ચે, બ્રામણ-ચમાર વચ્ચે વગેરે.

### ૬.૪.૪ નાગરિક તથા ધાર્મિક અસમાનતાઓ

ભારતીય સમાજવ્યવસ્થામાં દરેક જ્ઞાતિઓની જીવનશૈલીના ધારા-ધોરણોમાં વિભિન્નતા જોવા મળે છે. દરેક જ્ઞાતિના રીત-રિવાજો, સામાજિક ધોરણોમાં ચોકકસ પ્રકારના શુદ્ધિ –અશુદ્ધિ/પવિત્ર-અપવિત્રતાના ખ્યાલો પ્રવર્તે છે. જેના ફલસ્વરૂપ સમાજમાં કોટિશ્રમિક સામાજિક વ્યવસ્થા નિર્માણ થયેલી છે. આ કોટિશ્રમિક વ્યવસ્થામાં ઉચ્ચ-જ્ઞાતિઓ વિશેષઅધિકારો ભોગવે છે. સારી નિમ્ન ગણાતી જ્ઞાતિઓ પ્રાથમિક મુજબના નાગરિક –ધાર્મિક અધિકારોથી વંચિત હોય એવી સ્થિતિ અને અસમાનતા દૂર કરવા ભારતના બંધારણમાં બંધારણીય જોગવાઇઓ-કાયદા હોવા છતાં તે ઘણા કિસ્સામાં વંચિત રહી જાય છે.

### ૬.૪.૫ ધંધાની પસંદગી ઉપર અંકુશો

ભારતીય સમાજમાં જ્ઞાતિ એક સામાજિક એકમ હોવાથી તે પોતાના નિયમો થકી અમલમાં મૂકે છે. જ્ઞાતિના સભ્યોને અંકુશમાં રાખવા જ્ઞાતિમય જીવનશૈલી માટે ચોકકસ પ્રકારના ધોરણો અપનાવે છે. આ ધોરણોના ભંગ બદલ દંડની જોગવાઇઓ કરેલી હોય છે. જ્ઞાતિના સભયોને નિયંત્રણમાં રાખવા ધર્મશાસ્ત્રનો મહત્વનો ભાગ રહયો છે. કેટલીક જ્ઞાતિઓ ધંધા આધારિત ઓળખ ધરાવે છે. દા.ત સોની, લુહાર, કડિયા, સુથાર, વગેરે.

### ૬.૪.૬ લગ્ન પરના પ્રતિબંધો

જ્ઞાતિના ઉદ્‌ભવ વિકાસ સાથે પોતાની જ્ઞાતિમાં જ લગ્ન કરવાનો નિયમ પ્રચલિત થયો હોવાનું જણાય છે. લગ્ન અંગે જ્ઞાતિઓમાં વિવિધ પ્રકારના નિયમો જોવા મળે છે. વેસ્ટમાર્કમાં મતે આંતર જાતિય લગ્ન પ્રથા જ્ઞાતિસમાજ જ્ઞાતિવ્યવસ્થાના હાર્દ (Essence) તરીકે ઓળખાય છે. ઘૂર્યે આ અંતલગ્નના આ નિયમને કુલીન લગ્નપ્રથાના કારણે કેટલાક અપવાદો હોવાનું જણાવે છે. દા.ત કાલબારમાં નાબુદ્રી અને અન્ય બ્રામણોના નાના પુત્રો ક્ષત્રિય તથા નાયર માતૃસત્તાક કુટુંબોની સ્ત્રીઓ સાથે લગ્ન કરી શકે છે.

## ૬.૫ ઉપસંહાર

ભારતીય સમાજમાં જ્ઞાતિ એક મહત્વની સામાજિક સંસ્થા છે. પ્રાચીનકાળથી જ તે એક પાયાની સામાજિક વ્યવસ્થા તરીકે રહેલી છે. જ્ઞાતિઓ વચ્ચે ઉચ્ચ-નિમ્ન, પવિત્ર-અપવિત્ર, માન-અપમાન અંગે જટિલ સ્વરૂપો જોવા મળે છે. આ જ્ઞાતિઓએ વર્તમાન પરિવર્તનના પ્રવાહમાં પણ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે.

જ્ઞાતિના અર્થની સમજૂતી જુદા-જુદા વિજ્ઞાનીઓએ આપી છે. જેમાં જ્ઞાતિનો ઉદભવ-વિકાસ, ખંડવિભજન,કોટિશ્રમ, વંશ, સંસ્કૃતિ, સામાજિક-આર્થિક-રાજકીય-ધાર્મિક વગેરે જીવનશૈલી તેમજ સામાજિકણની પ્રક્રિયા સમજૂતી આપી છે.

ડૉ. ઘૂર્યએ જ્ઞાતિના પરંપરાગત લક્ષણો જેવા કે હિન્દુ સમાજનું જુદા-જુદા ખંડોમાં વિભાજન, વંશપરંપરાગત-જ્ઞાતિપંચ-સંસ્કૃતિ, કોટિશ્રમ, ખાનપાન અને સામાજિક વ્યવહાર અંગેના પ્રતિબંધો, નાગરિક તથા ધાર્મિક રિવાજો, ધંધાની પસંદગી ઉપર અંકુશો, લગ્ન પ્રથા પ્રતિબંધો વગેરેની સમજૂતી આપી છે. ટૂંકમાં ભારતીય સમાજવ્યવસ્થા જ્ઞાતિસંસ્થાની મહત્વની ભૂમિકા રહેલી છે. તેની ચર્ચા કરવામાં આવી છે.

## ૬.૬ તમારી પ્રગતિ ચકાસો

(૧) જ્ઞાતિનો અર્થ સ્પષ્ટ કરો.

(૨) જ્ઞાતિસંસ્થાના લક્ષણો સમજાવો.

(૩) વર્ણ એટલે શું ?

(૪) જ્ઞાતિ અને વર્ણવ્યવસ્થા સમજાવો.

★ **જ્ઞાતિ અને વર્ણવ્યવસ્થા :** ભારતીય સમાજવ્યવસ્થામાં વ્યકિત-વ્યકિત, કુટુંબ-કુટુંબ, સમાજ-સમાજ વચ્ચેના સામાજિક વર્ણવ્યવસ્થા તેમજ સામાજિક સંબંધોમાં સમગ્ર સમાજોમાં ભેદભાવ-અસમાનતા, ઉચ્ચ-નિમ્ના ખ્યાલો સ્પષ્ટ સ્વરૂપ ...થાય છે. જેમા જ્ઞાતિ અને વર્ણવ્યવસ્થાની મુખ્ય ભૂમિકા રહેલી છે.

જ્ઞાતિએ પર્ટુગીઝ ભાષાના **Caste** શબ્દ પરથી આવી છે. ઇ.સ ૧૫૬૩ ના અરસામાં આ શબ્દ પ્રચલિત બનેલો જણાય છે. જેની વંશ, જાતિના લોકોમાં પ્રવર્તીય છે. પોર્ટુગીઝોએ હિન્દુ લોકોને પરંપરાગત વ્યવસાય, ઉચ્ચ-નિમ્નના ભેદભાવ, ખાનપાન/વ્યવહારમાં વિભેદેકરણ વગેરેના સંદર્ભમાં **Caste** શબ્દ ઉપયોગ કર્યો હોવાનું જણાય છે.

વર્ણવ્યવસ્થાનો ઉલ્લેખ ઋગવેદમાં જોવા મળે છે. ઋગવેદમાં બ્રામણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર ચાર વર્ણો હતા. સમાજવ્યવસ્થાના કાર્યોના અર્થમાં સ્પષ્ટ સ્વરૂપે રજૂ કરે છે. વર્ણનો અર્થ સામાનય રૂપે રંગ અથવા વર્ગ કરવામાં આવે છે. પ્રિ એટલે પસંદ કરવું પરથી વર્ણની પસંદગીમાં વર્ણ શબ્દ આવ્યો હશે. ઋગવેદમાં વર્ણ શબ્દ આર્યો (શ્વેત) અને આચાર્ય (શ્યામ) વચ્ચે ભેદ દર્શાવવા વર્ણ શબ્દ આવ્યો હશે.

ભારતમાં જ્ઞાતિવ્યવસ્થા '' બંધસમાજ'' અને વર્ણવ્યવસ્થા કાર્યો આધારિત ખુલ્લા સમાજનો ઉચ્ચ-નિમ્ન ભેદભાવ સાથે સમગ્ર માનવસમાજમાં જટિલ સ્વરૂપની જોવા મળે છે. આ બંને વચ્ચે અપવાદ બાદ કરતા નીચે મુજબના તફાવતો જોવા મળે છે.

જ્ઞાતિઓ અનુવેદિક યુગના અંતભાગમાં ઉદભવી હોય તેમ જણાય છે.જયારે વર્ણો વૈદિક કાળમાં ઉદભવ્યા હોય તેવુ જણાય છે.

## ૬.૭ સંદર્ભસૂચિ

- ઘુર્યે જી. એસ., (૨૦૧૭), ''ભારતમે જાતિ એવં પ્રજાતિ'', સાગે પબ્લીકેશન, દિલ્હી.
- શાહ એ. જી. અને દવે જે. કે., ''ભારતની સામાજિક સાંસ્થાઓ'', અનડા પ્રકાશન, અમદાવાદ.
- શાહ એ. જી. અને દવે જે. કે., ''આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન'', અનડા પ્રકાશન, અમદાવાદ.

- પટેલ તારાબેન, ''ભારતીય સમાજવ્યવસ્થા'', ગુજરાત યુનિવર્સીટી પ્રકાશન, અમદાવાદ.
- લવાનીયા એમ. એન., (૧૯૯૦), ''સમાજશાસ્ત્ર'', રિસર્ચ પબ્લીકેશન, જયપુર.

# એકમ ૭ રાજ્ય સંસ્થાનો અર્થ અને તેનાં લક્ષણો, રાજ્યનાં કાર્યો

## રૂપરેખા


૭.૦ ઉદ્દેશો

૭.૧ પ્રસ્તાવના

૭.૨ રાજ્ય સંસ્થાનો અર્થ

૭.૩ રાજ્ય સંસ્થાનાં લક્ષણો

- ૭.૩.૧ વસ્તી
- ૭.૩.૨ ભૌગોલિક પ્રદેશ
- ૭.૩.૩ સરકાર
- ૭.૩.૪ સાર્વભૌમત્વ
- ૭.૩.૫ રાજ્યના નાગરિકોને મળતા અધિકારો
- ૭.૩.૬ નાગરિકો ઉપર નિયંત્રણ

૭.૪ રાજ્યનાં કાર્યો

૭.૫ ઉપસંહાર

૭.૬ સંદર્ભસૂચિ


## ૭.૦ ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ-વાચન પછી, નીચે મુજબની સમજૂતી મેળવી શકશો.

- રાજ્ય સંસ્થાનો અર્થ
- રાજ્ય સંખ્યાનાં લક્ષણો
- રાજ્યનાં કાર્યો

## ૭.૧ પ્રસ્તાવના

આધુનિક ભારતમાં સામાજિક વ્યવસ્થાના માળખાકીય પાસામાં રાજ્ય સંસ્થા પાયાની સંસ્થા ગણાવી શકાય. સામાજિક સંસ્થા તરીકે રાજ્ય સંસ્થામાં ભારતીય રાષ્ટ્ર પ્રત્યેની રાષ્ટ્રીય ક્ષેત્રે રાજકારણમાં રાષ્ટ્રીયતા અને રાષ્ટ્રવાદની ભાવના પાયાની ...... બળ તરીકે કાર્ય કરે છે. આંગણીશયી સહીના યુરોપના રાજકારણમાં અને રાજકીય ઉત્થાનમાં આ ભાવના એ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. વીસમી સદીમાં પણ પ્રબળ

ભાવનાઓ અને બળોએ એશિયા અને આફ્રિકાના અનેક પછાત દેશોમાં રાજકીય જાગૃતિ અને સ્વાતંત્રની હવા પેદા થવામાં ફાળો નોંધાવ્યો છે. જેની અસરના સ્વરૂપે, સદીઓથી ગુલામી તથા પરાધીન બનેલા ભારતની દેશની સ્વતંત્રતાનું પ્રેરકબળ આ રાષ્ટ્રીયતાની ભાવના હતું.

રાજ્ય અને રાષ્ટ્ર બંને ભિન્ન બળો છે. રાષ્ટ્ર-રાજ્ય બંન્ને રાષ્ટ્રીય ભાવનાથી પ્રજાજનોમાં સ્વતંત્રતાનો ખ્યાલ નિર્માણ થાય છે. આથી, દરેક રાષ્ટ્રને પોતાનું રાજ્ય હોવું જોઈએ એવો ખ્યાલનો જન્મ થયો. જેના પરિણામે અન્ય રાષ્ટ્રની પ્રજાએ ગુલામીમાંથી મુકત થવા અનેક પ્રયત્ન કર્યા, જેમાં રાષ્ટ્રવાદ – રાષ્ટ્રભાવનાનો ખ્યાલ જોવા મળે છે. ભારતના સ્વતંત્રય આંદોલનમાં પણ રાષ્ટ્રવાદ એક બળ હતું. અંગ્રેજ અમલમાં અન્યાય અને અપમાનને કારણે પ્રજાજનોમાં જાગૃતિ આવી. જેમાં અન્ય પરિબળો, સમાન કાનૂની અને ન્યાયવ્યવસ્થા, અંગ્રેજી કેળવણી, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહારના સાધનો, વર્તમાનપત્રો, સમાજસુધારકો, રાજકીય નેતાઓની વિચારધારાઓએ રાષ્ટ્રવાદ રાજ્ય સંસ્થાનું નિર્માણ કર્યું છે.

પૂર્વમાન સામાજિક પરિવર્તનના પ્રવાહમાં રાજ્ય સંસ્થા સમગ્ર માનવસમાજના એક એકમ તરીકે ગણાવી શકાય. માનવસમાજના માનવીઓ વચ્ચેના સંબંધો, તેમજ માનવ-જૂથ, જૂથ–સમાજ, સમાજરાજ્ય, રાજ્ય-રાષ્ટ્ર વગેરે વચ્ચેના સામાજિક સાર્વજિક રાજકીય ક્ષેત્રેના સંબંધો જીવનશૈલી સાથે છે. જેમાં રાજ્ય સંખ્યા સામાજિક જીવનમાં સામાજિક નિયંત્રણ માટે મહત્ત્વની સામાજિક સંસ્થા ગણાવી શકાય. માનવ સંર્વધન પર તેની ગહન અસરો થયેલી જોવા મળે છે. રાજ્ય સંસ્થાના અભ્યાસ ક્ષેત્રમાં માનવસંર્વધનમાંથી ઉદ્ભવતી સામાજિક ઘટનાઓ સમાજજીવનના સામાજિક પાસાઓનો વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુથી અભ્યાસ કરે છે.

## ૭.૨ રાજ્ય સંસ્થાનો અર્થ

આધુનિક સમાજવ્યવસ્થામાં રાજ્ય સંસ્થાને સમાજવ્યવસ્થાની પાયારૂપ કડી ગણાવી શકાય. શરૂઆતમાં રાજ્ય માટે પોલીસ શબ્દનો પ્રયોગ કરવામાં આવતો હતો. ત્યારબાદ સ્ટેટસ (Status)શબ્દનો ઉપયોગ થયો. સમાંયતરે મેકયાવેલીએ રાજ્ય (State) શબ્દ આપ્યો છે.

રાજ્ય એટલે કાયદાના શાસન હેઠળ એક ચોક્કસ પ્રદેશમાં વ્યવસ્થિત રીતે રહેતાં – રહેનારાં લોકો, ચોક્કસ પ્રદેશમાં રહેતા લોકો કે કુટુંબો કે નાગરિકો, જેઓ અંકુશથી મુક્ત હોય છે. જયાં બીજી કોઈ બહારની સત્તાનું વર્ચસ્વ હોતું નથી અને તંત્ર ચલાવવા માટે જયાં સાર્વભૌમ સરકાર હોય છે, તેને રાજ્ય કહેવામાં આવે છે. એટલે કે રાજ્યમાં પ્રજા, પ્રદેશ સરકાર સાર્વભૌમત્વનાં લક્ષણોનો સમાવેશ થયેલો હોય છે, જેમાં ભારતીય બંધારણ અનુસાર રાજ્યની આંતરિક વ્યવસ્થા કરેલી હોય છે.

સરકારના ખ્યાલ કરતાં રાજ્યનો ખ્યાલ વધુ વ્યાપક છે. જેમના ઉપર શાસન કરવામાં આવે છે તેવા લોકો અને સરકાર એ બંનેનો (શાસક અને શાસિત) સમાવેશ રાજ્યમાં થાય છે.

જહોનસન રાજ્યનો ખ્યાલ સ્પષ્ટ કરતાં લખે છે કે – પોતપોતાના સામાજિક સ્થાન સાથે નિશ્ચિત ક્ષેત્રમાં સાર્વભૌમ સરકારના સભ્યો તરીકે રહેતી વ્યક્તિઓ અથવા નાગરિકો અથવા પ્રજાનો રાજ્યમાં સમાવેશ થાય છે.

રાજ્યમાં મોટાભાગે અન્ય રાજ્યના લોકોનો પણ સમાવેશ થાય છે. રાષ્ટ્રીય રાજ્ય (National Act) અસ્તિત્વમાં આવતાં સ્વતંત્રતા છીનવાઈ ન જાય તે માટે

રાષ્ટ્રીય ભાવના પ્રબળ પ્રતિભાવ વ્યક્ત કરે છે. આમ છતાં, જો સ્વતંત્રતા છીનવાઈ જાય તો રાષ્ટ્રની પુનઃસ્થાપના માટે રાષ્ટ્રીય ભાવના શક્તિશાળી પરિબળ બને છે. આઈરીશ અને પોલ આ ઘટનાના આધુનિક ઉદાહરણો છે.

જહોનસનના મતે – રાજ્યમાં સરકારનો તેમજ નાગરિકો અથવા પોતાની ભૂમિકા સાથેની પ્રજાનો પણ સમાવેશ થાય છે. સરકારના સ્વરૂપ વિશે અથવા પ્રચલિત રાજકીય સંસ્થા વિશે લોકોની નિષ્ઠા લોકોને અમુક રાષ્ટ્રમાં બાંધતુ મજબૂત બંધન છે; પરંતુ, કોઈ ને કોઈ વખત એક રાષ્ટ્રના લોકો સમાન સ્વતંત્ર સરકારની ....... સહમત હોવા છતાં સરકારના સ્વરૂપ વિશેની બાબતમાં અલગ-અલગ મત ધરાવતા હોય છે. આ કારણથી જ જર્મનીમાં ૧૯૧૮ની ક્રાંતિ પછી જર્મન રાજ્ય અને જર્મન રાષ્ટ્ર એ બંને વચ્ચેનો ભેદ પાડવાનું જરૂરી બન્યું હતું. બીજા વિશ્વયુદ્ધ પહેલાં ફ્રાંસની સ્થિતિ પણ આવી જ હતી.

માહત્મા ગાંધીજીના મતે – વ્યક્તિ અધિકારો અને મૂલ્યોનું કેન્દ્ર છે. રાજ્ય અને સરકારોના અસ્તિત્વ તથા અધિકારો પણ વ્યક્તિ પર જ નિર્ભર છે. આમ, અનુકૂળ કાનૂન લાગૂ પાડવા શોષણ નાબૂદ કરવું, સુરક્ષા, શાંતિ તથા પ્રગતિનો માર્ગ દર્શાવી વ્યક્તિનો વિકાસ કરવો એ જ આપણું લક્ષ્ય હોવું જોઈએ. રાજ્યે હંમેશા જનતાના સેવકની જેમ વ્યવહાર કરવો જોઈએ, સ્વામીની જેમ નહીં.

જનતાએ પણ સ્પષ્ટ ધ્યાનમાં રાખવું જોઈએ કે, તેના સહયોગ વગર રાજ્યનું એક ક્ષણ પણ અસ્તિત્વ શક્ય નથી. આ વિચારના બંને પક્ષ છે. જનતાએ જનકલ્યાણ સંબંધી રાજ્યના બધાં કામોમાં મંગલકારી કાયદાઓના સંરક્ષણ, પાલન તથા પોતાની અંતિમ આહુતિ આપીને પણ દેશની રક્ષા કરવા આવે. બધાં જ કર્તવ્યોનું પાલન કરીને વ્યક્તિનું પોતાનું કલ્યાણ થાય છે. જયારે વ્યક્તિ બીજા માટે પોતાની સુખ-સુવિધાનો ત્યાગ કરે છે, તો તે પોતાના વ્યકિત્વનો જ વિકાસ કરે છે. અને પછી અંતે પરમાર્થ સુધી જાય છે.

ડૉ. આંબેડકરના મતે, રાજ્ય અને સમાજમાં કેટલીક બાબતો સમાન છે. સામાન્ય રીતે જે લોકો સમાજની રચના કરે છે, તેઓ રાજ્યના પણ સભ્ય હોય છે. જેઓ બીજા સભ્યો પર ચોક્કસ રીતે વર્તન કરવા માટે ફરજ પાડે છે. આ સમાનતાઓ હોવા છતાં બંનેમાં તફાવત છે. રાજ્યની શક્તિનો પ્રયોગ કાયદાના અનુદાનના આધાર પર અને સમાજ તેનો પ્રયોગ ધાર્મિક તથા સામાજિક અનુમોદનનાં આધાર પર છે. આ રીતે પ્રત્યેક વ્યક્તિ જે સમાજનો સભ્ય છે તે જરૂરી નથી કે રાજ્યનો પણ સભ્ય હોય. જો વ્યક્તિ રાજ્યો સભ્ય છે કે નાગરિક છે. તો તેને રાજ્યથી કેટલોક લાભ મળે છે. તેને રાજ્ય પાસેથી કેટલાંક અધિકાર અને સુવિધાઓ પણ મળે છે. તેણે રાજ્ય પ્રત્યે કેટલાંક કર્તવ્યો નિભાવવાના હોય છે; પરંતુ, તે જે રાજ્યમાં રહે છે અને તે રાજ્યનો નાગરિક નથી, તેને નાગરિકતાનો લાભ મળતો નથી.

આંબેડકર રાષ્ટ્ર અને વ્યક્તિની વચ્ચે સામજસ્યનાં પક્ષમાં હતા. કારણ કે તેમનો સિદ્ધાંત હતો કે સર્વ અધિકાર મળી જવાથી રાજ્ય વ્યક્તિનાં અધિકારો પર (અતિક્રમણ) કરશે. જેથી, વ્યક્તિની સ્વતંત્રતાને હાનિ પહોંચશે. અને સ્વંતત્રતાના અભાવમાં વ્યક્તિનો સ્વાભાવિક વિકાસ અવરોધાશે અંતે, સામાજિક પ્રગતિમાં બાધા પહોંચશે.

ટૂંકમાં, રાષ્ટ્ર-સંસ્થા માનવસમાજની સામાજિક સંસ્થા તરીકે સમાજ-વ્યવસ્થાની પાયાની સામાજિક સંસ્થા છે. રાજ્ય સામાન્ય જે તે કાયદાના શાસન હેઠળ ચોક્કસ પ્રદેશમાં વસવાટ કરતા લોકો, જે અંકુશથી મુકત હોય છે. આ રાજ્ય-સંસ્થાના અર્થની ચર્ચાના આધારે તેનાં કેટલાંક લક્ષણો નીચે મુજબ દર્શાવાયા છેઃ

## ૭.૩ રાજ્યસંસ્થાનાં લક્ષણો

માનવસમાજમાં રાજ્ય બધી જ સામાજિક સંસ્થાઓ તેમજ સ્વૈચ્છિક મંડળો ઉપર સત્તા ભોગવે છે. રાજ્ય સંસ્થાનું સૌથી વધારે મહત્ત્વનું લક્ષણ એ છે કે તે વ્યક્તિ ઉપર હિંસક બળ વાપરવાનો અમર્યાદિત અને અંતિમ ઈજાર –સત્તા ભોગવે છે. આ દ્રષ્ટિએ રાજ્યની દંડ કરવાની શક્તિ અનિયંત્રિત છે. જેના દ્વારા તે સમાજ-વ્યવસ્થામાં ફરજિયાત સામાજિક નિયંત્રણની એક વ્યવસ્થાનું કાર્ય કરે છે. સામાન્ય રીતે તે શારીરિક બળના ઉપયોગ દ્વારા પોતાના ધોરણોનું અનિવાર્ય રીતે પાલન કરવાની અપેક્ષા રાખે છે. માનવ સમાજન દરેક નાગરિકોએ રાજના નિયમોનું હાકારાત્મક પાલન કરવાનું છે. તેવી રીતે જ રાજ્યના નિયમોનો ભંગ કરીને તેની સજા ભોગવી હોય તો તે નકારાત્મક પાલન તરીકે ઓળખાવી શકાય. સામાજિક સંસ્થા તરીકે ઓળખાવી શકાય. સામાજિક સંસ્થા તરીકે સમાજવ્યવસ્થામાં મહત્ત્વની ભૂમિકા રહેલી છે. રાજ્યની વ્યવસ્થા ગર્વનરે આપી છે તેના આધારે તેની લાક્ષણિકતાઓ નીચે મુજબ દર્શાવી છે.

### ૭.૩.૧ વસ્તી

રાજ્ય માનવ-વસ્તીને ધ્યાનમાં રાખી તેમની પ્રાથમિક નાગરિક તરીકેની જરૂરિયાતો સંતોષવાનું તેમજ તેઓની નાગરિક તરીકેના અધિકારોનું રક્ષણ કરવાનું છે. ભારતીય બંધારણ અનુસાર રાજ્ય આ મુખ્ય કાર્ય ગણાવી શકાય કે વસ્તીએ રાજ્યનું અનિવાર્ય અંગ છે, જેના વગર રાજ્ય સંસ્થાની કલ્પના પણ કરી શકાતી નથી. દરેક રાજ્ય તેની પ્રાદેશિકતા અનુસાર સર્વ-સામાન્ય ધોરઅમલમાં મૂકતી હોય છે. જેનું પાલન રાજ્યના દરકે નાગરિક કરે તેવી રાજ્ય અપેક્ષા રાખે છે. આ અંગે સર્વસામાન્ય સિદ્ધાંતો તારવી શકાતા નથી. કારણકે રાજ્યના દરેક પ્રદેશની અન્ય પરિસ્થિતિ ઉપર તેનો આધાર રહેલો હોય છે. ટૂંકમાં, વસ્તી ઉપર જે તે ભૌગોલિક પરિસ્થતિની અસરો હોય છે. જેના આધારે દરેક રાજ્યે સામાજિક વ્યવસ્થાનું કાર્ય કરવાનું હોય છે. એટલે કે વસતી એ રાજ્યનું અનિવાર્ય અંગ છે, જેના વગર રાજ્યનું અસ્તિત્વ સંભવી શકશે નહી.

### ૭.૩.૨ ભૌગોલિક પ્રદેશ

દરેક રાજ્યની ચોક્કસ –નિશ્ચિત ભૌગોલિક પ્રદેશમાં પ્રાદેશિક સીમા હોય છે. નિશ્ચિત ભૌગોલિક પ્રાદેશિક સીમામાં વસવાટ કરતા લોકો ઉપર રાજ્ય પોતે અધિકાર અને સત્તા ભોગવે છે. સામાન્ય રીતે વસવાટ કરતા લોકો પોતાની સુરક્ષા અનુકૂળ જીવનશૈલીના આધારે સમાજ વ્યવસ્થા નિર્માણ કરતા હોય છે. પ્રાદેશિક વિસ્તારોની ચોક્કસતા વગર રાજ્યની સત્તાના અમલમાં દ્વિધાઓ ઊભી થવા પામે છે. આથી, ચોક્કસ પ્રદેશ રાજ્યનું વસ્તીના જેટલું જ અનિવાર્ય અંગ છે.

### ૭.૩.૩ સરકાર

રાજ્ય સંસ્થાની એક સંસ્થા-સંકુલ છે. જે રાજ્યના નિયમોના અમલ દ્વારા માનવ સમાજમાં તેનું નિયંત્રણ નિયમન ઔપચારિક અને શારીરિક –મિલીટરી તાકાત દ્વારા કરે છે. રાજ્યવ્યવસ્થાનું સંચાલન કરવા માટે રાજ્ય ઔપચારિક ધોરણો કે સરકારનું તંત્ર ચલાવવા માટે તેને પોતાની અમલદારશાહી હોય છે.

### ૭.૩.૪ સાર્વભૌમત્વ

રાજ્ય સંસ્થા સર્વશક્તિમાન સંગઠન છે. તેના ઉપર અન્ય કોઈપણ સત્તા નિયંત્રણ છે. તેના ઉપર અન્ય કોઈપણ સત્તા નિયંત્રણ રાખી શકતી નથી. રાજ્ય બંધારણીય જોગવાઈ અનુસાર રાજ્યમાં વસવાટ કરતા નાગરિકો ઉપર સર્વોપરી સત્તા ભોગવે છે. દરેક રાજ્ય પોતાની ક્ષેત્રમર્યાદામાં અંતિમ નિયંત્રક બળ છે. એટલે કે રાજ્ય સાર્વભૌમત્વનું લક્ષણ ધરાવે છે. આ સાર્વભૌમત્વનું લક્ષણ સરકાર દ્વારા રાજ્યની ઈચ્છાઓ નિયમો, અને આકાંક્ષાઓને મૂર્ત સ્વરૂપ આપે છે.

### ૭.૩.૫ રાજ્યના નાગરિકોને મળતા અધિકારો

રાજ્યની બધી જ પ્રજા અને નાગરિકો રાજ્યનાં સભ્યો હોય છે, તેઓને રાજ્ય તરફથી નાગરિક તરીકેના અધિકારો મળે છે. આ અધિકારો રાજ્યના સભ્ય ન હોય તેવા કે આ ક્ષેત્રમાં રહેલી વિદેશી વ્યક્તિઓને મળતા નથી. જયારે અન્ય દેશોનું રાજનૈતિક પ્રતિનિધિત્વ ધરાવતી કેટલીક વ્યક્તિઓને જે અધિકારો અને સગવડો આપવામાં આવે છે તેવા અધિકારો રાજ્યના નાગરિકોને આપવામાં આવતા નથી.

### ૭.૩.૬ નાગરિકો ઉપર નિયંત્રણ

રાજ્ય સામાન્ય રીતે દરેક નાગરિક, પ્રજા તેમજ વિદેશીઓના રાજ્યના ક્ષેત્રમાં કરવામાં આવતાં કાર્યો ઉપર ઔદ્યોગિક રીતે સરકારનું નિયંત્રણ રહે છે. એટલું જ નહીં; પરંતુ, વિદેશમાં રહેતા હોય તેવા પોતાના નાગરિકો પર પણ રાજ્ય સરકારનું તેમના પર ઘણું જ નિયંત્રણ રહે છે. સરકાર ઈચ્છે તો તેમની નાગરિકતા પાછી લઈ શકે છે. તેઓની મિલકત પણ જપ્ત કરી શકે છે. તેમના સત્તાઓને ગિરફતાર કરવાની સત્તા પણ ધરાવે છે. આ ઉપરાંત જે તે રાજ્ય પોતાના રાજ્યના ક્ષેત્રમાં પ્રવેશવાની મનાઈ પણ ફરમાવી શકે છે.

ટૂંકમાં, રાજ્ય સંસ્થામાં શાસક અને શાસિત એમ બંનનો સમાવેશ થાય છે. રાજ્યની નિશ્ચિત ભૌગોલિક ક્ષેત્રમાં વસતા નાગરિકોએ રાજ્ય સરકારના નિયમોનું ફરજિયાત પાલન કરવું પડે છે. રાજ્ય સરકારે નિયમોના ભંગ બદલ સજા કરવા દંડ તેમજ બંનેની જોગવાઈ કરેલી હોય છે. આ દ્વારા જે તે રાજ્ય સમાજવ્યવસ્થામાં નિયંત્રણનું કાર્ય કરે છે. ગર્વનરના જણાવ્યાનુસાર; રાજ્ય વસ્તી, ચોક્કસ ભૌગોલિક પ્રદેશ, સરકાર અને સાર્વભૌમત્વના લક્ષણો રાજ્ય સંસ્થા ધરાવે છે.

## ૭.૪ રાજ્યનાં કાર્યો

રાજ્ય સંસ્થા માનવસમાજાનાં સામાજિક વ્યવસ્થા જાળવવા માટે કાર્ય કરે છે. આમ છતાં, રાજ્યના સર્વસામાન્ય કાર્યો અંગેનો સામાન્ય શિક્ષિત પ્રસ્થાપિત કરવો મુશ્કેલ છે. અથવા રાજ્યના કાર્યો વિશે સંપૂર્ણ અને ચોક્કસ માહિતી આપી શકાતી નથી. કારણ કે ભૌગોલિક પ્રદેશ અનુસાર દરેકે દરેક રાજ્યોની ભિન્ન-ભિન્ન પ્રદેશોની સામાજિક-સાંસ્કૃતિક-આર્થિક-ભૌગોલિક પરિસ્થિતિમાં ભિન્નતા રહેલી છે. આ સમગ્ર પરિસ્થિતિઓમાં જે તે રાજ્યોની નાગરિકોની પ્રાથમિક જરૂરિયાતો, રાજ્યોની આકાંક્ષાઓ વગેરે બાબતોને ધ્યાનમાં રાખી કાર્યો કરતા હોય છે. આમ છતાં, રાજ્ય પોતાની સાર્વભૌમ સત્તાને કારણે કેટલાંક કાર્યો જેવા કે, કાયદો અને વ્યવસ્થા જાળવવી, ગુનેગારોને શિક્ષા કરવી, આંતરિક અને બાહ્ય દુશ્મનોથી રક્ષણ કરવું વગેરે અસરકારક જણાય છે. આ ઉપરાંત રાજ્યના અન્ય કાર્યો નીચે મુજબના છેઃ

૧. રાજ્ય માનવસમાજમાં રીત-રિવાજો, રૂઢિઓ, લોકાચાર,ધર્મ, નીતિ વગેરે સમાજજીવનશૈલીમાં વિકાસમાં અવરોધક પરિસ્થિતિમાં સામાજિક નિયંત્રણનું કાર્ય કરે છે.

૨. વિકસિત અને જટિલ સમાજમાં સામાજિક નિયંત્રણ માટે સામાજિક-આર્થિક જીવનના વિવિધ ક્ષેત્રોમાં રાજ્ય હસ્તક્ષેત્ર કરી સુરક્ષાનું કાર્ય કરે છે.

૩. રાજ્ય લોકશાહીના ધોરણે રાજ્યના નાગરિકોની જરૂરિયાતો-આકાંક્ષાઓ સંતોષવાનું કાર્ય કરે છે.

૪. માનવસમાજના દરેક સમુદાયના નાગરિકોને પ્રાથમિક નાગરિક સુવિધા આપવાની ખાતરી રાજ્ય આપી શકે છે.

૫. રાજ્ય સમાજના જુદાં-જુદાં શાંતિ જૂથો-સમાજો વચ્ચેના સંબંધોનું તેમના રોજ અને પરસ્પરના અધિકારોનું નિયંત્રણ તેનું સુગ્રંથન કરે છે. જેના ફલસ્વરૂપ સમાજમાં વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મહત્ત્વનું કાર્ય કરે છે.

૬. રાજ્ય ભારતીય બંધારણના કાયદા થકી દરેક વ્યક્તિને સમાન ન્યાય મળે, સમાજ-નાગરિક અધિકારો તેમજ તકો મળી રહે તે માટે રાજ્ય અનિવાર્ય અને મહત્ત્વના કાર્યો કરે છે.

આ ઉપરાંત રાજ્ય કુદરતી સાધન-સંપત્તિ, ઔધોગિક સંરક્ષણની વ્યવસ્થા, શૈક્ષણિક કાર્ય, વિજ્ઞાનનો વિકાસ, જાહેર બાગ-બગીચાઓની સુવિધાઓ, સામાજિક નીતિ નિર્ધારિત કરવા માટે વસ્તી ગણતરીના કાર્યો વગેરે રાજ્ય સંસ્થા અનેકવિધ કાર્યો રાજ્યના નાગરિકોની સુખ-શાંતિ-સુખાકારીને ધ્યાનમાં રાખી વધુ તે વધુ સારી રીતે કરે છે. ટૂંકમાં, રાજ્ય સંસ્થા એક સાર્વત્રિક સામાજિક સંગઠન છે. આદિમ અને સરળ સમાજોમાં રાજ્યનું કાર્ય સરળ તેમજ આધુનિક જટિલ સમાજોમાં રાજ્યનું વિકસિત સ્વરૂપનું કાર્ય વ્યાપક સ્વરૂપમાં જોવા મળે છે. રાજ્ય સંસ્થા કલ્યાણરાજ્યનો ખ્યાલ વિકસાવવાની સાથોસાથ માનવસમાજ તરફની સામાજિક અપેક્ષાઓને મૂર્તિમંત કરવામાં રાજ્ય સંસ્થા એક અત્યંત મહત્ત્વની સામાજિક સંસ્થા છે.

## ૭.૫ ઉપસંહાર

આધુનિક સમાજવ્યવસ્થામાં રાજ્ય સંસ્થા એ માનવસમાજમાં પાયારૂપ મહત્ત્વની સામાજિક સંસ્થા છે. જેની માનવસમાજના તેમજ વિવિધ પ્રાદેશિક સમૂહના સામાજિક સંબંધો ઉપર ગહન અસરો થયેલી છે, જેની સમજૂતી આપવાનો પ્રાપ્ત કાર્યો છે.

રાજ્ય સંસ્થા સામાન્ય રીતે ભૌગોલિક વિકરાળ પ્રદેશ, માનવવસ્તી, રાજ્ય સરકાર, સાર્વભૌમત્વ, નાગરિકોના મૂળભૂત અધિકરો, તેમજ નાગરિકો ઉપર સામાજિક નિયંત્રણ વગેરે વિવિધ લાક્ષણિકતાઓ ધરાવે છે.

રાજ્ય સંસ્થા સામાન્ય ક્ષેત્રે ભારતીય બંધારણના કાયદા દ્વારા સમગ્ર માનવ સમાજને સાદા-સમાજમાંથી આધુનિક વિકસિત જટિલ સમાજ તરફના વિકાસ પર ભાર મૂકે છે. જેમાં દરેકે દરેક રાજ્ય સંસ્થા નાગરિકોના મૂળભૂત અધિકારો-પ્રાથમિક જરૂરિયાતો વગેરે મળી રહે તેવા વ્યાપક સમાજના કાર્યો કરે છે.

★ **તમારી પ્રગતિ ચકાસો :**

૧. રાજ્ય સંસ્થાનો અર્થ સ્પષ્ટ કરો.

..............................................................

..............................................................
..............................................................
..............................................................

૨. રાજ્ય સંસ્થાનાં લક્ષણો જણાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................

૩. રાજ્યનાં કાર્યોની ચર્ચા કરો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................

## ૭.૬ સંદર્ભસૂચિ


- શાહ એ. જી. અને દવે જે. કે., ''ભારતની સામાજિક સાંસ્થાઓ'', અનડા પ્રકાશન, અમદાવાદ.
- પટેલ તારાબેન,''ભારતીય સમાજવ્યવસ્થા'', ગુજરાત યુનિવર્સીટી પ્રકાશન, અમદાવાદ.
- લવાનીયા એમ. એન.,(૧૯૯૦),''સમાજશાસ્ત્ર'', રિસર્ચ પબ્લીકેશન, જયપુર.

# એકમ ૮ લગ્નસંસ્થાનો અર્થ અને તેના ઉદ્દેશો, પ્રકારો, લગ્નક્ષેત્ર પર નિયંત્રણો

## રૂપરેખા


૮.૦ ઉદ્દેશો
૮.૧ પ્રસ્તાવના
૮.૨ લગ્નસંસ્થાનો અર્થ
૮.૩ લગ્નનાં વિકાસના સિદ્ધાંત
૮.૪ લગ્નનાં ઉદ્દેશો
૮.૫ હિંદુ લગ્નનાં ઉદ્દેશો
૮.૬ લગ્નનાં પ્રકારો
૮.૭ લગ્નક્ષેત્ર પરનાં નિયંત્રણો
૮.૮ સારાંશ
૮.૯ ચાવીરૂપ શબ્દો
૮.૧૦ સંદર્ભસૂચિ
૮.૧૧ તમારી પ્રગતિ ચકાસો અને તેના જવાબો આપો


## ૮.૦ ઉદ્દેશો :

આ એકમમાં લગ્નસંસ્થાનો પરિચય મેળવવાનો, લગ્નસંસ્થાની સમજૂતી મેળવવાનો હેતું છે. આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે

- લગ્નસંસ્થાનો અર્થ સમજાવી શકશો.
- લગ્નની વ્યાખ્યાઓ સમજી શકશો.
- લગ્નનાં વિવિધ હેતુઓ જાણી શકશો.
- લગ્નસંસ્થાનાં ઉદ્દભવ અંગે વિવિધ સિદ્ધાંતો દ્વારા વર્ણન કરી શકશો.
- લગ્નનાં વિવિધ પ્રકારોને સમજી શકશો.
- લગ્નક્ષેત્ર પરનાં નિયંત્રણો જાણી તેનું પરીક્ષણ કરી શકશો.

## ૮.૧ પ્રસ્તાવના :

માનવસમાજના ઉદ્દભવ અને વિકાસની સાથે-સાથે સમાજમાં વિવિધ સંસ્થા ઓનો ઉદ્દભવ થયો. સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો દરેક સામાજિક મંડળને એની ચોક્કસ કાર્ય પદ્ધતિ હોય છે, જે સંસ્થા તરીકે ઓળખાય છે. ડૉ. તારાબેન પટેલના મતે 'કુટુંબમંડળની જે કેટલીક સંસ્થાઓ છે તેમાં લગ્ન એક મહત્ત્વની સંસ્થા છે. (પેજ-૨૩૯) કુટુંબસંસ્થા સીધી રીતે લગ્નસંસ્થા સાથે સંકળાયેલી છે. કોઈ પણ સામાજિક

માળખાને સમજવાં લગ્નસંસ્થાનો અભ્યાસ અનિવાર્ય છે. ડૉ. ઈરાવતી કર્વેના મતે સામાજિક માળખામાં સગપણ, સંબંધો, કુટુંબ અને લગ્ન મહત્ત્વના છે. સમાજશાસ્ત્રના અભ્યાસી તરીકે, વિદ્યાર્થી તરીકે લગ્નનો અર્થ, તેના ઉદ્દેશ્યો, પ્રકારો વગેરે જાણવા સમજવા અનિવાર્ય છે. એકમ નં.૭ માં લગ્નની વિવિધ સમાજશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓ, લગ્નના વિવિધ પ્રકારો, લગ્નક્ષેત્ર પરનાં નિયંત્રણો વગેરેની ચર્ચા કરી છે.

## ૮. ૨ લગ્નનો અર્થ :

દરેક સમાજમાં લગ્નસંસ્થા સાર્વત્રિક રીતે જોવા મળે છે. માનવસમાજના વિકાસના દરેક તબક્કે જાતીય સંબંધ માટે એક યા બીજા પ્રકારની વ્યવસ્થા હોવાનું પુરવાર થયું છે. દરેક વ્યક્તિ માટે જન્મ, લગ્ન અને મૃત્યુ એ મહત્ત્વના પ્રસંગો છે તથા દરેક સમાજે પણ તેને વિશિષ્ટ મહત્ત્વ આપ્યું છે. સામાન્ય રીતે લગ્ન એ સ્ત્રી-પુરૂષના જાતીય સંબંધો સ્થાપવા માટેની સ્વીકૃતિ આપતુ પ્રમાણપત્ર ગણાય છે. જો કે લગ્ન માત્ર જાતીય સંબંધો પૂરતા સીમિત નથી, પરંતુ વિસ્તૃત અર્થ ધરાવે છે. એટલે કે લગ્ન સ્ત્રી-પુરૂષના જાતીય સંબંધો કરતા કંઈક વિશેષ છે. લગ્ન એ સ્ત્રી-પુરૂષ વચ્ચેનો સમાજમાન્ય જાતીય સંબધ છે, પરંતુ આ એક માત્ર પાસું નથી, પરંતુ જાતીય સંબંધને પરિણામે થતી સંતતિ અને તેના ઉછેર, પાલન, પોષણ તથા વિકાસની જવાબદારીનો સમાવેશ આ સંબંધમાં અભિપ્રેત છે. એટલે કે લગ્નદ્વારા ઉત્પન્ન થયેલ બાળકો એ સમાજમાન્ય સંતતિ ગણાય છે.

લગ્નના અર્થની સામાન્ય સમજ મેળવ્યા બાદ વિવિધ સમાજશાસ્ત્રીય વિચારકોએ આપેલ વ્યાખ્યાઓ દ્વારા લગ્નના અર્થની વિશેષ સમજૂતી મળી રહેશે.

**વ્યાખ્યા :**

એડવર્ડ વેસ્ટર માર્ક પોતાના પુસ્તક 'Histroy of Human Marriage' માં "લગ્નની વ્યાખ્યા આપતા જણાવે છે કે "લગ્ન એક કે વધારે પુરૂષોનો એક કે વધારે સ્ત્રીઓ સાથેનો એવો જાતીય સંબંધ છે કે જે રાજ્ય કે સમાજ દ્વારા માન્ય હોય છે અને જેમાં ભાવિ સંતાનોના ઉછેર અને વિકાસની જવાબદારીના અને પરસ્પરના ફરજ-હક્કોના ખ્યાલો અભિપ્રેત હોય છે" એટલે કે લગ્ન એ એવો સંબંધ છે જે સમાજના રિવાજ અને કાયદાથી સ્વીકૃત છે. આ સંબંધ લગ્ન કરનાર વ્યક્તિઓ તેમના ભાવિ સંતાનોના કેટલાક હક્કો અને ફરજોની જવાબદારીનો સ્વીકાર કરીને જાતીય અને સામાજિક સંબંધથી જોડાય છે.

ડી.એન. મજૂમદાર અને ટી.એન. મદન પોતાના પુસ્તક 'An Introduction to Social Anthropology' માં લગ્નની વ્યાખ્યા આપતા જણાવે છે "Marriage ensures a biological satisfaction (that of sex) and a psychological satisfaction (that of having children) on individual plane, and on the wider collective plane, it ensures a twofold survival that of the group and its culture." આ વ્યાખ્યામાં ત્રણ બાબતો મહત્ત્વની છે. (૧) જાતીય સંબંધો (૨) બાળકો (૩) બાળકોની, સમાજમાન્ય સ્વીકૃતિ.

મેલિનો વસ્કીના મતે 'Marriage is a contract fro the production and maintenance of children.'

ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે કહી શકાય કે –

- લગ્ન એ સ્ત્રી-પુરૂષ વચ્ચેનો સમાજમાન્ય જાતીય સંબંધ છે.
- લગ્નસંબંધ દ્વારા ઉત્પન્ન થયેલ સંતાનો સમાજમાન્ય ગણાય છે.
- બાળકોના પાલન-પોષણ અને વિકાસની જવાબદારી પતિ-પત્નીએ સ્વીકારી હોવાનું લગ્ન સંબંધમાં માનવામાં આવ્યુ છે.
- લગ્ન સંબંધમાં પુરૂષ અથવા સ્ત્રીની સંખ્યા એક હોઈ શકે અને એકથી વધુ પણ હોઈ શકે.

માનવ સમાજનાં વિકાસના વિવિધ તબક્કાઓ તથા વિવિધ સમાજોમાં સંસ્કૃતિ અને સામાજિક વૈવિધ્ય મુજબ લગ્નના સ્વરૂપોમાં પણ વૈવિધ્ય જોવા મળે છે. હિંદુશાસ્ત્રકારોએ લગ્નમાં ત્રણ બાબતોને મહત્ત્વ આપ્યું છે. (૧) ધર્મ (૨) પ્રજા અને (૩) રતિ હિંદુ શાસ્ત્રકારોએ ધર્મ અને પ્રજોત્પાદનને જાતીય સંબંધો કરતા વધુ મહત્ત્વ આપ્યું છે. ઉપરાંત હિંદુધર્મમાં લગ્નની અનિવાર્યતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. 'મનુસ્મૃતિ' માં પણ લગ્નને ઈહલોક અને પરલોકની સુખ પ્રાપ્તિ માટે અનિવાર્ય ગણ્યું છે. લગ્ન વિના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થો પૂરા થઈ શકતા નથી. આ પુરૂષાર્થોની પ્રાપ્તિ માટે સ્ત્રી-પુરૂષે લગ્ન કરવું અનિવાર્ય છે. હિંદુધર્મમાં લગ્ન એ સ્ત્રી-પુરૂષ વચ્ચે દેહસંબંધ જ બાંધતુ નથી, પણ બંનેના કુટુંબો વચ્ચે પણ સંબંધ સ્થાપે છે. ઉપરાંત હિંદુલગ્ન એ પવિત્ર સંસ્કાર મનાય છે અને આજીવન બંધનરૂપ ગણાય છે.

## ૮. ૩ લગ્નના વિકાસના સિદ્ધાંતો

લગ્નના અર્થની સમજૂતી માટે લગ્નસંસ્થાનો ઉદ્દભવ કેવી રીતે થયો તે જાણવું અનિવાર્ય છે. લગ્નસંસ્થાના ઉદ્દભવ અંગે વિવિધ ચિંતકો જુદો-જુદો મત ધરાવે છે. લગ્ન સંસ્થા કેવી રીતે ઉદ્દભવી ? પ્રારંભિક સમાજમાં લગ્નનું સ્વરૂપ કેવુ હતું ? વગેરે બાબતોની સમજૂતી માટે માનવલગ્નના વિકાસના સિદ્ધાંતો અહીં રજૂ કર્યા છે. આ અંગે સમાજશાસ્ત્રમાં મુખ્ય બે સિદ્ધાંતો પ્રવતે છે.

### ૮.૩.૧ અનિયંત્રિત જાતીયતાનો સિદ્ધાંતઃ

આ સિદ્ધાંત બેશોફને રજૂ કર્યો તથા લુઓક, કોલ્હર, મોર્ગન, બેરિયન, સ્પેંસર, ગિલિન વગેરેએ તેને ટેકો આપ્યો. અનિયંત્રિત જાતીયતાના સિદ્ધાંત અનુસાર માનવસમાજના ઉદ્દભવ સમયે જાતીય સંબંધો અંગે કોઈ નિયમન વ્યવસ્થા ન હતી. કોઈ પણ સ્ત્રી સાથે જાતીય સંબંધ બાંધી શકતો. સમાજશાસ્ત્રમાં 'Incest Taboo' ગણાય છે તે સંબંધોનું પણ આ વ્યવસ્થામાં ઉલ્લંઘન થતુ. સમાજ જ્યારે પૂર્વપાષાણ યુગ અને પાષાણયુગમાં હતો ત્યારે આવી અનિયંત્રિત જાતીય સંબંધનો પરિસ્થિતિ પ્રવર્તતી હતી એવું આ સિદ્ધાંતનો અનુમોદકો માને છે. એ સમયે કુટુંબ લોહીના સગપણવાળા સભ્યોનું (Consanguine) બનેલું હતું.

જો કે કેટલાક વિદ્વાનોએ આ સિદ્ધાંતનો સ્વીકાર કર્યો નથી અને કેટલાક આ સિદ્ધાંતને થોડા ફેરફારો સાથે સ્વીકારે છે. થોમસે તો એવી દલીલ કરી છે કે માનવીના મગજ અને સંસ્કૃતિનું જે વિશિષ્ટ લક્ષણ છે તે અનિયંત્રિત જાતીય સંબંધને હંમેશા અનુકૂળ છે, પછી ભલે ક્યારેય આવી સ્થિતિ પ્રવર્તતી હોય કે ન પ્રવર્તતી હોય – (સામાન્ય સમાજશાસ્ત્ર-૨૪૨)

### ૮.૩.૨ વેસ્ટરમાર્કનો સિદ્ધાંત :

અનિયંત્રિત જાતીય સંબંધના સિદ્ધાંતને સૌથી કડક વિરોધ જાણીતા માનવશાસ્ત્રી વેસ્ટરમાર્કે કર્યો છે. તેમના પુસ્તક 'Histroy of Human Marriage' ના ત્રણ ભાગોમાં લગ્નની ઉત્પતિ, લગ્નનો અર્થ, લગ્નના પ્રકારો વગેરે અંગે ઊંડાણપૂર્વકને રજૂઆત કરવામાં આવી છે. પ્રારંભિક આદિમ સમાજોમાં અનિયંત્રિત જાતીય સંબંધો પ્રવર્તતા હતા એવી ઉપકલ્પનાનો તેઓ અસ્વીકાર કરે છે. તેમણે વિવિધ આદિમ જાતિઓના ઉદાહરણ આપ્યા છે. જેમાં એશિયા - આફ્રિકાની આદિમ જાતિઓ, સુમાત્રા અને આસામની આદિમ જાતિઓ, સુમાત્રા અને આસામની આદિમ જાતિઓ, આફ્રિકાની વાયકોમાં વગેરે સમાવિષ્ટ છે. પ્રાથમિક આદિમ સમાજોમાં લગ્ન પહેલા જાતીય સંબંધો પ્રવર્તતા હોય એવુ વેસ્ટરમાર્ક સ્વીકારે છે, પરંતુ તેનું અર્થઘટન તેઓ એ રીતે કરે છે કે આવી ઘટના લગ્ન પહેલાની પૂર્વ તૈયારી રૂપ હોય છે.

વેસ્ટરમાર્ક ઉપરાંત ત્રાર સોંડર્સ, ફોવેલ, લેંગે, હાવર્ડ, ગોલ્ડનવીજર વગેરેએ પણ અનિયંત્રિત જાતીય સંબંધના સિદ્ધાંતનો અસ્વીકાર કર્યો છે. હાવર્ડે પોતાના પુસ્તક 'Matrimonial Institutions' માં અનિયંત્રિત જાતીય સંબંધના સિદ્ધાંતના અસ્વીકારમાં કેટલીક અસરકારક દલીલો રજૂ કરી છે. (૧) ઘણા પશુ-પ્રાણીઓમાં એકસાથી જાતીય સંબંધ હોવાનું જોવા મળે છે. (૨) અનિયંત્રિત જાતીય સંબંધ હોય તો પ્રજનન ક્ષમતામાં ઘટાડો થાય છે. તેથી જે સમૂહમાં આવી સ્થિતિ પ્રર્વતતી હોય તે સમગ્ર સમૂહનો નાશ થાય છે. (૩) દરેક જાતિના પુરૂષમાં મોટાભાગનાં આદિવાસીઓએ એકસાથી જાતીય સંબંધને અપનાવેલ છે. અથવા અપનાવવાની પ્રક્રિયામાં છે.

## ૮.૪ લગ્નના ઉદ્દેશો :

લગ્નના અર્થની સમજૂતી આપણે જોયું કે લગ્ન એ માત્ર સ્ત્રી-પુરૂષ વચ્ચેનો જાતીય સંબંધ નથી પરંતુ, બાળકોના ઉછેર, કુટુંબની સાતત્યતા ટકાવી રાખતી મહત્ત્વની સામાજિક સંસ્થા છે.

લગ્ન એ સાર્વત્રિક સંસ્થા છે. પરંતુ વિશ્વના જુદા-જુદા સમાજોમાં, ધર્મોમાં લગ્નના ઉદ્દેશ્યો-હેતુઓમાં વિવિધતા જોવા મળે છે. લગ્નની વ્યાખ્યા અને અર્થની સમજૂતીને આધારે લગ્નના હેતુઓ તારવી શકાય છે.

- **શારીરિક જરૂરિયાત :**

જાતીય વૃત્તિનો સંતોષ કે માનવીની એક મહત્ત્વની શારીરિક જરૂરિયાત છે. લગ્ન દ્વારા સ્ત્રી અને પુરૂષના જાતીય સંબંધોને સામાજિક માન્યતા મળે છે. જો કે માત્ર શારીરિક જરૂરિયાતની પૂર્તિ માટે જ લગ્ન નથી તેની સાથે માતા-પિતા તરીકેની જવાબદારીઓ જોડાયેલી છે.

- **સામાજિક હેતુ :**

માનવી એક સામાજિક પ્રાણી છે. સમાજના ધોરણો, મૂલ્યો, માન્યતાઓ વગેરેનું પાલન કરી તે સતત સામાજિક સ્વીકૃતિ મેળવવા પ્રયન્તશીલ રહે છે. બાળકનો જન્મ અને તેનું પાલન-પોષણ એ લગ્નનું મહત્ત્વનું કાર્ય છે. વ્યક્તિનું પોતાનું કુટુંબ અને અન્ય સગપણ સંબંધો લગ્ન પર આધારિત છે. માતા-પિતા પોતાના બાળકોના પાલન-પોષણ દ્વારા સામાજિક વારસો અને સંસ્કૃતિનું હસ્તાંતરણ કરે છે.

- **આર્થિક હેતુ :**

શારીરિક અને સામાજિક જરૂરિયાતની સાથે-સાથે લગ્નમાં આર્થિક હેતુ પણ મહત્ત્વનો છે. ખાસ કરીને આદિમ સમાજોમાં મુખ્ય વ્યવસાય ખેતી અને તેની સાથે

સંકળાયેલા વ્યવસાયો હતા. મહિલાઓ ખેતી અને પશુપાલનમાં મદદરૂપ બનતી. લગ્ન દ્વારા મહિલાઓ આર્થિક સલામતીનો અનુભવ કરતી.

સમકાલીન સમાજમાં જોઈએ તો આજે પણ લગ્નસંબંધમાં કુટુંબની પ્રતિષ્ઠાની સાથે-સાથે આર્થિક માપદંડને વધુ મહત્ત્વ આપવામાં આવે છે.

જયોર્જ પીટર મૂરડોકે લગ્નના હેતુઓના સંદર્ભમાં ૨૫૦ આદિવાસી સમુદાયોનો અભ્યાસ કર્યો, તેમના અભ્યાસના તારણોમાં લગ્નના હેતુઓમાં મુખ્યત્ત્વે ત્રણ બાબતો મહત્ત્વની છે. (૧) જાતીય જરૂરિયાતનો સંતોષ (૨) આર્થિક સહકાર (૩) બાળકોનો ઉછેર.

## ૮.૫ હિંદુ લગ્નના ઉદ્દેશો :

### ૮.૫.૧ ધાર્મિક કાર્યોની પરિપૂર્તિ :

હિંદુ સમાજ વ્યવસ્થાના મૂળ ધર્મ સાથે અતૂટ રીતે જોડાયેલા છે. હિંદુધર્મમાં માનવીના જન્મથી મૃત્યુ સુધીના સોળ સંસ્કારોમાં લગ્ન એ મહત્ત્વનો સંસ્કાર ગણવામાં આવે છે. લગ્ન દ્વારા વ્યક્તિ ગૃહસ્થધર્મનું પાલન કરે છે. ગૃહસ્થધર્મમાં બાળકો અને પત્નીનું પાલનાપોષણ, અતિથિ સત્કાર, સમાજસેવા, સામાજિક પ્રસંગો પૂરા કરવા વગેરેનો સમાવેશ થાય છે. મોટાભાગના ધાર્મિક કાર્યો પતિ-પત્નીએ સાથે મળીને પૂરા કરવા પડે છે. ડૉ. કે.એમ.કાપડિયા આ સંદર્ભમાં જણાવે છે કે ‘આથી એ સ્પષ્ટ છે કે હિંદુ વિચારકોએ ધર્મને લગ્નનો પ્રથમ સર્વોચ્ચ ઉદ્દેશ માન્યો અને સંતાનપ્રાપ્તિને બીજું સ્થાન આપ્યું તેની લગ્ન ઉપર ધર્મનું આધિપત્ય સ્થપાયું. લગ્નની ઈચ્છા જેટલી ધાર્મિક કાર્યો માટે કરવામાં આવતી તેટલી ઈચ્છા જાતીય સંતોષ માટે કે સંતાનપ્રાપ્તિ માટે કરવામાં આવતી ન હતી.

ટૂંકમાં હિંદુધર્મ અને શાસ્ત્રો અનુસાર અનેક ધાર્મિક કર્તવ્યો પૂર્ણ કરવા માટે પતિ અને પત્ની બંનેનું હોવું આવશ્યક છે. આમ, લગ્નના આ હેતુ સાથે હિંદુઓનું સમગ્ર સામાજિક જીવન સંકળાયેલું છે.

### ૮.૫.૨ પ્રજા અથવા સંતાનોત્પતિ :

હિંદુલગ્નનો બીજો મહત્ત્વનો ઉદ્દેશ સંતાનોત્પતિનો છે. સંતાનોત્પતિને વ્યક્તિનો ધર્મ ગણવામાં આવ્યો છે. સંતાનોમાં પણ પુત્રની પ્રાપ્તિને મોક્ષપ્રાપ્તિનો માર્ગ કહ્યો હોવાથી પુત્રની ઈચ્છા અગ્રસ્થાને રહે છે. હિંદુધર્મમાં સંતાનોત્પતિનું મહત્ત્વ દર્શાવતા ડૉ. કે. એમ. કાપડિયા જણાવે છે કે “કુટુંબમાં પુત્રનું સ્થાન એટલું ઊંચુ રાખવામાં આવ્યુ હતું કે જેથી સંતાનપ્રાપ્તિ કુટુંબ તથા સમુદાયના હિતમાં એક ફરજ ગણવામાં આવી. આમ છતાં તે (સંતાનોપ્તતિ) લગ્નનો સર્વોચ્ચ ઉદ્દેશ ગણાતો ન હતો.

હિંદુલગ્નમાં સંતાનને ત્રણ વેદ અને સદા ટકી રહેનાર દેવતા પણ કહે છે. કારણ કે એક સંતાન બીજા સંતાનને જન્મ આપે છે, બીજું, ત્રીજા સંતાનને જન્મ આપે છે. આમ સંતાનરૂપી દેવતાનું અસ્તિત્ત્વ હંમેશ માટે રહે છે અને સૃષ્ટિ ટકી રહે છે.

### ૮.૫.૩ રતિ-આનંદ :

હિંદુધર્મ પ્રમાણે જીવનનો જે ચાર પુરૂષાર્થ છે — ધર્મ, અર્થ, કામ અને મોક્ષ અહી ત્રીજો પુરૂષાર્થ કામ છે. અહી ‘રતિ’ નો અર્થ માત્ર વાસના કે વ્યાભિચાર નહિ, પરંતુ ધર્મને અનુકૂળ કામની તૃપ્તિ, જે સમાજમાન્ય રીતે કરવી જોઈએ. આ અર્થ સમાયેલો

છે માનવીની સહજવૃત્તિઓમાં કામવૃત્તિ સહજ અને પ્રબળ વૃત્તિ છે. કામવૃત્તિની તૃપ્તિ માટે લગ્ન જરૂરી છે. અન્યથા માનવી વિકૃત માનસનો બની જવાની સંભાવના રહે છે. ઉપરાંત કામવૃત્તિનાં ફળસ્વરૂપ પ્રજોત્પતિ થાય છે, તેના દ્વારા સમાજનું સાતત્ય જળવાઈ રહે છે. લગ્નસંસ્થા દ્વારા માનવીએ આ કુદરતી ક્રમને સામાજિક સ્વરૂપ આપીને કામવૃત્તિનું નિયમન કરવાનો પ્રયાસ કર્યો છે.

આ ઉપરાંત માનવીએ પોતાના સમગ્ર જીવનકાળમાં વિવિધ ઋણોમાંથી મુક્ત થવા માટે તેમજ વિવિધ કર્તવ્યો - કાર્યો પૂરા કરવાનો ઉદ્દેશ લગ્નમાં રહેલો છે. જેમ કે પિતૃઋણ, ઋષિઋણ,માંથી મુક્તિ, કૌટુંબિક કર્તવ્ય, સામાજિક કર્તવ્ય, વૈયક્તિક કર્તવ્ય વગેરે સમાવિષ્ટ છે.

★ **તમારી પ્રગતિ ચકાસો : (અ)**

૧. લગ્નની વ્યાખ્યા આપો.

..........................................................
..........................................................
..........................................................
..........................................................

૨. હિંદુલગ્નના મુખ્ય હેતુઓ ટૂંકમાં જણાવો.

..........................................................
..........................................................
..........................................................
..........................................................

૩. 'Histroy of human marriage' પુસ્તકના લેખકનું નામ જણાવો.

..........................................................
..........................................................
..........................................................
..........................................................

## ૮.૬ લગ્નના પ્રકારો :

લગ્નના પ્રકારો મુખ્યત્ત્વે જીવનસાથી મેળવવાની રીતો તથા જીવનસાથીની સંખ્યા પર આધારિત છે. હિંદુશાસ્ત્રકારોએ જીવનસાથી મેળવવાની વિવિધ રીતોને આધારે લગ્નના આઠ પ્રકારો દર્શાવ્યા છે. સમાજશાસ્ત્રમાં લગ્નના પ્રકારો જીવનસાથીઓની સંખ્યાની ભૂમિકા પર આધારિત છે. જેમાં મુખ્યત્ત્વે બે પ્રકારના લગ્નો સમાવિષ્ટ છે.

(૧) એકસાથી લગ્ન અને (૨) બહુસાથી લગ્ન.

લગ્નના મુખ્ય પ્રકારો અને પેટાપ્રકારોને નીચેની આકૃતિ દ્વારા વધુ સ્પષ્ટ રીતે સમજી શકાય.

- લગ્ન
  - એકસાથી લગ્ન
  - બહુસાથી લગ્ન
    - બહુપતિ લગ્ન
      - ભ્રાતૃકિય બહુપતિ લગ્ન
      - અભ્રાતૃકિય બહુપતિ લગ્ન
    - બહુપતિ લગ્ન

ઉપર દર્શાવેલા લગ્નના પ્રકારોથી સમજૂતી એકમ નં.૮ માં દર્શાવેલી છે.

★ **હિંદુશાસ્ત્રોમાં દર્શાવેલ લગ્નના પ્રકારો :**

| | |
|---|---|
| (૧) બ્રાહ્મણ લગ્ન | (૫) આસુર લગ્ન |
| (૨) પ્રજાપત્ય લગ્ન | (૬) ગાંધર્વ લગ્ન |
| (૩) દૈવ લગ્ન | (૭) રાક્ષસ લગ્ન |
| (૪) આર્ષ લગ્ન | (૮) પલાયન લગ્ન |

## ૮.૭ લગ્નક્ષેત્ર પરના નિયંત્રણો

લગ્નસંસ્થા સાર્વત્રિક રીતે સમગ્ર વિશ્વમાં અસ્તિત્ત્વ ધરાવે છે. લગ્નના પ્રકારો, લગ્નનું સ્વરૂપ વગેરેમાં સમાજ અને સંસ્કૃતિ અનુસાર વૈવિધ્ય જોવા મળે છે. હિંદુ લગ્નક્ષેત્રમાં સમગ્ર રીતે જોઈએ તો તેમાં એક બાજુ ધર્મશાસ્ત્રની આજ્ઞાઓનું મહત્ત્વ છે, તો બીજી બાજુ જ્ઞાતિ, સંપ્રદાયો, પ્રાદેશિક જૂથ વગેરેનું પણ એટલું જ મહત્ત્વ છે. તેથી જીવનસાથીની પસંદગી અંગે કેટલાક ચોક્કસ નિયમો જોવા મળે છે. આ નિયંત્રણો ઔપચારિક ન હોવા છતાં તેનું ચુસ્તપણે પાલન થાય છે. જીવનસાથીની પસંદગી અંગેના નિયંત્રણોમાં મૂળભૂત રીતે અંતર્લગ્ન અને બર્હિલગ્નના નિયમો વિશેષ મહત્ત્વના છે. જેની સમજૂતી નીચે મુજબ છે.

### ૮.૭.૧ અંતર્લગ્ન :

જીવનસાથીની પસંદગી અંગેના આ એવા નિયંત્રણો છે જેમાં જીવનસાથીની પસંદગી કયા ક્ષેત્રમાંથી કરવી તેનો નિર્દેશ કરે છે. આ નિયમ મુજબ દરેક હિંદુ કન્યા અને યુવકે પોતાના વર્ણ કે જ્ઞાતિની અંદર લગ્ન કરવાના હોય છે. સાથે પેટાજ્ઞાતિ કે જ્ઞાતિગોળના રિવાજો પણ પાળવાના હોય છે. તેની પાછળ પોતાની જાતિની શુદ્ધતા, વારસાગત સંસ્કારો વગેરેને કારણરૂપ ગણવામાં આવે છે. કેટલીક જ્ઞાતિઓમાં લગ્ન થઈ શકે નહિં. એટલે કે અમુક વર્તુળની અંદર લગ્ન કરવું. આદિવાસી જાતિઓમાં પણ આવા નિષેધો જોવા મળે છે.

અંતર્લગ્નના નિયમોમાં પોતાની જ્ઞાતિ, પેટાજ્ઞાતિ ઉપરાંત પેટાજૂથ, 'ગોળ' કે 'એકડા' માંથી જીવનસાથીની પસંદગીનો આગ્રહ રાખવામાં આવે છે. આ 'ગોળ'ના

ગામોની સંખ્યા છ, બાર, બેંતાલીસ, સત્તાવીશ કે તેથી વધુ હોય છે. ઉત્તર ગુજરાતના પાટીદારો, સૌરાષ્ટ્રના પાટીદારોમાં આજે પણ 'ગોળ' માં લગ્ન કરવાનું ચલણ વધુ જોવા મળે છે. ભીલ, ગામીત, તડવી, ધાનકા વગેરે આદિવાસી જૂથોમાં આ પ્રકારના નિયમો જોવા મળે છે.

જો કે શહેરો તરફનું સ્થાળાંતર, શિક્ષણ, અસમાન જાતિ પ્રમાણ, પરદેશ ગમન વગેરે પરિબળોને કારણે અંતર્લગ્નના નિયમોમાં પરિવર્તન આવ્યું છે. હવે 'ગોળ' કે 'એકડા''ના પ્રતિબંધો ઘટતા જાય છે. તેમ છતા પોતાની જ્ઞાતિ અને પેટાજ્ઞાતિને પ્રથમ પસંદગી આપવામાં આવે છે. કેટલીક જ્ઞાતિઓમાં પોતાના 'ગોળ' ના જીવનસાથી પસંદગી મેળાઓનું આયોજન કરવામાં આવે છે. ઉપરાંત જ્ઞાતિ પરિચય પુસ્તિકાઓ, જ્ઞાતિના સામાયિકોમાં પણ લગ્નોત્સુક યુવક-યુવતિઓનો પરિચય આપેલો હોય છે. એટલે કે અંતર્લગ્નના નિયમો હવે નવા સ્વરૂપે જોવા મળે છે.

### ૮.૭.૨ બર્હિલગ્ન :

દરેક સમાજમાં સ્ત્રી-પુરૂષ જીવનસાથીની પસંદગી કયા ક્ષેત્રમાંથી કરી તે અંગેના ચોક્કસ નિયમો હોય છે. જેને બર્હિલગ્નના નિયમો તરીકે ઓળખવામાં આવે છે. હોબેલ ના મતે 'બર્હિલગ્ન એક સામાજિક નિયમ છે કે જેમાં કોઈ એક વ્યક્તિ જે સાંસ્કૃતિક સમૂહની સભ્ય હોય તેની બહાર લગ્ન કરી શકે. આ એવા પ્રકારના નિયમો છે જેમાં વ્યક્તિ પોતાના ચોક્કસ જૂથની બહાર લગ્ન કરી શકે છે. ટૂંકમાં અમુક વર્તુળની બહાર લગ્ન કરવું. વેસ્ટરમાર્કના મતે બર્હિલગ્નનું મુખ્ય કારણ નજીકના સગાઓ વચ્ચેના જાતીય સંબંધોનો નિષેધ છે. સમાજે-સમાજે બર્હિલગ્નના નિયમોમાં ભિન્નતા હોય છે પરંતુ તેનો હેતુ લગભગ સમાન હોય છે.

### ૮.૭.૨.૧ બર્હિલગ્નના પ્રકારો :

- **ગોત્ર બર્હિલગ્ન :**

હિંદુશાસ્ત્રો અનુસાર એક જ ગોત્ર ધરાવતી વ્યક્તિઓ વચ્ચે લગ્નનો નિષેધ છે. એક જ ગોત્રની વ્યક્તિઓ લોહીના સંબંધથી જોડાયેલી હોય છે તેવું માનવામાં આવે છે. તેથી આ પ્રકારના લગ્નનો નિષેધ છે. ભારતમાં કોરવા, સાંથાલ, હો, મુંડા વગેરે આદિવાસી જાતિઓમાં ગોત્ર બર્હિવિવાહ લગ્ન જોવા મળે છે.

- **પ્રવર બર્હિલગ્ન :**

હિંદુ ધર્મશાસ્ત્રોમાં સમાન પ્રવર ધરાવતી વ્યક્તિઓ વચ્ચે લગ્ન નિષેધ છે. પ્રવર ધાર્મિક અને આધ્યાત્મિક બાબત સાથે સંકળાયેલું છે. એવું માનવામાં આવે છે કે એક જ પ્રવર ધરાવતી વ્યક્તિઓ સમાન ઋષિ પૂર્વજના સંતાનો છે તેથી તેમની વચ્ચે લગ્ન નિષેધ છે. ખાસ કરીને બ્રાહ્મણ જ્ઞાતિમાં સપ્રવર લગ્ન નિષેધ સવિશેષ જોવા મળે છે.

- **સપિંડ બર્હિલગ્ન :**

હિંદુધર્મમાં એક જ પિંડની વ્યક્તિઓ વચ્ચે લગ્ન નિષેધ છે. સપિંડ એટલે મૃત્યુ બાદની વિધિઓમાં પિંડદાન કરવાનો હક ધરાવતી વ્યક્તિઓ એટલે કે મૃત્યુ પાછળની વિધિઓમાં પિંડદાન કરવાનો અધિકાર ધરાવતી વ્યક્તિઓ વચ્ચે લગ્નનો નિષેધ છે. માતૃપક્ષની પાંચ પેઢી અને પિતૃપક્ષની સાત પેઢીના સગાઓ સપિંડ ગણાય છે, તેથી

તેમની વચ્ચે લગ્નનો નિષેધ છે.

- **ટોટેમ બર્હિલગ્ન :**

આ પ્રકારનો નિષેધ ખાસ કરીને આદિવાસી જાતિઓમાં જોવા મળે છે. એક જ ગોત્ર ધરાવતી વ્યક્તિઓ વચ્ચે લગ્ન નિષેધ તેવી જ રીતે એક જ ટોટેમ ધરાવતી વ્યક્તિઓ વચ્ચે લગ્ન નિષેધ છે.

- **ગામ બર્હિલગ્ન :**

પોતાના ગામ કે પ્રદેશની બહાર લગ્ન કરવાની પ્રથા હોય છે. મુંડા આદિવાસીઓ અને મધ્યપ્રદેશના છોટાનાગપુરના આદિવાસીઓમાં ગામ બર્હિલગ્ન જોવા મળે છે. આસામના નાગા આદિવાસી જુદા-જુદા 'ખેલ' માં વિભાજીત થયેલા છે. એક જ 'ખેલ' (એક જ સ્થાને રહેતા લોકોનું જૂથ) ની વ્યક્તિઓ વચ્ચે લગ્ન નિષેધ છે. રાજપીપળાના ભીલોમાં પણ ગામ બર્હિલગ્ન જોવા મળે છે.

જીવનસાથીની પસંદગી નિયંત્રણોમાં આપણે અંર્તલગ્ન અને બર્હિલગ્ન નિયમોની સમજૂતી મેળવી સંક્ષિપ્તમાં જોઈએ તો,

**અંતર્લગ્ન એટલે :**

- કયા ક્ષેત્રમાંથી જીવનસાથીની પસંદગી કરવી તે દર્શાવતા નિયમો એટલે અતર્લગ્નના નિયમો.
- અંતર્લગ્નને કારણે જ્ઞાતિગત નિયંત્રણો જળવાઈ રહે છે.
- નિશ્ચિત પ્રદેશ (ગોળ-એકડા) માંથી જીવનસાથીની પસંદગી કરવાની હોવાથી અજાણી વ્યક્તિઓથી છેતરાવાનો ભય ઓછો રહે છે.
- અંતર્લગ્નને કારણે જે-તે સમૂહની સંસ્કૃતિ વંશપરંપરાગત જળવાઈ રહે છે.

**બર્હિલગ્નના નિયમોને સંક્ષિપ્તમાં જોઈએ તો :**

- નજીકના રક્તસંબંધીઓ વચ્ચે લગ્નનો નિષેધ.
- માતૃપક્ષની પાંચ પેઢી અને પિતૃપક્ષની સાત પેઢીઓ નજીકના રક્તસંબંધીઓ મનાય છે, તેથી તેમની વચ્ચે લગ્નનો નિષેધ છે.
- બર્હિલગ્ન નિયમોને કારણે જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર મર્યાદિત બની જાય છે.

આ ઉપરાંત જીવનસાથીની પસંદગીમાં અનુલોમ, પ્રતિલોમ અને સમલોમ લગ્ન એ નિયમો પણ ભારતીય સમાજમાં જોવા મળે છે. અનુલોમ લગ્ન એટલે ઉચ્ચવર્ણનો પુરૂષ પોતાનાથી ઉતરતા વર્ણની સ્ત્રી સાથે લગ્ન કરે તે. સામન્ય રીતે આ પ્રકારના લગ્નની છૂટ છે. પ્રતિલોમ લગ્ન એટલે ઉચ્ચવર્ણની સ્ત્રી પોતાનાથી ઊતરતા વર્ણના પુરૂષ સાથે લગ્ન કરે તે. સમલોમ લગ્ન એટલે જેમાં એક જ વર્ણના સ્ત્રી-પુરૂષ લગ્નથી જોડાય. આ પ્રકારના લગ્ન સૌથી વધુ માન્ય છે.

## ૮.૮ સારાંશ :

લગ્નનો અર્થ, લગ્નના પ્રકારો, લગ્નનું સ્વરૂપ, જીવનસાથી પસંદગીના નિયમો વગેરેની સમજૂતી સમગ્ર એકમમાં મેળવી. લગ્નસંસ્થાને સમજવા માટે લગ્નમાં

થયેલા ફેરફારો, પરિવર્તનોને સમજવા પણ જરૂરી છે. ભારતમાં અર્વાચીન યુગરૂપે ઓગણીસમી સદીના ઉતરાર્ધમાં જે ક્ષેત્રોમાં પરિવર્તનનો પ્રારંભ થયો તેમાં લગ્નનું ક્ષેત્ર પણ હતું. શિક્ષણ, શહેરીકરણ, સ્થળાંતર વગેરે પરિબળોએ હિંદુ લગ્નને એક સંસ્કાર તરીકે માનવાની સાથે-સાથે તેમાં પુરૂષ અને સ્ત્રીને એક વ્યક્તિ તરીકે સ્વીકારવાનો નૂતન અભિગમ જોવા મળે છે. સમકાલીન સમયમાં લગ્નમાત્ર સંસ્કાર, બે કુટુંબો વચ્ચેનો સંબંધ નથી. પરંતુ લગ્નગ્રંથિથી જોડાનાર પાત્રોનું પણ વિશેષ મહત્ત્વ છે. આ પરિવર્તનના કારણોમાં જોઈએ તો સુધારાવાદી આંદોલન, લગ્નક્ષેત્રે બદલાયેલા કાયદાઓ તથા નારીવાદી આંદોલનો મહત્ત્વના છે. તાજેતરમાં કલમ-૩૭૭ નાબૂદ થતા એલજીબીટી સમુદાયના લગ્નોને કાનૂની માન્યતા મળી છે. ઉપરાંત લીવ-ઈન રીલેશનશીપ, ગે રીલેશનશીપ, લેસ્બિયન રીલેશનશીપ વગેરે કાયદા દ્વારા માન્ય છે. લગ્ન કર્યા વિના પણ સ્ત્રી-પુરૂષ સાથે રહી શકે છે. તથા પતિ-પત્નીના અધિકારો ભોગવી શકે છે.

વૈજ્ઞાનિક શોધો, ટેકનોલોજીનો વિકાસ, આધુનિક વિચારસરણી વગેરેને કારણે 'સિંગલ પેરેન્ટ', સરોગસી વગેરે જોવા મળે છે. આજે સમાજમાં એવા ઘણા કિસ્સાઓ જોવા મળે છે, જેમાં સ્ત્રી લગ્ન કર્યા વિના બાળકને જન્મ આપે છે, બાળકને દત્તક લઈને માતાની ભૂમિકા ભજવે છે. દાત. પ્રસિદ્ધ અભિનેત્રી અને મિસ યુનિવર્સ રહી ચૂકેલી સુસ્મિતા સેને બાળકીને દત્તક લીધી છે. ફિલ્મકાર શાહરૂખ ખાને પણ સરોગસીની મદદથી અબરામ નામના પુત્રના પિતા બન્યા છે.

## ૮.૯ ચાવીરૂપ શબ્દો :

**લગ્ન :** એક કે વધારે પુરૂષોનો એક કે વધારે સ્ત્રીઓ સાથેનો જાતિય સંબંધ જે સમાજના કાયદા દ્વારા સ્વીકૃત હોય તથા તેમાં ભાવિ સંતોનોના ઉછેરની જવાબદારી અભિપ્રેત હોય.

**અંર્તલગ્ન :** કયા ક્ષેત્રમાંથી જીવનસાથીની પસંદગી કરવી તે દર્શાવતા નિયમો.

**બર્હિલગ્ન :** બર્હિલગ્ન એક સામાજિક નિયમ છે કે જેમાં કોઈ એક વ્યક્તિ જે સાંસ્કૃતિક સમૂહની સભ્ય હોય તેની બહાર લગ્ન કરી શકે.

**અનુલોમ :** ઊંચી સામાજિક પ્રતિષ્ઠા કે સ્થાન ધરાવતા પુરૂષનું પોતાનાથી નીચું સામાજિક સ્થાન ધરાવતી સ્ત્રી સાથેના લગ્નને અનુલોમ લગ્ન તરીકે ઓળખવામાં આવે છે.

**પ્રતિલોમ :** પોતાના સામાજિક સ્થાન કરતા નીચા સામાજિક સ્થાનમાં થતાં સ્ત્રીના લગ્નને પ્રતિલોમ લગ્ન કહેવામાં આવે છે.

## ૮.૧૦ સંદર્ભસૂચિ


- Kapadia K.M., (1972), "Marriage and Family in India.", Oxfrod University press, Bombay.
- પટેલ તારા , (૧૯૬૫), "ભારતીય સમાજ વ્યવસ્થા", ધી ન્યૂ ઓર્ડર બુક, અમદાવાદ.
- વાઘેલા અનિલ એસ., (૨૦૦૫), "લગ્ન, કુટુંબ અને સગપણ સંબંધ", યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
- Maciver R.M., (**1958),** "Marriage and Family in India".

## ૮.૧૧ તમારી પ્રગતિ ચકાસોના જવાબ : (અ)

૧. લગ્નની વ્યાખ્યા સમજાવો.

ઉ. લગ્ન એ એક વધારે પુરૂષોને એક વધારે સ્ત્રીઓ સાથેનો સમાજ સ્વીકૃત જાતિય સંબંધ છે, જેમાં ભાવિ સંતાનોના ઉછેરની જવાબદારી અભિપ્રેત છે.

૨. હિંદુ લગ્નના મુખ્ય હેતુઓ જણાવો.

ઉ. ધર્મ, પ્રજા અને રતિ

૩. 'Histroy of Human Marriage' પુસ્તકના લેખક

ઉ. એડવર્ડ વેસ્ટર માર્ક છે.

### ★ તમારી પ્રગતિ ચકાસો : (બ)

૧. મર્યાદિત.

૨. સપિંડી.

૩. એક સાથે રહેતા લોકોનું જૂથ.

## સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશ અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું.* BAOU *ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ*

*'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયના પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઇ પણ ઉંમરના છાત્રાને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડીયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.*

*અસ્તુ !*

**કુલપતિશ્રી**

**ડૉ. અમી ઉપાધ્યાય,**

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,*

*જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,*

*છારોડી, અમદાવાદ.*

**વિષય સમિતિ**

ડૉ. સંજય પટેલ — આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ.

પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ — પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રો.(ડૉ.) મહેશ ગામિત — પ્રોફેસર, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ.

**લેખન**

ડૉ. સંગીતા પટેલ — આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ યોગેશ રાજગોર — સમાજશાસ્ત્ર વિભાગ, મે બ પટેલ રાષ્ટ્ર ભાષા કોલેજ, એલીસબ્રીજ, અમદાવાદ.

ડૉ બીપીન એમ વાઘેલા — આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઉમીયા કેમ્પસ, સોલા ભાગવત પાસે, અમદાવાદ.

**પરામર્શન (વિષય)**

પ્રો.(ડૉ.) મહેશ ગામિત — પ્રોફેસર, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ.

પ્રો.(ડૉ.) જયકર મહેતા — નિવૃત્ત પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કોલેજ,ભાવનગર.

**પરામર્શન (ભાષા)**

ડૉ.દીપકભાઈ ભાનુશંકર ભટ્ટ — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સરસપુર આર્ટસ અને કોમર્સ કોલેજ

ડૉ.દિનુભાઈ ચુડાસમા — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ.

**સંપાદન**

પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય — નિયામક, સ્કુલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડો બાબાસાહેબઆંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ.

ડૉ. સંજય પટેલ — આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ.

ડૉ. નિતિનકુમાર જાદવ — આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ.

**પ્રકાશક**

ડૉ. ભાવિન ત્રિવેદી — કા. કુલસચિવ, ડો બાબાસાહેબ આંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ.

**ISBN : 978-93-89456-63-9**

: સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠયપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

**વિષય સમિતિ**

| | |
|---|---|
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| પ્રો.(ડૉ.) ચંદ્રિકા રાવલ | પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો.(ડૉ.)મહેશ ગામિત | પ્રોફેસર, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ. |

**લેખન**

| | |
|---|---|
| ડૉ હશમુખ પંચાલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, એમ.ડી. ગ્રામસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા, ગાંધીનગર. |
| ડૉ બીપીન એમ વાઘેલા | સમાજશાસ્ત્ર વિભાગ, ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઉમીયા કેમ્પસ, સોલા ભાગવત પાસે, અમદાવાદ. |
| ડૉ સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ શિલ્પા રાજયગુરૂ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| શ્રી સંદીપ સાંચલા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગવર્મેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કડોલી, હિંમતનગર, સાબરકાંઠા. |

**પરામર્શન (વિષય)**

| | |
|---|---|
| પ્રો.(ડૉ.) જે. સી. પટેલ | અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્રવિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. |
| પ્રો.(ડૉ.) મહેશ ગામિત | પ્રોફેસર, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ. |
| પ્રો.(ડૉ.) એચ.એલ.ચાવડા | અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| ડૉ.દીપકભાઈ ભાનુશંકર ભટ્ટ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સરસપુર આર્ટસ અને કોમર્સ કોલેજ, |
| ડૉ.હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ.દિનુભાઈ ચુડાસમા | આસિસ્ટન્ટ પ્રોફેસર ગુજરાતી વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |

**સંપાદન**

| | |
|---|---|
| પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કુલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડો બાબાસાહેબઆંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |
| ડૉ. નિતિનકુમાર જાદવ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ. |

**પ્રકાશક**

| | |
|---|---|
| ડૉ. ભાવિન ત્રિવેદી | કા. કુલસચિવ, ડો બાબાસાહેબ આંબેડકર ઓપેન યુનિવર્સીટી, અમદાવાદ. |

**ISBN : 978-93-89456-64-6**

: સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠયપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**B.A. (Hons.) Sociology**

**ભારતમાં સમાજ**

**(Society in India)**

**SOMJ-102**

## વિભાગ: 2

**એકમ – 9**

ભારતમાં લગ્ન સંસ્થાની સાર્વત્રિકતા : લગ્નવય, એકપતિપત્ની, બહુપત્ની, બહુપત્નીલગ્ન, કુલીનશાહીલગ્ન, બર્હિલગ્ન, સત્રોત્રલગ્ન, ગોઠવાયેલ લગ્ન

---

**એકમ – 10**

ધર્મસંસ્થાનો અર્થ અને તેના લક્ષણો તથા કાર્યો

---

**એકમ – 11**

ભારતમાં સામાજિક વર્ગો : ઉદભવ જમીનદારો, ખેડૂતો, ગણોતીયા, ખેતમજૂરો, કારીગરો

---

**એકમ – 12**

શહેરી ભારતમાં સામાજિક વર્ગો : ઔદ્યોગિક વેપારીવર્ગ, ઉચ્ચ વ્યવસાયીવર્ગ, અસંગઠિત કામદારો, શ્રમજીવીઓ

---

**એકમ – 13**

ભારતમાં પછાતવર્ગો : સ્વરૂપ, સમસ્યાઓ

---

**એકમ – 14**

ભારતમાં અનુસૂચિત જાતિઓ : અર્થ, વ્યાખ્યા, વસ્તી, સમસ્યાઓ

---

**એકમ – 15**

ભારતમાં આદિવાસીઓ : અર્થ, વ્યાખ્યા, વસ્તી, સમસ્યાઓ

---

**એકમ – 16**

ભારતીય સમાજનો સાંસ્કૃતિક વારસો અને તેમાં આવેલું પરિવર્તન

---

**એકમ – 17**

રાષ્ટ્રીય ઓળખ અને રાષ્ટ્ર નિર્માણ

એકમ ૯

# ભારતમાં લગ્નસંસ્થાની સાર્વત્રિકતા

## રૂપરેખા

૯. ૦ ઉદ્દેશો

૯. ૧ પ્રસ્તાવના

૯. ૨ ભારતમાં લગ્નસંસ્થાની સાર્વત્રિકતા

૯. ૩ લગ્નવય

૯. ૪ એકસાથી લગ્ન

૯. ૫ બહુપત્ની પ્રથા

૯. ૬ બહુપતિ લગ્ન

૯.૬.૧. ભ્રાતૃકીય બહુપતિ લગ્ન

૯.૬.૨. અભ્રાતૃકીય બહુપતિ લગ્ન

૯. ૭ કુલીનશાહી લગ્ન

૯. ૮ બર્હિલગ્ન

૯. ૯ ગોઠવાયેલા લગ્ન **(Arrange marriage)**

૯.૧૦ સારાંશ

૯.૧૧ સંદર્ભસૂચિ

૯.૧૨ તમારી પ્રગતિ ચકાસો

## ૯. ૦ ઉદ્દેશો

આ એકમમાં ભારતમાં લગ્નસંસ્થાનું સ્વરૂપ સમજાવવાનો મુખ્ય હેતુ છે. આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે -

- ભારતમાં લગ્નસંસ્થાની સાર્વત્રિકતા સમજાવી શકશો.
- ભારતમાં લગ્નવયનાં પાસાંની ચર્ચા કરી શકશો.
- જીવનસાથીની સંખ્યાને આધારે લગ્નના પ્રકારો ચકાસી શકશો.
- બર્હિલગ્નની સમજૂતી મેળવી શકશો.
- સગોત્રલગ્નની સમજૂતી મેળવી શકશો.
- ગોઠવાયેલ લગ્નનું (Arrange marriage) વર્ણન કરી શકશો.
- કુલીનશાહી લગ્નની સમજૂતી મેળવી શકશો.

## ૯.૧ પ્રસ્તાવના

યુનિટ-૮માં લગ્નસંસ્થાનો ઉદ્દભવ, લગ્નનો અર્થ, લગ્નના મુખ્ય હેતુઓ, લગ્નના પ્રકારો, અંર્તલગ્ન અને બર્હિલગ્નના નિયમો વગેરેનો પરિચય કરાવ્યો હતો. આ એકમમાં ભારતમાં લગ્નસંસ્થાનું સ્વરૂપ સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ૯.૨માં ભારતમાં લગ્નસંસ્થાની સાર્વત્રિકતા અંગે ચર્ચા કરી છે. ૯.૩ માં લગ્નવય, લગ્નવય અંગેના કાયદાઓની ચર્ચા કરી છે. ૯.૪માં એકસાથી લગ્નની સમજૂતી આપી છે. ૯.૫માં બહુપત્ની પ્રથાની ચર્ચા કરી છે. ૯.૬ અને ૯.૭માં અનુક્રમે કુલીનશાહી લગ્ન અને ગોઠવાયેલ લગ્ન અંગે સમજૂતી આપવામાં આવી છે. આમ, ભારતમાં લગ્નસંસ્થાના સ્વરૂપની સમજૂતી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## ૯.૨ ભારતમાં લગ્નસંસ્થાની સાર્વત્રિકતા

લગ્ન એ સ્ત્રી-પુરુષ વચ્ચેનો એવો સંબંધ છે, જે નિશ્ચિત સંસ્કારના માધ્યમથી સમાજ સ્વીકૃત બને છે. લગ્નની સમાજ દ્વારા સ્વીકૃતિ એ દરેક સમાજમાં સાર્વત્રિક રીતે જોવા મળે છે. લગ્નનું સ્વરૂપ, લગ્ન અંગેના નિયમો, નિયંત્રણો, પ્રકારો વગેરેમાં ચોક્કસ વિવિધતા હોય છે જેની સમજૂતી આપણે આગળના એકમમાં મેળવી.

ભારતીય સમાજમાં લગ્નસંસ્થાની સાર્વત્રિકતાના સંદર્ભે જોઈએ તો ભારતમાં લગ્નો ધર્મ, જ્ઞાતિ અને આદિવાસી સમુદાય સાથે સવિશેષ જોડાયેલા છે. હિંદુધર્મના સંદર્ભમાં જોઈએ તો હિંદુલગ્ન સામાજિક ધાર્મિક ફરજ છે. એટલે લગ્ન એ વ્યક્તિ અને સમાજ બંન્ને માટે મહત્ત્વની ઘટના છે. હિંદુઓમાં માન્યતા છે કે લગ્નસંબંધથી જોડાનાર વ્યક્તિઓ માત્ર આ જન્મ નહીં પરંતુ જન્મોજન્મ સાથે રહે છે. હિંદુલગ્નના મહત્ત્વના હેતુઓમાં ધર્મને પ્રથમ લક્ષણ તરીકે પ્રાધાન્ય મળ્યું છે. ઉપરાંત વિવિધ ઋણોમાંથી મુકત થવા માટે લગ્નને આવશ્યક ગણ્યા છે. કન્યાદાન, વાગ્દાન, લગ્નહોમ, પાણિગ્રહણ, સપ્તપદી વગેરે જેવી વિધિઓ દ્વારા લગ્ન સંપન્ન થાય છે. એટલે કે લગ્ન કરીને વ્યક્તિ પોતાનું ધાર્મિક ઋણ ચૂકવે છે. ડૉ. પી. એન. પ્રભુ જણાવે છે કે, ''હિંદુને માટે લગ્ન એક સંસ્કાર છે તથા આ કારણે લગ્ન-સંબંધમાં જોડાનારા પક્ષોનો સંબંધ સંસ્કારરૂપ છે, કરારની પ્રકૃતિનો નહિ. હિંદુધર્મમાં લગ્નનો બીજો મહત્ત્વનો હેતુ પ્રજા એટલે કે સંતાનોત્પતિ છે. જેના દ્વારા કુટુંબનો વારસો જળવાઈ રહે છે. ઉપરાંત પુત્રો દ્વારા પૂર્વજોનું ઋણ શ્રાદ્ધ, તર્પણ વગેરે વિધિઓ દ્વારા પૂર્ણ કરી શકાય છે, સાથે-સાથે પુત્રને 'ઘડપણની લાકડી' એટલે કે વૃદ્ધાવસ્થામાં માતા-પિતાની સંભાળ રાખનાર તરીકે મહત્ત્વના ગણવામાં આવે છે. એટલે લગ્ન દ્વારા વ્યક્તિ ગૃહસ્થન બની વિવિધ ઋણોમાંથી મુક્ત બની શકે છે. સાથે-સાથે વ્યક્તિની પોતાની સામાજિક, માનસિક, આર્થિક જરૂરિયાત પોતાના કુટુંબ દ્વારા સંતોષાય છે જેનો પ્રાથમિક સ્ત્રોત લગ્નસંસ્થા છે.

ઈસ્લામ લગ્નને 'સુન્નાહ' માને છે. એટલે કે મુસ્લિમ સ્ત્રી-પુરુષે આ કર્તવ્ય અદા કરવાનું રહે છે. ખ્રિસ્તીઓમાં સામાન્ય રીતે લગ્ન સંસ્કાર ગણાય છે અને તેથી ખાસ કરીને રોમન કેથોલિક છૂટાછેડા લઈ શકતા નથી. લગ્નની સાર્વત્રિકતાનો ખ્યાલ પણ આવી શકે છે. ૨૦૦૧ની વસતિ ગણતરીના આંકડાઓ પ્રમાણે કુલ વસતિના ૦.૪ % લોકો અપરણિત છે. એટલે કે ખૂબ ઓછી વ્યક્તિઓ પોતાની પસંદગીનથી અપરણિત રહેવાનું પસંદ કરે છે. તેમ છતાં વ્યક્તિવાદી વિચારસરણી, શિક્ષણ, સ્વકેન્દ્રીપણું વગેરેને કારણે અપરણિત સ્ત્રી-પુરુષો, Signal Parent વગેરેની શરૂઆત થઈ ચૂકી છે પરંતુ તેનું પ્રમાણ બહુ જ અલ્પ છે.

## ૯.૩ લગ્નવય

લગ્ન એ સાર્વત્રિક સંસ્થા છે. વિવિધ ધાર્મિક સમૂહો, એથ્નિક જૂથોમાં લગ્નવય અંગે વિવિધતા જોવા મળે છે. હિંદુ શાસ્ત્રો અનુસાર હિંદુ કન્યાના લગ્ન રજોદર્શન પહેલાં કરી દેવા જોઈએ, જયારે હિંદુ યુવક માટે બ્રહ્મચર્યાક્ષમ પછી એટલે કે વિદ્યાભ્યાસ પૂરો થયા પછી લગ્ન કરવા. આ શાસ્ત્રો લખાયા હશે ત્યારે કન્યાકેળવણી બંધ થઈ હશે. તેથી તે સમયની પરિસ્થિતિ અનુસાર કન્યાના લગ્ન વહેલા કરી દેવાની જોગવાઈ હશે. પરંતુ પુખ્ત ઉંમરે જ તે તેના પતિગૃહે જતી હશે. લગ્નના મંત્રો તેમજ સપ્તપદીની પ્રતિજ્ઞાઓ જોતાં લાગે છે કે પુખ્ત ઉંમરની વ્યક્તિઓ સિવાય સમજપૂર્વક આવી પ્રતિજ્ઞાઓ કોઈ લઈ શકે નહિ. (ડૉ. તારાબેન પટેલ – ૧૧૭)

ભારતમાં ૧૮ મી અને ૧૯ મી સદીમાં બાળલગ્નનનો રિવાજ હતો. પાટીદારોમાં ‘બંધુકા વિવાહ, પેટે ચાંદલા કરવાનો રિવાજ વગેરે પ્રચલિત હતા. પરંતુ ૧૯ મી સદીના સમાજ સુધારણા આંદોલનને પરિણામે ૧૯૨૯ માં બાળલગ્ન પ્રતિબંધક કાનૂન પસાર થયો અને લગ્નની વય છોકરીઓ માટે ૧૪ વર્ષ અને છોકરાઓ માટે ૧૮ વર્ષ નક્કી કરવામાં આવી. ત્યાર બાદ લગ્નવય અંગેના કાયદામાં છેલ્લો સુધારો ૧૯૭૮માં કરવામાં આવ્યો. જે અનુસાર છોકરીઓ માટે લગ્નવય ૧૮ વર્ષ અને છોકરાઓ માટે ૨૧ વર્ષની નક્કી કરવમાં આવી.

બાળલગ્ન પ્રતિબંધક કાનૂનને કારણે બાળલગ્નની સંખ્યામાં ઘટાડો થયો છે. ઉપરાંત શિક્ષણના પ્રસારને કારણે પણ બાળલગ્નોની સંખ્યા ઘટતી જાય છે. તેમ છતા કેટલીક જ્ઞાતિઓ અને પ્રદેશોમાં આજે પણ બાળલગ્નો થતાં જોવા મળે છે. એ જ રીતે ઓરિસ્સા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ તથા રાજસ્થાન જેવા રાજયોમાં બાળલગ્નો સમકાલીન સમયમાં પણ ચાલુ રહ્યાં છે.

ભારતમાં બાળલગ્ન અથવા નીચી લગ્નવય લગ્નની સાર્વત્રિકતા સાથે પણ જોડાયેલી છે. લગ્નને ફરજીયાત માનવામાં આવે છે અને બાળપણથી જ દીકરીના લગ્નનો વિચાર થતો હોય છે. અસમાન જાતિપ્રમાણ પણ લગ્નવય પર સીધી રીતે અસર કરે છે. કેટલાક પ્રદેશોમાં સ્ત્રી-પુરુષ જાતિપ્રમાણ વચ્ચે બહુ મોટો તફાવત હોય છે તેથી બાળકો માટે યોગ્ય જીવનસાથી નહિ મળે એવા ડરથી પણ વહેલા લગ્ન કરાવી દેવામાં આવે છે. સાટાલગ્નનો રિવાજ પણ કંઈક અંશે નીચી લગ્નવય માટે કારણરૂપ છે એમ કહી શકાય.

## ૯.૪ એકસાથી લગ્ન

મોર્ગન, બેશોફેન, બ્રિફોલ્ટ વગેરે માનવશાસ્ત્રીઓના મતે એકસાથી લગ્ન ઉત્ક્રાંતિના ક્રમે સંઘ લગ્નમાંથી વિકાસ પામ્યું છે. આપણે યુનિટ-૮માં લગ્નસંસ્થા ઉદ્દભવના સિદ્ધાંતો જોયા. તેમાંના અનિયંત્રિત જાતીય સંબંધના સિદ્ધાંતની સમજૂતી મેળવી. તે અનુસાર ક્રમે-ક્રમે સંઘલગ્ન, બહુપતિત્વ, બહુપત્નીત્વ અને છેવટે એકસાથી લગ્ન ની પ્રથા અસ્તિત્ત્વમાં આવી.

એકસાથી લગ્ન વિશ્વના મોટાભાગના સમાજોમાં પ્રચલિત છે. આ પ્રકારના લગ્નમાં એક જ સમયે એક સ્ત્રી અથવા એક પુરુષ એક જ પુરુષ અથવા એક જ સ્ત્રી સાથે લગ્ન કરી શકે છે. એટલે કે એકસાથી લગ્નમાં એક સ્ત્રી અથવા એક પુરુષને એક જ પતિ અથવા એક પત્ની હોય છે. જે સમાજોમાં એકસાથી લગ્નો પ્રચલિત છે ત્યાં સ્ત્રી અથવા પુરુષ ત્યાં સુધી જીવનસાથી જોડે પતિપત્ની તરીકેના સંબંધ છૂટાછેડા, મૃત્યુ અથવા અન્ય કારણોસર સામાજ માન્ય રીતે તોડે નહી ત્યાં સુધી બીજા પુરુષ

અથવા બીજી સ્ત્રી સાથે લગ્ન કરી શકાતા નથી. સામાન્ય રીતે એકસાથી લગ્નપ્રથામાં પતિપત્ની એકબીજાને આજીવન વફાદાર રહી લગ્નજીવન તેમજ કુટુંબજીવન પરત્વેની ફરજો અદા કરે છે. લગ્નજીવનની શાંતિ અને કુટુંબના નિભાવ માટે પણ સામાન્ય રીતે એકસાથી લગ્ન વધુ યોગ્ય છે.

હિંદુસમાજમાં સામાન્ય રીતે સ્ત્રીને માટે તો એક જ પતિની આજ્ઞા કરાઈ છે, એ જ રીતે પુરુષ માટે પણ ધર્મશાસ્ત્રોએ એ જ નિયંત્રણ મૂકેલું છે. અસાધારણ સંજોગોમાં જેવા કે વંશવૃદ્ધિ માટે, પુરુષને બીજું લગ્ન કરવાની છૂટ અપાઈ છે. 'યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ' પ્રમાણે એક પુરુષ પોતાની પત્નીના મરણ પછી જ બીજી પત્ની સાથે લગ્ન કરી શકે છે.

ભારતમાં ૧૯૫૫ના હિંદુ લગ્નના કાયદા વડે એકસાથી લગ્નનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ કાયદાથી કેટલીક શરતોને બાદ કરતાં એક સમયે એક સ્ત્રી એકથી વધુ પુરુષ સાથે અથવા એક પુરુષ એકથી વધુ સ્ત્રી સાથે લગ્ન કરી શકતા નથી એટલું જ નહીં કાયદાની શરતોનું પાલન ન થાય તો ગુનો બને છે અને આવા ગુના માટે ચોક્કસ પ્રકારની શિક્ષાની પણ જોગવાઈ છે.

મુસ્લિમોમાં લગ્નનો મહત્ત્વનો આધાર ધર્મ છે. તેમનો ધર્મગ્રંથ કુરાન તેમને એક સાથે વધારેમાં વધારે ચાર પત્ની કરવાની છૂટ આપે છે. તેમ છતા વ્યવહારમાં મુસ્લિમોમાં પણ મોટે ભાગે એકસાથી લગ્નપ્રથા પ્રચલિત છે.

ખ્રિસ્તી ધર્મમાં પણ બહુસાથી લગ્નની કાયદાથી મનાઈ છે. આમ, ભારતમાં મોટાભાગની જ્ઞાતિઓ, ધર્મમાં એકસાથી લગ્ન વધુ પ્રચલિત છે. કેટલાંક આદિવાસી સમુદાયોમાં એકથી વધુ સાથે લગ્નનો રિવાજ જોવા મળે છે, પરંતુ એ પ્રતીકરૂપ વ્યવહારમાં આદિવાસી સમુદાયોમાં પણ એકસાથી લગ્ન વધુ પ્રચલિત છે.

## ૯.૫ બહુપત્ની લગ્નપ્રથા

બહુસાથી લગ્નપ્રથા અંતર્ગત બહુપતિ અને બહુપત્ની લગ્નના રિવાજો પ્રચલિત હતાં. વેસ્ટર માર્કના મતે, પુરુષનું યુવાન, સુંદર સ્ત્રી માટેનું ખેંચાણ, વિવિધતા માટેનો મોહ, વૈભવ અને સત્તા સંપાદન કરવાનો હેતુ, પત્નીનું વંધ્યત્વ વગેરે કારણો બહુ પત્ની લગ્નપ્રથા માટે જવાબદાર છે. આ પ્રકારના લગ્નમાં એક જ પુરુષને એક સમયે એક કરતા વધુ સ્ત્રીઓ પત્નીઓ તરીકે હોય છે. ભારતમાં નાગા, ગોંડ, બૈત્રા વગેરે આદિવાસી સમાજોમાં બહુપત્ની પ્રથા પ્રચલિત છે. મહંમદ પયગંબરના સમય પહેલા આરબોમાં એકથી વધુ પત્નીપ્રથાની છૂટ હતી, પરંતુ ઈસ્લામ ધર્મે એક સાથે ચારથી વધારે પત્ની કરવાની પ્રથા પર પ્રતિબંધ મૂક્યો છે. હિંદુઓમાં પણ આ પ્રથા પ્રાચીન સમયથી અસ્તિત્ત્વમાં હોય એમ જણાય છે. આ પ્રથાના કારણોમાં સ્ત્રીઓની સંખ્યા, કોઈ પણ ટોળીનો અથવા જૂથનો ધંધો તેમજ અન્ય રાજકીય તેમજ સામાજિક સંજોગો મહત્ત્વનો ભાગ ભજવે છે. પોતાનું ગૌરવ દર્શાવવા શ્રીમંત પુરુષો, રાજાઓ, ઉમરાવો વગેરે એકથી વધારે સ્ત્રીઓ સાથે લગ્ન કરતા.

હિંદુધર્મશાસ્ત્રોમાં બહુપત્ની લગ્નનો આદેશ સાધારણ સંજોગોમાં જ આપેલો છે. મધ્યકાલીન સમયમાં એકથી વધુ પત્નીઓ હોવી એ સામાજિક પ્રતિષ્ઠાનું પ્રતીક હોવાથી શ્રીમંતો, જમીનદારો, રાજાઓ બહુપત્ની કરતા.

બહુપત્ની લગ્ન સ્ત્રીઓના નિમ્ન સામાજિક દરજ્જાનું સૂચન કરે છે. આ પ્રકારના લગ્નોથી સ્ત્રી માત્ર ભોગવિલાસનું, બાળકો ઉત્પન્ન કરવાનું, પ્રતિષ્ઠા વધારવાનું સાધન માત્ર બની રહે છે. એકથી વધુ પત્નીઓને કારણે કૌટુંબિક શાંતિ જોખમાય

છે તથા તેની બાળકોના કુમળા માનસ પર નકારાત્મક અસર પડે છે. તેથી આ પ્રથા દૂર કરવા સામાજિક સુધારકો અને કેટલીક મહિલાઓએ ૧૮મી સદીમાં ચળવળ શરૂ કરી. ૧૮૭૨નો 'સ્પેશ્યલ મેરેજ એકટ' આ દિશામાં પ્રાથમિક પ્રયાસ હતો. આ કાયદા પ્રમાણે લગ્ન કરનાર વ્યક્તિઓના પતિ કે પત્ની હયાત હોવા જોઈએ નહિ. મદ્રાસના નામ્બુદ્રિ બ્રાહ્મણોમાં પણ બહુપત્નીત્વ પ્રથા અસ્તિત્ત્વમાં હતી તેના ઉપર નિયંત્રણ મૂકવા માટે ઈ.સ. ૧૯૩૩માં 'મદ્રાસ નામ્બુદ્રિ એકટ' અમલમાં આવ્યો. કેટલાક પ્રગતિશીલ દેશી રાજ્યોએ બીજી પત્ની કરવા પર કાયદાથી પ્રતિબંધ મૂકવામાં પહેલ કરી હતી. ઈ.સ. ૧૯૪૨નો વડોદરા રાજયનો દ્વિપત્ની પ્રતિબંધ કાયદો પત્ની રક્તપિત્ત અથવા તો એવા જ કોઈ રોગનો ભોગ બની હોય અથવા લગ્નથી જ ગાંડી હોય અને લગ્નના ત્રણ વર્ષ બાદ પણ તેના સારા થવાની કોઈ આશા ન હોય તો લગ્ન ફોક (રદ) ગણાતા. ઈ.સ. ૧૯૪૬માં મુંબઈ રાજયમાં દ્વિપત્ની પ્રતિબંધક કાનૂન પસાર કરવામાં આવ્યો. આ કાયદા પ્રમાણે જો બેમાંથી એક વ્યક્તિ સતત સાત વર્ષ સુધી દૂર હોય અથવા તેના કોઈ સમાચાર મળ્યા ન હોય તો બીજી પત્ની કરવાની છૂટ મળે છે. કાયદાનું ઉલ્લંઘન કરનાર સામે કોર્ટમાં કેસ કરી શકાતો તથા સજારૂપે સાત વર્ષની જેલ દંડ પણ થતો. હિંદુ કોડ બીલ ના આ વિભાગને લગતી કલમ દ્વારા મધ્યસ્થ સરકારે બહુપત્ની પ્રતિબંધ ધારો ઈ.સ. ૧૯૫૭ માં અમલમાં આણ્યો અને બીજી પત્નીની છૂટ અમુક નિયત સંજોગોમાં આપી છે અને લગ્ન છૂટછેડા પછી જ કરી શકાય છે. ૧૯ મી સદીમાં વિવિધ જ્ઞાતિ પરિષદોની સભાઓમાં એક પત્નીની હયાતીમાં બીજી પત્ની નહી કરવાના ઠરાવો નોંધાયેલા છે. આમ, બહુપત્નીપ્રથા કાયદા અને સમાજ દ્વારા સ્વીકૃ ત નથી છતા અપવાદરૂપ કિસ્સાઓમાં કેટલાક સમૂહોમાં બહુપત્નીપ્રથા જોવા મળે છે.

## ૯.૬ બહુપતિ લગ્નપ્રથા

બહુપતિ લગ્ન એટલે એવા લગ્ન કે જેમાં એક જ સ્ત્રીને એક સમયે એકથી વધુ પુરુષો પતિ તરીકે હોય આ પ્રકારના લગ્ન હિમાલય અને ઉત્તર હિંદમાં વસતી કેટલીક આદિમ જાતિઓમાં માલૂમ પડે છે. ઉપરાંત નીલગીરીમાં વસતા ટોડા, કોટા વગેરે આદિવાસીઓમાં આ લગ્નપ્રકાર જોવા મળે છે. બહુપતિ લગ્નપ્રથાના ઉદ્દભવ માટે દરેક સમાજમાં જુદા-જુદા કારણો હોય છે. જેમાં કુટુંબની મિલકત નાના ટુકડાઓમાં વહેંચાઈ ન જાય, કુટુંબમાં સંપ રહે, કન્યા વિક્રયનો ઊંચો દર, પુરુષોની વધુ સંખ્યા વગેરે કારણો જવાબદાર હોય છે. વેસ્ટર માર્કના મતે બહુપતિ લગ્ન પ્રથા વિશ્વના જુદા-જુદા ભાગોમાં પછાત જાતિઓમાં અસ્તિત્ત્વમાં હતી અને તેના કેટલાક દષ્ટાંતો પણ મળી આવ્યા છે, પરંતુ સંખ્યાની દષ્ટિએ તેનો ફેલાવો બહુ જ ઓછો છે.

બહુપતિ લગ્નના મુખ્ય બે પેટા પ્રકારછે.

(૧) ભ્રાતૃકિય બહુપતિ લગ્ન અને

(૨) અભ્રાતૃકિય બહુપતિ લગ્ન

### ૯.૬.૧ ભ્રાતૃકીયબહુપતિ લગ્ન :

આ પ્રકારના લગ્નમાં પત્નીના એકથી વધુ પતિઓ, ભાઈઓ હોય છે. આ માટે ઘણા સમય સુધી દ્રૌપદીનું ઉદાહરણ અપાતું, પરંતુ ડૉ. કે. એમ. કાપડિયા આ ઉદાહરણને આધારભૂત ગણતા નથી. તેમના મતે આ એક અસામાન્ય અને અપવાદજનક ઘટના હતી તેથી તેનો સામાન્ય પ્રથા તરીકે અર્થ કરી શકાય નહી.

નિલગીરી પર્વતમાળાના 'ટોડા' લોકોમાં ભ્રાતૃકીય બહુપતિપ્રથા અસ્તિત્ત્વમાં

હતી. પ્રો. સ્વિર્સે સહભાગી નિરીક્ષણ દ્વારા ટોડા આદિવાસીઓનો અભ્યાસ કર્યો છે. તેમના મતે ટોડા આદિવાસીઓમાં સૌથી મોટા ભાઈની પત્ની બાકીના બધા ભાઈઓની પત્ની ગણાય છે. એક કરતાં વધુ ભાઈઓ પતિ તરીકે હોવાથી બાળકનું જૈવિક પિતૃત્વ નક્કી કરવું મુશ્કેલ છે. તેથી જન્મનાર બાળકનું સામાજિક પિતૃત્વ નક્કી કરવા માટે 'પરસૂતપિમીની વિધિ' (ધનૂષ અને બાણ આપવાનું કાર્ય)કરવામાં આવે છે. આ વિધિ કરવાનો સૌથી પહેલો અધિકાર મોટા ભાઈનો રહે છે. પરંતુ બાકીના બધા ભાઈઓ બાળકના પિતા ગણાય છે. પરંતુ જો કોઈ ભાઈ પોતાના મૂળ કુટુંબથી અલગ થઈ જાય તો તે પતિ અને પિતા તરીકેના અધિકારો ગુમાવે છે એટલે કે બહુપતિ લગ્નનું કારણ કુટુંબની સંયુકતતા ગણાવી શકાય. સાથે-સાથે ટોડા આદિવાસીઓમાં બાળકી હત્યાનું રિવાજ પણ પ્રચલિત હતો. પરિણામે સ્ત્રીઓની સંખ્યા ઓછી રહેતી. જો કે આજે સરકારી હસ્તક્ષેપ, કાયદાઓ, સરકારી સવલતો વગેરેને કારણે આનું પ્રમાણ ઘટ્યું છે.

### ૯.૬.૨ અભ્રાતૃકીય બહુપતિ લગ્ન :

આ પ્રકારના લગ્નમાં સ્ત્રીને એકથી વધુ પતિઓ હોય છે પરંતુ તે ભાઈઓ નથી. આ પ્રકારના લગ્નને પરિણામે જન્મેલ સંતાનનું જૈવિક પિતૃત્વ ગમે તે હોઈ શકે છે, પરંતુ બધા જ સંતાનનું સામાજિક પિતૃત્વ અમુક એક જ પતિનું નિશ્ચિત કરવામાં આવે છે.

દક્ષિણમાં મલબારમાં રહેતી નાયર સ્ત્રીઓમાં બહુપતિનો રિવાજ હતો. નાયરોમાં માતૃસત્તાક કુટુંબવ્યવસ્થા હોવાથી સ્ત્રી સમાજમાં અગ્રસ્થાન ભોગવે તેથી તેનાં સંતાનોને મોસાળમાં વારસો મળતો મેળવવામાં કોઈ મુશ્કેલી નડતી નહીં. નાયર સ્ત્રી એક સાથે જુદા-જુદા કુટુંબના અનેક પતિ કરી શકતી. પતિનું સ્થાન તેના ઘરમાં બહારથી આવેલા મહેમાન જેવું જ રહેતું અને તે પોતાની પત્ની કે બાળકો ઉપર કોઈ હક ધરાવી શકતો નહી. પિતૃસત્તાક પ્રથા અનુસાર જેમ પુરુષો અનેક પત્નીઓ કરવાનો અબાધિત હક ભોગવતા. તેવી રીતે માતૃસત્તાક નાયરોમાં સ્ત્રી અનેક પતિ કરવાનો હક ભોગવતી નાયરોમાં ધીરે-ધીરે આ રિવાજ ઓછો થતો ગયો અને છેવટે તેના પર કાયદાથી પ્રતિબંધ મૂકાયો. આ ઉપરાંત આ પ્રથા કુર્ગા, ઈરવા તેમજ દહેરાદૂન જોનસાર બાવર પરગણાનાં ખાસામાં જણાય છે.

## ૯.૭ કુલીનશાહી લગ્ન

આ પ્રથા પ્રમાણે દરેક કુટુંબ પોતાની કન્યાનું લગ્ન પોતાના કરતાં ઊંચા કુળના કુટુંબમાં અથવા તો ચઢતા દરજ્જાના કુટુંબમાં કરવા માગે છે, પરંતુ પોતાનાથી ઊતરતા કુળમાં કન્યા આપવાની ઈચ્છા કોઈ ધરાવતું નથી. કુલીનશાહી જ્ઞાતિના વિવિધ પેટાવિભાગો ('ગોળ', 'એકડાં', 'તડા') વચ્ચે આ રિવાજ પ્રચલિત છે. બધી જ જ્ઞાતિઓમાં ચઢતા-ઉતરતા વર્તુળોનું સ્તરીકરણ જોવા મળે છે. પેટાજ્ઞાતિઓ પણ ચઢતા-ઉતરતા પેટાવર્તુળોમાં વિભાજીત થયેલી હોય છે. દરેક જ્ઞાતિ અંતર્લગ્ન થયેલી હોય છે. દરેક જ્ઞાતિ આંતરલગ્ન જૂથમાં અમુક પ્રમાણમાં કુલીનશાહી લગ્નના નિયમો પળાતા જોવા મળે છે.

કુળવાન કુટુંબમાં પોતાની દીકરી પરણાવવા માતા-પિતા હરીફાઈ કરતા સામે વરના માતા-પિતા ઘણી વખત પૈસાની લાલચ અથવા આવા જ બીજા કોઈ આકર્ષણથી વધારે પૈઠણ આપનારની કન્યાનો સ્વીકાર કરે છે. આ રિવાજને કારણે ગરીબ કુટુંબની સુશીલ કન્યાઓ કુંવારી રહે છે. કુલીનશાહી લગ્નપ્રથાને કારણે માતા-પિતા પોતાની

કન્યાઓઃ

- ઊતરતા દરજ્જાનાં કુટુંબોમાં આપી શકતા નથી. ઉત્તમ કુળના વર માટે સખત હરીફાઈ હોવાને લીધે તેમાંથી હજારો અનિષ્ટો જન્મે છે. વગર વાંકે નવવધુઓને મારી નાખવામાં આવતી, વધુ પૈસા લેવા માટે કન્યાને સાસરે લાવતા નહી અથવા સાસરેથી પિયર જવા દેતા નહી. કુલીનશાહી લગ્ન પ્રથાને કારણે કેટલીક જ્ઞાતિઓમાં 'બાળકીને દૂધ પીતી કરવાનો' રિવાજ શરૂ થયો હતો.

કુલીનશાહી લગ્નના દૃષ્ટાંતો ખાસ કરીને ઊંચી જ્ઞાતિઓમાં જોવા મળે છે. દા.ત. ઔદિચ્ય, ખેડાવાળ, અનાવિલ વગેરે બ્રાહ્મણ જ્ઞાતિઓ, ગુજરાતના પાટીદારો, રાજસ્થાનના જાટ, રાજપૂતો, બંગાળમાં કુલીનશાહી લગ્નોનું પ્રચલન વધુ હતું. બંગાળના રાહી બ્રાહ્મણોમાં ચાર વિભાગો હતાં. તેઓ કુલીન અને સિદ્ધક્ષોત્રીય કુલીનશાહી લગ્નપ્રથા અનુસરતા હતાં. કુલીન બ્રાહ્મણોને એટલું બધું મહત્ત્વ આપવામાં આવતું કે બાકીના ત્રણે વિભાગની કન્યાઓ સાથે તે લગ્ન કરી શકતા. એટલું જ નહી પણ કન્યા તેમજ વરની સંખ્યાના પ્રમાણમાં ખૂબ ફેર રહેવાથી કુલીનોમાં સહજ રીતે બહુપત્નીત્વની પ્રથા વિકસી. આના સમર્થનમાં બાબુ અભ્યચંદ્ર જણાવે છે કે, તેમના જાણીતા બે કુલીનોમાંથી એકને ૬૦ પત્નીઓ હતી, જયારે બીજાને ૧૦૦ કરતા વધારે હતી. આ બંને એક ડાયરી રાખીને તેમા તેમના સસરા અને કુટુંબોની વિગતો રાખતા અને વારાફરતી દરેકને ત્યાં જઈ એક બે દિવસની મહેમાનગતિ માણતા અને ભેટસોગાદ લઈ ઘરે પાછા ફરતાં (ડૉ. તારાબેન પટેલ-૧૨૮). આ પ્રથા નાબૂદ કરવા પંડિત વિદ્યાસાગર અને અન્ય સમાજ સુધારકોએ ઘણા પ્રયાસો કર્યા. પરિણામે બંગાળની કુલીનપ્રથા બંધ થઈ. સમકાલીન સમયમાં કુલીનશાહીનું બહુ પ્રચલન નથી. તેમ છતાં કેટલીક કહેવાતી ઊંચી જ્ઞાતિઓ પોતાની કન્યા ઊંચા કુળમાં પરણાવવાનો રિવાજ ચાલું છે.

## ૯.૮ બર્હિલગ્ન

નિયત સમૂહ કે એકમની બહાર જે લગ્નસંબંધ યોજવામાં આવે છે તેને બર્હિલગ્ન કહેવાય છે. આ પ્રકારના લગ્નમાં સમાન ગોત્ર કે લોહીની સગાઈવાળાં સગાં વચ્ચે લગ્નનો નિષેધ કરેલો છે. બર્હિલગ્નના એક સર્વસામાન્ય નિયમ દુનિયાના બધા જ લોકો પાળતા આવ્યા છે. આ નિયમ પ્રમાણે માતા-પુત્ર અને પુત્રી-પિતા વચ્ચેના લગ્નનો નિષેધ કર્યો છે. આ નિયમ સર્વત્ર વ્યાપક છે. હિંદુઓમાં બર્હિલગ્નના નિયમો ગોત્ર, પ્રવર અથવા તો પિંડ પર આધારિત છે. એકમ-૮માં જીવનસાથી પસંદગીના નિયંત્રણો અંતર્ગત બર્હિલગ્નની વિગતે ચર્ચા કરેલી છે તે જોવી.

## ૯.૯ ગોઠવાયેલ લગ્ન (Arrange marriage)

ભારતમાં લગ્નસંબંધ નક્કી કરવામાં કુટુંબ, જ્ઞાતિ, ધર્મ વગેરેની મહત્ત્વની ભૂમિકા છે. મોટાભાગના લગ્નો વડીલો દ્વારા ગોઠવાયેલા હોય છે. અગાઉના સમયમાં પાત્રોની સંમતિ વગર પણ વડીલો તેમના સમયમાં પાત્રોની સંમતિ વગર પણ વડીલો તેમના લગ્ન નક્કી કરી દેતા. આ રીતે જ્યારે માતા-પિતા કે વડીલો લગ્ન ગોઠવે ત્યારે તેને ગોઠવાયેલ લગ્ન (Arrange Marriage) કહેવામાં આવે છે. સ્વપસંદગી લગ્ન કરતા તદ્દન વિરૂદ્ધ આ પ્રકારના લગ્ન છે. જો કે સમકાલીન સમયમાં વડીલો પોતાની જ્ઞાતિ, પેટાજ્ઞાતિ, ગોળ, એકડા વગેરેમાંથી પાત્રની પસંદગી કરે છે, પરંતુ પરણનાર યુવક-યુવતીની ઈચ્છાને પણ મહત્ત્વ અપાય છે. પોતાના સંતાનોએ પસંદ કરેલ પાત્ર પણ પોતાની જ્ઞાતિ,

પેટાજ્ઞાતિ કે પેટાજૂથનું હોય સમાન દરજ્જો ધરાવતું હોય તો વડીલો તેને સંમતિ આપતા થયા છે. એટલે કે સ્વપસંદગી અને ગોઠવાયેલ લગ્નનું મિશ્રણ જોવા મળે છે. જો કે આંતરજ્ઞાતિય પાત્રોને વડીલો ઝડપથી સંમતિ આપતા નથી. એજ રીતે ગોઠવાયેલ લગ્નોમાં પ્રતિલોમ લગ્નોનું પ્રમાણ ઓછું છે.

## ૯.૧૦ સારાંશ

આમ, યુનિટ-૯માં આપણે લગ્નસંસ્થાની સાર્વત્રિકતાથી શરૂ કરી લગ્નવય, એકસાથી લગ્ન, કુલીનશાહી લગ્ન, બર્હિલગ્ન, ગોઠવાયેલ લગ્ન (Arrange Marriage) વગેરેની સમજૂતી મેળવી. વર્તમાન સમયમાં શિક્ષણ, આધુનિક વિચારસરણી, કાયદાઓ વગેરેને કારણે અનેક પરિવર્તનો આવ્યા છે. દા.ત. કલમ-૩૭૭ નાબૂદ થતાં ગે-રીલેશનશીપ, લેસ્બિયન રીલેશનશીપ વગેરેને કાયદા દ્વારા માન્યતા મળી છે. એટલે થોડાંક ફેરફારોને બાદ કરતાં લગ્નસંસ્થાનું માળખું નથી બદલાયું.

## ૯.૧૧ સંદર્ભસૂચિ


- Kapadia K. M., (1956) “Marriage and Family in India” Oxford University press.
- શાહ એ. જી. અને દવે જે. કે., ‘‘ભારતની સામાજિક સાંસ્થાઓ’’, અનડા પ્રકાશન, અમદાવાદ.
- પટેલ તારાબેન,‘‘ભારતીય સમાજવ્યવસ્થા’’, ગુજરાત યુનિવર્સીટી પ્રકાશન, અમદાવાદ.
- લવાનીયા એમ. એન.,(૧૯૯૦),‘‘સમાજશાસ્ત્ર’’, રિસર્ચ પબ્લીકેશન, જયપુર.


## ૯.૧૨ તમારી પ્રગતિ ચકાસો

૧. એકસાથી લગ્ન એટલે શું ? (બે લીટીમાં જવાબ આપો.)

..............................................................

..............................................................

૨. બહુપતિ લગ્ન વિગતે સમજાવો. (દસ લીટીમાં જવાબ આપો.)

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

............................................................

............................................................

૩. કુલીનશાહી લગ્ન એટલે શું ? (બે લીટીમાં જવાબ આપો.)

............................................................

............................................................

૪. ગોઠવાયેલા લગ્ન (Arrange Marriage) કોને કહેવાય ? (બે લીટીમાં જવાબ આપો.)

............................................................

............................................................

એકમ ૧૦

# ધર્મ સંસ્થાઃ અર્થ, તેના લક્ષણો, કાર્યો અને વિકાર્યો

## રૂપરેખા


૧૦.૦ ઉદ્દેશો

૧૦.૧ પ્રસ્તાવના

૧૦.૨ ધર્મનો સમાજશાસ્ત્રીય અર્થ/વ્યાખ્યા

૧૦.૩ ધર્મ સંસ્થાના લક્ષણો

- ૧૦.૩.૧ અલૌકિક શકિતમાં વિશ્વાસ
- ૧૦.૩.૨ અલૌકિક શકિત સાથે મનુષ્યના સંબંધો
- ૧૦.૩.૩ પાપ-પુણ્યની માન્યતા
- ૧૦.૩.૪ મોક્ષ-નિર્વાણનો ખ્યાલ
- ૧૦.૩.૫ વિચારસરણી
- ૧૦.૩.૬ ધાર્મિક વિધિ વિધાન

૧૦.૪. ધર્મ સંસ્થાના કાર્યો

- ૧૦.૪.૧ સામાજિક એકતા
- ૧૦.૪.૨ સામાજિક નિયંત્રણ
- ૧૦.૪.૩ સામાજીકરણ
- ૧૦.૪.૪ સામાજિક કલ્યાણ
- ૧૦.૪.૫ સામાજિક-માનસિક સંતોષ

૧૦.૫ ધર્મ સંસ્થાના વિકાર્યો

- ૧૦.૫.૧ સામાજિક-આર્થિક પ્રગતિમાં અવરોધક
- ૧૦.૫.૨ રાષ્ટ્રીય એકતા માટે પ્રતિકુળ

૧૦.૬ સારાંશ

૧૦.૭ શબ્દાવલી

૧૦.૮ તમારી જાતે ચકાસો

૧૦.૯ બહુ વિકલ્પીય પ્રશ્નો

૧૦.૧૦ સ્વાધ્યાયના ઉત્તરો

૧૦.૧૧ સંદર્ભસૂચિ

## ૧૦.૦ ઉદ્દેશો

આ એકમના વાંચન બાદ તમે

- ધર્મ અને ધર્મ સંસ્થાનો સમાજશાસ્ત્રીય પરિચય મેળવી શકશો
- એક સામાજિક સંસ્થા તરીકે ધર્મની શું ખાસિયતો છે તે જાણી શકશો
- સામાજિક સંસ્થા સ્વરૂપે ધર્મના કાર્યોની સમજ મેળવી શકશો
- તમારી મેળે જ ધર્મનું સમાશાસ્ત્રીય વિશ્લેષણ કરી શકશો

## ૧૦.૧ પ્રસ્તાવના

ધર્મ માનવ સમાજના પ્રાંરભકાળથી જ અન્ય સંસ્થાઓની જેમ મહત્વપૂર્ણ સામાજિક સંસ્થા રહી છે. પ્રાચીન સમયથી માનવીય જીવન અને માનવસમાજના વિવિધ પાસાઓ પર ધર્મનો પ્રભાવ રહેવા પામ્યો છે. જો કે સમાજમાં ધર્મનો પાદુર્ભાવ કયારે થયો તે બાબતે વિદ્રનોમાં થયો તે બાબતે વિદ્વાનોમાં મતમતાંર પ્રવર્તે છે. એવું કહેયાવ છે કે જીવનના ગૂઢ રહસ્યો. કુદરતી અને અલૌકિક શકિતઓને જાણવાના વિચારો ધર્મના મૂળને ઈંગિત કરે છે. આ વિશ્વ શા માટે અને કઇ રીતે બન્યું તેનો જવાબ મેળવવાની ઘટનાએ ઇશ્વરની અલૌકિક શકિતના અસ્તિત્વનો સ્વીકાર કર્યો તે બાબત ધર્મની ઉત્પતિ તરફ દોરી જાય છે.

માનવી સામાજિક પ્રાણી છે. સામાજિક પ્રાણી હોવાને નાતે તેનું સર્વાંગી જીવન સંસ્થાકીય માળખામાં જીવાય છે. સમાજિક જૂથો, ઉપજૂથો અને સંસ્થાઓ સમૂહગત જરૂરિયાતમાંથી ઉભી થયેલી એક વ્યવસ્થા છે.સમાજમાં વ્યાપ્ત વિભિન્ન સામાજિક સંસ્થાઓ જેવી કે કુટુંબ, લગ્ન, જ્ઞાતિ, શિક્ષણ ધર્મ વગેરે માનવીની એક યા બીજી જરૂરિયાતોને પોષે છે.

ધર્મ મનુષ્ય સમાજની મહત્વપૂર્ણ સામાજિક સંસ્થા છે. કુટુંબ લગ્ન સંસ્થાની જેમ ધર્મ પણ સાર્વત્રિક રીતે જોવા મળે છે. વ્યકિત અને સમાજ પર ધર્મની ગાઢ અસર જોવા મળે છે. માનવીના સામાજિક સંબંધોનું ફલક વિસ્તૃત અને વિશાળ છે. વ્યકિત —વ્યકિત જૂથ અને જૂથ-જૂથ વચ્ચેના આંતર-બાહય સંબંધો હોવા ઉપરાંત મનુષ્યથી પર સર્વોપરી અને અલૌકિક શકિત સાથે ધર્મને સંબંધ છે. પ્રત્યેક સમાજ અને તેના સમુદાયોમાં ધર્મની વિચારસરણી, પવિત્ર —અપિત્રતાના ખ્યાલો પાપ-પુણ્ય વિશેની માન્યતાઓ નૈતિકતા અનૈકિતાના ધાર્મિક માપદંડો. ધાર્મિક વિધિ-વિધાનો ધર્મ સ્થાનો અને ધાર્મિક અનુયાયીઓ વગેરેમાં તફાવત હોવાની સાથે એક સંસ્થા તરીકે ધર્મનું અસ્તિત્વ સર્વ સમાજોમાં છે.

સમાજવિજ્ઞાનીઓ ધર્મને સામાજિક સંબંધોની એક વ્યવસ્થા તરીકે જોવાનો પ્રયત્ન કરે છે. સામાજિક માળખામાં ધર્મ કયાં અને કઇ રીતે જોડાયેલ છે. માનવીની રોજીંદી જીવન ઘટમાળમાં તેનું શું સ્થાન છે. સામાજિક વ્યવહારો, અર્થ ઉપાર્જનની ક્રિયાઓ, આદર્શ અને નીતિમત્તાપૂર્ણ જીવનમાં ઘર્મ્રી ઉપાદેયતા, ધર્મનું કાર્યાત્મક-વિકાર્યાત્મક પાસું, સમાજની અન્ય સામાજિક સંસ્થાઓ સાથે ધર્મનો સંબંધ વગેરે જેવી બાબતો પર થયેલા સમાજશાસ્ત્રીય ચિંતનના પરિપાકરૂપે ધર્મ અંગેનો ખ્યાલવધુને વધુ સ્પષ્ટ બનતો જાય છે.

કુટુંબ, લગ્ન, શિક્ષણ કે રાજય સંસ્થા કરતા ધર્મ એ રીતે ભિન્ન પડે છે કે, તે વ્યકિત —વ્યકિત વચ્ચેના સંબંધોમાંથી નિષ્ફળ થવાને બદલે વ્યકિત અને પારલૌકિક શકિત વચ્ચેનાં સંબંધોને ઈંગિત કરે છે. આમ ધર્મ વ્યકિતથી પર એવી સર્વશકિતમાન દિવ્ય શકિત કે ચેતના સંબંધિત ખ્યાલ છે. અહીં એક બાબત સ્પષ્ટ કરવી રહી કે ધર્મને

કેવળ ઈશ્વરના સાકાર સ્વરૂપ સાથે સંબંધ છે તેવું નથી. ધર્મ નિરાકાર ઘટના, તત્વ કે વિચાર સાથે પણ સંકળાયેલ છે. ધર્મને આધારે સમાજમાં ઈશ્વરનાં સાકાર સ્વરૂપને માનનારા, આત્માને માનના, પ્રકૃતિના સજીવ-નિર્જીવ તત્વને પુજનારા, વિચાર કે તત્વ સાથે શ્રદ્ધા ધરાવનાર લોકોના સંગઠનો કે જૂથો આકાર પામે છે. આ અર્થમાં ધર્મની સમાજ વ્યવસ્થા પર વ્યાપક અસર જોવા મળે છે.

## ૧૦.૨ ધર્મનો સમાજશાસ્ત્રીય અર્થ/વ્યાખ્યા

ધર્મનો સરળ અર્થ થાય છે ધારણ કરવું અથવા તો જેને ધારણ કરી શકાય છે તે, ધર્મ ગુણોને પ્રાદર્શિત કરે તે છે ધર્મ, અહીં ધર્મને ગુણ તરીકે પણ ઓળખવામાં આવે છે. એક મત પ્રમાણે ધર્મ એટલે ઈશ્વર દેવતાઓ અથવા તો તે સંબંધિત દાર્શનિક વિચારધારા અને કર્મકાંડમાં વિશ્વાસ.

ડી.એન.મજુમદાર અને ટી.એન.મદન ( D.N.Mjumdar and T.N.Madan) An Introduction to Social Anthropology માં ધર્મ શબ્દની વ્યુપત્પતિ વિશે જણાવતાં કહે છે. કે religion શબ્દ મૂળ શબ્દ Leg માંથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ થાય છે. To bind અર્થાત્ બાંધવુ કે ભેગુ કરવું. આનો અર્થ થાય છે કે ધર્મ એ મનુષ્યને અદ્રશ્ય કે અલૌકિક શકિત સાથે જોડે છે. ધર્મ માનવ અસ્તિત્વના રહસ્યોથી સંબંધિત છે. ધાર્મિક માન્યતા અને ધાર્મિક વિધિઓ એ બે ધર્મના મુખ્ય ઘટકો છે.આ ઉપરાંત ભાવનાત્મક લાગણીઓ અને વલણોનો તેમાં સમાવેશ થાય છે. વધુમાં તેઓ જણાવે છે કે સમાજશાસ્ત્રીય અર્થમાં ધર્મનો અર્થ ધાર્મિક પુસ્તકો કે શાસ્ત્રોમાં વપરતા અર્થથી થોડો અલગ છે. તેમના માટે ધર્મ માન્યતાઓ મૂલ્યો અને વિધિઓ વડે મનુષ્યોને તેના પ્રશ્નોના ઉકેલ પુરા પાડે છે.

ધર્મ અંગે થયેલા જુદા-જુદા અભ્યાસોને આધારે સમાજવિજ્ઞાનીઓએ ધર્મને ભિન્ન-ભિન્ન દ્રષ્ટીકોણથી વ્યાખ્યાયિત કરેલ છે. વિદ્વાનોએ આપેલ ધર્મની વ્યાખ્યા જોઈએ તો....

હેરી મોર્ટન જોહસન ( Harry Morton Johnson ) તેના પુસ્તક Sociology –A Systematic Introduction માં ધર્મની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, ' ધર્મ, માન્યતાઓ અને ક્રિયાઓની એવી સામ્યપૂર્ણ વ્યવસ્થા છે. જેનો સંબંધ પ્રાણીઓ, શકિતઓ, સ્થાનો અથવા અન્ય વસ્તુઓની અલૌલિક વ્યવસ્થા સાથે રહેલો છે. ''

આ અલૌકિક વ્યવસ્થામાં અલૌકિક પ્રાણી ( દેવી, દેવતા, દેવદૂત) અલૌકિક સ્થાન ( સ્વર્ગ, નર્ક તથા પાપ નિવારણ સ્થળ) હોય છે. અલૌકિક શકિતઓ ( પવિત્ર આત્મા, હિદું ધર્મનો કર્મનો સિદ્ધાંત ) નો તેમજ અનય અલૌકિક વસ્તુઓનો સમાવેશ થાય છે.

અમેરિકન સમાજશાસ્ત્રીયો વિલિયમ એફ ઓગ્બર્ન અને મેયેર ઓફ નિમ્ફોક ( Willaam of Ogbun and Mayer F. Nimkoff )પોતાના પુસ્તક છ Handbook of Sociology માં ધર્મ અંગે વ્યાખ્યા આપતા જણાવે છે કે, ધર્મ એ માન્યતાઓ, ભાવનાત્મક વલણો અને ક્રિયાઓની એવી પદ્ધતિ છે કે જેના વડે માનવજૂથ માનવજીવનની અંતિમ સમસ્યાઓને પહોંચી વળવા પ્રયત્ન કરે છે.

ફ્રાન્સના જાણીતા સમાજશાસ્ત્રી અમિલ દુર્ખેઈમ ( Emile Durkheim) એ તેમના જાણીતા પુસ્તક The Elementary Forms of Religious life (૧૯૧૨) માં ધર્મની વ્યાખ્યા આપતા જણાવ્યુ છે કે, પવિત્ર વસ્તુઓ સાથે સંબંધિત માન્યતાઓ અને વિધિવિધાનોની એકીકૃત વ્યવસ્થા એટલે ધર્મ વધુમાં તેવો કહે છે કે ધર્મ

સામૂહિક ઘટના છે. અને તેની ઉદભવ સામાજિક આંતરક્રિયામાંથી થયો છે. દુર્ખેઇમે ધર્મનો ખ્યાલ વ્યકિતગત શ્રધાના આધારે નહીં પણ સામાજિક ઘટનાના સ્વરૂપે કર્યો છે.

અમેરિકન સમાજશાસ્ત્રી રોબર્ટ એમ. મેકાઇવર ( Robert Marricon-Marciver) કહે છે કે ધર્મ શબ્દ આપણે જે સમજીએ તે માત્ર મનુષ્ય અને મનુષ્ય વચ્ચેના સંબંધોને નહીં પણ મનુષ્ય અને દિવ્ય કે અલૌકિક શકિત સાથેનો સંબંધ સૂચવે છે.

માલીનોવ્યસ્કી ધર્મની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, '' ધર્મ એ ક્રિયાઓની રીત અને વિશ્વાસોની એક વ્યવસ્થા તેમજ સમાજશાસ્ત્ર ઘટના હોવા ઉપરાંત એક વ્યકિતગત અનુભવ પણ છે.''

## ૧૦.૩ ધર્મ સંસ્થાના લક્ષણો

ધર્મની ઉપર્યુકત વ્યગાખ્યાઓને આધારે તેમજ એન્ડરસન અને પાર્કરે ( Anderson and Paerker ) વર્ણવેલ ધર્મના લક્ષણોની સમજ મેળવીએ.

### ૧. અલૌકિક શકિતમાં વિશ્વાસ

અલૌકિક શકિતમાં વિશ્વાસ એ ધર્મનું મહત્વનું લક્ષણ છે.દરેક ધર્મ મનુષ્યથી પર એવી કોઇ અદ્રશ્ય કે અલૌકિક શકિતમાં વિશ્વાસ કરે છે. આગળ જોયુ તેમ ધર્મ એ મૂળે તો માનવી અને અલૌકિક શકિત વચ્ચેનો સંબંધ નિર્દેશ કરે છે. આ શકિત બાબતે જુદા-જુદા ધર્મોમાં ભિન્ન ભિન્ન ખ્યાલ પ્રવર્તે છે. દા.ત હિંદુ ધર્મમાં દેવી-દેવતામાં શ્રધા રાખીને તેનું પૂજન-અર્ચન કરવામાં આવે છે. જયારે આદિવાસીઓમાં પ્રકૃતિના તત્વોની પૂજા કરવાનો ખ્યાલ રહેલો છે. પ્રત્યેક ધર્મમાં એ બાબત સ્વીકૃત છે કે અલૌકિક શકિત માનવીય જીવનને પ્રભાવિત કરે છે.

### ૨. અલૌકિક શકિત સાથે મનુષ્યના સંબંધો

અલૌકિક શકિત સાથે મનુષ્યની એ ધર્મની બીજી મહત્વની ખાસિયત છે. મનુષ્ય અલૌકિક શકિત સાથેના સંબંધોમાં આવતો જાય છે. તેમ તેમ તેની સાથે એક વિશિષ્ટ પ્રકારનું સમાયોજન સાધે છે. આ શકિત સાથે તાદાત્મય કેળવવા માટે અલગ-અલગ રીતો અપનાવવામાં આવે છે. દા.ત સાવ સાદા ગણાતા આદિવાસીઓ પદતાના દેવ કે દેવીને પ્રસન્ન કરવા જુદી-જુદી રીત-રસમો અપનાવે છે. આ જ બાબત અન્ય ધર્મોમાં પણ પ્રાર્થના, બંદગી, ભકિત, ઉપાસના કે મંત્ર જાપમાં જોઇ શકાય છે.

### ૩. પાપ-પુણ્યની માન્યતા

પ્રત્યેક ધર્મમાં પાપ અને પુણ્યની માન્યતાઓ જોવા મળે છે. ધાર્મિક ક્રિયાને પવિત્ર ગણીને તેની સાથે પાપ-પુણ્યની બાબતોને ગોઠવી દેવામાં આવી છે.જીવનમાં રોજીંદા વ્યવહારોમાં ધાર્મિકતાને જોઇ-તપાસીને તેને આધારે વ્યકિત અને સંસ્થાનું મૂલ્યાંકન થતુ હોય છે. ધાર્મિક માન્યતાઓ અને મૂલ્યો આધારે પાપ-પુણ્યને જોવામાં આવે છે. દા.ત જે ધર્મ અહિંસાને ધાર્મિક મૂલ્ય તરીકે સ્વીકારે છે. ત્યાં પશુ વધ કે કોઇ પણ જીવ હિંસાને પાપ તરીકે જોવામાં આવે છે.

પાપ-પુણ્યની જેમ દરેક ધર્મમાં પવિત્ર અને અપવિત્રાના ખ્યાલો પણ પ્રવર્તે છે.

અલૌકિક શકિતને શુભ કે પવિત્ર માનીને તેની સાથે અલગ પ્રકારનો વ્યવહાર કરવામાં આવે છે. જેમ કે નદીને નદીમાતા કે ગાય ને ગાયમાતા કહેવા પાછળ પવિત્રતાનો ખ્યાલ રહેલો છે. ધાર્મિક ક્રિયાઓ કે વસ્તુઓને પવિત્ર દ્રષ્ટિથી જોવામાં આવે છે. અને તેની સાથે સાવધાનીપૂર્વકનો વ્યવહાર કરવામાં આવે છે. જેથી કરીને તેને કંઇ નુકશાન ન પહોંચે અશુદ્ધ વસ્તુ અપવિત્ર ગણીને તેનાથી દુર રહેવાનો પ્રયત્ન કરવામાં આવે છે. દરેક ધર્મમાં પવિત્ર અને અપવિત્ર શકિત, વસ્તુ, વ્યકિત, કાર્ય અને સ્થળ અંગેનું સ્પષ્ટીકરણ જોવા મળે છે. આ બાબતે કેટલાક ધર્મોમાં ભિન્નતા જોવા મળે છે. તેના માટે જે તે ધર્મની ધાર્મિક માન્યતાઓ અને મૂલ્યો જવાબદાર છે.

### ૪. મોક્ષ-નિર્વાણનો ખ્યાલ

ધાર્મિક ક્રિયાને જીવનના અંતિમ લક્ષ્ય મોક્ષ કે નિર્વાણ સાથે પણ સંબંધ છે. આ એટલા માટે કહી શકાય કે મનુષ્યની સર્વ ઇચ્છાઓમાં મોક્ષની પણ એક ઇચ્છા હોય છે. અલૌકિક શકિત સાથેના શુભ અને પવિત્ર વ્યવહારોના પરિણામ સ્વરૂપ વ્યકિત મોક્ષને પામે છે. વિશિષ્ટ પ્રકારના ધાર્મિક વિધિ-વિધાનો દ્વારા મોક્ષ પ્રાપ્તિના પ્રયત્નો થાય છે.

### ૫. વિચારસરણી

ધર્મ વિશેની વિચારસરણીનો વ્યાપક ખ્યાલ કરીએ તો કોઇપણ ધર્મને પોતાની વિચારસરણી હોય છે. અને તેના આધાર પર ધર્મ એ લોકોમાં સ્વીકૃત પામ્યો હોય છે. ધર્મના અનુયાયીઓ આ વિચારસરણીને ચુસ્ત અને દ્રઢતાપૂર્વક વળગી રહેતા હોય છે. વિચારસરણીના જુદા-જુદા પાસાઓ પૈકી ધાર્મિક જ્ઞાન એ મહતવનું પાસું છે. ધાર્મિક જ્ઞાનમાં ધર્મશાસ્ત્રો, ધાર્મિક ઉપદેશો, સત્સંગ, કિર્તનનો સમાવેશ કરી શકાય. પ્રત્યેક ધર્મને પોતાના ધર્મગ્રંથો હોય છે. આ ધર્મગ્રંથોમાં સૂચવ્યા મુજબનું જીવન યોગ્ય ગણવામાં આવે છે. ધર્મગ્રંથોની સાથોસાથ દરેક ધર્મને અલૌકિક શકિત કે દેવી-દેવતા અંગેની કાલ્પનિક કથાઓ હોય છે. જેમાં ઇશ્વરનો ઉદભવ અને તેના કાર્યો, ચમત્કારિત ઘટનાઓ સાથે ઇશ્વરીય સંબંધ દેવી-દેવતાઓ અંગે માન્યતાઓ વિધિ-વિધાન વગેરેનો સમાવેશ થાય છે. ઉદાહરણ રૂપે જોઇએ તો હિંદુઓમાં અલગ-અલગ દેવીદેવતાઓને લગતા ધાર્મિક પુસ્તકોમાં સંબંધિત દેવની ઉત્પતિ શા કારણે થઇ. તેના મંદિરો કયાં છે, તેની પૂજાવિધિ કેવા પ્રકારની છે, કઇ તિથિ અને વારે વિશેષ પૂજા હોય છે. દેવને શું પસંદ છે અને શું પસંદ નથી વગેરે જેવી અનેક બાબતો વણી લેવામાં આવી હોય છે.

ધાર્મિક વિચારસરણી ધર્મના લોકો કે અનુયાયીઓમાં સ્વીકૃત થાય તે માટે પ્રત્યેક ધર્મમાં તેની સંસ્થાકૃત વ્યવસ્થા હોય છે. જેમ કે દરેક ધર્મ નિશ્ચિત કરેલું ધર્મસ્થાન ( મંદિર, મસ્ઝીદ, ગુરુદ્વારા, ચર્ચ, અગિયારી વગેરે) હોય છે. જેમાં ધાર્મિક પ્રતીકો ( પીતાંબર, માળા, માથા પર કપડું કે ટોપી) નો ઉપયોગ કરીને દેવ-દેવીની પ્રાર્થના, ઉપાસના કરવામાં આવતી હોય છે. દેવને પ્રસન્ન રાખવા કે તેની કૃપા પ્રાપ્ત કરવા માટે અમુક ખાસ દિવસોમાં વિશેષ પૂજા-પાઠ કે ધાર્મિક વિધિ-વિધાન કરવામાં આવે છે. દા.ત હિંદુઓમાં શ્રાવણ માસ અને નવરાત્રી કે ગણેશ ચતુર્થીનું ખાસ મહત્વ છે. તે રીતે મુસ્લિમ ધર્મમાં, રમજાન અને ઇસાઇ ધર્મમાં નાતાલનું મહત્વ જોવા મળે છે. દરેક ધર્મમાં ધાર્મિક વડા દ્વારા ધર્મના આદેશો કે ઉપદેશ આપવામાં આવે છે. સામાન્ય રીતે આ પ્રકારનું કાર્ય ધર્મગુરુ, પંડિત , મહંત, મોલવી, ફાધર, બિસપ વગેરે દ્વારા થતુ હોય છે.

### ૬. ધાર્મિક વિધિ વિધાન :

ધાર્મિક વિધાન વિધાનોને ધાર્મિક સંસ્કાર પણ કહેવામાં આવે છે. આ એક પ્રકારની ધાર્મિક ક્રિયા છે. આ ધાર્મિક ક્રિયામાં અલૌકિક શકિત માટે પ્રાર્થના કરવામાં આવે છે. જેમાં માનવી પોતાની આસ્થા વ્યકત કરે છે. જોહનસન ધાર્મિક ક્રિયાની વ્યાખ્યા આપતાં જણાવે છે કે આ એક એવી ક્રિયા છે કે જેમાં અલૌકિક શકિતને અપીલ કરવામાં આવે છે. અથવા તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેની પૂજા કરવામાં આવે છે. આ ક્રિયામાં શ્રધાની અભિવ્યકિત જ થતી હોય છે. તેનો હેતુ ધ્યેય પ્રાપ્તિ છે. ધાર્મિક ક્રિયા મહત્વની પ્રવૃતિ છે. વધુમાં તેવો જણાવે છે કે ધાર્મિક વિધિ મોક્ષ પ્રાપ્તિ માટેની ધાર્મિક વ્યવસ્થાનું અંગ છે. અને તે સુખદ અને આનંદદાયક હોય છે. પ્રત્યેક ધર્મમાં અલૌકિક શકિત કે દેવ-દેવીને પ્રાર્થના કરવા માટે વિધિ વિધાનનો સહારો લેવામાં આવે છે. જેમ કે હિંદુઓમાં કથા,યજ્ઞ, અનુષ્ઠાન જેવી ધાર્મિક વિધિઓ અન્ય ધર્મમાં પણ થતી હોય છે.

## ૧૦.૪ ધર્મ સંસ્થાના કાર્યો

માનવસમાજમાં સંસ્થાઓ વ્યકિતઓની ભિન્ન ભિન્ન જરૂરિયાતો સંતોષે છે. અને તે રીતે પ્રત્યેક સંસ્થા પોતાના કાર્યો થકી સમાજના સાતત્યને જાળવી રાખવામાં સહાયરૂપ બને છે. દરેક સંસ્થાને પોતાની આગવી કાર્યપ્રણાલી હોય છે. જેનાથી એક સંસ્થા બીજી સંસ્થાથી જુદી પડે છે. વ્યકિતના જીવનમાં ધર્મનુ સ્થાન મહત્વનું છે. કારણકે તે વ્યકિતની સામાજિક માનસિકતાને આધ્યાત્મિક જરૂરિયાતો સંતોષે છે. ધર્મ વ્યકિત અને સમાજ માટે મહત્વની ભૂમિકા ભજવે છે. ધર્મ સંસ્થા માનવ સમાજ માટે જે કાર્યો કરે છે. તે આ પ્રમાણે છે.

### ૧. સામાજિક એકતા :

ધર્મનું મહત્વનું કાર્ય સામાજિક એકતા ઉભી કરવાનું છે. ધર્મ શિક્ષણ અને સામાજિક કલ્યાણ દ્વારા સામાજિક સુમેળ અને એકતા ફેલાવે છે. ધર્મ તેના અનુયાયીઓમાં એક પ્રકારની એકતાનું નિર્માણ કરે છે. ધાર્મિક વિધિ વિધાન દ્વારા લોકો પરસ્પર એકબીજાથી નિકટ આવે છે. ધાર્મિક વિચારસરણીના અનુસરણ દ્વારા વિચારો, મનોવૃતિઓ અને ભાવનાઓ વગેરેમાં એકમતિ સર્જાય છે. ધાર્મિક ઉત્સવો અને તહેવારો પણ લોકોમાં એકતા સર્જે છે. જાણીતા સમાજશાસ્ત્રી એમ.એન.શ્રી નિવાસ ' દક્ષિણ ભારતના કુર્ગ લોકોમાં ધર્મ અને સમાજના અભ્યાસમાં નોંધે છે કે ધાર્મિક માન્યતાઓ અને રીવાજોને કારણે કુર્ગીઓમાં વિવિધ સ્તરે એકતાનું સમર્થન મળ્યું છે. તેમના મતે ' ઓકકા' પૈતૃક જૂથ ધાર્મિક એકતાનું ઉત્તમ ઉદાહરણ છે.

### ૨. સામાજિક નિયંત્રણ :

ધર્મની સૌથી નોંધપાત્ર ભૂમિકા એ છે કે તે સામાજિક નિયંત્રણની મહત્વપૂર્ણ એજન્સી તરીકે કાર્ય કરે છે.પ્રત્યેક ધર્મ સમાજમાં નિયંત્રણ માટેના અનૌપચારિક સાધન તરીકે કાર્ય કરે છે. વિવિધ ધાર્મિક સંગઠનો જેમ કે મંદિર, ચર્ચ, મસ્જિદ વગેરે સ્તરે વ્યકિતગત વર્તન ઉપર નિયંત્રણ રાખે છે. ધર્મ, પ્રચાર ઉપદેશો તહેવારો અને સમુદાય પ્રવૃતિ દ્વારા તેના અનુયાયીઓના વર્તનને નિયંત્રિત કરે છે. ધર્મ તેના અનુયાયીઓ માટે કેટલાક નિષેધો અને નિયંત્રણો લાદે છે. સાથોસાથ ધાર્મિક વિધિ કે પૂજા પાઠ વખતે

અમુક પ્રકારના નિયમો પાળવાના હોઇ લાંબે સમયે તે વર્તનનો એક ભાગ બની જાય છે. ધર્મનો બીજો આડ લાભ એ જોવા મળે છે કે ધાર્મિક વ્યકિત સ્વ-નિંયંત્રિત બની જાય છે. પ્રા. યોગેશ રાજગોરના ‘ગ્રામીણ સામાજિક પરિવર્તન ના અભ્યાસમાં જોવા મળ્યું છે કે લોકો સત્સંગ, ભજન, ભુવાજી, ભગત, ગોરભા કે કોઇ અન્ય પ્રકારની ધાર્મિક પ્રવૃતિ સાથે જોડાય છે. તેમનામાં સ્વ-નિયંત્રણનું પ્રમાણ વધુ જોવા મળે છે.

### ૩. સામાજીકરણ

પ્રત્યેક ધર્મમાં વ્યકિતને બાળપણથીજ ધાર્મિક વિશ્વાસ, મૂલ્યો, વ્યવહારો, આચરણ, રીતરીવાજો અને પરંપરાની સમજ આપવામાં આવતી હોય છે. ધાર્મિક વ્યવહાર અને આચરણને સમાજનું સમર્થન પણ મળેલું હોય છે. હિંદુશાસ્ત્રો મુજબ વિવિધ સંસ્કારોમાંથી પસાર થવા માટે વ્યકિતએ કોઇને કોઇ ધાર્મિક વિધિ કરતી હોય છે. જીવનના આદર્શો અને સુખમય, શાંતિમય જીવન જીવવાની રીતો એક પ્રકારનું સામાજીકરણ છે. ગુરુકુળો, મદ્રેસાઓમાં અપાતા જીવનના નૈતિક પાઠો વ્યકિતનું સીધું કે આડકતરું સામાજીકરણ કરે છે. સ્વામિનારાયણ સંપ્રદાયની ‘ શિક્ષાપત્રી ‘ કે ખ્રિસ્તી ધર્મના ‘ નવા કરારો’ આનું ઉત્તમ ઉદાહરણ છે.

### ૪. સામાજિક કલ્યાણ

ધર્મમાં સામાજિક કલ્યાણની ભાવના અભિપ્રેત છે. ધર્મનો બીજો એક અર્થ ‘અન્યોનું કલ્યાણ કરવું’ એમ પણ થાય છે. પ્રત્યેક ધર્મમાં દાન અને પુણ્યનો મહિમાં સમજાવવામાં આવ્યો છે. દાન પુણ્યની ભાવના પાછળ જીવમાત્રના કલ્યાણનો હેતુ રહેલો છે. દાન વડે સૌનું પોષણ થાય તે બાબત ધર્મમાં વણી લેવામાં આવી છે. સમાજની પાયાની જરૂરિયાતો સંતોષવામાં ધર્મની ભૂમિકા મહત્વની રહી છે. કુદરતી સંકટના સમયે ધર્માદા સંસ્થાઓ આગળ આવતી હોય છે. તેજ રીતે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રની કલ્યાણકારી યોજનાઓમાં પણ આ બાબત જોઇ શકાય છે. દા.ત ગુજરાતના ભુજમાં આવેલ ધરતીકંપના પુનઃ વસવાટની કામગીરીમાં ધાર્મિક સંસ્થાનું યોગદાન મહત્વપૂર્ણ સાબિત થયું હતું.

### ૫. સામાજિક —માનસિક સંતોષ

ધર્મ વ્યકિતને દુઃખ અને નિરાશાના સમયે માનસિક સંતોષ પૂરો પાડે છે. ધર્મ વ્યકિતને પ્રેમ, સેવા, સહકાર, શિસ્ત , પરોપકાર, પ્રમાણિકતા કર્તવ્યનિષ્ઠા જેવા માનવીય ગુણો અને સામાજિક મૂલ્યો પુરા પાડે છે. વ્યકિત જયારે કટોકટીમાં હોય છે. અથવા કોઇને આ પ્રકારની પરિસ્થિતિમાં મુકાયેલી જુવે છે ત્યારે તેને મદદરૂપ થવાની ભાવના પ્રબળ બને છે. ધાર્મિક વ્યકિત પોતાના વર્તન પર નિયંત્રણ મુકીને, મનની શાંતિ પ્રાપ્ત કરીને, આત્મવિશ્વાસ કેળવીને ધર્મે સુચવેલા ધોરણોનું પાલન કરીને કટોકટીમાંથી બહાર નીકળી જાય છે. આવા સંજોગોમાં સંતોષ પ્રાપ્ત થયાની લાગણી અનુભવે છે.

ધર્મના ઉપરોકત મુખ્ય કાર્યો ઉપરાંત આર્થિક, સંગીત,નૃત્ય, સાહિત્ય, મનોરંજન, વૈજ્ઞાનિક શોધ અને રાજકીય ક્ષેત્રમાં ધર્મની સકારાત્મક અસરો જોવા મળે છે.

## ૧૦.૫ ધર્મ સંસ્થાના વિકાર્યો

સમાજમાં ધર્મની ભૂમિકાની સાથોસાથ તેનું વિકાર્યાત્મક પાસુ પણ જોવા મળે છે. ધર્મના વિકાર્યો આ મુજબ જોવા મળે છે.

### ૧) સામાજિક –આર્થિક પ્રગતિમાં અવરોધક

ધર્મ લોકોની સામાજિક-આર્થિક પ્રગતિમાં અવરોધક બને છે. દરેક ધર્મમાં નિષેધો અને નિયંત્રણો જોવા મળે છે. આ પ્રકારના પ્રતિબંધો વ્યકિતની સામાજિક-આર્થિક પ્રગતિને અવરોધે છે. જુની માન્યતાઓ અને અંધશ્રદ્ધાઓ વ્યકિતગત વિકાસમાં અડચણરૂપ બને છે. ધર્મનો વધુ પડતો પ્રભાવ વ્યકિતને સામાજિક અને આર્થિક રીતે સંકુચિત બનાવી દે છે. ભાગ્યવાદી વલણ ઉભું કરે છે. પુરુષાર્થને બદલે પ્રારબ્ધને મહત્વ આપે છે. આમ, આ પ્રકારની સ્થિતિ સામાજિક પ્રગતિ માટે અવરોધક સાબિત થાય છે. કાર્લ માર્કસના ધર્મને અફીણ એ સંદર્ભે કહે છે કે ધર્મ વ્યકિતને ભ્રમિત કરીને જકડી રાખે છે. વૈચારિક સ્વતંત્રતા અને વ્યકિતગત મહત્વાંકાક્ષાને નકારે છે.

### ૨) રાષ્ટ્રીય એકતા માટે પ્રતિકૂળ

ધર્મ રાષ્ટ્રીય એકતા માટે બાધક છે. એક દેશમાં વિવિધ ધર્મો કે એક ધર્મના વિવિધ સંપ્રદાયો રાષ્ટ્રિય એકતા માટે પ્રતિકૂળ છે. ધર્મને લગતા સ્થાપિત હિતો સામાજિક ભેદભાવો સર્જે છે. પરસ્પર વિરોધી હિતોનો ટકરાવ ઉભો કરીને સમાજમાં સંઘર્ષની પરિસ્થિતિ નિર્માણ કરે છે.

## ૧૦.૬ સારાંશ

આ એકમમાં આપણે ધર્મનો એક સામાજિક સંસ્થા તરીકેનો પરિચય મેળવ્યો. સૌ પ્રથમ ધર્મનો અર્થ જાણ્યો ત્યારબાદ જુદાજુદા સમાજવિજ્ઞાનીઓએ ધર્મની આપેલ વ્યાખ્યાઓને સમજવાનો પ્રયત્ન કર્યો. વ્યાખ્યાઓની સમજણ મેળવ્યા પછી ધર્મના લક્ષણો કયા છે તે જાણ્યું. એક સંસ્થા તરીકે ધર્મ વ્યકિત અને સમાજ માટે શું કાર્યો કરે છે તેની સમજ પ્રાપ્ત કરી અને અંતે ધર્મનું નકારાત્મક પાસું શું છે તે ધર્મના વિકાર્યો દ્વારા જાણ્યુ.

## ૧૦.૭ શબ્દાવલી

a. **સમાજ** : સામાજિક સંબંધોનું જટિલ ગુંફન

b. **સામાજિક સંસ્થા** : સમૂહ પ્રવૃતિની પ્રસ્થાપિત કાર્યપ્રણાલી

c. **અલૌકિક શકિત** : માનવીથી પર એવી અદ્રશ્ય શકિત

d. **પુણ્ય કર્મ** : નૈતિક રીતે યોગ્ય અથવા શુભ અને કલ્યાણકારી કાર્યો

e. **પાપ કર્મ** : નૈતિક રીતે અયોગ્ય અથાવ અશુભ અને વિનાશકારી કાર્યો

f. **મોક્ષ** : મૃત્યુ પછીની સદગતિ

g. **સામાજીકરણ** : જેવિક વ્યકિતને સામાજિક વ્યકિત બનાવતી પ્રક્રિયા

h. **સામાજિક નિયંત્રણ** : સમગ્ર સમાજ વ્યવસ્થાને સંગઠિત રાખતી અને તેને ટકાવી રાખતી રીત

i. **સામાજિક એકતા** : સમાજના વિવિધ જૂથો વચ્ચે સુમેળભરી પરિસ્થિતિ

j. **વિચારસરણી** : વિચારો, માન્યતાઓ અને સામાજિક ધોરણોનો સંકુલ

## ૧૦.૮ તમારી પ્રગતિ ચકાસો

★ ધર્મનો અર્થ એક વાકયમાં આપો.

..............................................................

..............................................................

★ ધર્મની કોઇ એક વ્યાખ્યા જણાવો

..............................................................

..............................................................

..............................................................

..............................................................

★ ધર્મની  કોઈપણ ત્રણ ખાસિયતો જણાવો

..............................................................

..............................................................

..............................................................

..............................................................

★ ધર્મના બે કાર્યો જણાવો

..............................................................

..............................................................

..............................................................

..............................................................

★ ધર્મનું કોઇ એક વિકાર્ય જણાવો

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## ૧૦.૯ બહુવિકલ્પીય પ્રશ્નો

૧. ધર્મ .................તરીકે ઓળખાય છે.

( સામાજિક સંસ્થા, સામાજિક જૂથ, મંડળ)

૨. ધર્મ એટલે.........................
(અલૌકિક શકિત સાથે શ્રદ્ધા, માનવીય સંબંધોનું ગુંફન, સામાજિક નિયંત્રણ)

૩. દુર્ખેઈમના મતે ધર્મે એ સામાજિક ઘટના છે. ..............સાચું કે ખોટું?

૪. ધર્મમાં ....................ની ભાવના સમાવિષ્ટ છે.
( સામાજિ ન્યાય, સામાજિક કલ્યાણ, સામાજિક પ્રગતિ)

૫. .....................ધર્મને અફીણ સાથે સરખાવે છે.
( દુર્ખેઈમ, જોહસન, કાર્લ માર્કસ )

## ૧૦.૧૦ સ્વાધ્યાયના ઉત્તરો

**૧. તમારી પ્રગતિ ચકાસો**

૧. ધર્મનો સરળ અર્થ થાય છે ધારણ કરવું અથવા તો જેને ધારણ કરી શકાય છે તે ધર્મ

૨. અમેરિકન સમાજશાસ્ત્રીઓ વિલિયમ એફ.ઓગ્બર્ન અને મેયેર એફ.નિમ્કોફ ધર્મની વ્યાખ્યા આપતા જણાવે છે કે ધર્મ એ માન્યતાઓ, ભાવનાત્મક વલણો અને ક્રિયાઓની એવી પદ્ધતિ છે કે જના વડે માનવજૂથ માનવજીવનની અંતિમ સમસ્યાઓને પહોંચી વળવા પ્રયત્ન કરે છે.

૩. અલૌકિક શકિતમાં વિશ્વાસ, અલૌકિક શકિત સાથે મનુષ્યના સંબંધો, વિચારસરણી

૪. સામાજિક એકતા, સામાજિક નિયંત્રણ

૫. સામાજિક –આર્થિક પ્રગતિમાં અવરોધક

**૨. બહુ વિકલ્પીય પ્રશ્નો**

૧. સમાજિક સંસ્થા

૨. અલૌકિક શકિત સાથે શ્રદ્ધા

૩. સાચું

૪. સામાજિક કલ્યાણ

૫. કાર્લ માર્કસ

## ૧૦.૧૧ સંદર્ભસૂચિ

૧. પટેલ તારા, (૧૯૬૨), ''સમાજશાસ્ત્ર મૂળ તત્વો'', ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૨. મેકઆઈવર અને પેજ, ( ૧૯૮૧), ''સમાજ ( અનુવાદ)'', ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૩. શર્મા રામનાથ(હિન્દી), (૧૯૯૫), ''ભારતીય સમાજ, સંસ્થાઓ અને સંસ્કૃતિ'', એટલાન્ટીક પબ્લિશર્સ, દિલ્હી .

એકમ ૧૧

# ભારતમાં સામાજિક વર્ગો : ઉદ્દભવ,જમીનદારો, ખેડૂતો,ગણોતિયા,ખેતમજૂરો,કારીગરો

## રૂપરેખા


૧૧.૦ ઉદ્દેશો

૧૧.૧ પ્રસ્તાવના

૧૧.૨ સામાજિક વર્ગનો ઉદ્દભવ

૧૧.૩ સામાજિક વર્ગનો અર્થ/વ્યાખ્યા

૧૧.૪ સામાજિક વર્ગના લક્ષણો

- ૧૧.૪.૧ સામાજિક દરજ્જો
- ૧૧.૪.૨ જીવનશૈલી
- ૧૧.૪.૩ વર્ગસભાનતા
- ૧૧.૪.૪ આત્મલક્ષીતા
- ૧૧.૪.૫ સામાજિક કોટિક્રમ

૧૧.૫ ભારતમાં સામાજિક વર્ગોના ઉદ્દભાવક પરિબળો

- ૧૧.૫.૧ જમીનદારી પ્રથા
- ૧૧.૫.૨ રેયતવારી પ્રથા
- ૧૧.૫.૩ મહાલવારી પ્રથા

૧૧.૬ ભારતમાં સામજિક વર્ગો

- ૧૧.૬.૧ જમીનદાર વર્ગ
- ૧૧.૬.૨ ખેડૂત વર્ગ
- ૧૧.૬.૩ ગણોતિયા વર્ગ
- ૧૧.૬.૪ ખેતમજૂર વર્ગ
- ૧૧.૬.૫ કારીગર વર્ગ

૧૧.૭ સારાંશ

૧૧.૮ શબ્દાવલી

૧૧.૯ તમારી પ્રગતિ ચકાસો

૧૧.૧૦ બહુ વિકલ્પીય પ્રશ્નો

૧૧.૧૧ સ્વાધ્યાયના ઉત્તરો

૧૧.૧૨ સંદર્ભસૂચિ

## ૧૧.૦ ઉદ્દેશો

આ એકમના વાંચન બાદ તમે

- સામાજિક વર્ગોના ઉદ્દભવની પ્રક્રિયા સમજી શકશો.
- સામાજિક વર્ગોની શું ખાસિયતો છે તે જાણી શકશો.
- વિભિન્ન વર્ગોની સમજ મેળવી શકશો.
- તમારી મેળે જ સામાજિક વર્ગનું વિશ્લેષણ કરી શકશો.

## ૧૧.૧ પ્રસ્તાવના

સમાજ એટલે સામાજિક સંબંધોના તાણાંવાણાં વિભિન્ન માનવજૂથો વચ્ચેના પારસ્પરિક સંબંધોની સ્થાયી વ્યવસ્થાને પરિણામે સામૂહિક જરૂરિયાત જન્મે છે. આ સમૂહગત જરૂરિયાત જયારે સામૂહિક સભાનતામાં પરિણમે છે ત્યારે સમાજમાં વર્ગ ઉદ્દભવે છે. સમાજમાં વિભિન્ન પ્રકારના હિતોને લઇને વર્ગો ઊભા થાય છે. સામાજિક અસમાનતાના પાયા પર રચાયેલી સામાજિક સ્તરરચના તપાસતા માલૂમ પડે છે કે સમાજમાં ઉચ્ચ-નીચના પાયા પર બનેલી અસમાન વ્યવસ્થા બનેલી છે. ભારતીય સમાજના સંદર્ભમાં જ્ઞાતિ અને વર્ગના પાયા પરનું સામાજિક સ્તરીકરણ જોવા મળે છે. વર્ગીય સંરચનામાં ગ્રામીણ અને શહેરી વર્ગોમાં ભિન્નતા જોવા મળે છે. ઐતિહાસિક કાળક્રમમાં અને સામાજિક પરિવર્તનના પ્રવાહમાં સામાજિક વર્ગનું માળખું પણ સતત બદલાતું રહયુ છે.

## ૧૧.૨ સામાજિક વર્ગોનો ઉદ્દભવ

સમાજમાં જયારે સમાનતા ઉચ્ચતા અને નિમ્નતાનો ભેદ પાડવામાં આવે ત્યારે વર્ગનો ઉદ્દભવ થાય છે. સામાન્ય રીતે આપણે જયારે કોઇ પણ ઘટનાનું મહત્વનું વિભાગીકરણ કરતા હોઇએ છીએ ત્યારે તે ઘટનાના પડેલા વિભાગોને વર્ગો તરીકે ઓળખીએ છીએ. દા.ત વસ્તીના પાયાપર કરેલા વિભાગીકરણમાં પુરુષવર્ગ, યુવાવર્ગ, સ્ત્રી વર્ગ વગેરેનો ઉલ્લેખ કરીએ છીએ.તેજ રીતે લગ્નના પાયાપર પરિણત વર્ગ, અપરણિત વર્ગ જયારે વ્યવસ્થાને આધારે અધ્યાપકોનો વર્ગ. વકીલોનો વર્ગ, ડૉકટરોનો વર્ગ, ખેડૂતોનો વર્ગ, કલાકારીનો વર્ગ વગેરેનો ઉપયોગ કરીએ છીએ. આમ વર્ગ એ સમાજમાં આર્થિક તેમજ સાંસ્કૃતિક વ્યવસ્થાનો સમૂહ છે. કાર્લમાર્કસના મતે પરસ્પર વિરોધી હિતો અને તે અંગે સભાનતની પરિસ્થિતિ વર્ગને જન્મ આપે છે.

સમાજમાં વર્ગ શબ્દનો ઉપયોગ બે દ્રષ્ટિથી થાય છે એક તો એ કે અમુક કક્ષાના એ અમુક પ્રકારનું સરખું કામ કરતા લોકોનું જૂથ અને બીજુ ગણિતશાસ્ત્રના વર્ગીરણમાં વપરાતા ગાણિતિક જૂથો માટે વર્ગ શબ્દ પ્રયોજાય છે.

## ૧૧.૩ સામાજિક વર્ગોનો અર્થ/વ્યાખ્યા

સામાન્ય રીતે સામાજિક વર્ગ એટલે દરજજાના પાયા પર રચાયેલું એક વિશિષ્ટ પ્રકારનું સામાજિક જૂથ,

સામાજિક વર્ગ વિશે જુદા-જુદા વિદ્વાનોએ આપેલ વ્યાખ્યાઓ જોઇતો……

અમેરિકન-રશિયન સમાજશાસ્ત્રી પિત્રીમ સારોકીન (Pritrim Sorokin ) તેમના Social & Cultural Dynamics નામના પુસ્તકમાં સામાજિક વર્ગની

વ્યાખ્યા આપતા જણાવે છે કે, સામાજિક વર્ગ સમાજના લોકોનો એવો સમૂહ છે. જેવો વ્યવસાયિક આર્થિક અને રાજકીય દરજ્જાની બાબતમાં સમાન ..........માને છે.

પી.બી. હોર્ટન અને સી.એલ. હન્ટ ( Parul Horton and Chester L. Hunt) તેમના Sociology and Society પુસ્તકમાં સામાજિક વર્ગ વિશે જણાવે છે કે, સમાન સામાજિક દરજ્જો ધરાવતા લોકોના સ્તરને સામાજિક વર્ગ તરીકે ઓળખાવી શકાય. સામાજિક વર્ગ વર્તનની તરહ છે. સામાજિક મૂલ્યોનો સંકુલ અને જીવનરીતિ છે.

મેકાઇવર અને પેજ ( Robert Morrison and Chester H. Page) Society Introduction Anorthic પુસ્તકમાં સામાજિક વર્ગની વ્યાખ્યા આપતાં જણાવે છે કે,'સામાજિક વર્ગ સમાજનો એવો ભાગ છે કે સમાજિક બીજા ભાગોથી દરજ્જાના સંદર્ભમાં જુદો પડે છે.'

યંગ અને મેક સામાજિક વર્ગ વિશે જણાવે છે કે, 'દરેક સામાજિક વર્ગ દરજ્જાઓનું બનેલું જૂથ છે. જે લગભગ સમાન પ્રતિષ્ઠા ધરાવે છે. અને એક વર્ગ અને બીજા વર્ગ કરતાં દરજ્જાની બાબતમાં ઉંચા કે નીચો ગણાતો હોય છે.'

## ૧૧.૪ સામાજિક વર્ગના લક્ષણો

સામાજિક વર્ગની ઉપર્યુકત વ્યાખ્યાઓને આધારે સામાજિક વર્ગના લક્ષણો આ પ્રમાણે જણાવી શકાય.

### ૧. સામાજિક દરજ્જો.

સામાજિક દરજ્જો વર્ગનું મહત્વનું લક્ષણ છે. અગાઉ જણાવ્યું તેમ સામાજિક વર્ગએ સામાજિક દરજ્જાના પાયા પર રચાયેલુ જૂથ છે. સમાજમાં સામાજિક,આર્થિક, સાંસ્કૃતિક વગેરે આધાર પર રચાયેલા વિભિન્ન સમૂહો જોવા મળે છે. આ સમૂહો અસમાન સામાજિક દરજ્જો ધરાવતા હોય છે. એક જ સામાજિક સ્થાન ધરાવતાં જૂથો વચ્ચે એક પ્રકારની વર્ગ સભાનતા હોય છે. આ સભાનતા મિલકત, આવક,શિક્ષણ, રાજકારણ વગેરેમાં સ્પષ્ટ પણે જોઇ શકાય છે.

### ૨. જીવનશૈલી

પ્રત્યેક સામાજિક વર્ગની આગવી જીવનશૈલી હોય છે. જે એક સામાજિક વર્ગની જીવનશૈલી બીજા સામાજિક વર્ગથી ભિન્ન પડે છે.સામાજિક વર્ગના માળખામાં એક જ વર્ગના સમાન વિચારસરણી, મૂલ્યો, વલણો અને જીવનપધ્ધતિ ધરાવે છે. જીવનશૈલી વ્યાપક ખ્યાલ છે. જેમાં મિલકત, સંપત્તિ, વ્યવસાય,જીવનકાર્ય, મનોરંજનના સાધનો વગેરે બાબતોનો સમાવેશ થાય છે. કોઇ એક સામાજિક વર્ગના સભ્યો આ બધી બાબતોમાં સમાનતા ધરાવતા હોય છે.

### ૩. વર્ગ સભાનતા

વર્ગ સભાનતા એ સામાજિક વર્ગનું મહત્વનું લક્ષણ છે. પ્રત્યેક વર્ગના સભ્યોને પોતાના દરજ્જા અંગેની સભાનતા હોય છે. અમુક વિશિષ્ટ સંજોગો કે ઘટના બાબતે સભાનતા વ્યકત થતી હોય છે. દા.ત હકક કે અધિકારોની માંગણી, ખાનપાન-મનોરંજન, જાહેર સેવાના સ્થાનોમાં આ બાબત જોઇ શકાય છે. કાર્લમાર્કસ વર્ગ સભાનતાને વર્ગ સંઘર્ષનું કારણ બતાવે છે.

### ૪. આત્મલક્ષીતા

સમાજની અસમાનભરી વ્યવસ્થામાં વ્યકિત પોતાના સ્થાન પરત્વે સભાન હોય છે. સામાજિક વર્ગના માળખામાં વ્યકિત કયો વર્ગ દરજજો ધરાવે છે. તેનું મૂલ્યાંકન વ્યકિત પોતાની રીતે નકકી કરી લે છે. તેમજ અન્ય સાથે વર્તન-વ્યવહાર પણ કરતી હોય છે. સ્વ મૂલ્યાંકનની આ બાબતને આત્મલક્ષીતા તરીકે ઓળખવામાં આવે છે. સમાજમાં વર્ગ વર્ગ વચ્ચેના સંબંધોમાં તેમજ વ્યકિતગત કે જૂથલક્ષી સામાજિક ગતિશીલતામાં વર્ગની આત્મલક્ષીતા જોવા મળે છે.

### ૫. સામાજિક કોટિક્રમ

સામાજિક વર્ગમાં સામાજિક સ્થાન કે મોભાની બાબતે ચઢ ઊતરતી એક કોટિક્રમિક વ્યવસ્થા જોવા મળે છે. વર્ગના વસ્તુલક્ષી નિર્ણાયકો જેવા કે સંપત્તિ મિલકત આવક, કૌટુંબિક મોભો, રહેઠાણનો પ્રકાર, સ્થળ સમયગાળો શિક્ષણ- ગ્રામીણ, શહેરી વિસ્તાર,વિદેશ વસવાટ, વ્યવસાયનો પ્રકાર વગેરે બાબતો વર્ગનું કોટિક્રમિક સ્થાન નકકી કરવામાં ભૂમિકા ભજવે છે.

## ૧૧.૫ ભારતમાં સામાજિક વર્ગોના ઉદ્દભાવક પરિબળો

ભારતમાં સામાજિક વર્ગોની વ્યવસ્થા બ્રિટિશ યુગમાં ઉદ્દભવી-વિકાસ પામી તેમ કહી શકાય ભારતીય સમાજમાં વર્ગનું પાસુ ઓછું વિકસેલું હતું તેનું કારણ ગ્રામીણ સમુદાયની આત્મનિર્ભરતા જવાબદાર હતી એટલે કે ગ્રામ સમુદાય લોકોની રોજીંદી જરૂરિયાત અને વપરાશ પોતાની  રીતે પૂરી કરતો સાથોસાથ ગામડાની વસ્તીમાં વિવિધતા પણ નહીવત હતી.

બ્રિટિશ અમલ પૂર્વના ભારતીય સમાજ ગ્રામીણ સમૂદાયના સ્વયં ઉત્પાદત વ્યવસ્થાના બનેલા હતા. આ વ્યવસ્થા જ્ઞાતિઓના કોટિક્રમિક અને કાર્યાત્મક પરસ્પરાવલંબન પર આધારિત હતી.આ વ્યવસ્થા નીચે ગ્રામીણ સમુદાયના સામાજિક-આર્થિક સંબંધો-પરંપરાગત ધોરણે અને મૂલ્યો અને રૂઢિગત સ્વરૂપો પ્રાચીન સંસ્કૃતિ દ્વારા સંચાલિત-નિયંત્રિત થતા ગામલોકો વારસાગત પરંપરાગત વ્યવસાય કરતા હસ્તકારીગરી અને અન્ય જ્ઞાતિગત વ્યવસાયો ખેતી પર આધારિત હતા.ગામમાં જજમાની વ્યવસ્થા પ્રમાણે સેવા પૂરી પાડતા લોકોને જરૂરિયાત મુજબનું મળી રહેતું હતું. અનાજ અને અન્ય કાચી સામગ્રી માટે ગામડું આત્મનિર્ભર હતું. બહારની દુનિયા સાથે ગામડાને મર્યાદિત સંપર્ક રહેતો ગ્રામસમુદાયો પર તાબા હેઠળના રાજા કે રાજયનું નિયંત્રણ રહેતુ. કૃષિવિષયક જમીનમાલિકીની વ્યવસ્થામાં રાજયપછી સૌથી ઊંચા સ્થાને જમીનદાર રહેતા. રાજા દ્વારા જાગીરદારો અને જમીનદારો નકકી કરવામાં આવતા. સમય જતાં તેઓ જમીનના વંશપરંપરાગત માલિકો બન્યા અને કૃષિસમાજમાં જમીનના શકિતશાળી માલિકોના વર્ગ તરીકે ઉદ્દભવ્યા. જમીનદારોના હાથ નીચે ખેતીકરનાર વર્ગ હતો. જેઓ વંશપરંપરાગત રીતે કબજાના અધિકારો ભોગવતા. ખેતીવિષયક જમીનને લગતા આ પ્રમાણેના વર્ગો હોવા છતાં આ સમયમાં એ બાબત નોંધનીય રહેવા પામી છે કે જમીનનું વેચાણ અને  ખરીદી, ખેતઉત્પાદનનું વેચાણ અને ખરીદી, જમીનના ખાનગી મિલકતના અધિકારો અને માલિક અને નોકર વગેરેનો ખ્યાલ વિકસ્યો ન હતો. ભારતમાં જમીન માલિકોના વર્ગો અને તે પ્રકારની વ્યવસ્થા બ્રિટિશ સમયમાં ઉદ્દભવી તેના કારણો આ પ્રમાણે હતા.

બ્રિટિશ સમયના ભારતમાં કૃષિસમાજ સ્તરીકૃત થયેલો હતો આ માટે બ્રિટિશોની

કૃષિનીતિ જવાબદાર હતી. આ નીતિના ચાર મુખ્ય હેતુઓ હતા.

૧. ભારતીય જમીનદારી પાસેથી મોટા પ્રમાણમાં મહેસુલ એકઠું કરવું.

૨. ગ્રામીણ અર્થવ્યવસ્થામાં રોકડા નાણાં વ્યવસ્થા દાખલ કરવી

૩. ખેતીવિષયક ઉત્પાદનોમાં ખુલ્લું બજાર દાખલ કરવુ.

૪. ભારતની કૃષિ વ્યવસ્થાને સંસ્થાનવાદી બજારનો હિસ્સો બનાવવી.

ઉપરોકત હિતોને સંતોષવા માટે કૃષિ અને અન્ય બાબતોને લગતી કેટલીક વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી જે આ મુજબ છે.

### ૧. જમીનદારી પ્રથા

બ્રિટિશ હકુમતે તેમના આર્થિક અને રાજકીય હેતુઓ પાર પાડવા કાયમી સમજૂતી કાયદા ૧૭૯૩ ના આધારે સૌ પ્રથમ બંગાળમાં અને ત્યારબાદ ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસ્સા અને મદ્રાસમાં જમીનદારી પ્રથા દાખલ કરી, આ પ્રથા અંતર્ગત જમીનદારોને મહેસુલ, એકત્રીત કરવાની સ્વતંત્રતા આપવામાં આવી. આ પ્રથા દ્વારા જમીનદારનો જમીન ઉપર ખાનગી મિલકત તરીકેનો હકક સ્થાપિત કરવામાં આવ્યો. બ્રિટિશ સરકારે કાયમી જવાબદારી દાખલ કરી, આને લઈને જમીનદારે પ્રતિવર્ષ જમીન મહેસુલ તરીકે વાર્ષિક રકમ ભરવાની રહેતી. બીજી તરફ બ્રિટિશરોએ હંગામી જમાબંધી દાખલ કરી.આ પ્રથા પ્રમાણે જમીદારનો જમીન ઉપર ખાનગી મિલકત તરીકેનો હકક સ્થાપિત કરવામાં આવ્યો. બ્રિટિશ સરકારે કાયમી જમાબંધી દાખલ કરી. આ પ્રથા પ્રમાણે જમીનદારનો જમીન ઉપર ખાનગી મિલકત તરીકેનો હકક સ્થાપિત કરવામાં આવ્યો. આ પ્રથામાં જમીનદારે મહેસૂલ તરીકે સરકારને ભરવાની વાર્ષિક રકમ અમુક નકકી કરેલા સમય બાદ નવેસરથી નકકી કરવામાં આવતી ભારતના લગભગ ૨૦ ટકા વિસ્તારને આ પ્રથા નીચે આવરી લેવામાં આવ્યો હતો.

### ૨. રેયતવારી પ્રથા

રેયતવારી પ્રથમાં ખેતી કરનાર દરેક ખેડૂતને તેની માલિકીની જમીન પર ખાનગી મિલકત હકક આપવામાં આવ્યો આ પ્રથાથી ખેડૂતની ખાનગી મિલકત બની. આની સાથોસાથ જમીનને પેટા ભાડે આપવાની. ગીરો મુકવાની કે બદલી કરવાની વ્યવસ્થા આપવામાં પણ આવી. પ્રારંભે આ વ્યવસ્થા મદ્રાસમાં દાખલ કરવામાં આવી, ત્યારબાદ મુંબઈ, મધ્યપ્રદેશ, અને આસામમાં દાખલ કરવામાં આવી.

### ૩. મહાલવારી પ્રથા

મહાલવારી પ્રથા હેઠળ સમગ્ર ગામ સાથે એવો કરાર કરવામાં આવતો કે ખેડૂતો પોતાની માલિકીની જમીનના આધારે ગામના કુલ મહેસુલમાં તેવો હિસ્સો આપતા. સંયુકત પ્રદેશના કેટલાક ભાગોમાં આ પ્રથા દાખલ કરી ત્યારબાદ પંજાબના કેટલાક ભાગોમાં વિસ્તારવામાં આવી.

જમીન અને જમીન મહેસુલને લગતી ઉપરોકત પ્રથાઓને લઈને જમીન એ અંગત માલિકીની બાબત બની. બજારની અન્ય ચીજવસ્તુની જેમ જમીનમાં પણ ખરીદી, વેચાણ અને ગીરે મૂકવાની પ્રક્રિયા શરૂ થઈ. આ પ્રથા પહેલા જમીનની માલિકી ગામની ગણાતી હતી. મહેસૂલ આકરણીનું એકમ સમગ્ર ગામ ગણાતું હતુ તેને બદલે નવી ઊભી કરેલી વ્યવસ્થામાં મહેસૂલ ગામને બદલે વ્યકિતગત માલિકીને

આધારે આકારવાનું શરું થયુ. આ પ્રથાઓને પરિણામે ગામડામાં જમીનદારો અને અન્ય વચેટીયાઓના વર્ગો ઉદ્‌ભવ્યા. ખેડૂતોના પરંપરાગત અધિકારો અને સલામતી ક્રમશઃ ઘટવા લાગી રેયતવારી વિસ્તારોમાં મોટા જમીનદારો જમીનો ભાડે આપીને વિશાળ જમીનની ખેતી કરનારા માલિકો તરીકે ઉદ્‌ભવ્યા.સાથોસાથ પેટા ગણોતિયા પાકના ભાગીદારો અને અનેક પ્રકારના ખેતમજૂર વર્ગનો ઉદ્‌ભવ થયો. મહાવરી વિસતારોમાં જમીનદારોના વ્યવસ્થિત વર્ગોએ અને ખેતી કરનારા ખેડૂતોએ કૃષિઆધારિત સમાજ પર પ્રભુત્વ સ્થાપવાનું શરું કર્યુ. અગાઉની વ્યવસ્થામાં વાર્ષિક ઉપજનો અમુક ભાગ મહેસુલ તરીકે ચુકવવાનો રહેતો અને તેને બદલે નવી વ્યવસ્થામાં પાક કે ઉપજને ધ્યાનમાં લીધા વિના માત્ર જમીન માલિકીને આધારે નિશ્ચિત કરેલ રોકડ મહેસૂલ ચુકવવાની પ્રથા શરું થઇ. જમીનદાર કે ખેડૂતને નકકી કર્યા પ્રમાણેનું મહેસૂલ રોકડમાં આપવાની ફરજ પાડતાં ખેતીમાં અનાજને બદલે રોકડિયા પાકનું મહત્વ વધ્યુ. ઉત્પાદિત થયેલ પાકનાં વેચાણ-ખરીદી માટે રેલ્વે અને પરિવહનના સાધનો વિકાસ પામ્યાં. ખેતીના બજારીકરણને લઇને ભારતમાં વેપાર વાણિજયને પણ પ્રોત્સાહન મળ્યું.

## ૧૧.૬ ભારતમાં સામાજિક વર્ગો

ભારતીય ગ્રામીણ સમાજમાં મુખ્યતવે (૧) જમીનદારો(૨) ગણોતિયાઓ (૩) ખેડૂત (૪) ખેતમજૂર અને (૫) કારીગર વર્ગો જોવા મળે છે. આ વર્ગોની વિગતે સમજ આ પ્રમાણે મેળવી શકાય.

### ૧. જમીનદાર વર્ગ

બ્રિટિશ સરકારે ભારતના મૂળ વતનીઓ માટે જમીન મહેસુલને લગતી જુદી-જુદી નીતિઓ અમલમાં મુકી જેવી કે કાયમી જમાબંધી, રેયતવારી કે મહાલવારી જમીન મહેસુલની પધ્ધતિ દાખલ કરી હતી. કાયમી જમાબંધી પધ્ધતિમાં મહેસુલ ઉઘરાવનાર જે નવા પ્રકારનો જમીનમાલિક વર્ગ ઉદ્‌ભવ્યો તે જમીનદાર વર્ગ. જમીન મહેસુલની નવી વ્યવસ્થામાં જમીન માલિકીનો અધિકાર જમીનદારોને આપવામાં આવ્યો. આ પહેલા રાજય પ્રથાની પધ્ધતિથી જમીનની હરાજી કરતું અને તેના પર જ જમીનદારોને મહેસુલ એકત્ર કરવાનો અધિકાર રહેતો પરંતુ નવી જમીન મહેસુલ પધ્ધતિમાં જમીન તેમની કાયમની મિલકત બની ગઇ જમીનદાર બ્રિટિશ સરકારને માત્ર નકકી કરેલ જમીન મહેસુલ ભરવા બંધાયેલો હતો. આ પ્રકારની પધ્ધતિને લીધે ખેડૂતોનો મોટો વર્ગ ખેડૂત મટીને ગણોતિયો બની ગયો. લોર્ડ કોર્નવાલિસે ૧૭૯૩માં સૌ પ્રથમ આ પધ્ધતિ બંગાળ, બિહાર, ઓરિસ્સા અને મદ્રાસમાં દાખલ કરી. ત્યાર પછી ઉત્તરપ્રદેશ, મુંબઇ,પંજાબ અને સિંધ વગેરે વિસ્તારોમાં લાગું કરવામાં આવી.જમીનદારીની પધ્ધતિને લીધે જમીનદારોનો વર્ગ ઊભો થયો એમ કહી શકાય ભારતીય સમાજમાં અત્યાર સુધી ન હતો. તેવો વર્ગ ઊભો થયો. જમીન માલિકીનો ગીરવે મુકવાનો કે વેચાણ કરવાનો હક આપવામાં આવ્યો. અમુક જમીનદારો નકકી કરેલ મહેસુલ ન આપી શકે તો તેમની જમીનને લીલામ કરવાનું શરું થયું. આને પરિણામે જમીન માલિકોનો નવો વર્ગ જમીનની લે-વેચ કરતા વેપારીઓ અને નાણાં ધીરનાર શાહુકારોનો વર્ગ ઉદ્‌ભવ્યો.

જમીન માલિકીના હકમાં જમીન ભાડાપટે આપવાનો અધિકાર પણ આપવામાં આવ્યો. આનું સીધુ પરિણામ એ આવ્યુ કે નાના ભોગવટાના અધિકારોને કાયદાએ હસ્તાતરિત કરવા માન્ય ગણ્યા. સમય જતાં આ ભોગવટાના અધિકારો જેમને ખેતીમાં સીધો રસ નથી તેવા નાણાં ધીરનાર કે વેપરારીઓના હાથમાં ગયો. આ વર્ગનો ઉદેશ્ય

માત્ર જમીનમાંથી પૈસા કમાવવાનો હતો. આમ, જમીન ખેતી નહિ કરનાર વર્ગ પાસે જતી રહી.

જમીનદારો મુખ્યત્વે બે પ્રકારના હતા (૧) જમીનદારો (તાલુકેદાર )અને (૨) નાણાં ધીરનાર વેપારીઓ અને બીજા એ કે જેવો જમીન ભોગવટાના અધિકારો ધરાવતા હતા.આમને વચેટિયા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વચેટીયાઓ જુદા-જુદા પ્રકારના હતા. અને તેમને જુદા-જુદા નામથી ઓળખવામાં આવતા ઉત્તરપ્રદેશ, બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં તેવો જોવા મળતા.તાલુકેદાર એ ઉતરતી કોટિના વચેટિયા કહેવતા જેમને મોટા જમીનદારોએ પોતાના જમીનદારી હકોમાંથી ઊભા કર્યા હતા. બંગાળના કેટલાક ભાગોમાં જોવા મળતા જોતેદાર મૂળભૂત રીતે જમીનમાલિકો હતા. જેમણે જમીનદારો પાસેથી સીધેસીધા જમીન મેળવેલી હતી. તેઓએ ગણોતિયાઓ દ્વારા જમીનના તેમને પેટાભાડવાત બનાવીને અડધો ભાગ આપીને જમીન પર ખેતી કરાવતા. તેવી જ રીતે જમીનદારોની નીચે પટનીદાર નિશ્ચિત રકમ આપવાની શરતે કાયમી સ્વરૂપે, ભાડાપટે જમીનદારો પાસેથી લઇને જમીન ધરાવતા હતા જયારે ઈજારદાર એ એવા હતા જેમણે અમુક વિસ્તારનો મહેસુલ ઉઘરાવવાનો હક ભાડેથી કરાર આધારિત ખરીદી લીધો હતો.

ભારત દેશ સ્વતંત્ર થયો તે સમયની પરિસ્થિતિ પર નજર કરીએ તો ગિરાસદાર કે વચેટિયાઓ જમીનનો મોટા ભાગનો હિસ્સો ધરાવતા હતા. પ્રત્યક્ષ રીતે ખેડૂત પાસે અપૂરતી કે નહિવત જમીન હતી. ખેતીની જમીનની અસમાન વહેંચણી જોવા મળતી હતી. ખેતીની જમીનની અસમાન અને શોષણભરી વ્યવસ્થાને લઇને આર્થિક અને ભૂમિસંબંધોમાં વિષમતા પેદા થવા પામી હતી. ગ્રામીણ સમુદાયમાં ખેતીની જમીન આજીવિકાનું મુખ્ય સાધન અને આવક પ્રતિષ્ઠા તથા સત્તાનો સ્ત્રોત પણ છે. આ વ્યવસ્થાને પરિણામે વધુ જમીન ધરાવતો નાનકડો વર્ગ ઓછી જમીન ધરાવતા મોટા વર્ગનું શોષણ કરે છે. વધુ જમીન ધરાવતા જમીનદારો સામંતશાહી જીવન જીવે છે. જયારે ઓછી જમીન ધરાવતા નાના ખેડૂતો, ગણોતિયા, ખેતમજૂરો એક પ્રકારનું સામાજિક, આર્થિક અને રાજકીય વેગળાપણું અનઊભવતા હોય છે. સ્વતંત્ર ભારતમાં જમીન માલિકી સંબંધિત વ્યવસ્થાને પરિણામે ઊભી થયેલી સામાજિક-આર્થિક અસમાનતાને દૂર કરવા માટે મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ જેવા રાષ્ટ્રીય નેતાઓએ જમીન સુધારણા પર ભાર મુકયો.

જમીન સુધારણાનું મુખ્ય લક્ષ્ય જમીનદાર,ગિરાસદાર વર્ગની નાબુદીનું હતું. સૌ પ્રથમ ૧૯૪૮માં મદ્રાસમાં જમીનદારી નાબુદીનો કાયદો અમલમાં આવ્યો, ત્યારબાદ ૧૯૪૯-૫૦ માં મુંબઇ અને હૈદરાબાદમાં આ કાયદો લાગુ પાડવામાં આવ્યો. પશ્ચિમ બંગાળે ૧૯૫૫માં આ કાયદો અમલમાં મુકતાં સમગ્ર દેશમાંથી જમીનદાર અને ગિરાસદાર વર્ગ નાબુદ કરવામાં આવ્યો. જમીનદારો અને ગિરાસદારોના જમીન પરના મિલકત અધિકારો ઉકત જમીન સુધારણા કાનૂનથી દૂર કરી તેઓને યોગ્ય રોકડ વળતર ચુકવવામાં આવ્યુ. આ ઉપરાંત તેઓને તેમની વ્યકિતગત જરૂરિયાતોને ધ્યાને લઇ નિયત મર્યાદામાં ખેતી માટેની જમીન રાખવાની મંજૂરી આપવામાં આવી તેમણે રાખેલી જમીન સિવાયની બાકીની જમીન પર ગણોતિયાઓને જમીન ખેડવાના અધિકારો આપવાને લઇને તેવા ખેડૂતો અન્ય ગણોતિયામાંથી ખેડૂત બનેલા લોકો રાજયને સીધુ જમીન મહેસુલ ભરે તેવી વ્યવસ્થા કરવામાં આવી. આ કાયદાથી ખેડે તેની જમીનની પરિસ્થિતિ નિર્માણ પામી અને રાજય તથા ખેડૂત વચ્ચે સીધો સંબંધ પ્રસ્થાપિત થયો.

## ૨. ખેડૂત વર્ગ

અંગ્રેજ રાજ અમલ દરમ્યાન જમીન મહેસુલ માટેની રેયતવારી પધ્ધતિ દાખલ કરવામાં આવી. શરૂઆતમાં મુંબઇ, મદ્રાસ વગેરે પ્રદેશમાં આ પ્રથા શરૂ થઇ આ પધ્ધતિ પ્રમાણે જમીનની માલિકી ખેડૂતોને જેવો પ્રત્યક્ષ રીતે ખેતી કરતા તેમને મહેસુલ ભરવાની શરતે આપવામાં આવી. રેયતવારી પ્રથાને પરિણામે ગ્રામીણ સમાજમાં ખેડૂત વર્ગ ઊભો થયો. વધારે પડતું જમીન મહેસુલ અને મર્યાદિત જમીનને લઇને આ ખેડૂત વર્ગ દેવું અને ગરીબીની પરિસ્થિતમાં રહયા.

સામાજિક વિભેદની પ્રક્રિયામાં કેટલાક ખેડૂતો સામાજિક, આર્થિક રીતે પોતાનું  સ્થાન ઉચ્ચું લાવવામાં સફળ રહયા. પરંતુ મોટાભાગના ખેડૂતો સામાજિક, આર્થિક રીતે વધુ ને વધુ ઉતરતા ગયા બ્રિટિશોની શોષણભરી મહેસુલમાં નિતિ  લઇને કેટલાક ખેડૂતો અન્યની જમીનમાં સાથી કે ગણોતિયા બનતા ગયા અને નાણાં ધીરનાર શાહુકારો, વેપારીઓ અને શ્રીમંત ખેડૂતો વધુ ને વધુ માત્રામાં જમીન પ્રાપ્ત કરી રહયા હતા. જમીનની માલિકીને આધારે ખેડૂતોના ત્રણ વર્ગ પડી ગયા.

### (૧) સમૂહ ખેડૂત

આ વર્ગના ખેડૂતો જમીનની સારી એવી માલિકી ધરાવે છે. તેવો સીધી રીતે ખેતી કરતા નથી. પરંતુ અન્ય પાસે ખેતી કરાવે છે. ખેતી પર દેખરેખ રાખે છે. ખેતીમાં વ્યકિતગત ધોરણે રસ દાખવીને નવા પાકોની વાવણી વૈજ્ઞાનિક પ્રયોગો તેમજ જમીન સુધારણા માટે પ્રયત્નો કરતા હોય છે.

ખેતીની જમીનનું મોટું પ્રમાણ હોવાને લઇને આવક પણ સારી થતી હોય છે. જીવનશૈલીની બાબતમાં કંઇક અંશે તેઓ મૂડીપતિ કે સામંતો જેવું જીવન જીવતા.

### (૨) મધ્યમ ખેડૂત

આ વર્ગના ખેડૂતો મધ્યમ સ્તરની માલિકી ધરાવે છે. શ્રમ અને આવકની બાબતમાં તેઓ આત્મ નિર્ભર છે. પોતાના પરિવારની જરૂરીયાત પુરતુ તેઓ તેમની જમીનમાંથી મેળવી લે છે. આ વર્ગ પાયાની આર્થિક સામાજિક જરૂરિયાતો પોતાની રીતે સંતોષી લે છે.

### (૩) સીમાંત કે નાના ખેડૂત

અ વર્ગ પાસે જમીનનું પ્રમાણ એટલુ ઓછું હોય છે કે તેમાંથી તેમનાં પરિવારનું ભરણપોષણ થઇ શકતુ નથી.આથી તેઓ બીજાની જમીન ભાડે લઇને કે ખેતમજૂરી કરીને પોતાનો નિર્વાહ કરે છે. ઓછી  આવકને લઇ આ વર્ગ અન્ય સુવિધાઓથી વંચિત રહેવા પામે છે. ગામડામાં આ પ્રકારના વર્ગનું પ્રમાણ મોટી સંખ્યામાં જોવા મળે છે.

ભારતમાં આઝાદી બાદ બનાની તીવ્ર અછત વર્તાઇ આ પરિસ્થિતિમાંથી બહાર નિકળવા માટે સમુદાય વિકાસ યોજના, આયોજિત ગ્રામીણ વિકાસના અન્ય કાર્યક્રમોની સાથે હરિયાળી ક્રાંતિનો પણ પ્રારંભ થયો આ યોજના અંતર્ગત સુધારેલા પાકની વાવણી, રોકડિયા પાકની ખેતી કરવા પર ભાર મૂકવામાં આવ્યો. બારેમાસ વહેતી નદીઓ પર બંધો બાધીને નહેરો વડે સિંચાઇની સગવડ પૂરી પાડવામાં આવી. પાકની પોષણક્ષમ કિંમત વગેરે પ્રકારના પ્રયત્નો વડે  ખેડૂતોની સ્થિતિ સુધારવાનો પ્રયત્ન થયો.

### ૩. ગણોતિયા વર્ગ

ભારતમાં બ્રિટિશ અમલ દરમ્યાન જમીન સંબંધિત જમીનદારી અને રૈયતવારી પ્રથાને પરિણામે ગણોતવર્ગ ઉદ્દભવ્યો. સામાન્ય અર્થમાં ગણોતિયો એટલે જમીનદાર,ગિરાસદાર કે જમીનમાલિક પાસેથી પછીથી જમીનખેડૂતો ખેડૂત જમીનદારો અને ગિરાસદાર નાના ખેડૂતો કે ભૂમિહિન મજૂરો પાસે ખેતી કરાવતા ગણોતિયો જે જમીનપટાથી ખેડૂતો હોય તે જમીનના ભોગવટા બદલ તેણે જમીનમાલિકને રોકડ રકમ કે ઉપજના રૂપમાં જે કઇ અવેજ આપવાનો હોય તે અવેજને ગણોત કહેવાય. આમ ગણોત એ ખેતીની ઉપજનો અમુક હિસ્સો કે નિયત રકમ ભાગ કે સાથ.

બ્રિટિશ અમલ દરમિયાન જમીનદારી પ્રદેશોમાં બે પ્રકારના ગણોતિયાઓ હતા. જમીનદારોના હાથ નીચેના ગણોતિયાઓ અને ભાડાપટ્ટેથી જમીન ખેડવા લેનારા ગણોતિયાઓ ભાડાપટ્ટેથી જમીન ખેડવા લેનારા ગણોતિયા આમ તો પેટાગણોતિયા હતા. તે સમયે બંગાળમાં પેટા ગણોતિયાનાં હાથ નીચે ઘણાં બધાં સ્વરૂપના પેટાગણોતિયાઓ વિકસ્યા હતા. જમીનદારી વિસ્તારોની જેમ રૈયતવાદી વિસ્તારોમાં પણ ગણોતવર્ગ ઉદ્દભવ્યો હતો. મોટા ભાગે આ વર્ગ અગાઉના જમીન માલિકો જેમની જમીન સમય જતાં નાણાં ધીરનાર શાહુકારો અને અન્યના હાથમાં જતી રહી હતી તેવા લોકોનો બનેલો હતો.

સ્વતંત્રતા પ્રાપ્તિ વખતે ભારતમાં જુદા-જુદાં પ્રકારના ગણોતિયા હતા. એક અંદાજ પ્રમાણે ૧૯૫૨ માં ભારતની ખેતીની કુલ જમીનના ૨૪ ટકા જમીન ઉપર ગણોતિયા ખેતી કરતા હતા. જમીનમાલિકો ગણોતિયા પાસેથી વધુને વધુ ભાગ કે ગણોત મેળવતા. આ ઉપરાંત ગણોતિયાને બીજા વર્ષ જમીન ખેડવા મળશે કે કેમ તે બાબતની કોઇ નિશ્ચિતતા ન હોવાને લઇને તેને ખેતીમાં રસ રહેતો નહી. સલામતીના અભાવે કેટલીક જમીન ખેડયા વગરની રહેતી અને જે જમીન ખેડતા તેમાં પૂરતી ખેડતા નહિ તેનું મૂળ કારણ એ હતુ કે મહેનત તેઓ કરે અને ઉપજનો મોટો ભાગ જમીનદારો લઇ જતા.આમ તેઓનું આમાં ભારોભાર શોષણ થતું

જમીનદારી અને રૈયતવારી વિસતારમાં ત્રણ પ્રકારના ગણોતિયા જોવા મળતા. (૧) કાયમી ઇચ્છાધીન અને પેટા ગણોતિયા કાયમી ગણોતિયાને પ્રતિ વર્ષ જમીન ખેડવાના અધિકારની બાબતમાં કઇક અંશે નિશ્ચિતતા રહેતી. ઇચ્છાધીન ગણોતિયાની સ્થિતિ જમીનમાલિકની ઇચ્છાને અનુરૂપ રહેતી. જમીનમાલિક ઇચ્છે તો એને બીજે વર્ષે ચાલુ રાખે કે બંધ કરી દે. પેટા ગણોતિયો ગણોતિયાનો ગણોતિયો હોવાથી જે કળ ઉત્પાદન થયું હોય તેનો ઘણો ઓછો ભાગ તેના ભાગે આવતો.

ગણોતપ્રથામાં ગણોતિયાનું ભારોભાર શોષણ થતું. એંકદરે તેમનું જીવન જમીનમાલિકોની દયા પર નભતું. ગણોતિયાઓને શોષણભરી પરિસ્થિતિમાંથી બહાર લાવવા માટે સ્વતંત્ર ભારતમાં વિવિધ કાનૂની પગલાં ભરવામાં આવ્યા. ખેતીની ઉપજમાંથી જમીનદારનો ભાગ મર્યાદિત કરવો,ગણોતિયાઓને પૂરતું રક્ષણ આપવું તેમજ જમીન ખેડવા બાબતના અધિકારો મળે તે હેતુસર ગણોતપ્રથા વટહુકમ અને ગણોત વહીવટ ઘડવામાં આવ્યો. જમીન સુધારણા કાર્યક્રમ અંર્તગત ગણોતિયાને કાયદાનું રક્ષણ પુરું પાડવામાં આવ્યુ. સાથોસાથ પોષણક્ષમ જમીન અને ટોચમર્યાદા નકકી કરવામાં આવી.ગણોતદર નકકી કરવામાં આવ્યો.જમીન અંગેનું મહેસુલ ભરવા બાબતે ગણોતિયાની જવાબદારી નકકી કરવામાં આવી. ખાસ પરિસ્થિતિમાં ગણોત માફ કરવાની જોગવાઇ કરવામાં આવી જમીન ખરીદી બાબતે ગણોતિયાને પ્રથમ પસંદગી આપવામાં આવી. આ પ્રકારના કાનૂની પ્રયાસો થકી જમીનમાલિક અને ગણોતિયા વચ્ચેની અસમાનતા ઘટે અને તેઓ સ્વમાનભેર જીવન જીવી શકે તેવા પ્રયત્નો થયા.

આ કાયદાની અસર વડે ગણોતિયા અને પેટા ગણોતિયાઓની પરિસ્થિતિમાં સુધારો જોવા મળે છે.

### ૪. ખેતમજૂર વર્ગ

ખેતમજૂર એટલે એવી વ્યકિત જે રોકડ રકમ કે વસ્તુનાં સ્વરૂપે વેતન લઇને ખેતીનું કે તેને પૂરક કામ કરતી હોય, ખેતી સાથે સંકળાયેલા લોકોમાં ખેતમજૂર વર્ગ પણ મહત્વનો છે. કુટુંબના ભરણપોષણ માટે અપૂરતી જમીન ધરાવતા નાના કે સીમાંત ખેડૂત તેમજ ભૂમિહિન લોકો ખેતમજૂર તરીકે કામ કરે છે. ભારતીય ગ્રામીણ સમાજમાં ખેતમજૂર વર્ગ સારા એવા પ્રમાણમાં છે.

રાષ્ટ્રીય શ્રમ આયોગે ખેતમજૂરોની વ્યાખ્યા આપી છે કે 'ખેતમજૂર એટલે જે બિનકુશળ અને અસંગઠિત હોય અને જીવનનિર્વાહ માટે જેની પાસે મજૂરી સિવાય અન્ય કોઇ સાધન ન હોય તેવી વ્યકિત કેન્દ્ર સરકારે નીમેલી ખેતમજૂર તપાસ સમિતિ પોતાની વ્યાખ્યા આપતાં જણાવ્યું હતુ કે ખેતમજૂર એટલે એવી વ્યકિત જેણે મેળવેલ કુલ આવકમાંથી જો ખેતમજૂરી એ મુખ્ય હિસ્સો હોય તો તેને ખેતમજૂર કહેવાય.૧૯૬૧ ની વસ્તીગણતરીના અહેવાલ મુજબ ખેતમજૂર એવી વ્યકિત છે જે કેવળ શ્રમના બદલામાં રોકડ યા વસ્તુના રૂપમાં મજૂરી લઇને કાર્ય કરે છે. જમીન વિશે તેને કોઇ અધિકાર હોતો નથી કે ખેતી કરવા સંબંધો તે ન કોઇ નિર્ણય કરી શકે છે. તથા તેને કોઇ જોખમ હોતું નથી. રાષ્ટ્રીય શ્રમ આયોગે ખેત મજૂરોનું વર્ગીકરણ બે રીતે આપ્યું છે. (૧) ભૂમિહિન શ્રમિક : આ એવા ખેતમજૂરો છે જેમની પાસે ખેતી કરવા માટે બિલકુલ જમીન હોતી નથી. આ મજૂરોના પણ બે પ્રકાર છે. (૧) એવા ખેતમજૂરો કે જેઓ સ્થાઇ રીતે કોઇ ખેડૂતોને ત્યાં લગાતાર બારે મહિના કામ કરે છે. તેથી તેને સ્થાયી મજૂર કહે છે. (૨) બીજા એવા મજૂરો જેઓ કોઇ ખેડૂત સાથે કાયમી જોડાયેલા હોતા નથી. પણ પોતાની ઇચ્છાએ અલગ-અલગ ખેડૂતોને ત્યાં કામ કરે છે. પહેલા પ્રકારના મજૂરોની મજૂરી જુના રિવાજ મુજબ નકકી થાય છે. જયારે બીજા પ્રકારના મજૂરોની મજૂરી બજારના વેતનદર પ્રમાણે નકકી થાય છે. (૨) બહુ નાનો ખેડૂત : આ એવા ખેતમજૂરો છે જેમની પાસે જમીન છે. પણ તેનું પ્રમાણ ખૂબ ઓછુ છે. તેથી મોટા ભાગનો સમય એક ખેતમજૂર તરીકે જ પસાર કરે છે.

ઉકત વ્યાખ્યાઓને આધારે ખેતમજૂરોની લાક્ષણિકતાઓ જોઇએ: (૧) ખેતમજૂરોનો આવકનો મુખ્ય સ્ત્રોત ખેતમજૂરી છે. (૨) વધુમાં વધુ દિવસો તેવો ખેતમજૂરી કરે છે. (૩) તેમની પાસે ખેતી માટેની જમીન નથી અથવા ઓછી છે. (૪) તેઓ સવેતન કામગીરી કરે છે. (૫) તેમને મળતું વેતન વસ્તુ કે નાણાં સ્વરૂપનું હોય છે. (૬) તેમને ખેતી અંગેના કોઇ નિર્ણયો કે જોખમો લેવાના હોતા નથી. માત્ર જમીન માલિકના હુકમનું પાલન કરવાનું હોય છે. (૭) ખેતી કરવા બદલ તેમને નફો કે નુકસાન થતુ નથી.(૮) ખેતમજૂરી કાયમી કે છૂટક સ્વરૂપની મળે છે.

ભારતના કેટલાક વિસ્તારોમાં ખેતમજૂરોની સ્થિતિ ગુલામો જેવી રહેતી જેને બાંધવા મજૂરો તરીકે ઓળખવામાં આવતા તમિલનાડુમાં પડીયાલ અને ગુજરાતમાં દુબળા અને હાવી આના ઉદાહરણો છે. ભારતમાં સ્વતંત્રતા બાદ જમીન સુધારણા કાર્યક્રમોએ ખેતમજૂરોની સ્થિતિ સુધારવા માટે નહીવત કામ થયુ છે. સરકાર અને મંડળીની સહાયથી વધારાની કે નવી પ્રાપ્ત કરેલ જમીન પર તેમને વસાવવાનો પ્રયત્ન કર્યો છે. ભારતમાં ૧૯૭૨થી કાયદાથી બાંધવા મજૂરી નાબુદ કરવામાં આવી છે. આ સંદર્ભમાં સરકાર અને સ્વૈચ્છિ સંગઠનો તેમના માટે પુનર્વસનનું કાર્ય કરી રહયા છે. જમીન સુધારણા કાર્યક્રમોની શરૂઆતમાં ખેતમજૂરોની સંખ્યામાં ઘણો વધારો થયો હતો

જેમ કે જમીનદારોએ પોતે ખેડવા માટે ઘણી જમીનો લઇ લીધી અને ગણોતિયાઓને કાઢી મૂકયા. હરિયાળી ક્રાંતિને લઇને પણ આમ જ થવા લાગ્યુ. બીજુ બાજુ ઉદ્યોગોમાં ખેતમજૂરોની વસ્તીનો પ્રવેશ બહુજ ધીમો રહયો. આથી દેશના મોટાભાગના પ્રદેશોમાં ખેતમજૂરોના કલ્યાણ અને સામાજિક સંરક્ષા માટે વિવિધ પગલા ભરીને તેમની સ્થિતિ સુધારવાનો પ્રયત્ન કર્યો છે.

સરકાર દ્વારા ખેતમજૂરોની સમસ્યાઓ અંગે નીતિ ઘડવા અને કાર્યક્રમોના મૂલ્યાંકન માટે ચર્ચા કરવા રાજય અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ પરિષદોનું આયોજન હાથ ધરવામાં આવે છે. તેથી પણ ખેતમજૂરોની સમસ્યા વિશે જાગૃતિ કેળવાય વિશ્વસ્તરે ઔદ્યોગિક મજૂરો માટે જાણીતી બનેલી સંસ્થા આંતરાષ્ટ્રીય મજદુરશ્રમ સંગઠને પોતાનું કાર્યક્ષેત્ર વિસ્તારોને ખેતમજૂરો માટે કામ કરવાનું નકકી કર્યુ છે. ટૂંકમાં ખેતમજૂર સમસ્યા દેશની અનેક આર્થિક સામાજિક સમસ્યાઓમાં એક મહત્વની સમસ્યા તરીકે સ્વીકાર થવા લાગી છે. ભારત સરકાર અને રાજય સરકારોએ પણ આ સમસ્યાને પોતાની કામગીરીમાં મહત્વ આપી, યોગ્ય દિશામાં પ્રયત્નો શરુ કર્યા છે. લઘુત્તમ વેતન ધારો, વિવિધ પંચવર્ષીય યોજનાઓમાં ખેતમજૂરો માટે નાણાંકીય જોગવાઇ આ ઉપરાંત સંકલિત ગ્રામવિકાસ કાર્યક્રમ, રણવિકાસ કાર્યક્રમ, અછતગ્રસ્ત વિસ્તાર કાર્યક્રમ ગ્રામ યુવાનો માટે સ્વરોજગારીનો તાલીમી કાર્યક્રમ, ગ્રામીણ ભૂમિહિનો માટે રોજગાર ગેરંટી કાર્યક્રમ, વીસ મુદાનો કાર્યક્રમ પ્રધાનમંત્રી સ્વ-રોજગાર યોજના વગેરે સરકારી યોજનાઓ વડે ખેતમજૂરોની સમસ્યા હલ કરવાનો યથાયોગ્ય પ્રયત્ન કરવામાં આવ્યો છે.

### ૫. કારીગર વર્ગ :

ગ્રામીણ સમાજમાં કારીગર વર્ગ મહત્વનું સ્થાન ધરાવે છે. કારીગર વર્ગનું અસ્તિત્વ પ્રાચીન સમયથી જોવા મળે છે. ગામડાની સ્વનિર્ભર ઓળખ ઊભી કરવામાં આ વર્ગનો ફાળો મહત્વનો છે. ગ્રામ વસ્તીનો જે ભાગ ખેતી સિવાયનાં સાધનો પર જીવે છે. તેઓ કારીગર વર્ગમાં સમાવેશ થાય છે. આ કારીગર વર્ગમાં જુદી જુદી જ્ઞાતિઓના કુંટુંબોનો સમાવેશ થાય છે. ગ્રામીણ સમાજની વિશેષતા રૂપી જજમાની વ્યવસ્થામાં જોવા મળે છે. તેમ ગ્રામીણ અર્થવ્યવસ્થા કાર્યાત્મક વિશેષીકરણ અને પરસ્પરાવલંબન આધારિત છે. પ્રત્યેક જ્ઞાતિને તેનો વંશપરંપરાગત વ્યવસાય હોય છે. અને તે ગામની અન્ય જ્ઞાતિઓના કુટુંબોને વ્યવસાયિક સેવાઓ પૂરી પાડે છે જેમ કે સુથાર, લુહાર, સોની, કુંભાર, દરજી, નાયી, ધોબી, વણકર, મોચી, ઢોલી, વગેરે આ જ્ઞાતિઓને કારીગર વર્ગ તરીકે પણ ઓળખવામાં આવે છે. કારીગર વર્ગને જમીનમાલિકો તરફથી તેમની સેવાના વળતર બદલ અનાજ આપવામાં આવતું હતુ. કેટલાક બક્ષિસ રૂપે જમીન પણ આપવામાં આવતી હતી. ભેટ સ્વરૂપે મળેલી જમીનના સમયાન્તરે કે પેઢી દર પેઢી ભાગલા પડયા અને જમીન નાના નાના ટુકડાઓમાં વહેંચાઇ ગઇ. અને પરિણામે આ જમીન ખેતી માટે ઉપયોગી રહી નહી.

બ્રિટિશ રાજય અમલ દરમિયાન કારીગર વર્ગ પર ગંભીર અસર પડી યાંત્રીકરણ અને ઉદ્યોગીકરણને પરિણામે ઉત્પાદિત થયેલી જથ્થાબંધ વસ્તુઓ સામે કારીગર વર્ગ ટકી શકયો નહિ, કારણકે યંત્રોથી બનેલી વસ્તુઓ પ્રમાણમાં સસ્તી હોવાથી લોકો તે પ્રકારની વસ્તુઓ ખરીદવા તરફ વળ્યા. આની સીધી અસર કારીગરો પર પડી. દા.ત ભારતના કારીગરો કાપડ વણાટમાં જગ મશહુર હતા, જેમકે ઢાકાનું મલમલ પાટણના પટોળા, કચ્છનું ભરતગૂંથણ વિશ્વભરમાં જાણીતું બન્યું છે. બ્રિટિશ અમલ દરમિયાન કાપડના જથ્થાબંધ ઉત્પાદનને લઇને કારીગર વર્ગના ધંધા પર ગંભીર અસર પડી. આ વર્ગના માલની તરફ વળ્યા તેને પરિણામે ખેતી પર તેનું ભારણ વધ્યુ, તો વળી કેટલાક

કારીગરો જીવન ગુજારા માટે શહેરોમાં હિજરત કરી ગયા.

બ્રિટિશ સમયગાળા દરમિયાન ગ્રામીણ હુન્નર રોજગારીના અભાવે નાશ પામવા લાગ્યો. તેની સાથે ગ્રામીણ અર્થતંત્રનું બિનઉદ્યોગીકરણ થઇ ગયુ. સ્વતંત્રતા બાદ ભારત સરકારે કારીગર વર્ગની સ્થિતિમાં સુધારો કરવા માટે તેમજ તેના કલ્યાણ માટે કેટલીક યોજનાઓ અને કાર્યક્રમો દાખલ કર્યા, જેમ કે રોજગારી મળી રહે તે માટે નાના કુટીર ઉદ્યોગો શરુ કર્યા. વિવિધ પ્રકારના લઘુ, કુટીર ઉદ્યોગો માટે જરૂરિયાત મુજબની લોનની સુવિધા આપવામાં આવે છે. કારીગરમાં રહેલી કળા અને કસબને રાષ્ટ્રીય સ્તરના પુરસ્કારો વડે પુરસ્કૃત કરવામાં આવે છે. કારીગરો વડે ઉત્પાદિત થયેલ માલને સીધુ બજાર મળી રહે અને વસ્તુનું યોગ્ય વળતર મળી રહે તે માટે સરકાર દ્વારા વિવિધ પ્રયત્નો કરવામાં આવે છે.

## ૧૧.૭ સારાંશ

આ એકમમાં આપણે સૌ પ્રથમ સામાજિક વર્ગના ખ્યાલનો ઉદ્દભવ, અર્થ અને તેની વ્યાખ્યાઓનો પરિચય મેળવ્યો. સામાજિક વર્ગની ખાસિયતો કઇ કઇ છે તેની જાણકારી મેળવ્યા બાદ ભારતીય સમાજના સંદર્ભમાં સામાજિક વર્ગો ઉદ્દભવતા માટેની પરિસ્થિતિ કે તેના પરિબળો વિશે માહિતગાર થયા. અને છેલ્લે ભારતમાં વિવિધ વર્ગો જેવા કે જમીનદાર વર્ગ, ખેડૂત વર્ગ, ગણોતિયા વર્ગ, ખેતમજૂર વર્ગ અને કારીગર વર્ગ વિશે વિગતે સમજ પ્રાપ્ત કરી.

## ૧૧.૮ શબ્દાવલી

(૧) **સામાજિક વર્ગો :** આવક, સંપત્તિ અને મૂડીને આધારે જુદી પડતી કે ઉચ્ચ નીચની સામાજિક શ્રેણીઓ

(૨) **જમીનદારો :** વિશાળ જમીનના માલિકો

(૩) **ખેડૂતઃ** જમીનનો માલિકી હકક ધરાવતી ખેતી પર નિર્ભર વ્યકિત

(૪) **ખેતમજૂર :** અલ્પ જમીન ધારક કે ભૂમિહીન વ્યકિત કે જે ખેતીલાયક જમીનમાં શ્રમ કરીને આજીવિકા રળતો વર્ગ

(૫) **વચેટીયાઓ :** રાજય અને ખેડૂતો વચ્ચેનો સામાજિક વર્ગ

(૬) **ગણોતિયા :** જમીન માલિકો પાસેથી ભાડા પટ્ટા પર જમીન મેળવીને ખેતી કરતાં ખેડૂતો

(૭) **કામદાર વર્ગ :** ખેતી સિવાય હાથવણાટ કે હસ્તકારીગરીના ઉદ્યોગો પર આધારિત વર્ગ

## ૧૧.૯ તમારી પ્રગતિ ચકાસો

(૧) સામાજિક વર્ગનો અર્થ એક વાકયમાં આપો.

..............................................................

..............................................................

(૨) સામાજિક વર્ગની કોઇ એક વ્યાખ્યા જણાવો.

..............................................................

.......................................................
.......................................................

(૩) સામાજિક વર્ગની ત્રણ ખાસિયતો જણાવો.

.......................................................
.......................................................
.......................................................
.......................................................

(૪) સામાજિક વર્ગનું કોઇ એક ઉદ્દભાવક પરિબળ જણાવો.

.......................................................
.......................................................
.......................................................
.......................................................

(૫) ભારતનાં કોઇ પણ બે સામાજિક વર્ગો જણાવો.

.......................................................
.......................................................
.......................................................
.......................................................

## ૧૧.૧૦ બહુ વિકલ્પીય પ્રશ્નો

(૧) ................વર્ગનું મહત્વનું લક્ષણ છે.
( સામાજિક ભૂમિકા, સામાજિક જૂથ, સામાજિક દરજ્જો )

(૨) સામાજિક સ્થાનની ચઢ-ઉતરની વ્યાખ્યા એટલે....................
( સામાજિકરણ, સામાજિક કોટીક્રમ, સામાજિક નિયંત્રણ )

(૩) ભારતમાં સામાજિક વર્ગની વ્યવસ્થા..................માં ઉદ્દભવી.
( બ્રિટિશયુગ, મોગલયુગ, પ્રાચીનયુગ )

(૪) ભારતમાં સૌ પ્રથમ જમીનદારી પ્રથા........માં દાખલ થઇ.
( ગુજરાત, ઉત્તરપ્રદેશ, બંગાળ )

(૫) ભારતમાં સૌ પ્રથમ રેયતવારી પ્રથા..................રાજયમાં દાખલ થઇ.
( ઓરિસ્સા, બંગાળ, મુંબઇ )

## ૧૧.૧૧ સ્વાધ્યાયના ઉત્તરો

**(૧) તમારી જાતે ચકાસો**

(૧) અમુક પ્રકારનું સરખું કામ કરતા લોકોનું જૂથ

(૨) '' સામાજિક વર્ગ સમાજના લોકોનો એવો સમૂહ છે. જેવો વ્યવસાયિક, આર્થિક, અને રાજકીય દરજ્જાની બાબતમાં સમાન સ્થાન ધરાવે છે.

(૩) સામાજિક દરજ્જો, જીવનશૈલી, વર્ગ સભાનતા

(૪) જમીનદારી પ્રથા

(૫) ખેડૂતવર્ગ ખેતમજૂરવર્ગ, વર્ગ સભાનતા

**(૨) બહુ વિકલ્પીય પ્રશ્નો**

(૧) સામાજિક દરજ્જો

(૨) સામાજિક કોટિક્રમ

(૩) બ્રિટિશયુગ

(૪) બંગાળ

(૫) મુંબઈ

## ૧૧.૧૨ સંદર્ભસૂચિ

(૧) દેસાઈ અક્ષય, (૧૯૯૭), ''ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા'', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(૨) મેકઆઈવર અને પેજ, (૧૯૮૧), ''સમાજ, ખંડ-૨ (અનુવાદ)'', ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(૩) પટેલ ભલાભાઈ, (૧૯૮૯), ''ભારતના ખેતમજૂરોની સમસ્યા'', ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

એકમ ૧૨

# શહેરી ભારતમાં સામાજિક વર્ગો

## રૂપરેખા


૧૨.૦ ઉદ્દેશો

૧૨.૧ પ્રસ્તાવના

૧૨.૨ ઔદ્યોગિક વેપારી વર્ગ

૧૨.૨.૧

૧૨.૨.૨ સામાજિક વર્ગો અને વર્ગસંઘર્ષ

૧૨.૨.૩ ઔદ્યોગિક વેપારી વર્ગના સંગઠનો

૧૨.૩ ઉચ્ચ વ્યવસાયી વર્ગ

૧૨.૩.૧ ઉચ્ચ વ્યવસાયીવર્ગ નો અર્થ

૧૨.૩.૨ ઉચ્ચ વ્યવવસાયીવર્ગ અને દરજજા સમૂહો

૧૨.૩.૩ ઉચ્ચ વ્યવસાયી વર્ગ દ્વારા સામાજિક પરિવર્તન

૧૨.૪ અસંગઠિત કામદારો અને શ્રમજીવીઓ

૧૨.૪.૧ ઔદ્યોગિક શ્રમિકોના અર્થ

૧૨.૪.૨ અસંગઠિત કામદારનાં પ્રકારો

૧૨.૪.૩ અસંગઠિતક્ષેત્રમાં કામદારો અને શહેરી સમાજ

૧૨.૫ સારાંશ

૧૨.૬ ચાવીરૂપ શબ્દો

૧૨.૭ તમારી પ્રગતિ ચકાસો.

૧૨.૮ સંદર્ભસૂચિ.


## ૧૨.૦ ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે

★ શહેરી સમાજની જાણકારી મેળવી શકશો.

★ શહેરી સમાજનાં જુદા-જુદા વર્ગો જેવા કે ઔદ્યોગિક વેપારી વર્ગ કઇ રીતે સમાજમાં પોતાનું કાર્ય કરે છે. અને તેનું પ્રદાન સમાજમાં શું છે, તે જાણી શકશો.

★ શહેરી સમાજના ઉચ્ચ વ્યવસાયી વર્ગોનું સ્વરૂપ કેવુ છે અને તેની રચના કેવી છે, તે દર્શાવી શકશો અને તેનુ વર્ણન કરી શકશો.

★ શહેરી સમાજમાં એક મોટો વર્ગ છે, જે સ્થળાંતરીત છે. તેવા અસંગઠિત કામદારો અને શ્રમજીવીઓનો વર્ગ પોતાના શ્રમનું વેચાણ કરી શહેરી સમાજના વિકાસમાં

પ્રદાન આપે છે, તે જાણી શકશો.

## ૧૨.૧ પ્રસ્તાવના

આ એકમમાં આપણે શહેરી સમાજના જુદા જુદા વર્ગો જેવા કે, ઔદ્યોગિક વેપારી વર્ગ, ઉચ્ચ વ્યવસાયી વર્ગ, અસંગઠિત કામદારો અને શ્રમજીવીઓનો વર્ગ શહેરી સ્વરૂપમાં અસ્તિત્વ કેવુ છે. તેની જાણકારી મેળવતા જોઈએ તો શહેરી સમાજનાં સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી થતા અભ્યાસને નગર સમાજશાસ્ત્ર તરીકે પરિભાષિત કરવામાં આવ્યુ છે. ભારતની મોટાભાગની વસ્તી તો ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરે છે. પરંતુ સામાજિક પરિવર્તનનાં સંદર્ભમાં શહેરીકરણની પ્રક્રિયામાં પણ વધારો થતો જાય છે. અને આકર્ષનારા અને ધકેલનારા પરિબળોના કારણે વસ્તીનું સ્થળાંતર શહેરો તરફ થતુ જાય છે. જેમ જેમ શહેરીકરણની પ્રક્રિયામાં વધારો થતો ગયો તેમ તેમ નગર સમાજશાસ્ત્રનો ઉદભવ અને વિકાસ થતો ગયો. તેમ નગર સમાજશાસ્ત્રનો ઉદભવ અને વિકાસ થતો રહયો. પ્રાચીન સમયમાં પણ નગરો તો હતા જ, પણ તેની સંખ્યા ઓછી હતી. અને હવે તો ભારતમાં આયોજિત શહેરો પણ અસ્તિત્વમાં આવતા જાય છે. શહેરી સમાજમાં જોવા મળતા વિવિધ વર્ગોમાં જોઈએ તો મોટા ભાગના ઉદ્યોગો નગરની આસપાસ રહયા છે. કેટલાક નગરો તો ઉદ્યોગોને લીધે જ અસ્તિત્વમાં આવ્યા છે. નગરમાં એક એવો સુખી સંપન્ન્ વર્ગ હોય છે, જે પોતાના ઉદ્યોગો ચલાવે છે અને ઉદ્યોગો દ્વારા વેપાર પણ કરે છે. સમાજમાં તેનુ એક મોટું મૂલ્ય હોય છે. જેને મૂડીપતિ વર્ગ તરીકે પણ ઓળખવામાં આવે છે. સમાજમાં તેનું પ્રમાણ ૨ ટકા જેટલુ જ છે, પણ આ વર્ગની પકડ મજબૂત હોય છે, જે મૂડીનું રોકણ કરીને વિકાસ તરફ લઈ જાય છે.

શહેરી સમાજમાં એક બીજો વર્ગ છે. ઉચ્ચ વ્યવસાયીવર્ગ જેને પોતાના ઉદ્યોગો નથી, પણ ઉદ્યોગોનાં માલનું વેચાણ કરે છે.અને જથ્થાબંધમાં વેચાણ કરી પોતાનો વેપાર ચલાવે છે. સાથે સાથે ઉચ્ચ સહકારી અધિકારી નોકરી કરનારો નોકરીયાત વર્ગ તેમજ ઉચ્ચ પ્રકારનાં વ્યવસાયો કરનારો એક વર્ગ હોય છે. જેને પણ સમાજની જરૂરીયાત રહે છે. આ ઉપરાંત શહેરી સમાજમાં એક વર્ગ એવો છે, જે સ્થળાંતરીત વર્ગ છે. અસંગઠિત કામદારો અને શ્રમજીવીઓનો વર્ગ શહેરોમાં આ વર્ગ કાયમી વસવાટ કરનારો વર્ગ નથી. પરંતુ ગામડામાંથી અવર-જવર કરે છે. કામદારોનો વર્ગ એક મોટો વર્ગ છે જેમાં કુશળ અને અકુશળ બંને પ્રકારના કામદારો છે, કે જેઓનું કોઈ સંગઠન નથી. પરંતુ બંને છુટા છવાયા રહે છે. ખાસ કરીને ઉદ્યોગોમાં કામ કરે છે. કામદારોનો વર્ગ જે પોતાની આવડત પ્રમાણે કામ કરી રોજગારી મેળવે છે. ઉપરાંત શ્રમજીવી વર્ગ પણ છે જે પોતે કુશળતા પ્રાપ્ત કરી નથી. પરંતુ મજૂરી કામ કરે છે. ઉદ્યોગોમાં કઠીન કાર્યો કરે છે. ઉપરાંત કન્ટ્રકશનાં વ્યવસાયમાં પણ મજૂરી કામ કરે છે. જે પોતાનું પેટીયું રળવા શહેરોમાં આવે છે કે જેનું મૂડીપતિ વર્ગ દ્વારા શોષણ પણ થાય છે. અને તેમાંથી જ માર્કસવાદનો ઉદય થયો છે. આવા પ્રકારનાં વર્ગો વિશેના સમાજશાસ્ત્રીય અભ્યાસો ઘણા થયા છે. અને સામાજિક માળખા કઈ રીતે ગોઠવાયેલા છે. તેનાં સમાજશાસ્ત્રીય અભ્યાસો થતા રહયા છે.

## ૧૨.૨ ઔદ્યોગિક વેપારી વર્ગ

**૧૨.૨.૧** ભારત દેશમાં ખાસ કરીને શહેરોમાં જોવા મળતો એક વર્ગ એવો છે કે જે ઉદ્યોગોનાં માલિકો છે. અને પોતાના ઉદ્યોગોનાં માલનું વેચાણ કરે છે અને બજાર સાથે સંબળાયેલ છે. આ વર્ગને ઔદ્યોગિક વેપારી વર્ગ તરીકે ઓળખવામાં આવે છે.

ખાસ કરીને ગુજરાતમાં પ્રભાવી જ્ઞાતિઓ ઔદ્યોગિક વેપારી વર્ગમાં સમાવેશ થાય છે. આ સમુદાય શહેરી સમુદાય છે. જે વિશાળ મહાનગરો તથા શહેરી પ્રદેશો જેવા શબ્દો દ્વારા વર્ણવી શકાય. આ શહેરી પ્રદેશ કેન્દ્રીય નગરો ઉપનગરો, પરવિસ્તારો તથા ઔદ્યોગિક વસાહતો દ્વારા રચાયેલો હોય છે. આ વર્ગ દ્વારા ઔદ્યોગિક સંચાલન પણ કરવામાં આવે છે. ઔદ્યોગિક સંચાલનમાં ખાસ કરીને મેનેજરનાં પક્ષે નવી કાર્યયોજના તથા પદ્ધિતના અમલના સંદર્ભમાં પહેલ કરવાની વૃતિ અને વર્તણુંક ખૂબજ ઉપયોગી સાબિત થાય છે.

### ૧૨.૨.૨ સામાજિક વર્ગો અને વર્ગ સંઘર્ષ:

સમાજમાં ઔદ્યોગિક વેપારી વર્ગ છે. પણ તેની સાથે સંઘર્ષ પણ જોડાયેલો છે. કાર્લ માર્કસની દ્રષ્ટિએ દરેક સમાજ પોતાના સભ્યો માટે જરૂરી એવી ચીજવસ્તુઓ અને અનિવાર્ય સેવાઓ પુરી પાડવાની જોગવાઇઓ કરે છે. અને આવી જોગવાઇઓ વિશેષ કરીને સમાજનાં ઉત્પાદનતંત્ર દ્વારા કરવામાં આવે છે. સામાજિક વર્ગના સભ્યોમાં જયાં સુધી પોતાના સમાન હિતો અંગે પોતાની સમાન આર્થિક સ્થિતિ અંગે તેમજ પોતે એક વર્ગના હોવા અંગે કોઇ ખાસ સભાનતા આવતી નથી ત્યાં સુધી તેને સભાનતા રહીત સામાજિક વર્ગ કહેવાય.

કાર્લ માર્કસની દ્રષ્ટિએ દરેક સમાજ રચનામાં એક વર્ગ પોતાના હિતો સંતોષવા તથા જાળવવા માટે જૂના અથવા ચાલુ ઉત્પાદનબળો વ્યવસ્થાઓ અને સંબંધોને પોષવા અને ટકાવી રાખવા માટે પ્રયત્નશીલ હોય છે.

### ૧૨.૨.૩ ઔદ્યોગિક વેપારી વર્ગના સંગઠનો :

સમાજમાં આજે દરેક વર્ગ પોતાના સંગઠનો બનાવી રહયા છે. અને આવા સંગઠનો તેમની વચ્ચેની એકતા ઊભી કરવામાં મહત્વનો ફાળો આપતા હોય છે. માલિકો અને કામદારો વચ્ચેના સંબંધોમાંથી ઊભા થતા પ્રશ્નો ઉકેલવાનાં કામ અંગે માલિકોના તમામ ફેડરેશનનો સહકાર સાધવા માટે ૧૯૧૯ માં નેશનલ કોન્ફંડરેશન ઓફ એમ્પ્લોયર્સ ઓર્ગેનાઇઝેસન અસ્તિત્વમાં આવ્યું. ઔદ્યોગિક વેપારી વર્ગ પોતાના અલગ-અલગ વ્યવસાયની સમાનતાનાં આધારે પણ સંગઠનો બનાવતા થયા છે અને તે સંગઠનના આધારે તેઓ પોતાના કામદારોના પ્રશ્નો અને સરકાર સાથેના પ્રશ્નો પણ ઉકેલતા હોય છે. નાના-નાના વેપારીઓના પણ આવા સંગઠનો જોવા મળે છે જેમ કે, ચેમ્બર ઓફ કોર્મસ જેવું સંગઠન છે જે વેપારી મંડળનું સંગઠન છે. વેપારી મહામંડળ પણ અલગ-અલગ વ્યવસાયિક જૂથના આધારે મંડળો રચતા હોય છે.

## ૧૨.૩ ઉચ્ચ વ્યવસાયી વર્ગો

### ૧૨.૩.૧ ઉચ્ચ વ્યવસાયી વર્ગ નો અર્થ :

વર્ગ અને જ્ઞાતિ વ્યવસ્થા તે દરજજાની વિભિન્નતાઓમાંથી ઉપસી આવતો જૂથ પ્રકાર છે. દરેક વ્યકિતને એનાં સમાજિક વર્તુળમાં ચોકકસ દરજજો હોય છે. સમાજમાં વર્ગ શબ્દ ચોકકસ અર્થ ધરાવે છે. વ્યકિતનું કોઇ પણ ધોરણ મુજબ વર્ગીકરણ કરીને વર્ગોમાં વહેંચવામાં આવે છે. ઉપરાંત સમાન દરજજો ધરાવતી વ્યકિતઓ પોતાના દરજજા પ્રત્યે સભાન હોય છે. અને પોતાના સમકક્ષ પ્રત્યે પોતાપણાની લાગણી ધરાવતી હોય છે. જયારે અન્યો પ્રત્યે પોતાની જ સમકક્ષ નહીં એવા પ્રત્યે પારકું વલણ પેદા કરે છે. વંશ, સંપત્તિ કે વ્યવસાય આમાનું કોઇ પણ તત્વ આ ખાસ માનસિક

વલણો ઉપર આધારિત વર્ગભાવનાને ઉત્પન્ન કરે આથી વર્ગ અસ્તિત્વમાં આવે છે.

સમાજમાં સ્ત્રી પુરુષ ઉચ્ચનીચ, ગરીબ-અમીર, મધ્યમવર્ગ, બાળકો અને વૃદ્ધો યુવાનો સામાજિક —આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક, ધાર્મિક, વૈજ્ઞાનિક,શૈક્ષણિક, સહકારી, ખાનગી, અર્થશાસ્ત્રી એવા અનેક વર્ગો ઉત્પન્ન થયા છે. વર્ગની સાથે વંશ, મિલકત, ઉચ્ચવર્ગ, શિક્ષણ વગેરે બાબતો કે તેમની ગમે તે એક બાબત ન જોડાતા સામાજિક દરજ્જો ઉત્પન્ન થતો નથી, આજે વિશ્વમાં ખૂબજ ઓછી વ્યકિતઓ પાસે વિશ્વની મોટા ભાગની સંપત્તિ છે જયારે ૯૦% લોકો ૧૦% મિલકત છે તેવું અંદાજીત કહી શકાય.

મેકસ વેબર વર્ગનો ખ્યાલ સ્પષ્ટ કરતાં નોંધે છેઃ તેમ વર્ગ એક સમૂહ છે, તેમાં અનેક સંખ્યાના લોકોની જીવનતકો સર્જતા ઘટકો સમાન કરે છે. અને આ ઘટકો આર્થિક હિતોનું પ્રતિનિધિત્વ કરે છે. વેબરના મતે મિલકત વર્ગોના ઉદ્ભવનું મુખ્ય પરિબળ છે. અને સમાજ મિલકત વાળો વર્ગ અને મિલકત વિહિન વર્ગ એમ મુખ્ય બે વર્ગોમાં વહેંચાયેલા છે.

### ૧૨.૩.૨ ઉચ્ચ વ્યવવસાયી વર્ગ અને દરજજા સમૂહો :

ઉચ્ચ વ્યવસાયી વર્ગ પોતાના દરજજા પ્રત્યે સભાન હોય છે. તેઓ સમાજમાં પોતાનું સ્થાન કયાં છે તે જાણતા હોય છે. અને પોતાનાં દરજજા સમૂહો સાથેના વ્યવહારો કરતા હોય છે. મેકસ વેબરની દ્રષ્ટિએ વર્ગ એટલે એક એવો સમૂહ કે જેની વ્યકિતઓ સમાનવર્ગ પરિસ્થિતિની સહભાગી બને છે. જેટલે અંશે વ્યકિતઓ વર્ગ પરિસ્થિતિઓના સમાનગુરુછમાં છૂટથી ગતિશીલ રહી શકે તેટલે અંશે તેઓ સમાજિક વર્ગો રચે છે. વ્યવસાય વર્ગના સંદર્ભમાં વેપાર ઉદ્યોગનાં કર્તા હતા, સંચાલકો ઉચ્ચ વિશિષ્ટ તાલીમ મેળવેલા વૈજ્ઞાનિકો તબીબો અથવા કલાકારો, સોલિસિટરો, બ્રેન્ઝો, વિશિષ્ટ કૌશલ્યો પર એકાધિકાર ધરાવનાર કામદારો અને હસ્તકલા કારીગરોનો નિર્દેશ કર્યો છે.

### ૧૨.૩.૩ ઉચ્ચ વ્યવસાયી વર્ગ દ્વારા સામાજિક પરિવર્તન :

સમાજમાં સામાજિક પરિવર્તન સતત આવતું રહે છે. કોઇ પણ સમાજ કયારેય સ્થિર સમાજ રહ્યો નથી. સમાજ હંમેશા પરિવર્તનશીલ હોય છે. સમાજમાં એક વર્ગ ઉચ્ચ વ્યવસાયી વર્ગ દ્વારા પણ સામાજિક પરિવર્તન આવતું હોય છે. આ વર્ગ નવા નવા ઉદ્યોગો સ્થાપીને લોકોને રોજગારી પુરૂ પાડવાનું કામ પણ આડકતરી રીતે કરતો હોય છે.

સમાજને આવા વર્ગોની પણ જરૂરિયાત રહે છે. માર્કસના મતે સામાજિક પરિવર્તનની દિશા ઉદય કે વિકાસ તરફની હોય શકે. તેજ પ્રમાણે પતન અથવા વિનાશ તરફની હોય શકે. ઉચ્ચ વ્યવસાયી વર્ગ દ્વારા વેપાર વાણિજયની પદ્ધતિઓ પણ બદલાતી રહે છે. એક સમયે જે ગૃહ ઉદ્યોગો અને હસ્ત ઉદ્યોગો હતા તેનું સ્થાન આજે યંત્ર સંચાલિત ઉદ્યોગોએ લીધું છે અને તેનાં દ્વારા ઉત્પાદનની પદ્ધતિ બદલાતી જાય છે. સમાજમાં આ વર્ગો દ્વારા લોકોને રોજગારી પણ મળી રહે છે. દરેક સમાજમાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ કે પ્રભાવી સમાજનો સમાવેશ આ વર્ગમાં થતો હોય છે.

## ૧૨.૪ અસંગઠિત કામદારો અને શ્રમજીવીઓ

### ૧૨.૪.૧ ઔદ્યોગિક શ્રમિકોના અર્થ :

આપણા દેશમાં ઔદ્યોગિકરણનો પ્રારંભ થયો તે સમયે કામદારોની સ્થિતિ આજે

અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા કામદારોની છે તેવી જ હતી પરંતુ ધીમે ધીમે ઔદ્યોગિક કામદારો સંગઠિત થવા માંડયા ૧૯૨૦ ની સાલ સુધીમાં કામદાર આંદોલનની શરૂઆત થઇ જેમાં ઔદ્યોગિક કામદારો સંગઠન પ્રક્રિયામાં સક્રિય બન્યા.

ગૃહઉદ્યોગો અને તેના સિવાયના મેન્યુફેકરીંગ ઉદ્યોગોમાં કામ કરતા શ્રમિકોને ઔદ્યોગિક શ્રમિકોની શ્રેણીમાં મૂકવામાં આવે છે. ભારતનાં ઔદ્યોગિક કામદારો ગ્રામીણ વિસ્તારમાંથી સ્થળાંતર કરીને આવેલા નિમ્ન ખેડૂત વર્ગના નીચી પછાત કારીગર તથા સેવાજ્ઞાતિમાંથી આવેલા તથા નિરીક્ષક અને શહેરી કારખાના કામના અનઊભવ વગરનાં હોય છે. ભારતમાં કારખાનાઓ ભલે શહેરી વિસ્તારોમાં સ્થપાયેલા હોય પરંતુ મોટાભાગની ઔદ્યોગિક નોકરીઓ ગ્રામીણ વિસતારનાં નિમ્નવર્ગ તથા જ્ઞાતિના સ્થળાંતરીક વ્યકિતઓ દ્વારા થતી હોય છે.

### ૧૨.૪.૨ અસંગઠિત કામદારનાં પ્રકારો :

ભારતમાં ઉત્પાદનનાં વિવિધ વિભાગોમાં કામ કરતા શ્રમિકને ધ્યાનમાં રાખીને શ્રમિકોના મુખ્યત્વે નીચના વિભાગો પાડવામાં આવે છે.

૧. **કૃષિ શ્રમિકો :** ખેતી તેમજ ખેતીને સંલગ્ન પશુપાલન કે અન્ય વ્યવસાય સાથે કામ કરતા શ્રમિકો કૃષિ શ્રમિકો છે. ભારતીય અર્થકરણમાં ઔદ્યોગિક શ્રમિકોની તુલનામાં કૃષિ શ્રમિકોની આર્થિક સ્થિતિ વધુ કંગાળ જોવા મળે છે.

૨. **ખાણ શ્રમિકો :** ખેતીક્ષેત્ર સિવાય જે કોલસા લોખંડ તેમજ અન્ય ધાતુની ખાણોમાં કામ કરતા શ્રમિકો ખાણ શ્રમિકો તરીકે ઓળખાય છે.

૩. **બાંધકામ શ્રમિકો :** મકાન બાંધકામનો ઉત્તરોત્તર વિકાસ થતો રહયો છે. જેમાં કામ કરતા શ્રમિકને બાંધકામ શ્રમિક તરીકે ઓળખાય છે. આપણાં દેશમાં કામ કરતી વસ્તીના ૧.૬ % લોકો આ ક્ષેત્ર દ્વારા કામ મેળવે છે.

૪. **બેંક વિમા કંપની તેમજ અન્ય વ્યવહાર :** વાણિજય સંગઠનોમાં આપણા દેશની કુલ કામ કરતી વસ્તીનાં ૬.૩% ટકા લોકો કામ કરે છે. જયારે રેલ્વે તાર,ટપાલ વગેરેમાં કામ કરતા શ્રમિકને વાહન અને સંદેશાવ્યવહાર ક્ષેત્રે કામ કરતા શ્રમિકોની શ્રેણીમાં મૂકવામાં આવે છે.

૫. **ઔદ્યોગિક શ્રમિકો :** ગૃહઉદ્યોગો અને તેના સિવાયનાં મેન્યુફેકરીંગ ઉદ્યોગોમાં કામ કરતા શ્રમિકોને ઔદ્યોગિક શ્રમિકોની શ્રેણીમાં મૂકવામાં આવે છે.

૬. **અન્ય શ્રમિકો :** આ ઉપરાંત પણ અસંગઠિત કામદારો અન્ય છુટા છવાયા વ્યવસાયોમાં કામ કરતા જોવા મળે છે. જેવાકે છૂટક મજૂરી, કામ, ખેતમજૂર, ગોડાઉનમાં મજૂરી કામ કરતા કરિયાણાની દુકાન ચલાવતા, વેલ્ડીંગ કામ કરતા, ગેરેજમાં કામ કરતાં, હોસ્પિટલમાં ચાની લારી, મંડપ બાંધકામાં નાસ્તા હાઉસ, રેસ્ટોરન્ટ, ફેરીયાઓ, વગેરેનો સમાવેશ અસંગઠિત ક્ષેત્રમાં થાય છે.

### ૧૨.૪.૩ અસંગઠિતક્ષેત્રમાં કામદારો અને શહેરી સમાજ :

ભારતમાં શહેરીકરણનો ગ્રાફ ઉચ્ચો જતો જાય છે. ગ્રામીણ વસ્તી ધીરે ધીરે શહેરોમાં સ્થળાંતર કરતી રહે છે. અને તેના કારણે ગામડાઓ ધીરે ધીરે પડી ભાંગતા જાય છે, અને રોજગારી મેળવવા લોકો શહરોમાં જવા લાગ્યા છે. પરંતુ અશિક્ષિતવર્ગ અને કોઇપણ જાતની ટ્રેનીંગ ન લીધેલો વર્ગ શહેરમાં જઇને મજૂરી કામ કરે છે. તેઓને મજૂરી પણ છૂટી છવાયી મળે છે. આખો મહિનો તેમને કામ મળતું નથી. જયારે કામ

મળે ત્યારે મજૂરી કામ કરે છે ન મળે તો બેસી રહે છે. આવા કામદારો શહેરોમાં નકકી કરેલા સ્થળે સવારે ભેગા થાય છે. તેમાંથી થોડા મજૂરોને કામ મળે છે, અને કેટલાકને મળતુ નથી. સ્ત્રીઓ પણ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતી જોવા મળે છે. સ્ત્રી કામદારોને પુરુષ ઓછું વેતન અપાતું હોય છે. સ્ત્રીઓનું શારીરિક તેમજ માનસિક અને આર્થિક શોષણ પણ થતું હોય છે. પરંતુ તે ચુપ રહે છે. કારણકે તેનું કોઈ યુનિયન હોતું નથી. સંગઠિત ન હોવાને કારણે આવા કામદારો ને સવલતો મળતી નથી, કોઈ બોનસ, પુરો પગાર, રજાઓ,માંદગી, પ્રસૂતિનાં સમયે જો તે કામ પર ન જાય તો વેતન મળતું નથી, શહેરી સમાજમાં આવા અસંગઠિત શ્રમિકો કામ કરતા જોવા મળે છે. સાથો સાથ આવો વર્ગ રહેતો હોય છે અને તેને સીઝન પ્રમાણે અલગ અલગ પ્રકારનું કામ મળે છે. ઓફ સીઝન મંદીના સમયે તેઓને કામ મળતું નથી, અને બેસી રહે છે. આમ સંગઠિત શ્રમિકો કરતા અસંગઠિત શ્રમિકોની પરિસ્થિતિ શહેરી સમાજમાં દયનીય હોય છે. સામાજિક માળખામાં આ વર્ગ બંધ બેસતો નથી. અને તે ધીમે ધીમે સામાજિક માળખામાંથી બહાર ધકેલાય જાય છે, અને તેઓ કંગાળ પરિસ્થિતિમાંજ રહે છે. સમાજમાં આવા વર્ગો માટેના કોઈ પણ નથી જેથી તે લકી શકે.

## ૧૨.૫ સારાંશ

ભારતમાં શહેરીકરણનું પ્રમાણ ધીમે ધીમે વધતું જાય છે.અને શહેરોની સંખ્યામાં પણ વધારો થતો જાય છે. ગામડાઓ નગર બનતા જાય છે. નગરો મહાનગરોમાં રૂપાંતર થતા જાય છે. પરંતુ શહેરોમાં આયોજીત શહેરોનું પ્રમાણ ખૂબજ ઓછું છે. પરિણામે શહેરોમાં ગીચતા અને ઘનતામાં વધારો થતો જાય છે. સાથો સાથ શહેરોમાં કેટલીક નવી સામાજિક સમસ્યાઓમાં પણ વધારો થતો જાય છે. શહેરોમાં બધાજ પ્રકારના વર્ગો જોવા મળે છે. જેવા કે ઔદ્યોગિક વેપારી વર્ગ, એટલે કે ઉદ્યોગપતિઓ પણ વસવાટ કરે છે. તેમજ ઉચ્ચ પ્રકારના વેપારીઓ પણ વસવાટ કરતાં હોય છે. મધ્યમવર્ગ કે જેનું સૌથી વધુ પ્રમાણ છે તે પણ વસવાટ કરતો હોય છે. તેમજ ઉદ્યોગો શહેરોમાં હોવાને કારણે ગામડામાંથી આવતો એક વર્ગ કે જે કામદારો કે શ્રમિકો તરીકે કામ કરે છે. અને શહેરોમાં ગમે ત્યાં રહેતા હોય છે. આવા કામદારોનું કોઈ સંગઠન ન હોવાના કારણે તેમનું શોષણ પણ થતું હોય છે. આમ શહેરી ભારતમાં જ્ઞાતિ પ્રથાનું પ્રાધાન્ય જોવા મળતું નથી પરંતુ વર્ગ વ્યવસ્થાનું પ્રાધાન્ય જોવા મળે છે.

## ૧૨.૬ ચાવીરૂપ શબ્દો

**સામાજિક વર્ગ :** સમાજમાં જે લોકો આવક, સંપત્તિ, શિક્ષણ કામ દરજ્જાનાં આધારે સમાન જૂથમાં વહેંચવાની એક પ્રક્રિયાને સામાજિક વર્ગ કહેવાય.

**ઔદ્યોગિક વેપારી વર્ગ :** જે લોકોનો સમૂહ વેપાર સાથે જોડાયેલ છે. તેવો વર્ગ પરંતુ, આ વર્ગ ઉદ્યોગપતિઓ તરીકે ઓળખાતો વર્ગ છે, જેને પોતાનું નાનું કે મોટુ, ઔદ્યોગિક એકમ છે.

**શહેરી સમાજ :** જે સમાજમાં વસ્તીનો વિસ્ફોટ હોય વસ્તીની ગીચતા વધારે હોય, ઘનતા પણ વધારે હોય અને ગંદા વસવાટો, સામાજિક સમસ્યાઓ પણ હોય સાથો સાથ ધનવાન વર્ગ હોય, ઉદ્યોગો હોય મોજશોખ અને મનોરંજનનાં માધ્યમો હોય દૂરવર્તી સામાજિક સંબંધો હોય તેવા સમાજને શહેરી સમાજ કહેવાય.

**ફેડરેશન :** કોઈપણ વર્ગ જેનું સંગઠન છે. અને આ સંગઠનના નિયમો હોય તેમજ સંગઠનનાં નેજા હેઠળ હોય તેને ફેડરેશન કહેવાય.

**વ્યવસાયી વર્ગ :** જે વર્ગ નાના કે મોટા વ્યવસાય સાથે. જોડાયેલા છે. એટલે ઉત્પાદનનું વેચાણ કરતો હોય વેપાર કરતો હોય કે નોકરી ધંધા સાથે જોડાયેલા વર્ગો હોય તેને વ્યવસાયી વર્ગ કહેવાય.

## ૧૨.૭ તમારી પ્રગતિ ચકાસો

૧૨.૨ (અ) સંગઠનની જરૂરીયાત શા માટે છે ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(બ) વર્ગની ઉત્પતિ કેવી રીતે થાય છે ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૧૨.૩ (અ) મેકસ વેબરની દ્રષ્ટિએ વર્ગ કોને કહેવાય ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(બ) પરંપરાગત ઉત્પાદનનું સ્થાન કોણે લઈ લીધું ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૧૨.૪ (અ) અસંગઠિત કામદારોની લાક્ષણિકતા જણાવો ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(બ) અસંગઠિત કામદારો કયા ક્ષેત્રમાં જોવા મળે છે ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## ૧૨.૮ સંદર્ભસૂચિ


★ દેસાઇ શાંતિલાલ જા. : 'ઔદ્યોગિક કલ્યાણની પ્રવેશિકા'પ્રકાશન, ગુજરાત યુનિવર્સિટીઓ-અમદાવાદ-૧૯૬૪

★ શાહ.મા વિપિન : 'મેકસ વેબર' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, ૧૯૮૦

★ પટેલ હસમુખ હ. : 'કાર્લ માર્કસ' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, ૧૯૯૮

★ મહેતા દિનકર અને ભટ્ટ ચંદઊભાઇ : 'કાર્લ માર્કસ' લોકપિતા જ્ઞાન કેન્દ્ર ટ્રસ્ટ અમદાવાદ-૧૯૮૧

★ ત્રિવેદી જયપ્રકાશ એમઃ ઔદ્યોગિક સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાતરાજય, અમદાવાદ-૨૦૦૧

★ શાહ એ.જી. અને દવે જે.કે : 'નગર સમાજશાસ્ત્ર', અનડા પ્રકાશન, અમદાવાદ-૨૦૧૯

★ દોશી હરીશ : 'નગરસમાજશાસ્ત્ર', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૧૯૮૫


## ★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

૧૨.૨ (અ) કોઇ પણ વર્ગને પોતાના લાભ માટે શોષણથી મુકત રહેવા તેમજ વધારેમાં વધારે ફાયદો મેળવવા માટે સંગઠનની જરૂરીયાત છે.

(બ) વર્ગની ઉત્પતિ મુખ્યત્વે સમાજ હિત ધરાવનારા લોકો ભેગા મળીને પોતાનું હિત સંતોષવા પ્રયત્ન કરે ત્યારે વર્ગ ઊભો થાય છે. વર્ગ મુખ્યત્વે આવક શિક્ષણ, દરજજો અને સંપત્તિના આધારે અસ્તિત્વમાં આવે છે.

૧૨.૩ (અ) એક એવો સમૂહ કે જેની વ્યકિતઓ સમાન વર્ગ પરિસ્થિતિની સહભાગી બને છે.

(બ) આજે પરંપરાગત ઉત્પાદનનું સ્થાન યંત્ર સંચાલિત ઉદ્યોગોને લઇ લીધું છે.

૧૨.૪ (અ) કુશળતાનો અભાવ, સ્થળાંતરીત, જ્ઞાતિવસ્તી, વિવિધતા જીવન ધોરણનું નિમ્નસ્તર, સીઝન પ્રમાણે કામ, વેતન ઓછું, કોઇ પણ પ્રકારના અન્ય લાભો નહી.

(બ) કૃષિક્ષેત્રમાં, ખાણ ઉદ્યોગમાં, બાંધકામ, ક્ષેત્રમાં નાના ઉદ્યોગોમાં છૂટક મજૂરી કામ, ગોડાઉનમાં કામ કરતા શ્રમિકો.

એકમ ૧૩

# ભારતમાં પછાત વર્ગો : સ્વરૂપ, સમસ્યાઓ.

## રૂપરેખા

૧૩.૦ ઉદ્દેશો
૧૩.૧ પ્રસ્તાવના
૧૩.૨ ભારતમાં પછાત વર્ગોનું સ્વરૂપ
૧૩.૨.૧ પછાત વર્ગોની વ્યાખ્યા
૧૩.૨.૨ પછાત વર્ગોનાં ઘટક તત્ત્વો
૧૩.૨.૩ બ્રિટિશ શાસન અને પછાત વર્ગો
૧૩.૨.૪ પછાત વર્ગો અને ભારતનું બંધારણ
૧૩.૩ ભારતમાં પછાત વર્ગોની સમસ્યા
૧૩.૩.૧ અનુસૂચિત આદિજાતિઓની સમસ્યા
૧૩.૩.૨ અનુસૂચિત જાતિઓની સમસ્યા
૧૩.૩.૩ અન્ય પછાત વર્ગોની સમસ્યા
૧૩.૪ સારાંશ
૧૩.૫ ચાવીરૂપ શબ્દો
૧૩.૬ સંદર્ભસૂચિ

## ૧૩.૦ ઉદ્દેશો

આ એકમમાં ભારતનાં પછાત વર્ગોનો ખ્યાલ કર્યો છે. આ એકમના અભ્યાસ દ્વારા

★ પછાત વર્ગો – શબ્દનો અર્થ સમજાવી શકશો અને તેમાં સમાવેશ પામતી સામાજીક શ્રેણીઓને સમજશો

★ આ દરેક શ્રેણી કે પ્રકારની પાછળની સામાજીક ભૂમિકા વર્ણવી શકશો.

★ પછાત વર્ગોના દરેક અલગ ઘટકનાં વિશિષ્ટ લક્ષણો ઓળખી શકશો.

## ૧૩.૧ પ્રસ્તાવના

એકમ-૧૩માં ભારતનાં પછાત વર્ગોના ઉદ્દભવ તથા ભૂમિકાની ચર્ચા કરી આપણે પછાત વર્ગોનો ખ્યાલ મેળવીશું. પછાતવર્ગોએ ભારતીય સમાજનો મહત્ત્વનો ભાગ છે. તેઓ એકંદરે ભારતની વસ્તીના આશરે ૭૦% જેટલા લોકો ભારતીય સામાજીક રચનાનાં મુખ્ય લક્ષણો પૈકીના ઘણા સાથે તેમની ઓળખ સંકળાયેલી છે.

આપણે પછાતવર્ગોના સ્વરૂપ અને સમસ્યાઓને તપાસ કરીશું.

## ૧૩.૨ ભારતના પછાત વર્ગોનું સ્વરૂપ (Nature of Backward Class)

'વર્ગ' શબ્દએ સામાજીક સ્તરીકરણો નિર્દેશ કરે છે. તેની વ્યાખ્યા ''સમાન સામાજીક, આર્થિક દરજ્જો અને સ્થાન ધરાવતા લોકોનો સ્તર રીતે આપી શકાય. જ્ઞાતિ જેવા અન્ય સ્તરીકરણનાં સ્વરૂપોની સરખામણી વર્ગમાં ખુલ્લાપણું છે. વર્ગને પછાત ગણવામાં આવે છે. જયારે દેશના અન્ય વર્ગોની સરખામણીમાં કોઈ એક વર્ગના સભ્યો આર્થિક રીતે અને શૈક્ષણિક રીતે ઓછા વિશેષાધિકારો ધરાવતા હોય. પહેલાં ભારતમાં પછાત વર્ગોની ઓળખ કેવી રીતે કરવામાં આવતી હતી તથા તેનું સ્વરૂપ કેવું છે તે હવે જોઈએ.

### ૧૩.૨.૧ પછાત વર્ગોની વ્યાખ્યા : (Definition of Backward Class)

ભારતમાં પછાતા વર્ગોને યથાર્થ રીતે સમજવા માટે ભારતીય સમાજના મૂળભૂત સ્વરૂપ – તે સંખ્યાબંધ વિભિન્ન દરજ્જાવાળા અને બંધ જ્ઞાતિ સમૂહોનો બનેલો છે તે સમજવું જરૂરી છે. 'પછાત વર્ગો' એ એક સમષ્ટિ સમૂહ બનતો નથી, પરંતુ વિવિધ સમાજમાં વિભિન્ન સ્થાન અને સામાજીક, આર્થિક દરજજાવાળા તથા સામાજીક દરજ્જાની દ્રષ્ટિએ ચઢ-ઊતરવાળા ગોઠવાયેલાં સંખ્યાબંધ સામાજીક જૂથોના તેમાં સમાંવેશ થાય છે.

આ બધા સામાજીક સમૂહો સદીઓ જૂના અને મુખ્યત્ત્વે જ્ઞાતિ વ્યવસ્થામાંથી નીપજતા ગેરલાભો અને અવહેલનાઓનો ભોગ બનેલા નિમ્ન દરજ્જાવાળી જ્ઞાતિઓમાં કે જાતિમાં જન્મ હોવાને કારણે પ્રાપ્ત થયેલ દરજ્જો, ગરીબી, નિરક્ષરતાનો તેઓ ભોગ બને છે.

### ૧૩.૨.૨ પછાત વર્ગોનાં ઘટક તત્ત્વો : (Composition of Backward Class)

પછાત વર્ગોમાં વ્યક્તિઓની વિશાળ સંમિશ્ર શ્રેણીઓનો સમાવેશ તેઓ આશરે સમગ્ર દેશની વસ્તીના ત્રીજા ભાગની વસ્તી ધરાવે છે. પછી (૧) અનુસૂચિત આદિજાતિઓ (આદિવાસીઓ) (૨) અનુસૂચિત જાતિઓ અને (૩) અન્ય પછાત વર્ગોનો સમાવેશ થાય છે. ભારતના બંધારણમાં વ્યાખ્યા કરવામાં આવી છે.

### ૧૩.૨.૩ બ્રિટિશ શાસન અને પછાત વર્ગો : (British Rule and Backward Class)

બ્રિટિશ રાજ્ય અમલ દરમિયાન પછાત વર્ગોની સમસ્યાઓ સ્પષ્ટ રીતે ધ્યાનમાં આવી. બ્રિટિશ સરકારે પછાત વર્ગોના સંદર્ભમાં અપનાવેલ નીતિઓ અંશતઃ માનવતાવાદી હતી તો અંશતઃ રાજકીય પણ હતી. પાશ્ચાત્ય સમયમાં સામાજીક ન્યાય અને સમાનતાના સિદ્ધાંતોથી વિરૂદ્ધ પ્રકારની કેટલીક માન્યતાઓ પરંપરાગત સમાજમાં હતી તે દૂર કરવાની બ્રિટિશ સરકારની ઈચ્છા હતી. જ્ઞાતિઓને કેટલાક આર્થિક લાભ આપ્યાં, ખાસ તો તેમને દારૂ, પકવેલ ચામડું ઈત્યાદિનો ધંધો અને વેપાર કરવાનું પ્રોત્સાહન આપીને તેમના આર્થિક જીવન સુધારવા પ્રયાસ કર્યા. જો કે બ્રિટિશ નીતિ બીજી દ્રષ્ટિથી પણ ઉદ્દભવી આવેલા નવા બૌદ્ધિકોએ લીધી હતી. બ્રિટિશ સરકાર તેમનાથી નાખુશ હતી. ઉચ્ચ જ્ઞાતિઓ અને નિમ્ન જ્ઞાતિઓ વચ્ચેનું અંતર સતત ચાલુ

રહે તે તેમના હિતમાં હતું. નિમ્ન જ્ઞાતિઓને રાજકીય અને આર્થિક લાભો આપીને તેમને સિદ્ધ કર્યુ. આમ, બ્રિટિશ રાજય અમલ દરમિયાન નિમ્ન જ્ઞાતિઓ અને જ્ઞાતિઓ વચ્ચે ફાચર નાખવામાં આવી. તેમની વચ્ચેનું અંતર વધારી તેવી નીતિ/રીતિ જાળવી રાખવામાં આવી.

## ૧૩.૨.૪ પછાત વર્ગો અને ભારતનું બંધારણ : (Backward Class and the Indian Constitution)

ભારતના બંધારણમાં પછાત વર્ગોની વ્યાખ્યા આપવામાં આવી નથી. બંધારણની વિવિધ કલમોમાં પછાતપણાની લાક્ષણિકતાઓનું વર્ણન છે તથા નિર્દેશો સાથે, બંધારણે તેમના ઉત્કર્ષ માટે ખાસી જોગવાઈઓ કરી છે. કાયદાકીય જોગવાઈ પણ કરી છે.

### ૧. અનુસૂચિત જાતિઓ : (Scheduled Castes)

અનુસૂચિત જાતિઓમાં સમાવિષ્ટ થતાં લોકો પોતાને દલિતો તરીકે ઓળખાવતા હોય છે. ઓગણીસમી સદીમાં બ્રિટિશ સરકારે દલિત વર્ગો (depressed classes) શબ્દ પ્રયોજયો. આ શબ્દ અસ્પૃશ્યતા માટે પણ ઉપયોગમાં લેવાતો. ૧૯૩૫ ના ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એકટમાં દલિત જ્ઞાતિઓ માટે અનુસૂચિત જાતિઓ શબ્દ પ્રયોજયો અને આવી જાતિઓની યાદી તૈયાર કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારત સરકારે બંધારણીય રક્ષણ આપવાના હેતુથી તથા તેઓને વિકાસના લાભો આપવાના હેતુથી અલગ દરજ્જો આપવા અનુસૂચિત જાતિઓ શબ્દને ચાલુ રાખ્યો.

'અનુસૂચિત જાતિ' સંજ્ઞા ભારતના બંધારણે પ્રમાણિત કરી છે. બંધારણની અનુસૂચિમાં જે જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તે જાતિઓને અનુસૂચિત જાતિઓ તરીકે ઓળખવામાં આવે છે. એટલે કે જેઓને બંધારણીય અનુસૂચિત સ્થાન આપવામાં આવ્યું છે અને બંધારણ દ્વારા જેઓને માટે વિશિષ્ટ જોગવાઈઓ આપવાની જોગવાઈ થઈ છે, એવા જાતિ સમુહોને અનુસૂચિત જાતિઓ તરીકે ઓળખવામાં આવે છે.

ભારતમાં અનુસૂચિત જાતિઓની સંખ્યા ૭૫૦ જેટલી છે અને ભારતની વસ્તીમાં અનુસૂચિત જાતિઓની વસ્તી ૧૬.૬ ટકા છે.

અનુસૂચિત જાતિઓની પરંપરાગત સ્થિતિમાં વૈવિધ્ય રહેલું છે. સામાજીક દરજ્જાના ભેદભાવ અને અસ્પૃશ્યતાની પરિસ્થિતિ પ્રવર્તતી હોવાથી બિન અનુસૂચિત જાતિઓની સરખામણીમાં તેઓની સ્થિતિ નાગરિક અને સામાજીક જીવનમાં નિર્યોગ્યતાપૂર્ણ રહી છે. તેઓ સીમાંતજનો હતા અને સામાન્ય સમાજ વ્યવસ્થાની બહારના ગણાતા પરંપરાગત વ્યવસ્થામાં તેઓ નિરક્ષર, ગરીબી, શોષણ, અસમાનતા, અન્યાય અને આરોગ્યના નીચા સ્તરનો બનેલા સમૂહો હતા. સામાન્ય નાગરિક અધિકારોના ભોગવટાથી વંચિત તથા સામાજીક, આર્થિક અને શૈક્ષણિક પછાતપણું તેઓના જીવનની ખામોશી બની ગઈ હતી. સ્વતંત્ર ભારતના બંધારણમાં અનુસૂચિત જાતિઓ માટે વિશિષ્ટ જોગવાઈઓ થવા પામી, તેમાં બંધારણના ઘડવૈયા તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકરે મુખ્ય ભૂમિકા ભજવી હતી.

### ★ અનુસૂચિત જાતિઓની તરફેણમાં બંધારણીય જોગવાઈઓ :

ભારતના બંધારણથી સર્વ નાગરિકોને સમાનતાના ધોરણે મૂક્ત અધિકારો આપવામાં આવ્યાં છે. તેમાં જ્ઞાતિભેદનો નિષેધ ફરમાવ્યો છે. જાહેર નોકરીમાં તકની

સમાનતા સ્થાપવામાં આવી છે. અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે. વાણી સ્વાતંત્ર્ય સંબંધી હક્કોનું રક્ષણ કરવામાં આવ્યું છે. શોષણ નાબૂદી હક્ક આપવામાં આવ્યો છે. આમ, ભારતના બધાં નાગરિકોને સમાનતાના અધિકારો મળ્યાં છે, પરંતુ અનુસૂચિત જાતિઓની તરફેણમાં કેટલીક વિશિષ્ટ પ્રકારની જોગવાઈઓ કરવામાં આવી છે, જે નીચે મુજબ છે.

- બંધારણીય કલમ-૩૩૦થી લોકસભામાં અને કલમ-૩૩૨થી વિધાનસભામાં દેશમાં અને રાજયમાં અનુસૂચિત જાતિઓ માટે તેમની વસ્તીના ધોરણે બેઠકો અનામત રાખવાની જોગવાઈ થઈ છે અને તે દ્વારા તેમના રાજનૈતિક પ્રતિનિધિત્વને રક્ષણ પુરૂં પાડવામાં આવ્યું છે.

- બંધારણની કલમ-૨૪૩-ઘ અને ૨૪૩-બ થી અનુક્રમે પંચાયતોમાં, નગરપાલિકાઓમાં અનુસૂચિત જાતિઓ માટે તેમની વસ્તીના ધોરણે બેઠકો અને હોદ્દા અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

- બંધારણની કલમ-૩૩૫ થી કેન્દ્ર અને રાજયમાં સેવાઓ અને જગ્યાઓ પર નિમણુંક કરતી વખતે વહીવટની કાર્યક્ષમતાની જાળવણીને સુસંગત હોય તે રીતે, અનુસૂચિત જાતિઓના સભ્યોના દાવા વિચારણામાં લેવામાં આવે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

- બંધારણની કલમ ૩૩૮ (૧) થી અનુસૂચિત જાતિઓમાટે રાષ્ટ્રીય આયોગ રચવાની જોગવાઈ કરવામાં આવી છે. આ આયોગની ફરજો પણ નક્કી કરવામાં આવી છે. અનુસૂચિત જાતિઓમાટે જોગવાઈ કરેલા સલામતી અંગે લગતી તમામ બાબતોનું અન્વેષણ કરવું, દેખરેખ રાખવી, મૂલ્યાંકન કરવું, તેમના હક અને સલામતી સંબંધી ફરિયાદોની તપાસ કરવી. તેમની જીવન પ્રકિયાનું મૂલ્યાંકન કરવું તથા તેમના રક્ષણ, કલ્યાણ અને આધુનિકીકરણ સંબંધમાં અન્ય કાર્યો કરવા તે અનુસૂચિત જાતિઓ માટેના આયોગની ફરજ રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

## ૨. અનુસૂચિત આદિજાતિઓ : (Scheduled Tribes)

ભારતમાં આદિવાસીઓ માટેનું બંધારણીય નામ અનુસૂચિત આદિજાતિઓ છે. તેઓ જંગલો અને પહાડી પ્રદેશોમાં તેમજ પ્રાકૃતિક અલગતા ધરાવતા પ્રદેશોમાં વસવાટ કરે છે. ગુજરાતમાં તેઓને 'વનબંધુ' કહેવામાં આવ્યા છે અને તેઓના કલ્યાણ માટે 'વનબંધુ યોજના' અમલમાં મૂકવામાં આવી છે.

ભારતમાં ૭૦૦થી વધુ આદિજાતિઓ છે અને દેશની વસ્તીમાં આદિવાસી વસ્તી ૮.૦૬ ટકા છે. તેઓમાં વ્યાપક નિરક્ષરતા, ગરીબી, શોષણ અને અન્યાયનો ભોગ બનેલા સમુદાયો ગણાય છે. સામાજીક, આર્થિક... અને રાજકીય પછાતપણું ધરાવતી અનુસૂચિત આદિજાતિઓ અતિ પછાત વર્ગની સ્થિતિ ગણાય છે. સ્વતંત્ર ભારતના બંધારણમાં તેઓ માટે વિશિષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે તે નીચે મુજબ છે.

### ★ આદિવાસીઓની તરફેણમાં બંધારણીય જોગવાઈઓ :

ભારતના બંધારણથી સર્વ નાગરિકોને સમાનતાના ધોરણે મૂક્ત અધિકારો મળ્યાં છે. પરંતુ આદિવાસીઓ પછાતપણું ધરાવતા હોવાથી તેઓની તરફેણમાં કેટલીક ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે, જે નીચે મુજબ છે.

- રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કલમ-૪૬ થી આદિવાસીઓ એટલે કે ..... આદિજાતિઓમાં શૈક્ષણિક અને આર્થિક હિતોની અભિવૃદ્ધિ રાજય વિશેષ કાર્યવાહી

કરશે અને સામાજીક ન્યાય તથા તમામ પ્રકારના શોષણ સામે તેમને રક્ષણ કરશે એવી જોગવાઈ કરવામાં આવી છે.

- આદિવાસી વસ્તીના કેન્દ્રીકરણવાળા વિસ્તારોને અનુસૂચિત વિસ્તારો આદિજાતિ વિસ્તારો જાહેર કરવાની જોગવાઈ બંધારણથી કરવામાં આવી છે. તેઓનાં વિકાસ અને કલ્યાણ પર વિશેષ ધ્યાન આપી શકાય, તેમજ આદિવાસીઓની જમીન સ્વત્વાર્પણ સંબંધી હિતોનું રક્ષણ થઈ શકે.

- બંધારણની કલમ-૩૩૦ થી લોકસભામાં અને કલમ-૩૩૨ થી વિધાનસભામાં અનુસૂચિત આદિજાતિઓ માટે તેમની વસ્તીના ધોરણે બેઠકો અનામત રાખવાની જોગવાઈ થઈ છે અને તે દ્વારા તેમના રાજકીય પ્રતિનિધિત રક્ષણ પુરૂં પાડવામાં આવ્યું છે.

- બંધારણની કલમ-૨૪૩-ઘ અને ૨૪૩-બ થી અનુક્રમે પંચાયતોમાં તથા નગરપાલિકાઓમાં અનુસૂચિત આદિજાતિઓ માટે તેઓની વસ્તીના ધોરણે બેઠકો અનામાત રાખવાની જોગવાઈ થઈ છે.

- બંધારણની કલમ-૩૩૫ થી કેન્દ્ર અને રાજયમાં સેવાઓ જગ્યા ઉપર નિમણૂંક કરતી વખતે વહીવટની કાર્યક્ષતાની જાળવણીને સુસંગત રીતે, અનુસૂચિત આદિજાતિઓના દાવા વિચારણામાં લેવાની જોગાવાઈ છે.

- રાજય હેઠળની નોકરીઓમાં જેમને પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું ન હોય તો અનુસૂચિત જાતિઓની તરફેણમાં અનામત રાખવા માટેની જોગવાઈ કરવામાં રાજયને બાધ આવશે નહિં.

- બધારણની કલમ-૩૩૩૮-ક થી અનુસૂચિત આદિજાતિઓ માટે રાષ્ટ્રીય આયોગની રચના કરવાની જોગવાઈ છે. આ આયોગની ફરજો પણ નક્કી કરવામાં આવી છે. અનુસૂચિત આદિજાતિઓ માટે જોગવાઈ કરેલા સલામતી ના પગલાંને લગતી બાબતોનું અન્વેષણ કરવું, દેખરેખ રાખવી, મૂલ્યાંકન કરવું, તેમના હક અને સલામતી સંબંધી ફરિયાદોની તપાસ કરવી, વિકાસની પ્રક્રિયાનું મૂલ્યાંકન કરવું તથા તેમના રક્ષણ, કલ્યાણ.... આધુનિકીકરના સંબંધમાં અન્ય કાર્યો કરવા તે અનુસૂચિત આદિજાતિ માટે રાષ્ટ્રીય આયોગની ફરજો રહેશે, તેવી જોગવાઈ કરવામાં આવી છે.

### ૩. અન્ય પછાત વર્ગો : (Other Backward Class)

રાજ્ય સરકારો દ્વારા કે કેન્દ્ર સરકાર દ્વારા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તરીકે ઘોષિત કરવામાં આવેલી જ્ઞાતિઓ કે સમુદાયને અન્ય પછાત વર્ગો તરીકે ઓળખવામાં આવ્યાં છે. ભારતમાં અન્ય પછાત વર્ગો ૨૨૦૦થી વધુ સામાજીક જૂથો સમાવેશ થાય છે. દેશની વસ્તીમાં પછાત વર્ગોની વસ્તી ૫૨ ટકા અંદાજવામાં આવે છે.

અન્ય પછાત વર્ગો સમાજના નબળા વર્ગના સમૂહો ગણાય છે તેઓ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ કરતા સાપેક્ષ રીતે ભિન્ન સમૂહો છે. તેઓ પરંપરાથી ગરીબ, નિરક્ષરતા, શોષણ, અન્યાય, નીચો દરજ્જો અને અધિકારોના ભોગવટાથી વંચિત રહેવા પામ્યાં હતાં. આથી આવા સમૂહોને ઓળખી કાઢવા માટે મંડલ કમિશનની રચના કરી. મંડળ કમિશને સામાજીક અને શૈક્ષણિક માપદંડ અને આર્થિક માપદંડ નક્કી કર્યા. આ માપદંડને અનુલક્ષીને જે જ્ઞાતિ કે વર્ગો પછાત જણાયા તેની યાદી તૈયાર કરી ભારત સરકારે ૧૯૯૦ના જાહેરનામાથી મંડલ પંચની ભલામણોનો અમલ કર્યો. અન્ય પછાતવર્ગોને અનામના લાભો આપવાનું તથા તેઓના

કલ્યાણ માટે પગલાં લેવાનું શરૂ થયું.

★ અન્ય પછાતવર્ગોની તરફેણમાં બંધારણીય જોગવાઈ :

ભારતના બંધારણમાં અન્ય પછાતવર્ગોની તરફેણમાં નીચેની જોગવાઈઓ થઈ છે.

- બંધારણની કલમ ૧૫(૪) મુજબ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત નાગરિકો ના કોઈ વર્ગોના ઉત્કર્ષ માટે કાયદાની ખાસ જોગવાઈ રાજય કરી શકે છે.

- બંધારણની કલમ ૧૬(૪) મુજબ રાજય હેઠળની નોકરીઓમાં જેમને પૂર્ણ પ્રતિનિધિત્વ મળ્યું ન હોય તેવા કોઈ પછાતવર્ગના નાગરિકોના લાભ માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં રાજયને બાધ આવશે નહિ.

- બંધારણની કલમ-૪૬ થી બીજા નબળા વર્ગોના શૈક્ષણિક અને આર્થિક હિતોની અભિવૃદ્ધિ કરવાનો નિર્દેષ છે.

- બંધારણની કલમ-૩૪૦ (૧) થી પછાતવર્ગોની સ્થિતિની તપાસ કરવા માટે આયોગની નિમણૂક કરવાની જોગવાઈ થઈ છે.

અન્ય પછાતવર્ગોની તરફેણમાં થયેલી આ બંધારણીય જોગવાઈઓ અનુલક્ષીને તેઓ માટે શિક્ષણ અને નોકરીમાં અનામત બેઠકોની પ્રથા કરવામાં આવી છે.

★ **તમારી પ્રગતિ ચકાસો : (ક)**

(૧) બ્રિટિશ સરકારની સંસ્થાવાદી સમય દરમિયાનની નીતિ

(ક) ખૂબ જ માનવતાવાદી હતી.

(ખ) ખૂબ જ રાજકીય સ્વરૂપની હતી.

(ગ) અંશતઃ માનવતાવાદી અને અંશતઃ રાજકીય હતી.

(ઘ) ઉપરની પૈકીની એક પણ પ્રકારની ન હતી.

(૨) ભારતના બંધારણમાં ૨૪૩-ઘ અને ૨૪૩-બ કલમમાં.

(ક) પંચાયતોમાં અનુસૂચિત જાતિઓ માટે તેમની વસ્તીના ધોરણે કેટલી બેઠકો અને હોદ્દા અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

(ખ) નગરપાલિકાઓમાં અનુસૂચિત જાતિઓ માટે તેમની વસ્તીના ધોરણે કેટલી બેઠકો અને હોદ્દા અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

(ગ) ક અને ખ એમ બંને જવાબ સાચા છે.

(ઘ) ઉપરના પૈકીનો એક પણ જવાબ સાચો નથી.

(૩) બંધારણની કલમ-૩૩૮-ક થી અનુસૂચિત આદિજાતિઓ માટે

(ક) રાષ્ટ્રીય આયોગની રચના કરવાની જોગવાઈ છે.

(ખ) પંચાયતોમાં અનામત રાખવાની જોગવાઈ છે.

(ગ) નગરપાલિકાઓમાં અનામત રાખવાની જોગવાઈ છે.

(ઘ) ઉપરનાં પૈકીનો એક પણ જવાબ સાચો નથી.

## ૧૩.૩ ભારતમાં પછાત વર્ગોની સમસ્યા

ભારતમાં પછાત વર્ગોમાં અનુસૂચિત આદિજાતિઓ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોનો સમાવેશ થાય છે. આ ત્રણે વર્ગોને બંધારણની વિભિન્ન ધારાઓ દ્વારા કાનૂની દ્રષ્ટિએ સમાનતા પ્રદાન કરી છે. પછાત વર્ગ સંપૂર્ણ બાબત રાજય સરકારના અધિકાર ક્ષેત્રમાં છે અને તેથી જે અનુસૂચિત જનજાતિઓ કે આદિજાતિઓ એક રાજયમાં પછાત વર્ગમાં સમાવેશ કરવામાં આવી છે તે બીજા રાજયમાં છોડી દેવામાં આવી છે. આ કારણથી રાજયની અનુસૂચિ બીજા રાજય થી અલગ છે. જેથી તેમની સમસ્યાઓ પણ અલગ-અલગ છે. પણ કેટલીક સર્વસામાન્ય બાબતોનો અહીં અભ્યાસ કરીશું.

### ૧૩.૩.૧ અનુસૂચિત આદિજાતિઓની સમસ્યા : (Problem of Scheduled Tribe)

આદિવાસી અનુસૂચિત આદિજાતિ સમાજમાં કેટલાંક વિકાસ કાર્યક્રમ રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવી રહ્યાં છે. આ કાર્યક્રમોનો ઉદ્દેશ્ય આ સમાજની સમસ્યાઓનો ઉકેલ કરવાનો છે. તેનો મતલબ એમ થયો કે આપણે સૌએ અને પ્રાયોગિક સ્તર પર આ બાબતને સ્પષ્ટ રીતે સમજી લેવી જોઈએ કે આદિજાતિની જે પણ સમસ્યાઓ છે. તે એવી છે જેનો સંબંધ તેમની સામાજીક અને તેમના પર્યાવરણ અને ઈતિહાસ સાથે છે. જો આપણે જનજાતિય સમસ્યાઓ દેશના પાંચ લાખ ગામોમાં રહેવા વાળા ગ્રામીણોથી જોડી દઈશું તો પરિણામ એમ થશે કે વિકાસના ઘણાં કાર્યો ગ્રામીણોના ખાતામાં ચાલ્યાં જતા રહેશે. રાષ્ટ્રીય નીતિએ સ્વીકાર કર્યો છે કે જનજાતિઓની સમસ્યાઓ તેમની પોતાની સમસ્યાઓ છે, તેમની સંસ્થાની ઉપજેલી સમસ્યાઓ છે. તેને તે સંદર્ભમાં જોવી જોઈએ. આપણી આ પાક્કી ધારણા છે કે ..... સમસ્યાઓની ઓળખ અલગ છે અને તેને તે અર્થમાં સમજવી જોઈએ. જનજાતિઓની કેટલીક મુખ્ય સમસ્યાઓનો ઉલ્લેખ કર્યો છે.

#### (૧) અલગતા : (Isolation)

આદિજાતિઓની કોઈ ચાવી રૂપ સમસ્યામાં અલગતા (અળગાપણું) છે. આદિવાસી સમાજ હજારો વર્ષોથી પહાડો અને જંગલોમાં વસતો આવ્યો છે. જયારથી તેમને આર્યોએ આ આંતરિક ક્ષેત્રમાં ધકેલ્યાં છે ત્યારથી તેઓ દેશ અને સમાજની મુખ્યધારાથી અલગ થઈ ગયા છે. આ કારણથી તેઓ ખેતી ક્ષેત્રમાં ઘણા સમય પછી પ્રવેશ્યા ઈતિહાસના સંદર્ભમાં કહીએ તો જનજાતિ ના સદસ્ય નવા કિસાન છે. શિક્ષણ પણ તેમણે પછી થી મેળવ્યું અને જોતજોતામાં તેઓ પછાતપણનો શિકાર બની ગયા. તેમની આ પછાત અવસ્થા એ એક અલગતાનું કારણ છે.

એક વાત સ્પષ્ટ છે કે આજે આદિજાતિઓનાં એક અંશ સુધી આધુનિકતા ને અપનાવી લીધી છે છતા પણ તેઓ આજે છૂટા છવાયેલા ગામોમાં જ રહેવાનું પસંદ કરે છે. વેરિયન એલ્વિન સમિતિ એ એમ કહ્યું હતુ કે ૮૦ ટકાથી વધુ જનજાતિઓ છૂટી છવાયી વસવાટ (Seated Habitation) માં રહે છે. કેટલીકવાર એક જનજાતીય ગામનું ક્ષેત્ર કેટલાંક કિલોમીટર થઈ જાય છે. ઉત્તર-પૂર્વના ગામ તો એટલા છૂટાછવાયા થયા છે કે પ્રત્યેક ગામની પોતાની એક જાતીય બોલી હોય છે મજાની વાત એ છે કે જનજાતિઓ પ્રથમ તો પહોડો અને જંગલોમાં રહેતી બીજુ કે પોતાના જ ગામમાં તેમની વચ્ચે લાંબુ અંતર રહેતું. વિનોબાભાવે એ ભૂ-દાન આંદોલન ચલાવ્યું ત્યારે જનજાતિયોને પડતર જમીન પર સઘન ગામોમાં વસાવવામાં આવ્યા. પણ ધીરે-ધીરે

આ સઘન ગામો નિર્જન બન્યા.

અલગતાને તોડવી એક એથનિક આંદોલન છે અને આદિવાસીઓની નવી પેઢીને એ વિશ્વાસ આપવો પડશેકે તેમનું હિત સઘન ગામે જ છે.

## (૨) જમીન : (Land)

જ્યારે આદિજાતિઓએ ખેતીને અપનાવી ત્યારે તેમની પાસે જમીનની કમી ન હોતી. તેઓ ઝૂમ એટલે પપપ ઉપર ખેતી (Shititing Cultivation) કરતા હતા. પરંતુ પરિસ્થિતિ બદલાતા સ્થિતિ એમ થઈ કે હિન્દુ જાતિઓ જનજાતિ આંતરિક પ્રદેશ (Treble Hinterland) માં પ્રવેશ કરી ગઈ. આજે જો બધા રાજ્યોમાં જનજાતિઓ જમીનને સંરક્ષણ આપ્યું છે અને કોઈ પણ ગૈર જનજાતિ સદસ્ય તેમની ખરીદી શકતા નથી. છતાં પણ પરિવારમાં જ બરોબર વહેંચાતી જમીન આ જે આ સમુહોને આર્થિક પોષણ આપી શકતી નથી. બીજૂ કે એ ન ભૂલવું જોઇએ કે પહાડી ક્ષેત્રમાં સિંચાઈની સુવિધા મેળવવી ખૂબ કઠિન છે. જોન બ્રિમેન (Jone Breman) એ દક્ષિણ ગુજરાતના ખેડૂતો વિષે જરૂરીવાત કરી છે. તે જણાવે છે કે આદિવાસીઓમાં તો એક નવી પ્રક્રિયા ચાલી રહી છે જેને તેઓ અ-કિસાનીકરણ (De-peasantization) કહે છે. વધુમાં વધુ ખેડૂતો આને રોજગારનો આધાર માનતા નથી. જનજાતિઓની મુશ્કેલી અનેકવિધ છે. તેમના હાથોમાંથી જંગલ ચાલી ગયાં, તેમની પક્કડ માંથી જંગલનાં શિકાર નિકળી ગયા, તેમનાં લાભોમાં જંગલની ઉપજ રહી નહીં અને જયારે તેઓ ખેતીના ક્ષેત્રમાં આવ્યા તો અહીં હિન્દુ જાતિઓનો કબ્જો હતો. આપણે કોઈપણ દ્રષ્ટિથી જોઈએ તો આજે જનજાતિ ખેડૂતની સામે સૌથી મોટી સમસ્યા જમીન છે. જરૂરિયાત એ છે કે જમીનની નવી રીતેથી તાર્કિક વહેંચણી થાય.

## (૩) આરોગ્ય : (Health)

જનજાતિ સમાજમાં કુપોષણ વધારે છે અને આ બધુ એટલા માટે છે કે સમૂહોની આર્થિક સ્થિતિ ખરાબ છે. તેઓ ગરીબી રેખાથી વધુ નીચે છે. આમ જોવામાં આવે તો ગ્રામીણ લોકોની આરોગ્યની સ્થિતિ પણ જનજાતિઓ જેવી જ છે. પરંતુ જનજાતિ આરોગ્ય આંતરિક પ્રદેશમાં હોવા ને કારણે વધુ ગંભીર છે. તેમનો વસવાટ દુર્ગમ પ્રદેશોમાં હોય છે અને ત્યાં કોઈ ડૉક્ટર રહેવા ઈચ્છતા નથી. સરકારે આરોગ્ય સેવાઓ પ્રદાન કરી છે એ સુવિધાઓ તેમની પહોંચથી બહાર છે.

## (૪) શિક્ષણ : (Education)

એક સમયે એવું કહેવામાં આવતું કે જનજાતિ લોકોમાં શિક્ષણનો પર્યાપ્ત પ્રસાર થઈ જાય તો દેશની બધી સમસ્યાઓનો ઉકેલ થઈ જશે. આપણા દેશમાં છેલ્લાં સાઈઠ વર્ષોનો જે અનુભવ પ્રાપ્ત છે તેનાથી જાણી શકાય છે કે હવે શિક્ષણ આપણી બધી સમસ્યાઓની ચાવી રહી નથી. એક સામાન્ય માનવીનો અનુભવ તો એ છે કે માનવી જેવો ભણી-લખી જાય છે, ચાલાક બની જાય છે, લમ્પટ બની જાય છે. જે રીતે અનીતિ પેદા કરવાની ક્ષમતા તેનામાં આવી જાય છે. આવી રીતે શિક્ષણનો પ્રસાર, જનજાતિઓમાં એક નિશ્ચિત ઉદ્દેશ્ય માટે હોવો જોઈએ .... ઘણી બધી સમસ્યાઓ જીવન નિર્વાહ માટે આર્થિક સ્રોત પેદા કરવાનો છે. ..... નું મૂળ એ છે અને આપણે જનજાતિઓના શિક્ષણને આ મૂળ સમસ્યાઓ સાથે જોડવી જોઈએ. જીવન નિર્વાહનાં પરંપરાગત સ્રોત તેમના હાથમાંથી સરકી ગયા છે. આજે સમસ્યા તેમને વૈકલ્પિક

આવક....... આપવાની છે.

## (૫) ધર્મ : (Religion)

મૂળરૂપથી જનજાતિઓમાં આત્માઓમાં (Animism) વિશ્વાસ રાખે છે. પીપલ ઓફ ઈન્ડિયાના પ્રોજેક્ટમાં જનજાતિઓના ધર્મ અંગે કે. એસ. સિંહ લખે છે – "અમારા આ પ્રોજેક્ટની ખૂબ મોટી ઉપલબ્ધી એ છે કે આજે પણ જનજાતિઓની સ્વાયત્ત ધાર્મિક સાતત્ય બરાબર બન્યું છે. આ સાતત્ય એ વાતનું હોવા છતાં પણ છે કે આ જનજાતિઓના ખ્રિસ્તી અને હિન્દુ ધર્મની સાથે સંબંધ પણ જનજાતિઓની ગોત્ર વ્યવસ્થા અને ગ્રામીણ દેવી-દેવતા જેમને તેમજ રહેલા છે. કેટલુંક આ રીતે તેમાં પવિત્ર કાર્યને કરવા વાળા વિશેષજ્ઞ પણ થોડી સંખ્યા માં છે. તેમના તહેવારો અને ઉત્સવોનું કેલેન્ડર પણ વગર પરિવર્તને જેમનું તેમ જ બની રહ્યું છે. કે. એસ. સિંહ જણાવે છે કે જનજાતિઓનો મૌલિક ધર્મ એ સમગ્ર દેશના આદિવાસીઓની વાત છે. સાતત્ય જાળવી રહ્યા છે. આ બધુ હોવા છતાં ફન્ડામેન્ટેલિસ્ટ (Fundamentalist) ઓ કહી રહ્યા છે કે જનજાતિઓ હિન્દુ છે અને તેમને ખ્રિસ્તી બનતા રોકવા જ્યારે દશ વર્ષમાં વસ્તી ગણતરી થાય છે ત્યારે રૂઢિવાદી ગણક સરકારી રેકડમાં એ બરોબર લખે છે કે જાનજાતિઓ હિન્દુ છે. સચ્ચાઈ એ છે કે આપણે આ ધર્મ નિરપેક્ષ રાષ્ટ્રમાં જનજાતિઓના ધર્મ અંગે એક લાંબી સાજિશ ચાલી રહી છે. આ આંકડાંમાં બરોબર બતાવાઈ રહ્યું છે કે તે હિન્દુ છે,ખ્રિસ્તિ છે. આપણે સમજીએ છીએ કે જનજાતિઓની ખૂબ મોટી એથનિક સાંસ્કૃતિક ઓળખ તેમનો ધર્મ છે અને આ ધર્મ જ તેમના માટે પરેશાની બની ગયો છે.

## (૬) કુપોષણ : (Malnutrition)

જનજાતિઓમાં કુપોષણનાં કેટલાંક કારણો છે.સામાન્ય રીતે દેશનાં બધા વર્ગોમાં જે ગરીબી રેખાથ નીચે છે.કુપોષણનો શિકાર છે.આદિવાસીઓની સાથે આ કુપોષણનાં કેટલાંક ઐતિહાસિક કારણો છે. જ્યારે તેઓ જંગલમાં રહેતા હતા, તેમનું માંસાહારી ભોજન જંગલનાં જાનવર હતા. લગભગ બધી જનજાતિઓ માંસાહારી છે. આજે જંગલ પણ ગયા અને જંગલના જાનવર પણ બજારથી ખરીદીને જનજાતિઓ માંસાહારી ભોજન એટલે કે પોષણ પ્રાપ્ત કરી શકતા નથી. એક અન્ય ઘટના તેમની સાથે બની છે. કેટલાંક જનજાતીય સભ્યો જે બકરી અને મરઘી રાખતાં હતાં,તેમનું માંસ ખાઇ લેતા હતા, પરંતુ આજે આ જનજાતિઓનો એક ભાગ ભગત બની ગયો છે, શાકાહારી બની ગયા છે. અવસ્થા ખૂબ જટિલ છે. શાકાહારી ભોજન ખૂબ સીમિત પ્રકારનું છે. એસ. એલ.દોષી એ રાજસ્થાનની જનજાતિઓના ભોજન અને પોષણનો અભ્યાસ પોતાના પુસ્તક એન્થ્રોપોલોજી ઓફ ફૂડ એન્ડ ન્યુટ્રિશન ૧૯૯૫ માં કર્યો છે. આ જનજાતિઓમાં ભોજનમાં ચરબીને કોઇ સ્થાન નથી. તે તેલ ખાતાં નથી,ઘી ખાતા નથી અને દૂધ માત્ર બાળકો પીવે છે. દાળ પણ તેમની ભોજન સામગ્રીમાં સમાવેશ થતો નથી. માત્ર મકાઇ અને ચટણીથી પેટ તો ભરી શકાય છે પરંતુ પોષણ મળી શકાતું નથી. કઠિનાઇ એ છે કે દેશમાં કોઇ રાષ્ટ્રીય ભોજન નીતિ બનાવી નથી, તેનું પરીણામ એ છે કે બધા પોતાનું કૃષિ ઉત્પાદન બજારની માંગ ઉપર કરે છે અને પોતે કુપોષણ નો શિકાર બની જાય છે.

જનજાતિઓ માટે કુપોષણ ની સમસ્યા વિશેષ એટલા માટે છે કે તેમની આદતો ગ્રામીણ સમુદાયની જેમ નથી. આપણે એ તર્ક આપતા નથી કે માંસાહારી ભોજન અને શાકાહારી ભોજન સારૂ છે કે ખરાબ. આપણો તર્ક તો એ છે કે ભોજનમાં સંસ્કૃતિ હોય છે. એક સંસ્કૃતિ જે ભોજન ગ્રહણ કરે છે તે તેમના માટે પોષણ છે, બીજૂ ભોજન

તેમના માટે ઝેર છે. જનજાતિઓ માટે ભોજનની આદતોમાં જે પરિવર્તન આવ્યું છે તેનાથી એક સમસ્યા પેદા કરી દીધી છે અને આ સમસ્યાને તેમની ભોજનની આદતોનાં સંદર્ભમાં, તેમની સંસ્કૃતિના સંદર્ભમાં જોવાવું જોઇએ.

## (૭) ગરીબી : (Poverty)

ગરીબી આપણા દેશની સામાન્ય સમસ્યા છે. જનજાતિઓ માટે આ સમસ્યા વિશાળ સ્વરૂપ ધારણ કરી લે છે. તેમની અર્થવ્યવસ્થા જીવિકોપાર્જન અર્થવ્યવસ્થા (Subsistence Economy) હતી . આજે આ અર્થવ્યવસ્થા બજાર અર્થવ્યવસ્થા માં બદલાઇ ગયી છે. આ બદલાવે જનજાતિઓની ગરીબીને વધુ જટિલ બનાવી દિધી છે. આજે સ્થિતિ એ છે કે સામાન્ય જનજાતિ સભ્યની પાસે ખૂબ ઓછી જમીન છે. આજે સરકારી નોકરીઓમાં આ સમૂહ માટે સ્થાન નથી. પરિણામ એ છે કે ખૂબ મોટી સંખ્યામાં ઉડીસા, બિહાર અને મધ્યપ્રદેશનાં આદિવાસી દેશના મોટા શહેરોમાં સ્થળાંતર કરે છે. ત્યાં તેઓ રોજગારી પર કામ કરે છે. ગંદા વસવાટોમાં રહે છે અને એવી રીતે તે એવી સંસ્કૃતિને વિકસાવી રહ્યાં છે જે ચોક્કસ રૂપથી ગરીબોની સંસ્કૃતિ છે.

એક જમાનામાં જનજાતિઓમાં સજાતીયતા હતાં.વિકાસ કાર્યક્ર્મો અને રાજનીતિકરણ એ તેમના સ્તરીકરણને પ્રગટ કરી દીધુ છે. આજે તેમનામાં અભિજન અને મધ્યમ વર્ગ છે. આ બંને વર્ગ વિકાસના લાભોને પોતાના હિસ્સામાં કરી લે છે અને તેનું પરિણામ એ આવે છે કે સામાન્ય જનજાતિના સદસ્ય ગરીબીની જિંદગી જીવે છે. પશ્ચિમ ગુજરાત ના કચ્છ ક્ષેત્રનાં રબારી, બિહારનાં સંથાલ, રાજસ્થાનના ભીલ અને મધ્યપ્રદેશના બૈંગા, દિવસમાં એક ટંક રોટલી મુશ્કેલીથી મેળવે છે. આ ખૂબ જ દુઃખદાયક સ્થિતિ છે.

## (૮) દેવું : (Indebte dness)

આમ તો જનજાતિઓની દેવાની સ્થિતિ એક ઐતિહાસિક તથ્ય છે. પહેલાના સમયમાં તેમનું શોષણ જાગીરદારો, જમીનદારો અને સાહુકારો એ કર્યુ. કોન્ટ્રાક્ટરો તેમજ બિનઆદિવાસી લોકો સાથે સીધા સંપર્કમાં આવવાના કારણે મોટાભાગના આદિવાસી લોકો દેવાના બોજ તળે દબાઈ ગયા છે. દેવાનાં મુખ્ય ત્રણ પાસાં જોવા મળે છે. ૧. માનસિક દેવું બાપ-દાદાથી ઉતરી આવતું હોવાના કારણે લોકોના માથે સતત અસહ્ય માનસિક બોજ રહે તો હોય છે. ૨. સામાજિક-લગ્ન, મરણ અને અતિથી સત્કાર જેવા પ્રંસગોએ વધુ પ્રમાણમાં ખર્ચ થતો હોય છે. ૩. આર્થિક-શાહુકારોમાં આંધળો વિશ્વાસ અને શાહુકારોની કુટનીતિરીતિ સમજવામાં આડે આવતી અજ્ઞાનતા. આ દેવાને લઈને ઘણીવાર તેઓમાં વેઠપ્રથા જેવી ગંભીર બાબત જોવા મળે છે. આ વેઠપ્રથા ગુજરાતમાં હાળી, રાજસ્થાનમાં સગરી, આંધ્રમાં વેટ્ટી, ઓરિસ્સામાં ગોઠી, મૈસૂરમાં જીઠા અને મધ્ય પ્રદેશમાં નોકરીકામ તરીકે ઓળખાય છે. મોટે ભાગે આ વેઠ પ્રથા આદિવાસીઓ અને બિનઆદિવાસીઓ વચ્ચેની હોય છે. એકવાર કરજે પૈસા લીધા એટલે તે માણસે પૈસા ચુકતે ન થાય ત્યાં સુધી શાહુકારને ત્યાં કામ કરતા હતાં, સરકાર જનજાતિઓની દેવાની સ્થિતિથી પરિચીત હતી. તેના માટે તેણે સરકારી આંદોલનને જનજાતિ ક્ષેત્રમાં સ્થાપિત કર્યા. આ ક્ષેત્રોમાં સરકારી આંદોલનનો એક ઉદેશ્ય શાહુકારને સમાપ્ત કરવાનો હતો. પરંતુ એવું થયું નહીં. આજે સ્થિતિ એ છે કે જનજાતિ સદસ્ય શાહુકાર પાસેથી કર્જ લે છે અને પછ સરકારી સમિતિના એ કર્જ થી શાહુકારના કર્જ ને ઉતારે છે. દેવાંની સ્થિતિએ એક એવું ગંદુ ચક્ર પેદા કરી દીધું છે જેમાંથી બહાર આવવાનું આ સમુદાયને કઠિન થઈ ગયું છે.

(૯) **વિસ્થાપન અને પુનર્વસન :**

વિસ્થાપન એટલે લોકોનું કે કુટુંબોનું એક સ્થળેથી બીજા સ્થળે કાયમી સ્વરૂપે થતું સ્થળાંતર. ઉત્તર-પૂર્વનાં આદિવાસીઓની સમ્સ્યાઓએ દેશના મધ્યભાગમાં રહેવાવાળા આદિવાસીઓથી જુદી છે. દેશમાં મોટા ઉદ્યોગો કે બંધ બાંધવાથી જે વિસ્થાપન થયુ છે તેની સમસ્યાઓ ખૂબ ગંભીર છે. ભિલાઇ કારખાના નિર્માણથી કેટલાંક આદિવાસી વિસ્થાપિત થઇ ગયા. સરદાર સરોવર બંધ બનાવાથી ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશથી વિસ્થાપિત આદિવાસી આજે ખૂબ મોટા જોખમ ઉઠાવી રહ્યાં છે. આદિવાસીઓની એવી સમસ્યાઓ છે કે જે સામાજિક, આર્થિક પરિવર્તનનાં પરીણામ સ્વરૂપ આવેલ છે. અનુસૂચિત જનજાતિ આયોગે પોતાના રિપોર્ટમાં આવી સમ્સ્યાઓનો ઉલ્લેખ કર્યો છે. રિપોર્ટ દર્શાવે છે કે આજે જનજાતિઓ વિવિધ વર્ગોનાં સંપર્કમાં આવી રહી છે. તેમણે તેને ઉપભોકતાવાદી બનાવી દીધા છે. તેમની જરૂરિયાતો વધી ગઈ છે. તેમાં ભણેલા-ગણેલા લોકો અને અભિજનોનો એક નવો વર્ગ બની ગયો છે. શિક્ષિતોનો વર્ગ અશિક્ષિતોથી જુદો છે અને એવી રીતેનો પરિવર્તનને જનજાતિ સમાજની સામે સમસ્યાઓની એક નવી સ્થિતિ ઊભી કરી દિધી છે.

જનજાતિઓની સમસ્યાઓને ઓળખવામાં ખૂબ વધારે સાવધાની રાખવાની જરૂરિયાત છે, મહત્વપૂર્ણ વાત એ છે કે જનજાતિઓને શોષણથી મુક્તિ આપવી ખૂબ મોટું કાર્ય છે આ ઉદેશ્ય ને ધ્યાનમાં રાખીને ભારત સરકારે જનજાતિ કલ્યાણ માટે એક અલગ નીતિ અપનાવી છે. તે જનજાતીય નીતિ(Tribal Policy) કહે છે. આ બધા પ્રયત્નો એ ઇચ્છે છે કે જનજાતિઓની એથનિક ઓળખ બની રહે અને સાથે સાથે તેમને તેમની સમસ્યાઓ થી મુક્તિ મળે.

## ૧૩.૩.૨ અનુસૂચિત જાતિઓની સમસ્યા : (Problem of Schedule Cast)

સાઈમન કમિશને ૧૯૨૭ માં અનુસૂચિત જાતિ શબ્દ પ્રયોજયો, જયાં સંસ્થાનવાદી સમય દરમિયાન ‘દલિત વર્ગો’, ‘બહિવર્ગો’, ‘અસ્પૃશ્યો’ જે શબ્દો સામાન્ય રીતે તેમને માટે વપરાતા હતા. ગાંધીજીએ તેમને ‘હરિજન’ કહ્યા. ૧૯૩૫ માં ભારત સરકારનો કાયદો થતાં તેમને સામાન્ય રીતે ‘અનુસૂચિત જાતિઓ’ તરીકે ઓળખવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારોમાં તેઓ મોટા પ્રમાણમાં વસેલાં છે અને સામાન્ય રીતે બહુ જ્ઞાતિઓ વાળાં ગામડાંમાં મળે છે. વસ્તી વિતરણની આ તરાહને લીધે કેટલીક મુશ્કેલીઓ ઊભી થાય છે. અનુસૂચિત જાતિઓની સામાજિ સ્થિતિ મુખ્યત્વે હિંદુઓના પવિત્ર (શુધ્ધ) અને અપવિત્ર (વટાળ) ના ખ્યાલોથી નિર્ધારિત થયેલી છે. સદીઓથી અસ્પૃથ્યતાની પ્રથા પાછળ આ ખ્યાલ કેન્દ્રસ્થ હતો. સામાજિક જીવનનાં ઘણાં ક્ષેત્રોમાં તેમને જાકારો મળતો. તેમને ઘણાં બધાં પ્રકારનાં નિયંત્રણો અને મર્યાદાઓનો ભોગ બનવું પડતું.

મહત્વપૂર્ણ વાત એ છે કે આઝાદી પહેલાં અનુસૂચિત જાતિઓની જે સમસ્યાઓ હતી. તે આજે રહી નથી. આજે તો આ જાતિઓ કમ-સે-કમ શહેરોમાં તો મંદિરમાં પ્રવેશ કરી શકે છે. સાર્વજનિક સ્થળો પર સુવિધાઓ લઇ શકે છે. છુઆછૂત પણ સમાપ્ત થઇ ગયુ છે. આવી સ્થિતિમાં હવે અનુસૂચિત જાતિઓની સમસ્યાઓ નવા સ્વરૂપમાં આવી છે. આજે અસ્પૃશ્યતા, પવિત્ર-અપવિત્ર, શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ, વ્યવસાયિક તકો વગેરેની ચર્ચા કરવામાં આવતી નથી. આજે તો અનુસૂચિત જાતિઓ સંવિધાનથી, તેમને જે વિશેષાધિકાર મળ્યાં છે તેની પૂર્તિની વાત કરી રહી છે. આજે એ વાત ચાલી રહી છે કે કોઇ રીતે અનુસૂચિત જાતિઓને સંગઠિત કરવામાં આવે કે જેથી તેમની માંગણીઓ પૂર્ણ થઇ શકે. આજે અનુસૂચિત જાતિઓની જે સમસ્યા છે,

તેને નીચે મુજબ દર્શાવી શકાય.

**(૧) સુધાર કાર્યક્રમ :**

સાર્વજનિક સ્થાનો પર તો અનુસૂચિત જાતિઓને ઘણા લાભ મળી ગયા છે. આજે છુઆછૂતની સમસ્યા પણ ગંભીર રહી નથી. આ જાતિની મુખ્ય સમસ્યા એ છે કે રહેઠાણ અને ખાન-પાનનાં અંગત વ્યવહારોમાં તેને અલગ રાખવામાં આવે છે. જેમ કે આને શહેરોમાં નવી વસાહતો બની રહી છે, તેમાં અનુસૂચિત જાતિઓની સાથે કોઇ રહેવા ઇચ્છતું નથી. પરિણામ એ થાય છે કે પોતાની રીતે અલગ અનુસૂચિત જાતિઓની વસાહતો પ્રગટ થાય છે. અનુસૂચિત જાતિઓ અને દ્રિજ જાતિઓની વચ્ચેનો સંબંધ માત્ર કાનૂની અને સરકારી છે, સામાજિક અને સાંસ્કૃતિક નથી. જ્યાં સુધી આ સમસ્યા દૂર નહી થાય એટલે કે જાતિઓની સામાજિક સ્તરીકરણ વ્યવસ્થામાં અનુસૂચિત જાતિઓને ઊંચુ સ્થાન નહિ મળે, સમસ્યાનો ઉકેલ નહી મળે.

**(૨) ધર્મનિરેપક્ષ વ્યવસાય :**

એ સત્ય છે કે હવે કાચાં પાયખાના રહ્યા નથી. ફ્લશ વ્યવસ્થા આવી ગઇ છે. છતાં પણ હરિજનોના વ્યાવસાયિક વિકલ્પ માત્ર નગરપાલિકાના કાર્યો સુધી જ મર્યાદિત રહ્યો છે. જી.એસ.ઘૂર્યે એ મહારાષ્ટ્રની અનુસૂચિત જાતિઓનાં પરિવર્તનનું વર્ણન આપ્યું છે. તેઓ કહે છે કે પહેલાં આ જાતિઓ માથા પર મૈલુ ઉઠાવતી હતી આજે રેલગાડી અને ઓફિસોમાં ફ્લશ શૌચાલય સાફ કરેછે. આવી અવસ્થામાં શિક્ષિત અનુસૂચિત જાતિનાં સભ્યો વધુમાં વધુ ધર્મનિરપેક્ષ વ્યવસાયોમાં પ્રવેશ કરવા ઇચ્છે છે.

**(૩) ગામડાં ની સમસ્યા :**

અનુસૂચિત જાતિઓની ગામડાંમાં વસવાટમાં કોઇ બદલાવ આવેલ નથી. આજે પણ તેઓ ગામડાનાં છેવાડે નિવાસ કરે છે. કેટલાંક સામાજિક અને સાંસ્કૃતિક બંધનો પણ પહેલા જેવા જ દેખાય છે. ગામડામાં અનુસૂચિત જાતિઓની સ્થિતિમાં સુધાર થવો ખૂબ મોટી સમસ્યા છે.

છેલ્લાં પાંચ દશકામાં ઘણ બદલાવ આવ્યો છે. જેના કારણે અનુસૂચિત જાતિઓ સામાજિક સ્થિતિમાં પરિવર્તન આવ્યું છે. પરંતુ આ પરિવર્તન નવી સમસ્યાઓ પ્રગટ કરી આજે અનુસૂચિત જાતિઓ જે પોતાના જુના જાતિગત ધંધા કરી શકતા નથી અને નવાં ધંધાઓમાં તેમના માટે સ્થાન ઉપલબ્ધ નથી. વિકલ્પ ખૂબ ઓછા છે અને એટલા માટે તેમની નવી સમસ્યાઓને બદલાવના નવા પ્રવાહમાં સમજવી ખૂબ જરૂરી છે.

## ૧૩.૩.૩. અન્ય પછાત વર્ગોની સમસ્યા : (Problem of the other Backward Classes)

ભારતનું બંધારણ ઘડાયું ત્યારથી માંડીને આજ સુધી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ સિવાયની અન્ય પછાત, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિઓ માટે વિશિષ્ટ જોગવાઇઓ, અનામતની જોગવાઇઓની માંગણીઓ કરવામાં આવી છે. વર્ગનો બંધારણમાં ઉલ્લેખ સૌથી વધુ સામાન્ય સ્વરૂપે માત્ર થયો છે. અન્ય પછાત વર્ગો માટે સમગ્ર ભારતની કોઇ પણ સૂચિ કે યાદી બનાવવામાં આવી નથી. શિક્ષણ મંત્રાલય અને રાજ્ય સરકારોએ આવી યાદીઓ બનાવી છે. આવી યાદીઓમાં ઘણી બધી વિસંગતતા જોવા મળે છે.

જ્યારે આપણે અન્ય પિછાત વર્ગોની ચર્ચા કરીએ છીએ ત્યારે તેનો અર્થ વ્યક્તિઓ નથી હોતી.પરંતુ તેનો સીધો મતલબ સમૂહોના પછાતપણાં થી હોય છે. આ એટલા માટે કે પછાત પણું એ જ્ઞાતિઓના સભ્ય પદના આધાર પર નિર્ધારિત હોય છે. સૈધ્ધાંતિક

દ્રષ્ટિથી પછાત વર્ગોમાં શિક્ષણ અને આર્થિક દ્રષ્ટિથી સમ્પન્ન વ્યક્તિ પણ શામિલ થઈ શકે છે. તેનું કારણ એ છે કે સરકારે કેટલીક જ્ઞાતિઓને 'પછાત જ્ઞાતિઓ' જાહેર કરી છે. આ જ્ઞાતિઓને કેટલાક લાભ અને સુવિધાઓએ જાહેર કરેલ બાબતો દ્વારા અવશ્ય પ્રાપ્ત થાય છે. આ હિસાબે પછાત વર્ગ, સમુહો અને વ્યક્તિઓનો એક વિશાળ સ્તંભ છે.

કાકા સાહેબ કાલેલકરની અધ્યક્ષતા નીચે ૧૯૫૩ માં પછાત વર્ગોનું કમિશન નિમાયું હતું. અને તેને સામાજિક અને આર્થિક રીતે પછાત એવા વર્ગોને તેના આધારે ઓળખી શકાય કે નક્કી કરી શકાય તેવાં માપદંડો કે લક્ષણો નક્કી કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ બનાવેલી સૂચિ કે યાદીઓમાં ઘણી બધી વિસંગતતાઓ છે. એવું કાકા સાહેબ કાલેલકર કમિશને દર્શાવ્યું હતું. અને તેમણે અન્ય પછાત વર્ગોની વિગતવાર યાદી પણ તૈયાર કરી હતી. જેથી પછાત વર્ગોની અસ્મિતા માટે સામાજિક, શૈક્ષણિક આધાર નક્કિ થઈ શકે. આ યાદી સામાજિક પદક્રમમાં જ્ઞાતિનો દરજ્જો, સાક્ષરતા દર અને નોકરીઓમાં તથા ઉદ્યોગોમાં તેમનું પ્રતિનિધિત્વ જેવાં લક્ષણોને આધારે તૈયાર કરવામાં આવી હતી. કાલેલકર પોતાના કાર્યને પુર્ણ કરવામાં બે વર્ષ લગાવ્યા અને ૨૩૯૯ જ્ઞાતિઓ અને સમુદાયોની યાદી તૈયાર કરી. કમિશન એવા મત ઉપર આવ્યું હતું કે પછાત વર્ગોનો મોટો ભાગ અજ્ઞાન, નિરક્ષર અને ગરીબીમાં સબડે છે. સરકાર આ કમિશનની ભલામણોનો સત્તાવાદી ભલામણો તરીકે સ્વીકાર કર્યો ન હતો. આથી તેનો અમલ થયો ન હતો, ત્યારથી રાજ્ય સરકારોને તેમના પોતાના માપદંડ નક્કી કરીને પછાત વર્ગોની યાદી બનાવવાની પરવાનગી આપવામાં આવી છે. કર્ણાટક જેવાં કેટલાંક રાજ્યોએ અન્ય પછાતવર્ગો માટે કેટલીક જોગવાઈઓ કરી હતી. ખાસ કમિશનની નિમણૂંક કરીને, પછાત વર્ગોને ઓળખીને તેમની વિશિષ્ટ યાદી બનાવી હતી. એને અનુરૂપ કાયદાઓ સરકાર પાસે પસાર કરાવીને તેમને માટે અનામતની અથવા વિશિષ્ટ સગવડની જોગવાઈ કરવામાં આવી હતી. કેટલાંક દક્ષિણનાં રાજ્યોએ પણ આવાં પગલાં લીધાં હતા. આમ છતાં જે રાજ્યોમાં આવાં પગલાં લેવામાં આવ્યાં ન હતા અથવા આ અંગે ફક્ત ક્રમને જોગવાઈઓ કરવામાં આવી હતી તે રાજ્યોમાં અન્ય પછાત જ્ઞાતિઓ માટેની અનામતની માંગણીઓ, આંદોલન સ્વરૂપે રજુ થઈ હતી. આવી માંગણીઓ રાષ્ટ્રીય સમસ્યાના સ્વરૂપે વિકસી કે ઉપસી આવી, ત્યારે કેન્દ્ર સરકારે તેને અંગે વિચારણા અને અભ્યાસ કરવા માટે મંડલ કમિશનની નિમણૂંક કરી અને મંડલ કમિશનનો અહેવાલ બહાર પડતાં જ અનામતનો મુદ્દો ચર્ચા વિચારણાનો અને મતમંતાતરનો મુખ્ય મુદ્દો બન્યો. તેથી કમિશનની ભલામણોનો સરકારે અસ્વીકાર કર્યો. કેટલીક રાજ્ય સરકારોએ પણ આ પ્રકારના કમિશનની નિમણૂંક કરી. જેમ કે ગુજરાત સરકારે બક્ષીપંચ અને રાણે કમિશનની નિમણૂંક કરી તથા મધ્યપ્રદેશની સરકારે મહાજન કમિશનની નિમણુંક કરેલ. આ રાજ્ય સરકારોએ આવાં નીમેલાં કમિશનોની ભલામણોનો સ્વીકાર કરતાંની સાથે આ બે રાજ્યોમાં મોટા પાયા ઉપર ઉચ્ચ જ્ઞાતિઓ દ્વારા થયેલા વિરોધમાં હિંસા ફાટી નીકળી. આમ જોઈ શકાશે જે અન્ય પછાત વર્ગોની વ્યાખ્યા બાબતે મોટા પ્રમાણમાં વાદવિવાદ અને મતમતાંતર કે ચર્ચા જોવા મળે છે.

## ★ માપદંડો અથવા નિર્દેશાંકો : (Criterion)

ઈ.સ. ૧૯૬૧ થી કેન્દ્ર સરકાર આ અન્ય પછાત વર્ગોની વ્યાખ્યા કરવા માટે આર્થિક માપદંડ અપનાવવાનું દબાણ કરી રહી છે. જેનો ઘણી રાજ્ય સરકારો દ્વારા અમુક પ્રમાણમાં વિરોધ થઈ રહ્યો છે. અગાઉથી અન્ય પછાત વર્ગોની યાદીમાં સામેલ

થવા કેટલીક જ્ઞાતિઓ તેમની રાજ્ય સરકારોને જુના માપદંડો ચાલુ રાખવા માટે દબાણ કરી રહી છે. જેમ કે કર્ણાટકના લિંગાયતો અને કેરળના ઈર્ઝવાઓ. જૂની યાદીઓ રદ બાતલ કરવા અંગે કેન્દ્ર સરકાર ભારપૂર્વક આગ્રહ રાખતી નથી. છતાં રાજ્ય સરકારો પર આર્થિક માપદંડ અપનાવવા માટે આર્થિક અને અન્ય સ્વરૂપે દબાણ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં મોટા ભાગની સરકારોએ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાત સિવાય પછાત વર્ગનાને શિષ્યવૃત્તિ આપવા માટે આર્થિક માપદંડ અપનાવ્યો છે.

★ **સરકારે અન્ય પછાતવર્ગો નક્કી કરવા માટે કરેલ પંચની નિમણૂંક :-**

(૧) **ભારત સરકારે નીમેલું પંચ - મંડલ પંચ :-** ભારત સરકારે બંધારણની કલમ ૧૫ અને ૧૬ ના હેતુઓને અનુલક્ષીને ૧૯૭૯ માં બીજા પછાતવર્ગ પંચની નિમણૂંક કરી. આ પંચના અધ્યક્ષ શ્રી બી.પી.મંડલ હતા. આ પંચ 'મંડલ કમિશન' તરીકે ઓળખાય છે. આ પંચના તજજ્ઞોની સમિતિના અધ્યક્ષ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ભારતના સમાજશાસ્ત્રી એમ.એન.શ્રીનિવાસ હતા.

મંડલ પંચને નીચેની સોંપવામાં આવી હતી :-

૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો નક્કી કરવા માટેના માપદંડો નક્કી કરવા

૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો વિકાસ માટેનાં પગલાંની ભલામણ કરવી.

૩) જાહેર સેવાઓમાં પર્યાપ્ત પ્રતિનિધિત્ત્વ નથી તેવા પછાતવર્ગોને નોકરીઓમાં અનામતની જોગવાઈ અંગે ભલામણ કરવી.

(૨) **ગુજરાત સરકારે નીમેલું પંચ - બક્ષીપંચ :-** અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ સિવાયના સમાજના બીજા કયા કયા સ્તરના લોકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે, તે નક્કી કરવા માટે ગુજરાત સરકારે ૧૯૭૨ માં ગુજરાત હાઇકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ અને કાયદાપંચના અધ્યક્ષ શ્રી.એ.આર.બક્ષીના અધ્યક્ષપદ હેઠળ પંચ (કમિશન) ની નિમણૂંક કરી. આ પંચ 'બક્ષી પંચ' તરીકે જાણીતું છે. આ પંચે નિષ્ણાતોની સમિતિ નીમી. આ સમિતિના સભ્ય તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ગુજરાતના સમાજશાસ્ત્રી આઇ.પી.દેસાઇ હતા. આ પંચે હાથ ધરેલા સર્વેક્ષણના કામમાં આઇ.પી.દેસાઇ એ 'ટેકનિકલ એરિયા કન્સલ્ટન્ટ' તરીકે માનદ્ સેવા આપી હતી. બક્ષી પંચે કોઇ સમૂહના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતપણાને નક્કી કરતા 'જ્ઞાતિ' ને એકમ તરીકે ગણી.

બક્ષીપંચે જુદા જુદા સમૂહોની સામાજિક, આર્થિક, શૈક્ષણિક પરિસ્થિતિનો અભ્યાસ કરીને તથા અલગ-અલગ સમૂહોની રજુઆતો સાંભળીને ૮૨ જ્ઞાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણવાની ભલામણ કરી. ૧૯૭૬ માં બક્ષીપંચે પોતાનો અહેવાલ ગુજરાત સરકારને સુપરત કર્યો. ગુજરાત સરકારે અહેવાલની ભલામણો સ્વીકારી. બક્ષીપંચે જે જ્ઞાતિઓ, વર્ગો કે જૂથોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણી તેને અંગ્રેજીમાં ટૂંકમાં જીઈમ્ઝ કહે છે. સામાજિક અને શૈક્ષણિક રીતે આ ૮૨ પછાત સમૂહોમાં હિદુ જ્ઞાતિઓ તેમજ મુસ્લિમ જ્ઞાતિઓનો સમાવેશ થાય છે.આ યાદીમાં પ્રસંગોપાત સુધારો થતો રહ્યો છે, આ અન્ય પછાતવર્ગો માટે 'બક્ષીપંચની જ્ઞાતિઓ' જેવો શબ્દ પણ પ્રચલિત થવા પામ્યો.બક્ષી પંચે નક્કી કરી આપેલી આ ૮૨

પછાત જ્ઞાતિઓને રાજ્ય સરકારે ગુજરાતમાં સરકારી, અર્ધસરકારી ખાતાંઓ તથા શિક્ષણ સંસ્થાઓમાં અનામત બેઠકો આપી. કેટલીક પછાતજ્ઞાતિઓ કે જેઓને બક્ષીપંચની યાદીમાં સમાવિષ્ટ કરવામાં નહોતી આવી. તે જ્ઞાતિઓએ પોતે પછાત હોવાનો દાવો રજૂ કરીને પોતાનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતજ્ઞાતિઓની યાદીમાં સમાવેશ કરવાની માંગણી કરી.આથી ગુજરાત સરકારે ૧૯૮૧ માં સામાજિક અને આર્થિક પછાતપણું નક્કી કરવા માટે ન્યાયમૂર્તિ શ્રી રાણેના અધ્યક્ષપદે પંચની નિમણૂંક કરી. આ પંચ 'રાણે પંચ' તરીકે ઓળખાયું આઇ.પી.દેસાઇ આ પંચના પણ સભ્ય હતા. અન્ય રાજ્યોમાં પણ આવા હેતુ માટે પંચો નીમવામાં આવ્યાં હતાં.

આમ તો બંધારણે અનામતની સુવિધા એટલા માટે આપી હતી કે તેના અંતર્ગત પછાત વર્ગો કંઇક યોગ્યતા પ્રાપ્ત કરી લેશે.પરંતુ વાસ્તવમાં એવું કાંઇ થયું નહીં. અનામત તો એક રાજનીતિક વિસ્તાર માત્ર રહી ગયો છે. ડૉ.આંબેડકરે બંધારણ નિર્માત્રી સભામાં કહ્યું હતું કે અનામત પ્રત્યેક સ્થિતિમાં સમયબધ્ધ હોવી જોઇએ. પરંતુ અહિં તો અનામત માટે આંદોલન થાય,ખૂન-ખરાબા થાય અને એક પ્રકારે લડાઈ થાય.જે નુકશાન દેશના અનુસૂચિત જાત અને જનજાતિનાં ક્ષેત્રમાં બંધારણીય અનામત માટે ઉઠાવવું પડ્યું, મંડલ કમીશનની ભલામણો પર પણ ઉઠાવવી પડશે. પણ સાચી દિશામાં વિચારવું રહ્યું.

### ★ તમારી પ્રગતિ ચકાસો (ખ).

૧) 'અન્ય પછાત વર્ગો' માં મુખ્ય કોનો સમાવેશ થાય છે? (૫૦ શબ્દોમાં લખો.)

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૨) સાચા ઉત્તર સામે (✓) નિશાની કરો.

૧. આદિવાસીઓની સમસ્યાઓનો સંબંધ કોની સાથે છે?

(અ) સામાજિક સંરચના

(બ) તેમના પર્યાવરણ

(ક) તેમના ઇતિહાસ

(ડ) ઉપરના બધા જવાબ

૨. અનુસૂચિત જાતિઓ માટે ગાંધીજી એ કયો શબ્દ પ્રયોજ્યો છે?

(અ) દલિત

(બ) હરિજન

(ક) સફાઇ કામદાર

(ડ) ઉપર માંથી કોઇ નહિં

૩. કાકાસાહેબ કાલેકરની અધ્યક્ષતામાં કઇ સાલમાં પછાત વર્ગોનું કમિશન

નિમાયું?

(અ) ૧૯૫૩

(બ) ૧૯૬૩

(ક) ૧૯૪૩

(ડ) ૧૯૮૧

## ૧૩.૪ સારાંશ

આ એકમમાં તમે જોયું કે ભારતમાં 'પછાત વર્ગો' શબ્દ વિવિધ અર્થમાં વપરાય છે. મુખ્યત્વે તેના ત્રણ ઘટકો છે એટલે કે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગો. આ ત્રણે ઘટકરૂપે વિભાગોની સામાજિક પશ્વાદ ભૂમિકાનો અભ્યાસ તેની વિશિષ્ટ લાક્ષણિકતાઓ અને બદલાતા સામાજિક સંજોગોમાં તેમની સમસ્યાઓ પર મૂકવામાં આવ્યો છે.

## ૧૩.૫ ચાવીરૂપ શબ્દો (Key Words)

- **પછાતપણું (Backwardness)** : શૈક્ષણિક અને આર્થિકવિકાસનો અભાવ.
- **પછાત વર્ગો (Backward classes)** : અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોની વ્યાપક કોટિમાં સમાવેશ પામતાં સમુદાયો અને જૂથો.
- **એકતા/એક્યબધ્ધતા (Integration) :** વ્યાપક સમાજ વ્યવસ્થાની નજીક આવવાની પરંતુ પોતાની વિશિષ્ટ સામાજિક સાંસ્કૃતિક ઓળખ નાબૂદ કર્યા વગર પ્રક્રિયા.
- **એકાકી/અળગા (Isolation) :** બાહ્ય જગતના સંપર્કનો અભાવ
- **અન્ય પછાત વર્ગો (Other Backward classes) :** નિમ્ન દરજ્જો

## ૧૩.૬ સંદર્ભસૂચિ


- શાહ એ. જી. અને દવે જે. કે., ''સામાજિક કલ્યાણ અને સામાજિક કાનૂનીકરણ'', અનડા પ્રકાશન, અમદાવાદ.
- શાહ એ. જી. અને દવે જે. કે., ''ભારતની સામાજિક સાંસ્થાઓ'', અનડા પ્રકાશન, અમદાવાદ.
- લવાનીયા એમ. એન.,(૧૯૯૦),''સમાજશાસ્ત્ર'', રિસર્ચ પબ્લીકેશન, જયપુર.

એકમ ૧૪

# ભારતમાં અનુસૂચિત જાતિઓ

## રૂપરેખા


૧૪.૦ ઉદ્દેશો

૧૪.૧ પ્રસ્તાવના

૧૪.૨ અનુસૂચિત જાતિનો અર્થ, વ્યાખ્યા.

 ૧૪.૨.૧ અનુસૂચિત જાતિનો ઐતિહાસિક પરિપેક્ષ્ય.

 ૧૪.૨.૨ અનુસૂચિત જાતિનો અર્થ-વ્યાખ્યા.

 ૧૪.૨.૩ ભારતીય સંવિધાન અને દલિત અસ્મિતા.

૧૪.૩ અનુસૂચિત જાતિની વસ્તી

 ૧૪.૩.૧ ભારતમાં અનુસૂચિત જાતિની વસ્તી.

 ૧૪.૩.૨ ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસ્તી.

 ૧૪.૩.૩ રાજ્ય પ્રમાણે અનુસૂચિત જાતિના વસવાટ.

૧૪.૪ અનુસૂચિત જાતિની સમસ્યાઓ.

 ૧૪. ૪.૧ સામાજિક સમસ્યા.

 ૧૪. ૪.૨ આર્થિક સમસ્યાઓ.

 ૧૪. ૪.૩ ધાર્મિક અને રાજકીય સમસ્યાઓ.

૧૪.૫ સારાંશ

૧૪.૬ તમારી પ્રગતિ ચકાસો

૧૪.૭ ચાવીરૂપ શબ્દો

૧૪.૮ સંદર્ભસૂચિ

૧૪.૯ 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો.


## ૧૪.૦ ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે

- ★ અનુસૂચિત જાતિનો અર્થ જાણી શકશો.
- ★ અનુસૂચિત જાતિની વ્યાખ્યા આપી શકશો તેમજ તેની વસ્તીનું પ્રમાણ કેટલું છે તે જાણી શકશો.
- ★ ભારતમાં અને ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસ્તીનું પ્રમાણ જાણી શકશો.
- ★ અનુસૂચિત જાતિના ઐતિહાસિક પરીપ્રેક્ષ્યની જાણકારી મેળવી શકશો.

★ અનુસૂચિત જાતિની સામાજિક સમસ્યા, આર્થિક સમસ્યા, ધાર્મિક અને રાજકીય સમસ્યા કેવી છે તે જાણીને સમજી શકશો.

## ૧૪.૧ પ્રસ્તાવના

સમાજશાસ્ત્ર અન્ય સામાજિક વિજ્ઞાનોની તુલનામાં એક નવો વિષય છે એમ કહી શકાય. આ એકમમાં આપણે ભારતમાં અનુસૂચિત જાતિઓ કે જે સમાજનો એક એવો વર્ગ છે જે હાંસિયામાં રહી ગયો છે (માર્જીનાઇજ ગ્રુપ). ભારતીય સમાજમાં કેટલાક સમૂહો વિકાસની પ્રક્રિયામાં સદીઓથી પાછળ રહી ગયા હતા. આવા સમૂહો સમાજમાં શિક્ષણ, રોજગારી અને રાજકારણમાં સાપેક્ષ રીતે પછાતપણું ધરાવે છે. આવું પછાતપણું ધરાવતા સમૂહોને નબળા વર્ગો તરીકે ઓળખવામાં આવે છે. અનુસૂચિત જાતિ એ બંધારણીય નામ છે. પણ આ ઉપરાંત અનેક નામોથી આ જાતિ ઓળખાય છે. આ જાતિ 'દલિત' શબ્દથી પણ પ્રચલિત છે. સમાજશાસ્ત્રીય પરીપ્રેક્ષ્યથી આ જાતિને અહીં ઓળખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સમાજના સામાજિક માળખામાં જેની વસ્તી ભારતમાં ઠીક ઠીક પ્રમાણમાં છે તે વર્ગને પણ એક સામાજિક રચનાતંત્રમાં ગોઠવીને તેનાં સમાજશાસ્ત્રીય અભ્યાસો થવા જોઇએ, અનુસૂચિત જાતિને બંધારણ દ્વારા, સરકાર દ્વારા, સમાજસુધારકો દ્વારા રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં ભેળવવાના અવિરત પ્રયત્નોના પરિણામે આજે આ જાતિના સામાજિક સ્થાનમાં બદલાવ આવ્યો છે. અને તેના પરિણામે વંચિતોના વર્ગમાંથી આ વર્ગ બહાર આવતો જાય છે, અને રાષ્ટ્રની મુખ્યધારામાં ભળી રહ્યો છે. તેમ છતાં કેટલાક અવરોધોનો પણ તેમને સામનો કરવો પડે છે. બ્રીટીશ શાસન, શિક્ષણ, અનામત નીતિ અને કાયદા દ્વારા સમાજમાં આ વર્ગ એક ચોક્કસ સ્થાન પ્રાપ્ત કરતો જાય છે. પણ તેની ગતિ ધીમી છે.

## ૧૪.૨ અનુસૂચિત જાતિનો અર્થ, વ્યાખ્યા

અનુસૂચિત જાતિનો બીજો પર્યાય શબ્દ 'દલિત' પણ છે. દલિત શબ્દ ભારતમાં ૬૦-૭૦ વર્ષ પૂર્વેથી પ્રચલિત થવા પામ્યો છે. ડો. બાબાસાહેબ આંબેડકરે 'અંત્યજ', બહિષ્કૃત અને પદદલિતને માટે કચડાયેલો વર્ગ (Depressed class) સંજ્ઞાનો ઉપયોગ કર્યો હતો. આ સમયે ભારતભરમાં ગાંધીજી પ્રેરિત 'હરિજન' શબ્દ પ્રચલિત હતો. ભારતીય સમાજમાં પૂર્વે, શુદ્ર, અતિશુદ્ર, ચાંડાલ, દસ્યુ, પંચમ, અછૂત, અંત્યજ, હરિજન, પદદલિત નામે ઓળખાતા એક અલગ સમાજ સમૂહને આજે દલિત તરીકે ઓળખ મળી છે. સાહિત્યમાં 'દલિત' શબ્દનો પ્રથમ પ્રયોગ ૧૯૩૬માં પ્રગતિશીલ સાહિત્યના મંચ પરથી પ્રેમચંદે અને ૧૯૩૭-૩૮માં યોજાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૩ માં અધિવેશનના પ્રમુખ કનૈયાલાલ મુનશીએ કર્યો હતો. સાથે દલિત શબ્દ મેઘાણીના 'યુગવંદના'(૧૯૩૫) કાવ્ય સંગ્રહના ગીતમાં પણ પ્રયોજાયેલો હતો. આજે બંધારણે સૂચવેલ 'અનુસૂચિત જાતિ' ના સમાજ સમૂહ માટે દલિત શબ્દ ઉપયોગમાં લેવાય છે.

જૂના પરંપરાગત મૂલ્યો અનુસાર અનુસૂચિત જ્ઞાતિઓની સમસ્યાના કારણોમાં સામાજિક- ધાર્મિક મૂલ્યો જન્મ, પુનર્જન્મ, પાપ, પુણ્યના ખ્યાલોએ મહત્વનો ભાગ ભજવ્યો છે. સમાજના ઉપલા- ઉજળા વર્ગની જ્ઞાતિઓની સેવા કરવાનો નીચલા દરજ્જાવાળો વ્યવસાય તેમને શિરે પેઢી દર પેઢી સદિઓથી ચાલુ રહ્યો. તેમના ઉચ્ચતા ક્રમના નીચા સ્થાનમાં કોઇ ફરક ના પડ્યો. જે જ્ઞાતિઓ અનેક પ્રકારની સામાજિક, ધાર્મિક અને રાજકીય અસમાનતાઓ તથા નિષેધો સહન કરી રહી છે તે અસ્પૃશ્ય જ્ઞાતિઓ છે. અને અસ્પૃશ્ય હોવાને કારણે જે પરિસ્થિતિનો તેમને સામનો કરવો પડે

છે તે સામાજિક અવદશાને અસ્પૃશ્યતા કહે છે.

### ૧૪.૨.૧ અનુસૂચિત જાતિનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

સમાજમાં દરેક જ્ઞાતિ કે જાતિને પોતાનો ઇતિહાસ રહેલો છે, પણ તે શોધવો પડે. માત્ર ઇતિહાસ કે ભૂતકાળ જાણવા પૂરતું સીમિત નથી પરંતુ તેને એક સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં ઢાળવાનો પ્રયત્ન કરવો જોઇએ. ભારતીય સમાજ વ્યવસ્થાના સંદર્ભમાં અનુસૂચિત જાતિનો પણ ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય જાણવાનો પ્રયત્ન થયો છે. જેના ભાગરૂપે જોતા ભારતીય ઉપખંડમાં અનુસૂચિત જાતિ અનેકવિધ નામોથી ઓળખાતી આવી છે. વર્તમાન સમયે પણ દેશના જુદા જુદા રાજ્યમાં તે જુદા જુદા નામોથી ઓળખાય છે. સિંધુ સંસ્કૃતિના કાળમાં તેઓ દાસ તરીકે ઓળખાતા હતા, મનુ સ્મૃતિમાં તેઓને શુદ્ર અને પંચમ કે અતિશુદ્ર તરીકે ઓળખવામાં આવ્યા. આ ઉપરાંત જુદા જુદા સમયકાળમાં વિવિધ પ્રાંતોમાં તેઓ બહુવિધ નામોથી ઓળખાયા છે. જેમ કે પરિઆ, પરીયલ, નામ શુધ્ધ, અવર્ણ, હરિજન, અસ્પૃશ્યો, પંચમા વિગેરે. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેઓના રાજ્ય શાસનકાળ દરમ્યાન તેમના રાજ્યમાં વસતા અસ્પૃશ્યો માટે અંત્યજ શબ્દ વાપરવો શરૂ કર્યો હતો. નરસિંહ મહેતાએ જેઓને હરિજન કહ્યા તે નામ ને ગાંધીજી એ અસ્પૃશ્ય માટે પ્રચલિત કર્યુ. ગાંધીજીએ આપેલ હરિજન નામ ડો. આંબેડકરને સ્વીકાર્ય ન હોવાથી તે નામનો તેમણે વિરોધ કર્યો. પરંતુ તેઓ તેમને યોગ્ય નામ આપી શક્યા નહી અને કચડાયેલા વર્ગ તરીકે ઓળખાવ્યા. ભારતની રાજકીય

આઝાદી પછીથી બંધારણમાં આ જાતિઓના વર્ગને 'અનુસૂચિત જાતિ' એવુ નામ આપવામાં આવ્યું. અનુસૂચિત જાતિ એ કોઇ જાતિ જ્ઞાતિ માટે વપરાતુ નામ નથી. પરંતુ કેટલીક જ્ઞાતિઓને તેમના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પછાતપણાને કારણે એક જૂથમાં એકઠી કરીને જે વર્ગ હેઠળ (અનુસૂચિ હેઠળ) મૂકીને તે વર્ગને અપાયેલું સમૂહવાસી નામ છે. અમેરીકાના હબસીઓની ચળવળમાંથી પ્રેરણા લઈ મહારાષ્ટ્રમાં શરૂ કરાયેલ ચળવળમાં આ જાતિના લોકો માટે 'દલિત' નામ અપાયું.

હિન્દુ ધર્મશાસ્ત્રોમાં આ જાતિઓની ઉત્પત્તિ તેઓના સામાજિક દરજ્જાઓ રોજબરોજની રહેણીકરણીમાં તેમના વર્તન વ્યવહારો, તેમના પહેરવેશ, ખોરાક, રહેઠાણ, સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક હક્કો અને ફરજો વિગેરે અંગેના સામાજિક નીતિ- નિયમો દર્શાવ્યા છે. મનુસ્મૃતિમાં આ જાતિ અંગેના સામાજિક કાયદાઓનું વિસ્તૃત લેખન/વર્ણન કરવામાં આવ્યું છે. શરૂઆતના વૈદિક શાસ્ત્રોમાં ફક્ત દ્વિજ જાતિઓનો જ ઉલ્લેખ છે. પરંતુ પાછળથી પુરુષસુક્તમાં ચાતુર્વર્ણ વ્યવસ્થાનો ઉલ્લેખ થયો છે અને તે ચાતુર્વર્ણ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર વર્ણ વ્યવસ્થા. આ ચાર વર્ણની ઉત્પત્તિ વિશે કહેવાયુ છે કે તેઓ જગત ચૈતા પરમાત્માના વિરાટ રૂપના મુખ, બાહુ, પેટ અને પગમાંથી જન્મ્યા છે. મુખમાંથી જન્મ્યા તે બ્રાહ્મણ, બાહુમાંથી જન્મ્યા તે ક્ષત્રિય, પેટમાંથી પેદા થયા તે વૈશ્ય અને પગમાંથી પેદા થયા તે શુદ્ર કહેવાયા. શરૂઆતમાં કીર્તિ યુગ સુધી આ વર્ણવ્યવસ્થા જન્મ આધારિત નહિં પરંતુ કર્મ આધારિત એટલે કે કામની વહેંચણીના આધારે હતી. આ સમયકાળ પછીથી ધીરે ધીરે જાતિ આધારિત વર્ણ વ્યવસ્થાનો ઉદ્દભવ અને વિકાસ થયો. જે સમગ્ર દુનિયામાં એક માત્ર ભારતમાં જ જોવા મળતી ખાસ સામાજિક લાક્ષણિકતા છે. આ વર્ણવ્યવસ્થામાં ચોક્કસ સામાજિક ક્રમમાં જાતિય દરજ્જાઓ નક્કી કરતી વ્યવસ્થા છે અને તેનાથી સમાજમાં ઉંચ-નીચના ભેદભાવો સ્પર્શા સ્પર્શ (છૂત-અછૂત) વિગેરેના ખ્યાલ અસ્તિત્વમાં આવ્યા. ભારતમાં અનુસૂચિત જાતિ એક જગ્યાએ મોટા સમૂહમાં રહેતી હોય તેવું જોવા મળ્યુ નથી. પરંતુ તેઓ નાના નાના જૂથ/સમૂહમાં કે ખૂબ જ ઓછી સંખ્યામાં છૂટા છવાયા વસવાટ

કરતા જોવા મળે છે.

### ૧૪.૨.૨ અનુસૂચિત જાતિનો અર્થ

સમાજશાસ્ત્ર સમાજના જુદા જુદા સમુદાયો, જૂથોનો વૈજ્ઞાનિક પધ્ધતિથી અભ્યાસ કરતું શાસ્ત્ર છે. સમાજનો એક વિશિષ્ટ સમુદાય એવો અનુસૂચિત જાતિનો અભ્યાસ પણ સમાજશાસ્ત્રમાં થયા છે. વર્ષોથી પરંપરાગત હિંદુ સમાજ પાંચ વિભાગોમાં વિભાજીત થયેલો હતો. આ પાંચ વિભાગોમાં બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શુદ્રો એ ચાર વર્ણનો તથા પાંચમો વિભાગ પંચજના કે પંચમ તરીકે ઓળખાતા વિભાગનો સમાવેશ થતો હતો. આ પંચમને સમાજમાં અસ્પૃશ્યો ગણવામાં આવતા હતા.

ઓગણીસમી સદીમાં બ્રિટીશ અધિકારીઓએ 'દલિતવર્ગો' શબ્દ પ્રયોજ્યો. આ શબ્દ અસ્પૃશ્ય જાતિઓ માટે પણ ઉપયોગમાં લેવાતો. ૧૯૩૫માં ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટમાં બાહ્ય જ્ઞાતિઓને માટે કે અસ્પૃશ્યો માટે અનુસૂચિત જાતિઓ (Scheduled Castes) શબ્દ પ્રયોજ્યો અને આવી જાતિઓની એક યાદી તૈયાર કરવામાં આવી હતી. તેમાં હટ્ટને નોંધ્યુ છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારત સરકારે આ શબ્દનો ઉપયોગ કરવાનું ચાલુ રાખ્યું. તેઓને બંધારણીય રક્ષણ પુરૂં પાડવા તથા તેઓને વિકાસના લાભો આપવાના હેતુથી અલગ દરજ્જો આપવા 'અનુસૂચિત જાતિઓ' શબ્દ પ્રયોગ ચાલુ રાખ્યો.

અનુસૂચિત જાતિ એ સંજ્ઞા ભારતના બંધારણે પ્રમાણિત કરી છે. બંધારણમાં અનુસૂચિત જાતિની વ્યાખ્યા આપવામાં આવી નથી પરંતુ બંધારણના અનુચ્છેદ ૩૪૧ થી ભારતના રાષ્ટ્રપતિએ એવી સત્તા આપી છે કે તેઓ અમુક જાતિને અનુસૂચિત જાતિ તરીકે ઘોષિત કરી શકે. આમ બંધારણની અનુસૂચિમાં જે જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તેવી જાતિઓને સરકારી પરિભાષામાં અને હવે પ્રચલિત પરિભાષામાં અનુસૂચિત જાતિઓ તરીકે ઓળખવામાં આવે છે. આનાથી આગળ જઈ અલગ રીતે કહીએ તો ભારતમાં પરંપરાગત રીતે અસ્પૃશ્ય ગણાતા જાતિ સમૂહો કે જેઓને બંધારણની અનુસૂચિમાં સ્થાન આપવામાં આવ્યું છે અને બંધારણ દ્વારા જેઓને માટે વિશિષ્ટ અધિકારો આપવાની જોગવાઈ કરવામાં આવી છે એવા જાતિ સમૂહોને અનુસૂચિત જાતિઓ તરીકે ઓળખવામાં આવે છે.

### ૧૪.૨.૩ ભારતીય સંવિધાન અને દલિત અસ્મિતા

ભારતીય સંવિધાનમાં અનુસૂચિત જાતિઓને વિશિષ્ટ દરજ્જો આપવામાં આવ્યો છે. બંધારણ દ્વારા અનુસૂચિત જાતિના હક્કોનું પણ રક્ષણ કરવામાં આવી રહ્યું છે. કાયદાકીય રીતે તેમને પૂરતું રક્ષણ મળી રહ્યું છે. પરંતુ દુનિયાભરમાં ઓળખ/અસ્મિતાનો પ્રશ્ન આજકાલ મહત્વનો બની ગયો છે. સાંપ્રત સમયમાં ખાસ કરીને દલિત ઓળખ/અસ્મિતાની ચર્ચા સવિશેષ થઈ રહી છે. દલિત એ માત્ર સાંસ્કૃતિક ઓળખ નથી પરંતુ તે સામાજિક, આર્થિક અને રાજકીય સંદર્ભ પણ ધરાવે છે.

લોકશાહી પ્રક્રિયાને કારણે સત્તાની લડત વર્ષો વર્ષ વધુ ઘનિષ્ઠ બની છે અને તેથી વિવિધ પ્રકારની ઓળખોની દાવેદારી વધી છે. લોકશાહીના માળખામાં આનું વિશેષ મહત્વ છે. એક હથ્થું શાસન વ્યવસ્થામાં જુદા જુદા પ્રકારની ઓળખો કાંતો દબાવી દેવામાં આવે છે કાંતો તેને ગૌણ બનાવી દેવામાં આવે છે પણ લોકશાહી શાસન વ્યવસ્થામાં આમ બનવુ શક્ય નથી. વિવિધ જૂથના લોકો વચ્ચેની સત્તાની લડતને માટેનું જો મુક્ત રીતે વાતાવરણ પુરૂ પાડવામાં ન આવે તો લોકશાહીનો કોઈ અર્થ રહેતો નથી.

ભારતમાં એથનીક બાબત પર રાજકારણનો આજકાલ ઉભાર થઈ રહ્યો છે, ત્યારે તેમાં માત્ર તેના કારભારીઓના હિતની બાબત આગળ કરીને ઓળખના રાજકારણને સંકુચિત અર્થમાં મૂલવીને તેનું સરળીકરણ સમાજ વિજ્ઞાનિકોને પોષાય તેમ નથી. દલિતોના હક્ક, અધિકાર માટે ડો. આંબેડકરના પ્રયત્નો જાણીતા છે. તેમણે ૧૯૨૭ ના ડિસેમ્બરમાં મનુસ્મૃતિની જાહેરમાં હોળી કરી હતી અને ૧૯૫૬માં લાખો મહાર અનુયાયીઓ સાથે બૌધ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. દલિત એકતાએ ફક્ત તેઓના શોષણ સામે જ લડત આપી નથી, પરંતુ હિંદુવાદી વિચારધારા સામે લડત આપીને પડકાર ઉભો કર્યો છે. પ્રવર્તમાન સંદર્ભમાં બહુજન સમાજપક્ષ જેવા રાજકીય પક્ષોએ પણ દલિતોની આક્રમકતા ને સમજીને દલિતોની ઓળખના રાજકારણને બળકટ બનાવ્યું છે. તેમણે દલિત આમ સમાજની ભાષા બોલવાનું શરૂ કર્યુંછે. ઉપલી જ્ઞાતિની ભાષાને બદલે આ ભાષા બોલવી સહેલી નહોતી કારણ કે તે પોતાના હક્ક અધિકારની સશક્તિકરણની ભાષા હતી. તેઓએ હિંદુવાદ પર વૈચારિક રીતે હુમલો કરવો શરૂ કર્યો છે. તેમને અહેસાસ થયો છે કે દલિતોના પ્રશ્નો અનામતથી ઉકેલવાના નથી પણ તેઓના પ્રશ્નો ઉકેલવા માટે સાંસ્કૃતિક ક્રાંતિની જરૂર છે. દલિત ઓળખના રાજકારણીઓ ઓળખના રાજકારણની સાથો સાથ દલિતોના પોતીકા પ્રશ્નોથી વાચા આપી રહ્યા છે. તે પણ મહત્વની બાબત છે એવું દલિતોનો એક વર્ગ માને છે.

★ **તમારી પ્રગતિ ચકાસો:**

(ક) (i) તમારા જવાબો માટે નીચેની જગ્યાનો ઉપયોગ કરો.

(ii) આ એકમના અંતે આપેલા જવાબો સાથે સરખાવો.

(i) અનુસૂચિત જાતિની વ્યાખ્યા આપો.

..........................................................
..........................................................
..........................................................
..........................................................

(ii) ચાર વર્ણની ઉત્પત્તિ કેવી રીતે થઈ?

..........................................................
..........................................................
..........................................................
..........................................................

## ૧૪.૩ અનુસૂચિત જાતિની વસ્તી

સમાજમાં કઈ જાતિની કેટલી વસ્તી છે તે પણ સામાજિક માળખા માટે અગત્યની છે. વસ્તીનું પ્રમાણ, સંખ્યા, ગીચતા, ઘનતા આ બધી બાબતો સામાજિક પ્રભુત્વ નક્કી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. જો કે સામાજિક પ્રભુત્વ માત્ર સંખ્યાબળ ને જ આધારે નક્કી થાય તેવું નથી. હવે આપણી અનુસૂચિત જાતિની ભારતમાં અને ગુજરાતમાં તેમજ અલગ અલગ રાજ્યોમાં કઈ કઈ અનુસૂચિત જાતિઓ વસવાટ કરે છે તેનો પરિચય મેળવીશું,

| | | કુલ વસ્તી S.C. | વસ્તી | પુરુષો Males | સ્ત્રી Female | બાળકો Child | સાક્ષરતા | જાતિ પ્રમાણ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ભારત | ૪૧,૬૯૪,૮૬૩ | ૨૦૧,૩૭૮,૩૭૨ | ૧૦૩,૫૩૫,૩૧૪ | ૯૭,૮૪૩,૦૫૮ | ૧૪.૫૦% | ૬૬.૦૭ | |
| ૧ | ઉત્તર પ્રદેશ | ૭,૩૭૫,૪૩૭ | ૪૧,૩૫૭,૬૦૮ | ૨૧,૬૭૬,૯૭૫ | ૧૯,૬૮૦,૬૩૩ | ૧૬.૮૧% | ૬૦.૮૯% | ૯૦૮ |
| ૧૦ | પંજાબ | ૧,૭૧૭,૮૮૮ | ૮,૮૬૦,૧૭૯ | ૪,૬૩૯,૮૭૫ | ૪,૨૨૦,૩૦૪ | ૧૨.૮૦% | ૬૪.૮૧% | ૯૧૦ |
| ૧૧ | ઓરિસ્સા | ૧,૬૬૯,૭૮૭ | ૭,૧૮૮,૪૬૩ | ૩,૬૧૭,૮૦૮ | ૩,૫૭૦,૬૫૫ | ૧૩.૨૬% | ૬૯.૦૨% | ૯૮૭ |
| ૧૨ | હરિયાણા | ૯૯૨,૦૯૬ | ૫,૧૩૩,૬૧૫ | ૨,૭૦૯,૬૫૬ | ૨,૪૦૩,૯૫૯ | ૧૪.૮૭% | ૬૬.૮૫% | ૮૮૭ |
| ૧૩ | ગુજરાત | ૮૧૭,૨૮૧ | ૪,૦૭૪,૪૪૭ | ૨,૧૧૦,૩૩૧ | ૧,૯૬૪,૧૧૬ | ૧૨.૧૩% | ૭૯.૧૮% | ૯૩૧ |
| ૧૪ | ઝારખંડ | ૭૫૩,૬૪૪ | ૩,૯૮૫,૬૪૪ | ૨,૦૪૩,૪૫૮ | ૧,૯૪૨,૧૮૬ | ૧૮.૨૯% | ૫૫.૮૯% | ૯૫૦ |
| ૧૫ | છત્તીસગઢ | ૭૪૯,૪૫૭ | ૩,૨૭૪,૨૬૯ | ૧,૬૪૧,૭૩૮ | ૧,૬૩૨,૫૩૧ | ૧૫.૪૭% | ૭૦.૭૬% | ૯૯૪ |
| ૧૬ | કેરળ | ૭૨૫,૫૮૨ | ૩,૦૩૯,૫૭૩ | ૧,૪૭૭,૮૦૮ | ૧,૫૬૧,૭૬૫ | ૯.૪૩% | ૮૮.૭૩% | ૧૦૫૭ |
| ૧૭ | દિલ્હી | ૫૨૭,૩૦૭ | ૨,૮૧૨,૩૦૯ | ૧,૪૮૮,૮૦૦ | ૧,૩૨૩,૫૦૯ | ૧૨.૭૯% | ૭૮.૮૯% | ૮૮૯ |
| ૧૮ | આસામ | ૪૬૮,૫૬૮ | ૨,૨૩૧,૩૨૧ | ૧,૧૪૫,૩૧૪ | ૧,૦૮૬,૦૦૭ | ૧૩.૨૯% | ૭૬.૯૯% | ૯૪૮ |
| ૧૯ | ઉત્તરાખંડ | ૩૬૩,૩૦૫ | ૧,૮૯૨,૫૧૬ | ૯૬૮,૫૮૬ | ૯૨૩,૯૩૦ | ૧૫.૨૦% | ૭૪.૪૧% | ૯૫૪ |
| ૨ | પશ્ચિમ બંગાળ | ૪,૮૬૧,૩૦૩ | ૨૧,૪૬૩,૨૭૦ | ૧૧,૦૦૩,૩૦૪ | ૧૦,૪૫૯,૯૬૬ | ૧૧.૯૧% | ૬૯.૪૩% | ૯૫૧ |
| ૨૦ | હિમાચલ પ્રદેશ | ૩૫૮,૨૧૨ | ૧,૭૨૯,૨૫૨ | ૮૭૬,૩૦૦ | ૮૫૨,૯૫૨ | ૧૨.૫૪% | ૭૮.૯૨% | ૯૭૩ |
| ૨૧ | જમ્મુ અને કાશ્મીર | ૧૮૩,૦૨૦ | ૯૨૪,૯૯૧ | ૪૮૬,૨૩૨ | ૪૩૮,૭૫૯ | ૧૩.૭૦% | ૭૦.૧૬% | ૯૦૨ |
| ૨૨ | ત્રિપુરા | ૧૫૪,૧૧૨ | ૬૫૪,૯૧૮ | ૩૩૪,૩૭૦ | ૩૨૦,૫૪૮ | ૧૧.૭૭% | ૮૯.૪૫% | ૯૫૯ |
| ૨૩ | પુડુચેરી | ૪૫,૪૦૯ | ૧૯૬,૩૨૫ | ૯૫,૫૧૨ | ૧૦૦,૮૧૩ | ૧૧.૭૧% | ૭૭.૯૦% | ૧૦૫૬ |
| ૨૪ | ચંદીગઢ | ૪૦,૬૯૪ | ૧૯૯,૦૮૬ | ૧૦૬,૩૫૬ | ૯૨,૭૩૦ | ૧૩.૩૨% | ૭૬.૪૫% | ૮૭૨ |
| ૨૫ | મણિપુર | ૨૦,૩૪૯ | ૯૭,૩૨૮ | ૪૮,૮૬૩ | ૪૮,૪૬૫ | ૧૨.૯૨% | ૭૬.૦૯% | ૯૯૨ |
| ૨૬ | સિક્કિમ | ૫,૯૩૦ | ૨૮,૨૭૫ | ૧૪,૪૫૪ | ૧૩,૮૨૧ | ૧૨.૪૪% | ૭૭.૫૪% | ૯૫૬ |
| ૨૭ | ગોવા | ૫,૫૪૫ | ૨૫,૪૪૯ | ૧૨,૬૨૭ | ૧૨,૮૨૨ | ૧૦.૪૪% | ૮૩.૭૩% | ૧૦૧૫ |
| ૨૮ | મેઘાલય | ૩,૫૩૩ | ૧૭,૩૫૫ | ૯,૧૫૭ | ૮,૧૯૮ | ૧૩.૬૬% | ૬૮.૫૭% | ૮૯૫ |
| ૨૯ | દાદરા અને નગર હવેલી | ૧,૩૫૩ | ૬,૧૮૬ | ૩,૩૩૯ | ૨,૮૪૭ | ૧૨.૪૨% | ૮૯.૪૨% | ૮૫૩ |
| ૩ | તમિલનાડુ | ૩,૫૯૧,૯૫૩ | ૧૪,૪૩૮,૪૪૫ | ૭,૨૦૪,૬૮૭ | ૭,૨૩૩,૭૫૮ | ૧૧.૦૨% | ૭૩.૨૬% | ૧૦૦૪ |
| ૩૦ | દમણ અને દીવ | ૧,૨૮૮ | ૬,૧૨૪ | ૩,૧૫૧ | ૨,૯૭૩ | ૯.૯૮% | ૯૨.૫૬% | ૯૪૪ |
| ૩૧ | મિઝોરમ | ૨૭૪ | ૧,૨૧૮ | ૮૦૭ | ૪૧૧ | ૯.૯૩% | ૯૨.૪૩% | ૫૦૯ |
| ૩૨ | અરુણાચલ પ્રદેશ | - | - | - | - | - | - | - |
| ૩૩ | નાગાલેન્ડ | - | - | - | - | - | - | - |
| ૩૪ | લક્ષદ્વીપ | - | - | - | - | - | - | - |
| ૩૫ | આંદામાન અને નિકોબાર ટાપુઓ | - | - | - | - | - | - | - |
| ૪ | આંધ્રપ્રદેશ | ૩,૪૨૯,૯૭૩ | ૧૩,૮૭૮,૦૭૮ | ૬,૯૧૩,૦૪૭ | ૬,૯૬૫,૦૩૧ | ૧૧.૧૭% | ૬૨.૨૮% | ૧૦૦૮ |
| ૫ | બિહાર | ૩,૦૭૩,૧૦૯ | ૧૬,૫૬૭,૩૨૫ | ૮,૬૦૬,૨૫૩ | ૭,૯૬૧,૦૭૨ | ૨૧.૦૨% | ૪૮.૬૫% | ૯૨૫ |
| ૬ | મહારાષ્ટ્ર | ૨,૮૯૮,૨૪૫ | ૧૩,૨૭૫,૮૯૮ | ૬,૭૬૭,૭૫૯ | ૬,૫૦૮,૧૩૯ | ૧૨.૨૦% | ૭૯.૬૬% | ૯૬૨ |
| ૭ | મધ્ય પ્રદેશ | ૨,૪૦૨,૩૪૨ | ૧૧,૩૪૨,૩૨૦ | ૫,૯૦૮,૬૩૮ | ૫,૪૩૩,૬૮૨ | ૧૫.૫૧% | ૬૬.૧૬% | ૯૨૦ |
| ૮ | રાજસ્થાન | ૨,૨૭૯,૩૬૬ | ૧૨,૨૨૧,૫૯૩ | ૬,૩૫૫,૫૬૪ | ૫,૮૬૬,૦૨૯ | ૧૬.૬૦% | ૫૯.૭૫% | ૯૨૩ |
| ૯ | કર્ણાટક | ૨,૧૭૮,૫૦૧ | ૧૦,૪૭૪,૯૯૨ | ૫,૨૬૪,૫૪૫ | ૫,૨૧૦,૪૪૭ | ૧૨.૯૭% | ૬૫.૩૩% | ૯૦૯ |

ગુજરાતના જિલ્લામાં અનુસૂચિત જાતિની વસ્તી.

| સ્ટેટ ડીસ્ટ્રીક્ટ કોડ | રાજ્ય/જીલ્લો | કુલ વસ્તી | ગ્રામીણ વસ્તી | શહેરી વસ્તી |
|---|---|---|---|---|
| ૨૪ | ગુજરાત | ૪૦,૭૪,૪૪૭ | ૨૨,૮૧,૫૭૩ | ૧૭,૯૨,૮૭૪ |
| ૪૬૮ | કચ્છ | ૨,૫૮,૮૫૯ | ૧,૭૦,૩૦૪ | ૮૮,૫૫૫ |
| ૪૬૯ | બનાસકાંઠા | ૩,૨૭,૪૬૦ | ૨,૮૭,૯૩૭ | ૩૯,૫૨૩ |
| ૪૭૦ | પાટણ | ૧,૨૩,૪૦૮ | ૯૬,૯૨૩ | ૨૬,૪૮૫ |
| ૪૭૧ | મહેસાણા | ૧,૬૨,૨૮૮ | ૧,૧૮,૭૧૦ | ૪૩,૫૭૮ |
| ૪૭૨ | સાબરકાંઠા | ૧,૮૭,૬૮૫ | ૧,૫૯,૨૧૪ | ૨૮,૪૭૧ |
| ૪૭૩ | ગાંધીનગર | ૧,૦૮,૬૦૮ | ૪૦,૪૫૪ | ૬૮,૧૫૪ |
| ૪૭૪ | અમદાવાદ | ૭,૫૯,૪૮૩ | ૧,૧૮,૫૦૨ | ૬,૪૦,૯૮૧ |
| ૪૭૫ | સુરેન્દ્રનગર | ૧,૭૯,૪૬૧ | ૧,૨૮,૦૧૯ | ૫૧,૪૪૨ |
| ૪૭૬ | રાજકોટ | ૨,૯૦,૧૬૯ | ૧,૪૭,૯૭૯ | ૧,૪૨,૧૯૦ |
| ૪૭૭ | જામનગર | ૧,૭૩,૮૯૫ | ૯૯,૩૭૮ | ૭૪,૫૧૭ |
| ૪૭૮ | પોરબંદર | ૫૧,૮૩૦ | ૨૯,૦૬૮ | ૨૨,૭૬૨ |
| ૪૭૯ | જૂનાગઢ | ૨,૬૫,૭૯૩ | ૨,૦૪,૧૫૩ | ૬૧,૬૪૦ |
| ૪૮૦ | અમરેલી | ૧,૩૨,૯૧૫ | ૧,૦૯,૩૫૧ | ૨૩,૫૬૪ |
| ૪૮૧ | ભાવનગર | ૧,૫૭,૦૩૪ | ૮૮,૬૭૧ | ૬૮,૩૬૩ |
| ૪૮૨ | આણંદ | ૧,૦૪,૪૬૫ | ૭૪,૭૫૫ | ૨૯,૭૧૦ |
| ૪૮૩ | ખેડા | ૧,૧૫,૬૩૧ | ૮૬,૭૯૪ | ૨૮,૮૩૭ |
| ૪૮૪ | પંચમહાલ | ૧,૦૦,૪૪૬ | ૮૩,૦૮૨ | ૧૭,૩૬૪ |
| ૪૮૫ | દાહોદ | ૪૧,૪૪૪ | ૩૧,૬૪૭ | ૯,૭૯૭ |
| ૪૮૬ | વડોદરા | ૨,૨૧,૬૨૯ | ૮૩,૧૦૨ | ૧,૩૮,૫૨૭ |
| ૪૮૭ | નર્મદા | ૮,૭૩૩ | ૫,૯૫૪ | ૨,૭૭૯ |
| ૪૮૮ | ભરૂચ | ૬૨,૨૩૫ | ૩૫,૩૬૪ | ૨૬,૮૭૧ |
| ૪૮૯ | ડાંગ | ૯૯૨ | ૧૫૧ | ૮૪૧ |
| ૪૯૦ | નવસારી | ૩૫,૪૬૪ | ૧૭,૩૪૮ | ૧૮,૧૧૬ |
| ૪૯૧ | વલસાડ | ૩૮,૨૩૭ | ૨૦,૭૭૭ | ૧૭,૪૬૦ |
| ૪૯૨ | સુરત | ૧,૫૮,૧૧૫ | ૩૮,૬૪૦ | ૧,૧૯,૪૭૫ |
| ૪૯૩ | તાપી | ૮,૧૬૮ | ૫,૨૯૬ | ૨,૮૭૨ |

## ૧૪.૩.૩ રાજ્ય પ્રમાણે અનુસૂચિત જાતિઓના વસવાટ

| વસ્તી ધરાવતા રાજ્યો કે કેન્દ્ર હસ્તક પ્રદેશનું નામ | જાતિ/જ્ઞાતિનું નામ |
|---|---|
| (૧) રાજસ્થાન, ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર, દિલ્લી, પશ્ચિમ બંગાળ, તમિલનાડું, પુડુચેરી, આંધ્ર પ્રદેશ, બિહાર, ઓરિસ્સા, પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ત્રિપુરા,જમ્મુ કાશ્મીર | બઈસવ (બામ્માઈ) બાલા, ચમાર, ચંડોલ,ડેહર, હોલ્ડર, વલ્હાર, માંગ, પડોગલ, સમગર, રામગર, સારકી, ચાકિલયમ |
| (૨) પશ્ચિમ બંગાળ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, દેલ્લી, તમિલનાડુ, બિહાર, ઓરિસ્સા, હિમાચલ પ્રદેશ, પંજાબ, આંધ્રપ્રદેશ, ગુજરાત, કર્ણાટક, દાદરા અને નગર હવેલી, કેરાલા, જમ્મુ અને કાશ્મીર | બઈટી, બાલાહી, બાલ્ચી, ભુવી, બીંડ, ચૌપલ, કોઈડર, ગન્ડા, ગંન્ડ, જીહાર, કબીરપંથી, કોળી, કોરી, ડુબી, બોલીપાન, મહાર, માયાવંશી, માલસાલે, મેઘ, મેઘવાળ, પાન, પાને, પાનબા, પન્ટ્રાટન્ટી, સાલવી, વણકર |

| | |
|---|---|
| (૩)પશ્ચિમ બંગાળ, મધ્ય પ્રદેશ, મણીપુર, ત્રિપુરા, ઓરિસ્સા, દિલ્લી, તમિલનાડુ, કર્ણાટક, કેરાલા, આસામ | બાગયા, બેઘેટી, બાઘુટી, બેવર, કાન્ડા, કન્ડરા, કેલબ્રાથા, કેસ્ટ, કાપત, મલ્હાર, પરવણ, પટણી, પોડ, પાન્ડસ, તિપર, કોંકણી, તેર, જાલ કિટ |
| (૪) રાજસ્થાન, ઓરિસ્સા, કર્ણાટક, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર, મ. પ્રદેશ, પંજાબ, ઉત્તર પ્રદેશ | ઘાક્રીયા, ચુસેરી, હાન્ડી, જોંગી, પાસી, સિપાલ |
| (૫) પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, દિલ્લી, આસામ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, બિહાર, પંજાબ, જમ્મુ અને કાશ્મીર, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, મહારાષ્ટ્ર, કર્ણાટક, ઓરિસ્સા, કેરાલા, ગુજરાત | વોસફોડ, બાંસફેર, બન્ટાર, બહાહર, બરાર, બરવાહ, બાસોડ, બાસોર, બિન્ડ, કારેન્ગા, કુચબન્ડ, મલાયાન, પતિઅર, બૈહાર, એમાન, સેનવા, સરખીબન્ડ, ગોદરૂ, કાલરડી |
| (૬) હિમાચલ પ્રદેશ, આસામ, ગુજરાત, મધ્ય પ્રદેશ, નાગાલેન્ડ, ઓરિસ્સા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, દિલ્લી, મણીપુર, કેરાલા, તામિલનાડુ | ચિમ્બે, ધોબી, ઘેલા, માનમ, પૃથિરાજ, વેનન |
| (૭) આંધ્રપ્રદેશ, આસામ, બિહાર, ગુજરાત, જમ્મુ અને કાશ્મીર, મધ્ય પ્રદેશ, કેરાલા, તામિલનાડુ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, પંજાબ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પ.બંગાળ, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, ત્રિપુરા, હરિયાણા | ભંગી, મહેતર, ચંડાલ, ચંભેર, ચેહમ, ચૂરા, ડૂમ, બૂમા, દામને, હલાલખોર, હેલા, મજહબી |
| (૮) ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, પંજાબ, દિલ્લી, હિમાચલ પ્રદેશ | ઘન્ટાર, ધાડા, ધંત્રા, બહેરી, સિધરીયા, સિકલીગર |
| (૯) ત્રિપુરા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગળ, હિમાચલ પ્રદેશ, દિલ્લી, રાજસ્થાન, બિહાર, ગુજરાત, ઓરિસ્સા, કર્ણાટક | ગોર, ખાટકી, ગાવરિયા, હાપી, નાડી, મોચી, મુન્ચી |
| (૧૦) હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, પ. બંગાળ દાહોલે, ડુલો, કાટીયા, ખારવાર, સુનરી, સિલાવત | |
| (૧૧) બિહાર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, મધ્ય પ્રદેશ, આસામ બાબગર, ધોબી, હિરા, ખુમ્મર, લાબન | |
| (૧૨) આસામ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ત્રિપુરા, પંજાબ | સૂત્રઘર, અગરિયા, બાધી, નાગલું, ધોગનો, સીપી. |

## ૧૪.૩ તમારી પ્રગતિ ચકાસો

★ ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં અનુસૂચિત જાતિની વસ્તી કેટલી છે?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

★ ભારતમાં અનુસૂચિત જાતિમાં સાક્ષરતાનું પ્રમાણ કેટલું છે?

.................................................................

..................................................................
..................................................................
..................................................................

★ ગુજરાતમાં અનુસૂચિત જાતિની કુલ કેટલી વસ્તી છે?

..................................................................
..................................................................
..................................................................
..................................................................

★ ગુજરાતમાં કઈ અનુસૂચિત જાતિ વસવાટ કરે છે?

..................................................................
..................................................................
..................................................................
..................................................................

## ૧૪.૪ અનુસૂચિત જાતિની સમસ્યાઓ

ભારતની આઝાદીના આટલા વર્ષો બાદ પણ કેટલાક સમૂહો કેટલીક બાબતોમાં વંચિત રહેવા પામ્યા છે. સમાજમાં જે વર્ગ હાંસિયાની અંદર છે તેવા કેટલાક સમાજોના પોતાના કેટલાક પ્રશ્નો પણ ઉભા છે, તેમાંથી એક સમૂહ અનુસૂચિત જાતિની કેટલીક સમસ્યાઓ નીચે મુજબ છે.

### ૧૪.૪.૧ સામાજિક સમસ્યાઓ

ભારતીય સમાજમાં દરેક જાતિનું સામાજિક સ્થાન નિશ્ચિત છે જેમા અસ્પૃશ્ય જાતિને નીચલા સ્થાને મૂકવામાં આવ્યા હતા અને તેઓ સમાજમાં સૌથી નીચો દરજ્જો ધરાવતા હતા. આ ઉપરાંત પરંપરાગત સમાજમાં અસ્પૃશ્ય લોકોને શિક્ષણ મેળવવામાં પણ અવરોધો હતા.

ખોરાક, પાણી ઉપરના કેટલાક નિષેધો હતા. જાહેર સ્થળોના ઉપયોગમાં કેટલાક પ્રતિબંધો હતા. અસ્પૃશ્ય લોકોને ગામ કૂવા, તળાવો, જાહેર હોસ્પિટલો, રસ્તાઓ વગેરેનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. ગામની બહાર તેમનો વસવાટ હતો. આર્થિક રીતે અસ્પૃશ્ય લોકોની સ્થિતિ ખૂબ જ દયાળુ હતી.

### ૧૪.૪.૨ આર્થિક સમસ્યાઓ

તેઓ સમાજમાં દરેક પ્રકારના આર્થિક વિશેષાધિકારોથી વંચિત હતા. પરંપરાગત રીતે અસ્પૃશ્ય લોકોને તેમની  પોતાની જમીન અથવા મિલકતની મંજૂરી આપવામાં આવી ન હતી. ભૂતકાળમાં અસ્પૃશ્ય લોકોને પોતાને વ્યવસાયમાં રોકવાની મંજૂરી આપવામાં આવતી ન હતી. જે ઉચ્ચ જાતિના સભ્યો માટે આરક્ષિત હતા. અસ્પૃશ્ય લોકો પરંપરાગત રૂપે નિમ્ન વ્યવસાય સાથે સંકળાયેલા હતા. ખાસ કરીને

ખેતીમાં ખેત મજૂરો તરીકે જ કામ કરવુ પડતું હતું.

### ૧૪.૪.૩ ધાર્મિક અને રાજકીય સમસ્યાઓ

અસ્પૃશ્ય લોકોને ધર્મ દ્વારા હિંદુઓ તરીકે ઓળખવામાં આવે છે, છતા તેમને હિંદુ મંદિરો અથવા પૂજાના અન્ય સ્થળોમાં પ્રવેશવાની પરવાનગી આપવામાં આવી નથી. પૂજાપાઠ અને ધાર્મિક પુસ્તકો વેદોનું જ્ઞાન નો અભ્યાસ કરવાની મંજૂરી ન હતી. ઉપરાંત તેમને રાજકારણ અને વહીવટ માં ભાગ લેવાની મંજૂરી ન હતી. જો કોઇ રાજકીય પદ મેળવે તો પણ તેમની સાથે અંતર રાખવામાં આવતું હતું.

### (ગ) તમારી પ્રગતિ ચકાસો

★ અનુસૂચિત જાતિની સામાજિક સમસ્યા કઈ કઈ છે?

................................................................

................................................................

................................................................

................................................................

★ અનુસૂચિત જાતિની આર્થિક સમસ્યા કઈ છે?

................................................................

................................................................

................................................................

................................................................

★ અનુસૂચિત જાતિની ધાર્મિક અને રાજકીય સમસ્યા કઈ છે?

................................................................

................................................................

................................................................

................................................................

### ૧૪.૫ સારાંશ

આ એકમમાં આપણને અનુસૂચિત જાતિનો અર્થ અને વ્યાખ્યા સમજવા મળી. અનુસૂચિત જાતિના ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય દ્વારા જુદા જુદા સમાજમાં આ જાતિના કેવા નામોથી પ્રચલિત હતી તે પણ જાણવા મળ્યું. મહારાષ્ટ્રમાં શરૂ કરાયેલ ચળવળમાં આ જાતિના લોકો માટે ‘દલિત’ નામ અપાયું. દલિતોને પોતાની અસ્મિતા જાળવી રાખવાના પ્રયત્નો કેવા થયા તે જાણવા મળ્યું. ઉપરાંત ભારત સરકારના વસ્તી ગણતરીનો રીપોર્ટ ૨૦૧૧ના આધારે ભારતમાં, ગુજરાતમાં તેમજ રાજ્ય પ્રમાણે એ જાતિનો વસવાટ વિષેની જાણકારી મળી. અને અનુસૂચિત જનજાતિની સામાજિક, આર્થિક અને ધાર્મિક તેમજ રાજકીય સમસ્યાઓ વિશે પ્રકાશ પાડવામાં આવ્યો છે. જે પૂરતો છે.

## ૧૪.૬ ચાવીરૂપ શબ્દો

- ★ અનુસૂચિત જાતિઃ- આ સંજ્ઞા ભારતના બંધારણે પ્રમાણિત કરી છે.
- ★ દાસઃ- સિંધુ સંસ્કૃતિના કાળમાં અનુસૂચિત જાતિને દાસ તરીકે ઓળખાતી હતી.
- ★ દલિત અસ્મિતાઃ- દલિત એ માત્ર સાંસ્કૃતિક ઓળખ નથી પરંતુ તે સામાજિક, આર્થિક અને રાજકીય સંદર્ભ પણ ધરાવે છે.
- ★ અંત્યજઃ- વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેઓના શાસનકાળ દરમ્યાન તેમના રાજ્યમાં વસતા અસ્પૃશ્યો માટે અંત્યજ શબ્દ વાપરવો શરૂ કર્યો હતો.

## ૧૪.૭ સંદર્ભસૂચિ


- મકવાણા. એમ. એચ., (૨૦૦૦), ''ગુજરાતમાં અનુસૂચિત જાતિઓ'', સૂરભી પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, વડોદરા.
- શાહ. એ.જી. અને દવે. જે.કે, બીજી આવૃત્તિ(૨૦૦૬-૦૭), ''સામાજિક કલ્યાણ અને સામાજિક કાનૂનીકરણ'', અનડા બુક ડીપો, અમદાવાદ.
- પરીખ. ભરતભાઇ. એમ., પ્રથમ આવૃત્તિ(૨૦૧૧-૧૨), ''ભારતીય સમાજ'', મયૂર પ્રકાશન, અમદાવાદ.
- પરીખ ભરતભાઇ એમ., પ્રથમ આવૃત્તિ(૨૦૦૦), ''ભારતીય સમાજનો પરીચય'', મયૂર પ્રકાશન, અમદાવાદ.
- પટેલ અર્જુન, (૨૦૦૫), ''ગુજરાતમાં દલિત અસ્મિતા'', સમાજ દર્શન શ્રેણી પુસ્તિક- ૬, પ્રકાશકઃ- સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત.
- સેન્સસ રીપોર્ટઃ- ''ભારતસરકારનો ૨૦૧૧ નોસેન્સસ રિપોર્ટઅનેતેનાઅહેવાલો'', ૨૦૧૧, ભારત સરકાર


## ૧૪.૮ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

૧૪.૨.૩ (ક)

**(i)** ભારતમાં પરંપરાગત રીતે અસ્પૃશ્ય ગણાતા જાતિ સમૂહો કે જેઓને બંધારણની અનુસૂચિમાં સ્થાન આપવામાં આવ્યું છે અને બંધારણ દ્વારા જેઓને માટે વિશિષ્ટ અધિકારો આપવાની જોગવાઇ કરવામાં આવી છે એવા જાતિ સમૂહોને અનુસૂચિત જાતિઓ તરીકે ઓળખવામાં આવે છે.

**(ii)** જગત ચેતા પરમાત્માના વિરાટરૂપ ના મુખ, બાહુ, પેટ અને પગમાંથી જન્મ્યા છે. મુખમાંથી જન્મ્યા તે બ્રાહ્મણ, બાહુમાંથી જન્મ્યા તે ક્ષત્રિય.

૧૪.૩. (ખ)

**(i)** ૪૧,૬૯૪,૮૬૩ વસ્તી છે.

**(ii)** ૬૬.૦૭% સાક્ષરતાનું પ્રમાણ

**(iii)** ૪૦,૭૪,૪૪૭ ગુજરાતની વસ્તી છે.

**(iv)** અગેર, બાકડ, બાવા, ઢેડ, ઢેડસાધુ, ચમાર, મોચી, રોહિત, ભંગી, ચલવાડી, ચત્રાપા, ડાંગશીષા, કંકાપા, ગરમાતંગ, ગરોડા, હલ્લીર, હોલાપા, વલ્હાર,

મહાયાવંશી, મુકરી, નાડીયા, પાસી, થોરી, તરી

૧૪.૪. (ગ)

**(i)** અસ્પૃશ્યતાની સમસ્યા, શૈક્ષણિક સમસ્યા, આહાર સંબધી સમસ્યા, જાહેર સ્થળોના ઉપયોગની સમસ્યાઓ છે.

**(ii)** સંપત્તિનો અધિકાર ઓછો છે. વ્યવસાય પસંદ કરવાનો અધિકાર નથી, ખેતી હિન મજૂરોની સમસ્યાઓ જેવી આર્થિક સમસ્યાઓ છે.

**(iii)** પૂજાપાઠ કરવાનો અધિકાર, રાજકીય પ્રભુત્વ ઓછું, રાજકીય હોદ્દાઓ ઓછા, ધર્મ પરિવર્તનની સમસ્યાઓ જોવા મળે છે.

# એકમ ૧૫ ભારતમાં આદિવાસીઓ : અર્થ, વ્યાખ્યા, વસ્તી અને સમસ્યાઓ

## રૂપરેખા


૧૫.૦ ઉદ્દેશો

૧૫.૧ આદિવાસી સમાજનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

૧૫.૨ આદિવાસી સમાજનો પરિચય

    ૧૫.૨.૧ 'આદિમ' શબ્દનો અર્થ

    ૧૫.૨.૨ આદિવાસીનો અર્થ

    ૧૫.૨.૩ આદિવાસીઓની વ્યાખ્યા

    ૧૫.૨.૪ આદિવાસીઓની સંસ્કૃતિ

૧૫.૩ આદિવાસીઓની સમસ્યાઓ

    ૧૫.૩.૧ આદિવાસીઓની વસ્તીવિષયક માહિતી

    ૧૫.૩.૨ ગુજરાતના આદિવાસી વિસ્તારો

    ૧૫.૩.૩ ગુજરાતમાં આદિવાસી સમૂહો વિષયક માહિતી

    ૧૫.૩.૪ ગુજરાતના આદિવાસી વિસ્તારોને મળેલ બંધારણીય હકો

૧૫.૪ આદિવાસીઓની સમસ્યાઓ

    ૧૫.૪.૧ આદિવાસી ઓળખ જાળવી રાખવાની સમસ્યાઓ

    ૧૫.૪.૨ વિકાસની સમસ્યાઓ

    ૧૫.૪.૩ બંધારણીય પ્રશાસનની સમસ્યા

૧૫.૫ સારાંશ

૧૫.૬ તમારી પ્રગતિ ચકાસો

૧૫.૭ ચાવીરૂપ શબ્દો

૧૫.૮ બહુવૈકલ્પીક પ્રશ્નો

૧૫.૯ સ્વાધ્યાયના પ્રશ્નો

૧૫.૧૦ સંદર્ભ સૂચિ


## ૧૫.૦ ઉદ્દેશો

આ એકમના અભ્યાસ બાદ

- આદિવાસી સમાજનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય સમજશો.
- આદિવાસી સમાજ વિશો જાણશો.

- આદિવાસીઓની સંસ્કૃતિ વિશો સમજશો.
- આદિવાસીઓની વસ્તીવિષયક માહિતી જાણશો.
- ગુજરાતમાં આદિવાસી સમૂહો વિષયક માહિતી જાણશો.
- ગુજરાતના આદિવાસી વિસ્તારોને મળેલ બંધારણીય હકો સમજશો.
- આદિવાસીઓ સમસ્યાઓ જેવી કે આદિવાસી ઓળખ જાળવી રાખવાની સમસ્યાઓ, વિકાસની સમસ્યાઓ, બંધારણીય પ્રશાસનની સમસ્યા વિશે જાણકારી મેળવશો.

## ૧૫.૧ આદિવાસી સમાજનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

આદિવાસી ઓળખ અને અર્થ સમજવા તેમની પુરાકલ્પનાઓ (Myths)ને વૈજ્ઞાનિક કસોટી પર મૂકીને ચકાસવું તે જરૂરી છે. બ્રહ્માંડ, ધરતી, તારાઓ, આકાશ, માનવસૃષ્ટિ, જીવ જગત ઉત્પત્તિ અને તેની ધારણાઓ વિશે નવેસરથી વિચારવું અને સમજવું એ સમયની માંગ બની રહે છે. તે સંદર્ભે આદિવાસીઓના સાહિત્યને સમજવું જરૂરી થઈ પડે છે. વેરિયર એલ્વિને તે તરફ ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કર્યો હતો. તેમણે ભારતના પર્વતીય પ્રદેશના આદિવાસીઓની લોકકથાઓનું સંકલન 'When the Wrold was Young' (વિશ્વ એના આરંભે) નામનું પુસ્તક પ્રકાશિત કર્યું. જેમાં સૃષ્ટિનો આરંભ, આદિમાનવ અને તેની શોધો, બોલતા પ્રાણીઓની દુનિયા અને પ્રલય જેવા વિષયોને સરળ શૈલીમાં મૂકી આપ્યા. તેમાંથી એક આદિવાસી વિશ્વ રચાય છે. પૂર્વોત્તર, પૂર્વમધ્ય, દક્ષિણ અને પશ્ચિમના બધા જ આદિવાસી સમુદાયોમાં આ પ્રકારની કથાઓ મળી આવે છે. જે વૈવિધ્યપૂર્ણ ભારતમાં એક વિલક્ષણ ચહેરો રચીને સામે આવે છે. એક નવું જ વિશ્વ ભારત સમક્ષ મૂકે છે.

માનવ ઉત્પત્તિ વિશે આપણે ત્યાં ઘણાં મતમતાંતરો છે. પણ ભારતની વાત કરીએ તો ડૉ. રાધાકમલ મુકરજીનો માનવ ઉત્પત્તિનો હિમાલયનો અનુમાન એટલો સાર્થક કરતો નથી. કારણ કે ભારતની સૌથી જૂની ધરતી વિંધ્યાચલની ઉત્તરે આવેલી પર્વતમાળાઓ નર્મદાના બંધ વખતે મળેલ માનવકંકાલ અઢી લાખ વર્ષ જૂનું મનાય છે. એટલે કે આજથી અઢી લાખ વર્ષ પૂર્વે નર્મદા ઘાટીઓમાં માનવ વસાહતો હોવાના પુરાવા મળે છે. પરંતુ તે માનવ વસાહતો કોની હતી ? તે વિશે પૂરેપૂરી માહિતી મળતી નથી. નૃવંશશાસ્ત્રીઓ દુનિયાભરની બધી જ જાતિઓએ મુખ્ય ત્રણ પ્રકારોમાં વહેંચે છે. પ્રથમ પ્રકારના ગોરા લોકો છે. જેમને કોકેશિયન કહેવાય છે. બીજા પ્રકારના જેમનો રંગ પીળો હોય છે અને તે મોંગલ જાતિના છે તથા ત્રીજા પ્રકારના તે લોકો જેમનો રંગ કાળો છે અને તે ઈથોપિયન પરિવારના છે. આ વિભાજન રંગો પર આધારિત છે. શારીરિક રચનાના આધાર પર ભારતની પ્રજા ચાર ભાગમાં વહેંચાય છે. પ્રથમ પ્રકારના લોકો એ છે કે જેમનું કદ નાનું, રંગ કાળો, નાક ચોડુ અને વાળ વાંકડિયા હોય છે. આ જાતિના લોકો મુખ્યત્ત્વે જંગલોમાં રહે છે. આ લોકો આર્યો અને દ્રવિડોના આગમન પૂર્વે આ દેશમાં વસતા હતા તે આદિવાસીઓના સંતાન. બીજા પ્રકારના લોકો જેમનું કદ નાનું, રંગ કાળો, માથું લાંબુ, માથાના વાળ જાડા, નાક ઊભું અને પહોળું હોય છે. રંગ અને કદમાં તે આદિવાસીઓ સાથે મળતા દેખાય છે, પરંતુ તે જુદા છે. વિંધ્યાચલની નીચે પૂરા દક્ષિણ ભારતમાં છે. તે દ્રવિડ જાતિના લોકો છે, ત્રીજા પ્રકારના લોકો જેમનું કદ લાંબુ, ઘઉંવર્ણા અથવા ગોરા, દાઢી મૂછો જાડી, માથું લાંબુ તથા નાક પાતળું અને અણીવાળું હોય છે, તેઓ આર્ય જાતિના લોકો છે. એ પ્રજા ઠંડા પ્રદેશમાંથી ભારતમાં આવી હતી. ભારત ગરમ પ્રદેશ છે તેથી સમય જતાં આર્યોનો રંગ પહેલાં કરતાં ફિકો

પડેલો દેખાય છે. ચોથા પ્રકારના લોકો મંગોલ જાતિના છે. જે અસમ, બર્મા, ભૂતાન, નેપાળ વગેરે ક્ષેત્રોમાં જોવા મળે છે. તેમનું કપાળ પહોળું, રંગ કાળો, પીળો તેમના ચહેરા પર દાઢી મૂછ પણ આછા ઉગે છે. તેઓ ભારતમાં ચીન અને તિબેટથી ઉતરી આવેલા મનાય છે.

નૃવંશ વિજ્ઞાનના આધારે આપણે જાણી શકીએ છીએ કે આ દેશમાં આદિવાસીઓ વસતા હતા. તે પછી કઈ કઈ જાતિઓ, ક્યાંથી આવીને, કયા કયા સમયે, કયા સ્થળેથી પ્રવેશીને, કયા ક્ષેત્રોમાં વસવાટ કરતી તેનો ચિતાર મળી રહે છે. આ બધી વાતોનો આદિવાસી ઓળખ સાથે સંબંધ રહેલો છે. ઉપરોક્ત જાતિ વિષયક અભ્યાસથી આદિવાસી ઓળખનો ખ્યાલ બંધાયો. કેટલાક પ્રખ્યાત ઇતિહાસકારો જેવા કે રામદાસ, ડૉ. હીરાલાલ, સરદાર કિબે, પરમશિ અય્યર અને પ્રો. સાંકળિયાનો નિષ્કર્ષ છે કે અસુર રાજા રાવણની રાજધાની લંકા અને વાનર રાજ્ય કિષ્કિંધા મધ્ય ભારતમાં અનુક્રમે ચિત્રકુટ પહાડોના દક્ષિણમાં અને નર્મદા નદી ઉત્તરમાંથી જન્મી હતી. સરદાર કિબે, રામદાસ અને અય્યરના મત અનુસાર રાવણ અને અસુર એક આદિવાસી જાતિ સંભવતઃ ગૌંડ જાતિ હતી અને મહાકાવ્યમાં વર્ણિત હનુમાન જેવી વાનર સાવંશ કે કોરકુ જાતિના હતા. તેના વંશજો આજે પણ મધ્ય ભારતની પહાડીપટ્ટીમાં રહે છે. આજે પણ ગોંડ રામાયણમાં ખલનાયક રાવણને મુખીના રૂપમાં અધિક સન્માન અપાય છે. ભગવતીપુરાણ, શિવપુરાણ, મહાભારત, રામાયણ અને બીજા પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં મધ્ય અને પશ્ચિમ ભારતની મોટામાં મોટી આદિવાસી જાતિ ભીલનો ઉલ્લેખ આવે છે. મહાભારતમાં એક ભીલ જરાથાના હાથે કૃષ્ણના મૃત્યુનો ઉલ્લેખ છે. (મોસલ પર્વ, અધ્યાય-૪, શ્લોક-૨૨) કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં આદિવાસી સંસ્કૃતિના બે ભેદ જોવા મળે છે. અનુક્રમે 'આટવિક' સંસ્કૃત અને 'આરણ્યક' સંસ્કૃત. કૌટિલ્ય આરણ્યના મુખીઓ વિશે લખે છે. તેમની સંખ્યા વિશાળ હતી. શૂર હતા અને કોઈ દેશનો વિનાશ લાવી શકે તેવા હતા. ઈ.સ. પૂર્વે ત્રીજી સદીમાં રાજ્ય કરતો મૌર્ય સમ્રાટ અશોક આરણ્યવાસીઓ જોડો સમાધાન કરવા માંગતો હતો. ઈસુની ચોથી સદીમાં સમુદ્રગુપ્તે આટવિક રાજાઓ એટલે કે જંગલના સમૂહના મુખીઓને પોતાના સેવક બનાવી લીધા હોવાનું કહેવાય છે. આ સમયે આરણ્યવાસીઓના ઉપયોગ પર બંધનો આવ્યા હતા. તેથી તેમના વિશિષ્ટ સમૂહ કે સમાજ તરીકેની ઓળખ પણ તૂટી પડી હતી. વેપારના વિકાસ વિનિમય માટે નવા પ્રદેશો ખોલવા, જંગલો વચ્ચેથી રસ્તાઓ પસાર થતા હતા. આ રસ્તાઓની સાથે સાથે તેની કિંમતી જંગલી ઉપજના રક્ષણ માટે આરણ્યકો ઉપર નિયંત્રણ જરૂરી હતું. ગુપ્તકાળથી આગળ જમીનોના અપાયેલા ઈનામોથી ખેતીની અર્થવ્યવસ્થામાં ફેરફાર થયો. નવીન રાજકીય ફેરફાર થયો અને નવીન રાજકીય અર્થવ્યવસ્થા શરૂ થઈ. તેનાથી આરણ્યકોને કદાચ જંગલમાં વધુ ઊંડાણમાં ઊતરી જવાની ફરજ પડી. છઠ્ઠી શતાબ્દીમાં સંસ્કૃત મહાકવિ ભારવિએ 'કિરાતાર્જુનીયમ' (સર્ગ-૧૩ શ્લોક-૬૭)માં કહ્યું, ''આદિવાસી યુદ્ધકળામાં કુશળ છે.'' પૌરાણિક સાહિત્યમાંથી સામાન્ય તારણ કાઢી શકાય કે, આરણ્યક સંસ્કૃતિ-રક્ષક સંસ્કૃતિ હતી. પ્રકૃતિને રક્ષવાનો ભાવ તેનામાં ગ્રહિત દેખાય છે. જંગલો સાચવવા અને તેના આધારે જીવન વ્યાપન કરવું આ સંસ્કૃતનું મૂળતત્ત્વ રહ્યું હોવાનું દેખાય છે. જેનો ગુણ આજે પણ મહદ્અંશે આદિવાસી પ્રજામાં દેખાય છે.

## ૧૫.૨ આદિવાસી સમાજનો પરિચય

### ૧૫.૨.૧.'આદિમ' શબ્દનો અર્થ

વેબર 'આદિમ' શબ્દનો અર્થ સમજાવતાં કહે છે કે, ''આદિમ એટલે શરૂઆત,

ઉદ્‌ભવ અથવા સંસ્કૃતિના ઉષાકાળના સમૂહ.''

ટાયલર 'આદિમ' શબ્દનો અર્થ સમજાવતાં જણાવે છે કે, ''આદિમ એટલે નીચલી કક્ષા અથવા સાંસ્કૃતિક ઉત્ક્રાંતિનો તબક્કો.''

એલેકઝાન્ડર ગોલ્ડન ઝિઝર 'આદિમ'નો અર્થ સમજાવતાં જણાવે છે કે, ''આદિમ જાતિના લોકો પોતાની સંસ્કૃતિનું વિશ્લેષણ કરતા નથી, પરંતુ પોતાની સંસ્કૃતિ વિશે જીવી જાણે છે. એ અવસ્થામાં આદિમનો અર્થઘટન કરવામાં આવ્યો છે.''

### ૧૫.૨.૨.આદિવાસીનો અર્થ

'આદિવાસી'ની શાબ્દિક વ્યાખ્યા, આદિ એટલે પહેલેથી અને વાસી એટલે રહેનારું. આમ, પહેલેથી રહેનારાને આદિવાસી કહી શકાય.

ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ ''સીમા પ્રદેશમાં વસતા અથવા તો તે દેશના અંતરિયાળ વિસ્તારોથી દૂર રહેતા લોકોને'' આદિવાસીઓ તરીકે ઓળખાવ્યા હતા.

આંતરરાષ્ટ્રીય મજૂર સંસ્થા **(I.L.O.)** આદિવાસીઓને 'મૂળ રહેવાસી'ના સ્વરૂપે ઓળખાવે છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ **(U.N.O.)** આદિવાસીઓ માટે એવો અર્થ આપે છે કે, કોઈપણ દેશમાં બીજા લોકો આવ્યા ત્યારે ત્યાં રહેતા તે શરૂઆતના લોકો. આમ, કોઈપણ આંતરરાષ્ટ્રીય સ્તરે આદિવાસીઓ માટે 'ઈન્ડિજીનસ પીપલ' અથવા 'એબોરિજીનલ પીપલ' એવો શબ્દ વાપરે છે.

### ૧૫.૨.૩.આદિવાસીઓની વ્યાખ્યા

હોમાન્સ આદિવાસીનો અર્થ આપતા જણાવે છે કે, ''આદિમ જાતિના લોકોને નિરક્ષર કે અનક્ષર કહેવા જોઈએ, કારણ કે લેખિત ભાષા વિકસાવવામાં નિષ્ફળ રહ્યા છે; પરંતુ, સગાઈ સંબંધ દ્વારા સંગઠિત વ્યવસ્થા વિકસાવી છે. જે પાશ્ચાત્ય સમાજ કરતાં વધુ વિસ્તૃત જોવા મળે છે.''

એસ્કીમો ઓસ્ટ્રેલિયન આદિમ સંસ્કૃતિની વાત કરીએ તો ઘણા સમાજશાસ્ત્રીઓએ નોંધ્યું છે કે, વિકિસત સમાજમાં સભ્ય કરતાં પણ વધારે ઉદાર, સ્નેહાળ અને સહકારપ્રિય છે અને તેઓ અનેક સમુદાયો ધરાવે છે. તેઓ સાચા, વિશ્વાસુ, આનંદી અને હિંમતવાન હોય છે. જેઓ ફક્ત સદગુણોને ઉચ્ચારે છે અને સદગુણોની સાથે જીવે છે.

ડૉ.રિવર્સના મતે ''આદિજાતિ એક એવું સામાજિક જૂથ છે, જેના સભ્યો સામાન્ય ભાષા બોલે છે. તેમજ યુદ્ધ જેવા સર્વસામાન્ય હેતુમાં બધા ભેગા કરે છે.''

ફ્રાન્સબોઆસ ના મતે ''જનજાતિનો અર્થ આર્થિક દૃષ્ટિએ એક એવો જનસમૂહ છે જે એક જ ભાષા બોલે છે અને બાહ્ય આક્રમણથી સુરક્ષા માટે સંગઠિત થાય છે.''

નોટ્સ એન્ડ કવેરિજ જણાવે છે કે, ''માનવશાસ્ત્રની પુસ્તક નોટ્સ એન્ડ કવેરિજમાં જનજાતિને એવો સમુદાય બતાવવામાં આવ્યો છે, જે કોઈ વિશેષ ભૂસ્થાનનો માલિક હોય. જે રાજનૈતિક તથા સામાજિક દૃષ્ટિથી કડીબદ્ધ સ્વાયત્ત શાસન ચલાવી રહ્યો હોય.''

ભારતીય સંવિધાનમાં દર્શાવેલ અર્થ મુજબ જોઈએ તો, બંધારણના અનુચ્છેદ ૩૬૬(૨૫) અનુસૂચિત જનજાતિને નીચે પ્રમાણે વ્યાખ્યાયિત કરવામાં આવી છે:

'અનુસૂચિત જનજાતિઓ'ને એવી જનજાતિઓ અથવા જનજાતિ સમુદાયોનો ભાગ અથવા એવા જૂથ સામેલ છે જેમાં બંધારણીય ઉપયોગ માટે અનુચ્છેદ

૩૪૨ના અનુસાર અનુસૂચિત જનજાતિઓ સમજવામાં આવે છે.અનુચ્છેદ ૩૪૨,જે જનજાતિઓની ઓળખનો અર્થ બતાવે છે જે નીચે મુજબ છેઃ

(૧) રાષ્ટ્રપતિ કોઈપણ રાજ્ય અથવા સંઘ શાસિત ક્ષેત્રોમાં સંબંધમાં અને જ્યાં એ રાજ્ય છે ત્યાંના રાજ્યપાલની સલાહથી લોકઅધિસૂચના દ્વારા તે જનજાતિઓ કે જનજાતિ સમુદાયો અથવા જનજાતિઓ કે જનજાતિસમુદાયોના ભાગો અથા તેના જૂથોને નિર્દિષ્ટ કરી શકશે. જેને આ સંવિધાનના પ્રયોજન માટે યથાસ્થિતિ તે રાજ્ય કે સંઘ રાજ્યક્ષેત્રના સંબંધમાં અનુસૂચિત જનજાતિ ગણવામાં આવશે.

(૨) સંસદીય કાર્યવાહી દ્વારા કોઈપણ જનજાતિ કે જનજાતિ અથવા જનજાતિ સમુદાયનો ભાગ અથવા તેમાં જૂથ ખંડ(૧)ના આધિન કરવામાં આવેલી અધિસૂચનામાં નવનિર્દિષ્ટ અનુસૂચિત જનજાતિઓની સૂચિમાં જ્યારે કોઈ વ્યક્તિ જન્મથી અનુસૂચિત જનજાતિ હોવાનો દાવો કરે છે તો નીચે પ્રમાણેની બાબતો પ્રમાણિત કરવી જોઈએઃ

(**i**) જે તે વ્યક્તિ અને તેમના માતા-પિતા બતાવવામાં આવેલ સમુદાય સાથે સંબંધ ધરાવે છે ?

(**ii**) જે તે સમુદાય રાષ્ટ્રપતિ દ્વારા બહાર પાડેલ રાજ્યના સંબંધમાં આદેશમાં અનુસૂચિત જનજાતિના રૂપમાં સામેલ છે.

(**iii**) તેમનો ધર્મ કોઈપણ હોઈ શકે છે.

(**iv**) જે તે વ્યક્તિ તે જ રાજ્યમાં તથા ક્ષેત્રમાં રહે છે. ત્યાં એ સમુદાયને અનુસૂચિતમાં રાખવામાં આવ્યો છે.

(**v**) જે તે વ્યક્તિ રાષ્ટ્રપતિ દ્વારા બહાર પાડેલ વટહુકમના દિનથી તે રાજ્યનો સ્થાયી નિવાસી હોવો જોઈએ.

(**vi**) એવો વ્યક્તિ જે વટહુકમ જાહેર થયેલ સમયે સ્થાઈ નિવાસથી અસ્થાયી

રૂપથી કોઈપણ કાર્યને માટે બહાર રહ્યા હોય. જેમ કે શિક્ષણ લેવા, ગુજરાન ચલાવવા તો તેને અનુસૂચિત જનજાતિ માની શકાય છે. જો તે સમુદાયને રાજ્ય દ્વારા સંબંધિત હુકમમાં સ્થાન આપવામાં આવેલું છે; પરંતુ, તેને પોતાના અસ્થાયી નિવાસમાં આવું ન માની શકાય. ભલે તે જનજાતિનું નામ તે ક્ષેત્ર સાથે સંબંધિત હુકમમાં હોય.

### ૧૫.૨.૪. આદિવાસીઓની સંસ્કૃતિ

વિશ્વમાં આજે જ્યાં પ્રકૃતિ બચી છે ત્યાં આદિવાસી સમાજ રહે છે. પ્રકૃતિના તત્ત્વોનો નાશ ન થાય એવા પ્રકારની જીવનવ્યવસ્થાને કારણે આદિવાસીઓના વસવાટ પ્રદેશમાં પ્રકૃતિ મહદ્અંશે બચવા પામી છે. આદિમધર્મની સ્થાપના કોઈ વ્યક્તિએ નથી કરી. તેનો પ્રાકૃતિક રીતે જ ઉદ્‌ભવ થયો છે અને પ્રકૃતિમાંથી જ સંસ્કૃતિ વિકસી છે. પ્રકૃતિના તત્ત્વો સાથે આદિવાસીઓનો અતૂટ સંબંધ રહ્યો છે. આ પ્રકૃતિના તત્ત્વોને પોતાના જીવનમાં આત્મસાત કરી તેમને નુકસાન ન થાય એ પ્રકારની સભ્યતાનો વિકાસ કર્યો છે. જંગલમાં લાકડા લેવા હોય તો જંગલની પૂજા કરવી. હળથી ખેતી કરવી અને ખેતી કરતાં પહેલાં ધરતીમાતાની છાતીમાં દર્દ થશે એવું સમજી ક્ષમા માંગી અને નારિયેળ ચઢાવે છે. ઘરમાં ખોરાક રાંધેલો હોય તે પહેલાં ચૂલા પાસે કાઢી મૂકવો. આ ઉપરાંત પશુપંખીઓ જે પોતાના ઘરના હોય તેમને પણ ખવડાવવું. આમ, એક 'અમેપણા'ની ભાવના વિકસે છે. આ ઉપરાંત તે કૂવાનું પાણી હોય કે નદીનું પાણી હોય તેને આ પવિત્ર માને છે. આ ઉપરાંત આદિવાસી સમાજમાં ભગત એ સર્વોચ્ચ સ્થાને

બિરાજે છે. ઉપરાંત દરેક વારતહેવારે તેઓ કુદરતી તત્ત્વોનું પૂજન કરે છે અને આમ જે પ્રત્યક્ષ હોય છે તેમને જ દેવ તરીકે પૂજે છે. પૂર્વજોને એ લોકો ખતરા વિદ્યાર્થી દેવ તરીકેનું પૂજન કરે છે; પરંતુ, કોઈ અવતારમાં માનતા નથી. આમ, આદિમ સમાજની સંસ્કૃતિ એ જળ, જંગલ અને જમીન આધારિત કુદરતી તત્ત્વોમાંથી ઊભી થયેલી સંસ્કૃતિ છે.

### ૧૫.૨.૪ આદિવાસીઓની વસ્તીવિષયક માહિતી

ઈ.સ. ૧૯૦૧ની વસતિ ગણતરી મુજબ ભારતમાં આદિવાસીઓની વસતિ ૮૫,૮૪,૧૪૮ છે, જે કુલ આજે ૨૦૧૧ની વસતિ ગણતરી અહેવાલ અનુસાર જોઈએ તો,

**કોષ્ટક નં ૨.૧**

**અનુસૂચિત જનજાતિ વસતિ-૨૦૧૧**

| ક્રમ | કુલ | ગ્રામીણ | શહેરી |
|---|---|---|---|
| ભારત | ૧૦૪,૨૮૧,૦૩૪ | ૯૩,૮૧૯,૧૬૨ | ૧૦,૪૬૧,૮૭૨ |

## Tribal profile at a glance : 2013

**કોષ્ટક નં ૨.૨**

ભારતમાં આદિવાસીઓની રાજ્યવાર વસતિ

(રાજ્યવાર કુલ વસતિ, આદિવાસી વસતી, કુલ વસતિમાં આદિવાસી વસતિના ટકા-૨૦૦૧)

| ક્રમ | રાજ્ય | કુલ વસતિ | આદિવાસી વસતિ | કુલ વસતિમાં આદિવાસી વસતિના ટકા | કુલ આદિવાસી વસતિના ટકા |
|---|---|---|---|---|---|
| | ભારત કુલ | ૧૦૨૮૬૧૦૩૨૮ | ૮૪૩૨૬૨૪૦ | ૮.૨૦ | – |
| ૧. | જમ્મુ-કાશ્મીર | ૧૦૧૪૩૭૦૦ | ૧૧૦૫૯૭૯ | ૧૦.૯૦ | ૧.૩૧ |
| ૨. | હિમાચલ પ્રદેશ | ૬૦૭૭૯૦૦ | ૨૪૪૫૮૭ | ૪.૦૨ | ૦.૨૯ |
| ૩. | પંજાબ | ૨૪૩૫૮૯૯૯ | – | – | – |
| ૪. | ચંદીગઢ | ૯૦૦૬૫૩ | – | – | – |
| ૫. | ઉત્તરાંચલ | ૮૪૮૯૩૪૯ | ૨૫૬૧૨૯ | ૩.૦૨ | ૦.૩૦ |
| ૬. | હરિયાણા | ૨૧૪૪૪૫૬૪ | – | – | – |
| ૭. | દિલ્હી | ૧૩૮૫૦૫૦૭ | – | – | – |
| ૮. | રાજસ્થાન | ૫૬૫૦૭૧૮૮ | ૭૦૯૭૭૦૬ | ૧૨.૫૬ | ૮.૪૨ |
| ૯. | ઉત્તરપ્રદેશ | ૧૬૬૧૯૭૯૨૧ | ૧૦૭૯૬૩ | ૦.૦૬ | ૦.૧૩ |
| ૧૦. | બિહાર | ૮૨૯૯૮૫૦૯ | ૭૫૮૩૫૧ | ૦.૯૧ | ૦.૯૦ |
| ૧૧. | સિક્કિમ | ૫૪૦૮૫૧ | ૧૧૧૪૦૫ | ૨૦.૬૦ | ૦.૧૩ |
| ૧૨. | અરૂણાચલ પ્રદેશ | ૧૦૯૭૬૮ | ૭૦૫૧૫૮ | ૬૪.૨૨ | ૦.૮૪ |
| ૧૩. | નાગાલેન્ડ | ૧૯૯૯૦૩૬ | ૧૭૭૪૦૨૬ | ૮૯.૧૫ | ૨.૧૦ |
| ૧૪. | મિઝોરમ | ૮૮૮૫૭૩ | ૮૩૯૩૧૦ | ૯૪.૪૬ | ૧.૦૦ |
| ૧૫. | મણિપુર | ૨૧૬૬૭૮૮ | ૭૪૧૧૪૧ | ૩૪.૨૦ | ૦.૮૮ |
| ૧૬. | ત્રિપુરા | ૩૧૯૯૨૦૩ | ૯૯૩૪૨૬ | ૩૧.૦૫ | ૧.૧૮ |
| ૧૭. | મેઘાલય | ૨૩૧૮૮૨૨ | ૧૯૯૨૮૬૨ | ૮૫.૯૪ | ૨.૩૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮. | આસામ | ૨૬૬૫૫૫૨૮ | ૩૩૦૮૫૭૦ | ૧૨.૪૧ | ૩.૯૨ |
| ૧૯. | વેસ્ટ બેંગાલ | ૮૦૧૭૬૧૯૭ | ૪૪૦૬૭૯૪ | ૫.૫૦ | ૫.૨૩ |
| ૨૦. | ઝારખંડ | ૨૬૯૪૫૮૨૯ | ૭૦૮૭૦૬૮ | ૨૬.૩૦ | ૮.૪૦ |
| ૨૧. | ઓરિસ્સા | ૩૬૮૦૪૬૬૦ | ૮૧૪૫૦૮૧ | ૨૨.૧૩ | ૯.૬૬ |
| ૨૨. | છત્તીસગઢ | ૨૦૮૩૩૮૦૩ | ૧૨૨૩૩૪૭૪ | ૨૦.૨૭ | ૧૪.૫૧ |
| ૨૩. | મધ્યપ્રદેશ | ૬૦૩૪૮૦૨૩ | ૧૨૨૩૩૪૭૪ | ૨૦.૨૭ | ૧૪.૫૧ |
| ૨૪. | ગુજરાત | ૫૦૬૭૧૦૧૭ | ૭૪૮૧૧૬૦ | ૧૪.૭૬ | ૮.૮૬ |
| ૨૫. | દમણ અને દીવ | ૧૫૮૨૦૪ | ૧૩૯૯૭ | ૮.૮૫ | ૦.૦૨ |
| ૨૬. | દાદરા અને નગર હવેલી | ૨૨૦૪૯૦ | ૧૩૭૨૨૫ | ૬૪.૨૪ | ૦.૧૬ |
| ૨૭. | મહારાષ્ટ્ર | ૯૬૮૭૮૬૨૭ | ૮૫૭૭૨૭૬ | ૮.૮૫ | ૧૦.૧૭ |
| ૨૮. | આંધ્રપ્રદેશ | ૭૬૨૧૦૦૦૭ | ૫૦૪૧૦૪ | ૬.૫૯ | ૫.૯૬ |
| ૨૯. | કર્ણાટક | ૫૨૮૫૦૫૬૨ | ૩૪૬૩૯૮૬ | ૬.૫૫ | ૪.૧૧ |
| ૩૦. | ગોવા | ૧૩૪૭૬૬૮ | ૫૬૬ | ૦.૦૪ | – |
| ૩૧. | લક્ષદ્વીપ | ૬૦૬૫૦ | ૫૭૩૨૧ | ૯૪.૫૧ | ૦.૦૭ |
| ૩૨. | કેરાલા | ૩૧૮૪૧૩૭૪ | ૩૬૪૧૮૯ | ૧.૧૪ | ૦.૪૩ |
| ૩૩. | તામિલનાડુ | ૬૨૪૦૫૬૭૯ | ૬૫૧૩૨૧ | ૧.૦૪ | ૦.૭૭ |
| ૩૪. | પોંડીચેરી | ૯૭૪૩૪૫ | – | – | – |
| ૩૫. | આંદામાન-નિકોબાર | ૩૫૬૧૫૨ | ૨૯૪૬૯ | ૮.૨૭ | ૦.૦૩ |

(સંદર્ભ; વસતિ ગણતરી ૨૦૦૧ – ભારત સરકાર)

### ૧૫.૨.૫ ગુજરાતના આદિવાસી વિસ્તારો

ભૌગોલિક રીતે જોઈએ તો, ગુજરાતમાં અંબાજી – દાતા તાલુકામાં પથરાયેલા ડુંગરોની ઘરમાળાથી શરૂ થઈ પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગર તરફ વળીને ભિલોડા, મેઘરાજની પૂર્વપટ્ટીથી દક્ષિણ તરફ નીચે ઊતરી પંચમહાલ, ઝાલોદ, દાહોદની પૂર્વસીમાને આવરી લઈ દક્ષિણ ગુજરાતમાં આવેલા નાનઝલ વિભાગમાંથી પસાર થઈને ગુજરાતની દક્ષિણે આવેલા સુરત જિલ્લાના માંડવી, બારડોલી તેમજ તાપી જિલ્લાના સોનગઢ, ઉચ્છલ, નિઝર અને નવસારી જિલ્લાના વાંસદા, ચીખલી તથા વલસાડ જિલ્લાના ધરમપુર અને ડાંગ જિલ્લાથી લઈ ઉમરગામના દરિયાકિનારા સુધીની પૂર્વપટ્ટીએ આદિવાસીઓનું મુખ્ય રહેઠાણ છે. આ આખોય વિસ્તાર વિવિધ ગિરિમાળાથી છવાયેલો છે. જેમાં આદિવાસી સમાજનું મુખ્ય રહેઠાણ જોવા મળે છે. જે કુલ ૨૦,૦૦૦ ચો.મી.નો વિસ્તાર ગિરિમાળાઓ અને જંગલોથી આચ્છાદિત છે. આ જિલ્લાઓ સિવાય બીજા અન્ય જિલ્લાઓમાં પણ આદિવાસી વસતિ વધતા ઓછા પ્રમાણમાં આવેલી છે. જેમાં જૂનાગઢના ગીરપ્રદેશમાં, કચ્છ, જામનગર જિલ્લામાં અને અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લાના નળસરોવરના આસપાસના વિસ્તારમાં પણ આદિવાસીઓની વસતિ આવેલી છે. જે કુદરતી વિવિધતાઓથી સભર છે. ગુજરાત રાજ્યની કુલ ૧૯૬ લાખ હેક્ટર જમીનમાંથી ૧૨૫ લાખ હેક્ટર જમીન ખેતી નીચે આવે છે. જ્યારે આદિવાસી વિસ્તારની કુલ ૨૯.૪૩ લાખ હેક્ટર જમીનમાંથી ૧૫.૫૩ લાખ ખેડાણ હેઠળ છે. જે આદિવાસીઓના વિકાસ માટેનું મહત્ત્વનું પરિબળ ગણી શકાય; પરંતુ, તેઓ પાસેની જમીનની માત્રા ઉત્પાદન વગેરેનો પણ અભ્યાસ કરી સંપૂર્ણ માહિતી લઈ શકાય એમ છે.

આદિવાસી વિસ્તારના ચાર પ્રાદેશિક વિભાગમાંથી ઉત્તર ગુજરાતના વિભાગમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓનો સમાવેશ થાય છે. અહીંની જમીન મુખ્યત્વે રેતાળ, કાંપવાળી અને છીછરી છે. અહીંની જમીનમાં નાઈટ્રોજન અને ઓર્ગેનિક

તત્ત્વોનો અભાવ છે; પરંતુ, ખાતર અને સિંચાઈથી આ જમીન ઘણી અનુકૂળતા સર્જે છે. દક્ષિણ ગુજરાતનો વિભાગ જેમાં સુરત, વલસાડ અને ડાંગ જિલ્લાઓનો સમાવેશ થાય છે. ત્યાં જમીન કાળી ફળદ્રુપ અને કાંપવાળી છે. જે કપાસ, જુવાર, ડાંગર, ઘઉં અને બીજા ફળફળાદિ પાકો માટે ઘણી અનુકૂળ છે. જ્યારે ડાંગ જિલ્લો આગવી વિશિષ્ટતાવાળો છે. જે ભરપૂર ગાઢજંગલોથી છવાયેલો જોવા મળે છે. મધ્ય ગુજરાતની વાત કરીએ તો દાહોદ, ગોધરા, વડોદરા, ભરૂચ જિલ્લાઓમાં જ્યાં આદિવાસી વસતિ છે, ત્યાં રેતાળ, કાંપની જમીન તેમજ કેટલાંક વિસ્તારોમાં મધ્યમ કાળી જમીન આવેલી છે. આમ, આદિવાસી વસતિ ધરાવતા ભરૂચ, સુરત, વલસાડ, ડાંગ વગેરે જિલ્લાઓમાં ફળદ્રુપ જમીન હોવાને કારણે વધુ ઉત્પાદન થઈ શકે છે અને સારી રીતે આર્થિક ઉપાર્જન લઈ શકાય છે.

### ૧૫.૨.૬ ગુજરાતમાં આદિવાસી સમૂહો વિષયક માહિતી

ભારત સરકારના મિનિસ્ટ્રી ઑફ લો. જસ્ટીસ એન્ડ કંપની એફર્સના ૨૦ સપ્ટેમ્બર, ૧૯૭૬ના એક્ટ નં- ૧૦૮ મુજબ તથા ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા (આદિજાતિવિકાસ) વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : અજસ/૨૦૦૩/૨૦ જુ.ઓ.આઈ./૨૩-ચ, તા.૦૫-૦૯-૦૩ મુજબ નીચે પ્રમાણેના જાતિ સમૂહોને અનુસૂચિતજનજાતિ (આદિવાસી)નો દરજ્જો આપ્યો છેઃ

(૧) બરંડા
(૨) બાવચા – બામચા
(૩) ભરવાડ (આલેચ, ગીર અને બરડાના નેસ વિસ્તારમાં)
(૪) ભીલ, ભીલ ગરાસીયા, ઢોલીભીલ, ડુંગરી ભીલ, ડુંગરી ગરાસિયા, મોવાસી ભીલ, રાવળભીલ, તડવીભીલ, ભાલીયા, ભીલાલ, પવાર, વસાવા, વસાવે.
(૫) ચારણ (આલેચ, બરડા અને ગીર જંગલના નેસ વિસ્તારમાં)
(૬) ચૌધરી (સુરત અને વલસાડ જિલ્લામાં)
(૭) ચૌધરી
(૮) ધાનકા, તડવી, તેતરીયા, વાલવી
(૯) ઢોડિયા, ઢોડી
(૧૦) દૂધાળા, તલાવીયા, હળપતિ
(૧૧) ગામીત, ગામટા, ગાવીત, માવચી, પાડવી
(૧૨) ગોન્ડ, રાજગોન્ડ
(૧૩) કાથોડી, કાતકરી, ઢોરકથોડી, ઢોરકાતકરી, સોનકાથોડી, સોનકાતકરી
(૧૪) કોંકણા, કોરણી, કુકવા
(૧૫) કોળી ઢેર, ટોકરેકોળી, કોલચા, કોલઘા
(૧૬) કણબી (ડાંગ જિલ્લામાં)
(૧૭) નાયકા, નાયકા, ચોલીવાલા નાયકા, કાપડીયા નાયકા, મોટાનાયકા, નાનાનાયકા
(૧૮) પઢાર

(૧૯) પારધી, એડવીચીથર, ફણસેપારધી (અમરેલી, ભાવનગર, જામનગર, જૂનાગઢ, કચ્છ, રાજકોટ, અને સુરેન્દ્રનગર જિલ્લા સિવાયના)

(૨૦) પટેલીયા

(૨૧) પોમલા

(૨૨) રબારી (આલેચા, બરડા અને ગીર જગલના નેસ વિસ્તારમાં)

(૨૩) રાઠવા

(૨૪) સીદ્દી, સીદ્દી બદશાં (અમરેલી, ભાવનગર, જૂનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં)

(૨૫) વારલી

(૨૬) વીટોળીયા, કોટવાળીયા, બરોડીયા

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા (આદિજાતિવિકાસ) વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : અજસ/૨૦૦૩/૨૦ જુ.ઓ.આઈ./ ૨૩-ચ, તા. ૦૫-૦૯-૦૩ થી કચ્છ જિલ્લાની કોળી, પારધી અને વાઘરી જાતિઓને અનુસૂચિત જનજાતિમાંથી રદ કરેલ છે. જેની શિષ્યવૃત્તિ મેળવવાની દરખાસ્તમાં સદર જાતિઓને બંધારણની અનુસૂચિમાંથી કાઢી નાખવામાં આવી છે.

### ૧૫.૨.૭ ગુજરાતના આદિવાસી વિસ્તારોને મળેલા બંધારણીય હકો

૭૩મા બંધારણીય સુધારા અંતર્ગત દેશના સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં જે પરિવર્તન આવ્યું એ અંતર્ગત આદિવાસી વિસ્તારોમાં પંચાયતીરાજ અંતર્ગત જે કંઈપણ કાર્ય થઈ રહ્યું છે તેને તપાસવા માટે તથા નવી ભલામણો માટે મધ્યપ્રદેશના આદિવાસી નેતા અભૂતપૂર્વ સાંસદ દિલીપસિંહ ભૂરિયાની અધ્યક્ષતામાં કેન્દ્ર સરકારે એક સમિતિની રચના કરી અને આ સમિતિએ આદિવાસી વિસ્તારો માટે કેન્દ્ર સરકારને કેટલીક ભલામણો કરી અને એ અંતર્ગત ભારતીય સંસદે ડિસેમ્બર ૧૯૯૬ માં પંચાયતમાં જોગવાઈ ( અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ) ૧૯૯૬માં બંધારણીય કાયદો બનાવવામાં આવ્યો. અને દરેક રાજયને પોતાના આદિવાસી વિસ્તારોમાં પંચાયતીરાજ માટે એક વર્ષમાં જ કાયદો ઘડવાની સૂચના આપી ઉપરાંત ભારતીય બંધારણની પાંચમી અનુસૂચિમાં કુલ ૯ રાજયોને અનુસૂચિત ક્ષેત્રોવાળા રાજયનો દરજ્જો આપવામાં આવ્યો છે. બંધારણની કલમ ૨૪૪(૧) મુજબ રાષ્ટ્રપતિને સત્તા આપવામાં આવી છે કે દરેક રાજયના ગવર્નરો સાથે ચર્ચા-વિચારણા કરીને રાજ્યોના અનુસૂચિત વિસ્તારાની ઘોષણા કરી શકે છે. આ બંધારણની પાંચમી અનુસૂચિતમાં છેઃ જેમાં નવ રાજ્યો જોઈએ તો(૧) આંધ્રપ્રદેશ (૨) હિમાચલ પ્રદેશ (૩) ગુજરાત (૪) ઓરિસ્સા (૫) રાજસ્થાન (૬) મહારાષ્ટ્ર (૭) છત્તીસગઢ (૮) મધ્યપ્રદેશ (૯) ઝારખંડ રાજયને સમાવવામાં આવ્યા છે.

આમ, અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ અધિનિયમ ૧૯૯૬ના કાયદા હેઠળ કેન્દ્ર સરકારની સૂચના અન્વયે ગુજરાત સરકારે ખરેખર ઈ.સ. ૧૯૯૭માં આ પ્રકારનો કાયદો કરવાનો હતો; પરંતુ, તેને બદલે ગુજરાત સરકારે તારીખ ૨૦-૧૨-૧૯૯૭ના રોજ એક વટહુકમ બહાર પાડયો હતો. આ વટહુકમની મુદત છ માસની હતી, અને તે ૨૦મી જૂન,૧૯૯૮ સુધીમાં પૂરી થતી હતી. એટલે કે ગુજરાત વિધાનસભાએ ગુજરાતના આદિવાસી વિસ્તારો માટે જુલાઈ ૧૯૯૮ સુધીમાં એક કાયદો ઘડયો છે. તેમાં ગુજરાત પંચાયત સુધારા ધારો ૧૯૯૮ ગુજરાતના ૧૨ જિલ્લાના ૪૩ તાલુકામાં આ કાયદો લાગુ પાડવામાં આવ્યો છે. ભારતના બંધારણની જોગવાઈ અનુસાર

ગુજરાતના આ આદિવાસી વિસ્તારો અનુસૂચિત વિસ્તાર તરીકે જાહેર કરાયેલા છે. ગુજરાતમાં ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે આદિવાસીઓની સંખ્યા ૯૫ લાખ હતી જે કુલ વસ્તીના ૧૫ % થાય છે.

ગુજરાત પંચાયત વ્યવસ્થામાં સરકાર પોતાના અધિકારો સુપ્રત કરી દે અને યોગ્ય સત્તાધિકારી જાહેર કરે એટલે સરકારનું કામ પુંરું થાય; પરંતુ, પંચાયતને આપેલા અધિકાર ભોગવવા પંચાયત અવારજવાર મળી શકે નહીં. અધિકારી માટે વહીવટી જવાબદારી ઉપરાંત કાયદા અને નિયમોથી જે જવાબદારીઓ અવે તે પંચાયતીરાજમાં એટલી વધારે થાય છે કે તેણે બોજો હળવો કરવા પણ અધિકારો બીજાને સોંપવા પડે અને ઠરાવમાં કચાસ રાખે તો ન સોંપેલાં કાર્યો અને સ્તતાઓ કલમ-૧૪૫ તથા ૧૨૩(૧૪) અને ૯૨(૧૧) મુજબ પંચાયતે પોતે જ કરવાં પડે. શિડ્યુલ એરિયામાં પંચાયત ધારો આવા સામાન્ય કાયદાથી આગળ જાય છે. ધારામાં સ્પષ્ટ રીતે કલમ ૨૭૧ની જોગવાઈથી પ્રાપ્ત થયેલ અધિકારો બીજાને આપી શકે તેવી સરળતા કાયદાથી કરી છે, એટલે કે રીડેલીગેશન કાયદેસર બનાવ્યું છે. આ પ્રસ્તુત અભ્યાસમાં આદિવાસી વિસ્તારમાં ગ્રામસભાની સત્તાઓ તેના કાર્યો અને તેની કાર્યવાહી, તાલુકા પંચાયતનાં કાર્ય અને કાર્યવાહીઓ તથા સ્વાયત જિલ્લા પરિષદના કાર્યો, સત્તાઓ અને કાર્યવાહી આ ઉપરાંત ગુજરાતમાં અનુસૂચિત વિસ્તારની પંચાયત ખરડાની જોગવાઈઓ (PESA ACT) ભૂરિયા સમિતિની છે.

## ૧૫.૩ આદિવાસીઓની સમસ્યાઓ

### ૧૫.૩.૧ આદિવાસી ઓળખ જાળવી રાખવાની સમસ્યાઓ

દરેક સમાજને પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ હોય છે. એક સમાજના સભ્યોની વિશેષતાભરી વર્તણૂકો કેટલીક દૃષ્ટિએ ધ્યાન ખેંચે એવી પણ હોય છે. માનવશાસ્ત્ર એ દર્શાવ્યું છે કે, વિવિધ માનવ સમુદાયોની વિભિન્ન વર્તણૂક જાતિભેદો વગેરે સાંસ્કૃતિક અનુભવની ઉપજ છે. સંસ્કૃતિમાં સમાવાયેલ ટેવો અને વ્યવહારોની રીતો, વ્યક્તિગત વ્યવહારો ભિન્ન હોય છે. આમ કેટલીક સામુદાયિક ટેવો હોય છે. જેને લોકરીતિઓ, રિવાજો અને રૂઢિઓના નામે ઓળખાય છે. આ ટેવો, રિવાજો અને રૂઢિઓ એક પેઢીમાંથી બીજી પેઢીમાં અને એક માનવસમૂહમાંથી બીજા માનવસમૂહમાં હસ્તાંતરીત થાય છે. આમ દરેક સમાજની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક ભિન્નતાઓ અલગ-અલગ હોય છે. આજે કેટલાક જાહેર કાર્યાલયમાં આદિવાસીઓ નોકરી કરતા જોવા મળે છે અને તેમાં સભ્ય સમાજના વધારે પડતા સંપ્રેષણને કારણે પોતે જે પોતાનું આદિવાસી તરીકેની ઓળખ છે, એ ઓળખ ગુમાવી રહ્યો છે. એનું કારણ મુખ્યત્ત્વે આદિવાસીઓનું સભ્ય સમાજ સાથેનું સાંસ્કૃતિક સંપ્રેષણ છે અને સંપ્રેષણ થવાનું કારણ જોઈએ તો અંગ્રેજોના શાસન સમયે મિશનરીઓના સંપર્કમાં આવવાને કારણે, રાજકીય કર્મચારીઓના સંપર્કને, બ્રાહ્મણ, પૂજારી, સાધુ, સંન્યાસીઓનો સંપર્ક, ખાણખનીજ તેમજ ઔદ્યોગિક એકમો સાથેનો સંપર્ક, હાટબજારના વેપારીઓ દ્વારા, ફરતી ખેતી રહેવાને કારણે, વિશ્વયુદ્ધને કારણે, શસ્ત્રોનો ઉપયોગ, ભારતીય સ્વાતંત્ર્ય ચળવળ, માર્ગ-પરિવહન સામુદાયિક વિકાસ યોજનાઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓના સંપર્કને કારણે તથા પ્રવાસન, શિકારીઓ, માનવશાસ્ત્રીઓ તથા બીજા વૈજ્ઞાનિકોના સંપર્કને કારણે તેઓ કેટલાંક અંશે સભ્યસમાજના સંપર્કમાં આવ્યા, ઉપરાંત આદિવાસીઓની સંસ્કૃતિ પ્રકૃતિના તત્ત્વો સાથે ખીલેલી સંસ્કૃતિ છે. તેથી આદિમસમૂહો એકમના સમકક્ષ વિવિધ સમૂહો વચ્ચે ગમે તેમ કરીને સંપ્રેષણ થાય છે ત્યારે એમનું વર્તન, બોલી, સગાઈસંબંધો એકદમ ભિન્ન હોવાથી ખૂબ જ કઠિન થઈ પડે છે. બોલીના તફાવતને

કારણે ન તો તેઓ પોતાની વાત બરાબર કરી શકે છે, ન તો સુધારેલાં સુધેરલા સમાજની વાતો તેઓ સમજી શકે છે. પહેરવેશની ભિન્નતાને કારણે પણ કોઈકવાર હાસ્યપાત્ર બનાવવામાં આવે છે અને તેથી તેઓ પોતાનું વન, વિસ્તાર કે પોતાના સમૂહમાં રહેવાનું ખૂબ જ અનુકૂળ લાગે છે. પ્રવર્તમાન સમયમાં વન્યપેદાશ કે પોતાની ખેતીની પેદાશ ખૂબ જ ઘટતી જાય છે અને તેને કારણે પોતાનું ગુજરાન ચલાવવા શહેરો તરફ મીટ માંડે છે અને શહેરીઓ દ્વારા પણ સતાવવાનો ભય રહેલો છે. આજે આદિવાસી ઓળખ એટલે કે પોતાના ટ્રાઈબની જે ઓળખ છે એટલે કે તે 'Totam' તરીકે પોતાની વંશઉત્પતિ માને છે. આ અમેરિકન આદિવાસીઓની ભાષાનો એક શબ્દ છે અને પ્રખ્યાત માનવશાસ્ત્રી લેવિસમોર્ગને માનવવિજ્ઞાનમાં અમર કરી દીધો હતો. આ Totamને તેઓ પોતાના કુળદેવતા માને છે. ભારતમાં પણ કેટલાક આદિમ સમુદાયોમાં આ પ્રકારના દેવતાઓનું પૂજન કરવામાં આવે છે.જ્યાં સંસ્કૃતિ અને સંપર્કને કારણે આદિવાસીઓમાં જાગૃતિ આવી છે. એટલાથી ફક્ત વિશ્વનો થોડ જ વિસ્તારને એનો લાભ મળ્યો છે. જીવનના કેટલાક ક્ષેત્રોમાં આનંદ, પ્રમોદ, આરામ, સુવિધાથી ભરપૂર સાધનોનો ઉપયોગ થઈ રહ્યો છે. ત્યાં કેટલીક સમસ્યાઓ પણ ઊભી થઈ છે. કયાંક-કયાંક નવી અને પ્રાચીન પરંપરાઓ વચ્ચે એટલી બધી વિષમતાઓ ઊભી થઈ ગઈ છે કે એનું સંતુલન જ ખોરવાઈ ગયું છે. આમ, આદિમજાતિઓની વર્તમાન સમસ્યાઓ સાંસ્કૃતિક રીતે ખૂબ જ અલગ થતી ગઈ છે.

### ૧૫.૩.૨ વિકાસની સમસ્યાઓ

વીસમી સદીના પ્રારંભમાં જ આદિવાસી વિકાસની સમસ્યાનો મુદ્દો ગહન બનતો ગયો છે. ૧૯મી શતાબ્દીના અંત સુધીમાં બધાએ એમ માન્યું કે જેમ સમાજનો વિકાસ થયો તેમ આ આદિવાસી સમુદાયોનો પણ વિકાસ થતો જશે. તેથી એકલા છોડી દેવાની નીતિનું સમર્થન કેટલાક માનવશાસ્ત્રીઓએ કર્યું છે. ડૉ.એમ.સી.રાય, ડૉ. મજમુદાર અને ડૉ.વેરિયર એલ્વીને પણ કહ્યું હતું કે, આ આદિમ સંસ્કૃતિને પોતાની રીતે વિકસવા દો અને એમના લેખોથી એવો નકારાત્મક અર્થ નીકળવા લાગ્યો કે તેઓ આદિવાસીઓને પક્ષીઓનું પાંજરૂ બનાવવા માંગે છે કે શું? આમ ડૉ.વેરીયર એલ્વીને કહ્યું કે, સભ્ય સમાજની સાથે તુલના કરવી સાચી બાબત નથી અને જો આ સંસ્કૃતિકરણ થશે તો આદિવાસી સંસ્કૃતિમાં ભયંકર ભંગાણ થશે. પંડિત નહેરુએ પણ એલ્વિનનું સમર્થન કર્યું હતું. આમ આ રીતે કેટલાક વિકાસ માટેના સંશોધનો થયા હતા.

ધૂર્યે એ ઇ.સ.૧૯૫૯માં આદિવાસી સમાજની સમસ્યાઓને મુખ્ય રીતે બે વિભાગોમાં વહેંચી છે.

(અ) આદિવાસીઓમાં સંસ્કૃતિકયુગમાં નવી આદતો, ભાષા, સ્થળાંતર, કૃષિ વગેરે.

(બ) બ્રિટિશ શાસન સમયે મહેસૂલી પદ્ધતિ અને કાયદાઓ સંબંધિત સમસ્યાઓ જે આદિવાસી પૂરતા જ મર્યાદિત નથી.

આમ જો એમનો દૃષ્ટિકોણ અપનાવવો હોય તો શું કરી શકાય ? આપણે આદિવાસીઓનો દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ ? અથવા પ્રાદેશિક અથવા રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં રાખીને સમસ્યાઓને હલ કરવી અથવા તો આ બંને દૃષ્ટિકોણ વચ્ચેનો માર્ગ કાઢવો ? આદિવાસીઓના દૃષ્ટિકોણને અપનાવવા માટે કેટલીક મુશ્કેલીઓ છે. જેને સભ્ય સમાજ 'એમનો' દૃષ્ટિકોણ ગણે છે. શું તે ખરેખર આખા સમાજનું

પ્રતિનિધિત્ત્વ કરે છે ? એમ માનવું છે અથવા તો બીજી સંસ્કૃતિના અસરથી રચાયેલી છે અથવા તો એવું પણ બને કે આદિવાસી સમાજોના શિક્ષિત લોકો, રાજનીતિજ્ઞો પોતાના અંગત સ્વાર્થોની સિદ્ધિ માટે ઉઠાવવામાં આવેલું પગલું છે ? બ્રિટિશ શાસનમાં આદિવાસીઓને પ્રગતિના માર્ગ પર લાવવા માટે કોઈપણ બાબત અંગ્રેજોનું ધ્યાન ગયું નથી. પાછળથી એવી કેટલીક નીતિઓ બનાવી જે જંગલની પેદાશો એકઠી કરવા માટે કિંમતી લાકડુ લેવા માટેની નીતિને કારણે તેઓ કેટલેક અંશે પ્રિય બની ગયા હતા અને મોટા સમૂહો દ્વારા નાના શોષણ થાય છે, એ જોઈ શકાય નહીં.

### ૧૫.૩.૩ બંધારણીય પ્રશાસનની સમસ્યા

સ્વતંત્ર ભારતના બંધારણમાં પણ આદિવાસીઓને વિવિધ કાયદાઓ દ્વારા આરક્ષિત કરવામાં આવ્યા છે જેમકે ભારતના બંધારણમાં પાંચમી અને છઠી અનુસૂચિની આદિવાસીઓના પરંપરાગત રૂઢિ આધારિત કાયદાઓની વ્યવસ્થા. કેટલીય સામુદાયિક વિકાસ યોજનાઓ અમલમાં મુકવામાં આવી અને આદિવાસી સંશોધનકેન્દ્રોના સંશોધનો, સર્વેક્ષણો, સમસ્યાઓને શોધવા પ્રયત્ન થાય છે; પરંતુ, શું આ સંશોધનની અસરકારકતા રહે છે ખરી ? શું તેઓ સભ્ય સમાજની તુલનામાં ૨૧મી સદીમાં આવી શકશે ? એ મોટો યક્ષ પ્રશ્ન છે અને પોતાની જરૂરિયાતો ન પૂરી થતાં દમન, શોષણ અને બેરોજગારીને કારણે તેઓ વિવિધ સામાજિક સમસ્યાઓનો ભોગ બનશે. કેટલાંક વિદ્વાનોનું કહેવું છે કે, આદિવાસીઓની કોઈ અલગ સમસ્યા છે જ નહીં. એની સમસ્યા ગ્રામીણ ભારતની સમસ્યાને લાગુ પડે છે. કેટલાંક લોકોનો વિચાર છે કે, સંસ્કૃતિકરણને કારણે કેટલીક ખરાબ અસરો છે. જેનાથી આદિવાસી સંસ્કૃતિવાળા અને જીવનશક્તિને નષ્ટ કરી દીધી છે. એટલે એને સભ્ય સમાજથી અલગ 'એકાંત'માં જ રહેવા દેવા જોઈએ. આ પ્રકારના વિદ્વાનો પર એવા આક્ષેપો લગાવવામાં આવે છે કે, તેઓને તેઓ અજાબઘર બનાવવાના છો ? તેઓ વેરિયર એલ્વીનના લેખોનું વિશ્લેષણ કરીને એ વાતની સ્પષ્ટતા કરે છે કે એલ્વીન પરિવર્તન વિરોધી અને પરંપરાઓની પુનર્જાગૃતિનું સૂચન કરે છે. વેરિયર એલ્વીનનું કહેવું છે કે તેમણે ફક્ત કેટલાક સમયના એકાંતવાસની વાતની સ્પષ્ટતા કરી હતી. કેમકે તે સમયે આદિવાસીઓ સમાજના ખરાબ સોબત કે અસરોમાં ફસાઈ ગયા હતા અને વેરિયર એલ્વીન આવી પરિસ્થિતિની ત્રણ બાબતો રજૂ કરે છે.

(અ) વર્તનમાં આવી નીતિ પર કોઈ અમલ કરવામાં આવ્યો નથી.

(બ) આનંદમયી અને ચિંતામુક્ત આદિવાસીજીવનમાં વિશ્વાસ એ માત્ર ભ્રમણા છે.

(ક) જો ગઈ સદીમાં એકાંતવાસ સંભવ હતો; પરંતુ, આજે તો કોઈપણ રીતે એકાંતવાસ શક્ય નથી.

આવી બધી બાબતોને ધ્યાનમાં રાખીએ વેરીયર એલ્વીને એક નવી નીતિનું સમર્થન કર્યું એને વડાપ્રધાનની નીતિ તરીકે ઓળખવામાં આવે છે અને એલ્વીનને આ નીતિના પ્રચારક તરીકે ઓળખવામાં આવે છે. વડાપ્રધાન નહેરુએ 'ફિલોસોફી ઓફ નેફા'ના બીજી આવૃતિમાં પાંચ મૂળભૂત સિદ્ધાંત સમજાવતા લખ્યું છે કે —

- લોકોએ પોતાની આવડત મુજબ વિકસિત થવું જોઈએ અને આપણે એ જોવું જોઈએ કે ચીન આનું શાસન કરે. આપણે દરેક રીતે એમની પરંપરાગત કલા અને સંસ્કૃતિને વિકસાવવી જોઈએ.
- આદિવાસીઓના જંગલ અને જમીન સંબંધી અધિકારોનું આદર કરવું જોઈએ.

- આપણે આદિવાસીઓમાંથી જ એક પક્ષ બનાવીને વહીવટ અને વિકાસનું કાર્ય ચલાવવા માટે સુશિક્ષિત કરવું જોઈએ અને શરૂઆતમાં કુશળ વ્યક્તિઓની જરૂર પડશે; પરંતુ, આપણે આદિવાસી ક્ષેત્રોમાં વધારે પડતા બહારના વ્યક્તિઓને મોકલવા જોઈએ નહીં.
- આપણે આ ક્ષેત્રોમાં વધારે વહીવટ ન કરવો જોઈએ અને કોઈપણ પ્રકારની યોજનાઓ ચલાવવી જોઈએ નહીં. આપણે તેઓની સામાજિક-સાંસ્કૃતિક સંસ્થાઓના માધ્યમથી કામ કરવું જોઈએ એની વિપરીત નહીં.

અંગ્રેજોની નજર પ્રાકૃતિક સંપદાઓ પર પડી અને આદિવાસીક્ષેત્રોમાં વિવિધ કાનૂનો બનાવી દેવામાં આવ્યા અને કર વસૂલવા જમીનદારોને છૂટ આપી અને જે કર ન આપે તેઓની જમીનો લઈ લેવામાં આવતી અને તેથી એમાંથી સંઘર્ષ, વિદ્રોહ અને આંદોલનો થયા અને પછી આદિવાસી વિકાસ પર ધ્યાન આપવું પડયું જેના માટે કેટલાંક કાયદાઓ બનાવવા પડયા. જે નીચે મુજબ છેઃ

- રેગ્યુલેશન નં.૧ ૧૭૯૬ – સરપંચો માટે પેંશન, દીવાની, ફોજદારી કાનૂન અને પેન્શન આપવા માટેની જોગવાઈ.
- બંગાળ વિનિયમન **XIII** ૧૮૩૩ વિલ્કીન્સન નિયમાવલિ બનાવાયી.
- અધિનિયમ ૧૮૫૫, સંથાલ પરગણાનો અલગ જિલ્લો બનાવવો પડયો.
- અનુસૂચિક્ષેત્રીય અધિનિયમ૧૮૭૪, મુજબ સારું વહીવટ થાય તેને માટે અનુસૂચિત ક્ષેત્રનો જિલ્લો જાહેર કરવામાં આવ્યો.
- ભારત સરકાર અધિનિયમ૧૯૩૫, સાયમન કમિશનનો રિપોર્ટ અને આદિવાસી અધિકારોની વાત મૂકાઈ અને તેમાં પછાતવર્ગો માટેની પણ જોગવાઈ હતી.

આ ઉપરાંત સ્વતંત્રતા પછી પણ સરકારે કેટલીક નીતિઓ, પછાતવર્ગો માટે બનાવી, જેથી કરીને વિકાસમાં ગ્રામ સ્તર સુધી આવી શકે અને વિકાસાત્મક પરિસ્થિતિઓને મુખ્યત્ત્વે ત્રણ વિભાગોમાં વહેંચી નાખીઃ

- રક્ષણાત્મક વ્યવસ્થા
- વહીવટી વ્યવસ્થા
- વિકાસાત્મક ગતિવિધિઓ

રક્ષાત્મક વ્યવસ્થાઓમાં જોઈએ તો, બંધારણીય કાયદાઓ દ્વારા એટ્રોસિટીઍક્ટ, નોકરીઓમાં અનામત, બંધવામજૂરી નિયંત્રણ કાનૂન, પોતાની ભાષાબોલી સંસ્કૃતિને ટકાવી રાખવાનો અધિકાર, શૈક્ષણિક તથા આર્થિક હિતોની સુરક્ષાપ્રદાન કરતો કાનૂન, અલગ નાણાકીય આયોજનનો કાનૂન, રાજકારણમાં અનામત બેઠકો, નોકરીમાં વયમર્યાદાઓની છૂટછાટ અને રાષ્ટ્રપતિના સીધા દેખરેખ હેઠળ કમિટિની રચના કરવાની જોગવાઈઓને મૂકી રક્ષાત્મક પગલાં લેવામાં આવ્યાં. ઉપરાંત પેસાકાનૂન ૧૯૯૬ આદિવાસી સ્વશાસન માટે બનાવવામાં આવ્યો.

વહીવટી વ્યવસ્થામાં જોઈએ તો, પોતાની ભાષા, સંસ્કૃતિ, બોલી અને રોજગારી સચવાઈ રહે તે માટે બંધારણની પાંચમી અને છઠ્ઠી અનુસૂચિમાં વિશેષ પ્રકારની બંધારણીય જોગવાઈ છે અને એમાં અનુસૂચિક્ષેત્રીય અધિનિયમ ૧૯૯૬ લાગુ પડે છે.

વિકાસાત્મક ગતિવિધિઓમાં જોઈએ તો, ઈ.સ.૧૯૫૧થી ૨૦૧૧ સુધી પંચવર્ષીય યોજનાઓ પૂરી થઈ છે. તેમાં ઘણા બધા મુદ્દાઓને લઈને આદિવાસી વિકાસ માટેનું આયોજન કરવામાં આવ્યું હતું છતાં પણ વિકાસની ક્ષિતિજ પર કોઈપણ પ્રકારનો આર્થિક વિકાસ દેખાતો નથી; પરંતુ, વધારે પડતું શોષણ દેખાઈ આવે છે. જેથી કરીને

નકસલવાદ વધારે ઉગ્ર બનતો જાય છે.

વર્ષોથી ચાલી આવતી બંધવામજૂરીનું સંપૂર્ણ નાબૂદી થઈ નથી. પોતાની જાતને ગિરવે મૂકી કોઈક વસ્તુ ખરીદે અને જો ચૂકવણું ન થાય તો તેને બંધવામજૂર કહેવાય અને જીવન પર્યંત ન ચૂકવે તો મૃત્યુ પછી એમના પુત્રએ પણ ચૂકવવું પડતું. આ પરિસ્થિતિ પૂરા દેશમાં છે અને આજ સુધી કોઈપણ રાજનૈતિક પાર્ટી દ્વારા એની ચર્ચા કરવામાં આવતી નથી. ઈ.સ.૧૯૭૫ ની ૨૫ ઓક્ટોબરે રાષ્ટ્રપતિએ આ પ્રથા પર પ્રતિબંધ મૂક્યો હતો, છતાં આ પ્રતિબંધની કોઈ અસરકારકતા દેખાતી નથી. આજે જંગલી પ્રાણીઓને બચાવવા માટે વિવિધ અભ્યારણ્યોને બચાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે, પણ શું સરકારને ખરેખર ખબર છે કે એ જ જંગલમાં રહેતો આદિવાસી પોતાની અસ્તિત્ત્વ પર કેટલો ખતરો તોળાઈ રહ્યો છે ? આંદામાન નિકોબારની જારવાજાતિ વગેરે લુપ્ત અવસ્થામાં પહોંચી ગઈ છે. આજે પાર્કમાં આદિવાસીઓ પાસે જૂઠા ઈલ્જામ લગાવીને સતામણી અને લૂંટ કરવામાં આવી રહી છે અને એમની હત્યાઓ પણ કરવામાં આવી રહી છે. નેશનલ પાર્ક અભ્યારણ્યો દમન અને અત્યાચારના અડ્ડાઓ બની ગયા છે. ઝારખંડની વાત કરીએ તો, ૬૦ ટકા દેશનું કાચું લોખંડ છે. જે વિશ્વનૌ સૌથી મોટો લોખંડનો ભંડાર અહીં આવેલા છે. આજે અહીં આ લોખંડની ઉત્પાદન કરતી કંપની દેશ-દુનિયાની સૌથી મોટી કંપનીઓ છે; પરંતુ, કમનસીબી એ છે કે અહીં વસાહત ધરાવતો આદિવાસી દેશનો સૌથી વધુ ગરીબ છે. છોટાનાગપુરમાં વીજળીઘરમાં બિયરની ૯૦ ટકા ઉત્પાદન કરે છે; પરંતુ, અહીંના આદિવાસીઓમાં અંધારું છે. ૧૯૪૭ થી ૧૯૭૭ સુધીમાં ૬ લાખ આદિવાસી કુટુંબોને વિસ્થાપિત કરવામાં આવ્યા છે. નોકરીઓ બહારના લોકોને બોલાવીને આપવામાં આવે છે. આદિવાસીઓને તેમાં પ્રશિક્ષણ આપવામાં આવે છે; પરંતુ, તેમને ટ્રેનિંગ આપવામાં આવતી નથી. એક સમયે એમણે જંગલોમાં અનુકૂલન સાધીને ગામો વસાવ્યા હતા. ખેતીલાયક જમીન તૈયાર કરી હતી અને તેમાં તેઓની સામૂહિક સંપતિ ગામની ચારેબાજુ તેમની સીમાઓ હતી અને અંદર પડનારા જંગલો, પહાડો, ઝરણાઓ, મેદાનો અને પોતાની જિંદગી જીવતા અને ગામ વસાવવાવાળાની સામૂહિક સંપત્તિ હતી. આજે એ જ સંપત્તિમાં નવા કાયદાઓ સ્થાપિત કરીને એના ભાગલા થઈ રહ્યા છે.

## ૧૫.૫ સારાંશ

આજે ભારતને વિકાસ કરવો હોય તો યુરોપીય સમાજની જેમ રેનેસાં (નવજાગૃતિ)લાવવાની જરૂર છે. ભારતીયોને પોતાની કોઈ રેનેશાં(નવજાગૃતિ) નથી. એના માટેના જો જરૂરી પરિબળો જો ભારતમાં હોત તો ભારતનો ઈતિહાસ કદાચ જુદો હોત. આપણી પ્રગતિ ઘણી ધીમી છે. પ્રાચીનકાળ આપણો આદર્શ હતો જ એમ માન્યા કરવાથી પણ વિકાસની સ્થિતિમાં આવી શકીએ એમ નથી. આપણે જો આજે વિકાસ કરવો હોય તો ભૂતકાળની આલોચના કરીને એક ક્રાંતિકારી બૌદ્ધિક (વૈચારિક) ચળવળ લાવવી એક આજની તાતી જરૂરિયાત છે. દુનિયાનો ઉદ્ધાર કરવો એ આપણી પ્રાચીન સંસ્કૃતિમાં છે. પણ આપણે આપણો જ ઉદ્ધાર નથી કરી શકતા તો પછી આખી દુનિયાનો શું ઉદ્ધાર કરી શકવાના; ધર્મને તર્કસંગત (રેશનાલાઈઝ) બનાવવાની આપ ણી ટેવને કારણે દાર્શનિક ક્રાંતિ વધુ ઢીલમાં મૂકાઈ છે. અને આજ બાબત આપણા દેશમાં સમગ્ર વાતાવરણ દૂષિત કરે છે. આમ આજે આલોચક દૃષ્ટિ કેળવવાની જરૂર છે.

## ૧૫.૬ તમારી પ્રગતિ ચકાસો

૧. 'આદિમ' શબ્દનો અર્થ જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

૨. આદિવાસી સમાજ વિશે નોંધ લખો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

૩. આદિવાસીઓની વસ્તીવિષયક માહિતી જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

૪. આદિવાસીઓની સંસ્કૃતિ વિશે જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

.....................................................................

.....................................................................

૫ આદિવાસી ઓળખ જાળવી રાખવાની સમસ્યાઓ વિશે સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

૬. આદિવાસીઓની બંધારણીય પ્રશાસનની સમસ્યા વિશે ચર્ચા કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## ૧૫.૭ ચાવીરૂપ શબ્દો

- 'આદિમ' - શરૂઆત, ઉદ્ભવ
- **Myths –** પુરાકલ્પનાઓ
- આદિવાસી - આદિ એટલે પહેલેથી અને વાસી એટલે વસવાટ કરનાર
- **I.L.O.-**આંતરરાષ્ટ્રીય મજૂર સંસ્થા
- **U.N.O.-** સંયુક્ત રાષ્ટ્રસંઘ
- ઈન્ડિજીનસ પીપલ' -આંતરરાષ્ટ્રીય સ્તરે આદિવાસીઓ માટે 'વપરાતો શબ્દ.

## ૧૫.૮ બહુવિકલ્પીય પ્રશ્નો

- આદિમ એટલે શરૂઆત, ઉદ્ભવ અથવા સંસ્કૃતિનો ઉષાઃકાળનો સમૂહ.'' એમ કયા સમાજશાસ્ત્રી જણાવે છે ?

  (અ) કાર્લ માર્ક્સ (બ) વેબર

  (ક) પ્લેટો (ડ) સોક્રેટીસ

- ભારતના બંધારણમાં 'અનુસૂચિત જનજાતિઓ'ને કયા અનુચ્છેદ અનુસાર અનુસૂચિત જનજાતિઓ તરીકે ઓળખવામાં આવે છે ?

  (અ) ૩૪૨ (બ) ૩૪૩

  (ક) ૩૪૪ (ડ) ૩૪૫

- આદિવાસી વિસ્તારો માટે ભારતીય સંસદે કયા વર્ષમાં પંચાયતમાં જોગવાઈ (અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ) બંધારણીય કાયદો બનાવવામાં આવ્યો ?

  (અ) ૧૯૯૬ (બ) ૧૯૯૭

  (ક) ૧૯૯૮ (ડ) ૧૯૯૯

- ભારતમાં આદિવાસીઓની વસતિ ૨૦૦૧ પ્રમાણે કુલ વસતિ ના કેટલા ટકા છે?

  (અ) ૮.૨૦ (બ) ૯.૨૦

  (ક) ૧૦.૨૦ (ડ) ૧૧.૨૦

## ૧૫.૯ સ્વાધ્યાયના પ્રશ્નો

૧. આદિવાસી સમાજનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય વિગતવાર ચર્ચા કરો.

...............................................................

...............................................................

...............................................................

...............................................................

૨.આદિવાસીઓની વસ્તીવિષયક માહિતી જણાવો.

...............................................................

...............................................................

...............................................................

...............................................................

૩.ગુજરાતના આદિવાસી વિસ્તારોને મળેલા બંધારણીય હકો વિશે ચર્ચા કરો.

...............................................................

...............................................................

...............................................................

...............................................................

૪.આદિવાસીઓની સમસ્યાઓ જણાવો.

...............................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## ૧૫.૧૦ સંદર્ભ સૂચિ


- ઠક્કર મીનાક્ષી, (૨૦૦૪), આદિવાસી વિકાસ અને વન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- વીર ભારત તલવાર, ઝારખંડ કે આદિવાસીઓ કે બીચ(હિન્દી).
- જી.ડી.પરીખ, રોય-વિચારદોહન (સંપાદન), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- રમણલાલ વ. દેસાઈ, ભારતીય સંસ્કૃતિ.
- ઊર્મિબેન દેસાઈ, (૧૯૭૫), રચના પ્રકાશન, અમદાવાદ.
- આદિલોક (સામાયિક), નવેમ્બર-ડિસેમ્બર,૨૦૧૧.
- આજ કે પ્રશ્ન, માઓવાદ હિંસા ઔર આદિવાસી – સંપાદક – રાજકિશોર(૨૦૧૦), વાણી પ્રકાશન, દરિયાગંજ, નવી દિલ્હી – ૧૧૦૦૦૨ (હિન્દી આવૃત્તિ)
- છઠ્ઠી રિપોર્ટ (૧૯૯૯-૨૦૦૦ એવમ્ ૨૦૦૦ – ૨૦૦૧), રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ આયોગ (હિન્દી આવૃત્તિ), ભારત સરકાર.
- ઢેબર કમિશન અહેવાલ (અનુસૂચિત વિસ્તાર અને અનુસૂચિત જનજાતિઓના સંદર્ભમાં), ૨૦૦૫, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪
- દેસાઈ બટુક, દલિતો, આદિજાતિઓની વિપદાઓ અને નકસલવાદીઓની સમસ્યાના મૂળ, ગુજરાત ખેતવિકાસ પરિષદ, અમદાવાદ.
- રજિસ્ટ્રાર જનરલ તથા સેન્સસ કમિશ્નરની કચેરી, ૨૦૧૩-૨૦૧૪ ભારત સરકાર ક૩૪, સામાજિક – આર્થિક સમીક્ષા, ગુજરાત રાજ્ય,
- સામાજિક ન્યાય અને અધિકારિતા ( આદિજાતિકાસ) વિભાગ, સચિવાલય ગાંધીનગર ઠરાવ ક્રમાંકઅજસ/૨૦૧૩/૨૦ જુ.ઓ.આઈ/૨૩/ચ તા. ૦૫-૦૯-૨૦૩નો ઠરાવ.
- R.B. Lal (1996), Tribal Situation in Gujarat. Tribal Research & Training Institutes, Gujarat Vidyapith, Ahmedabad.
- Sixth Schedule provisions as to the administration of Tribal areas in the States of Assam, Meghalaya, Tripura and Mizroam, The constitution of India, www. mdoner. gov.in
- Planning fro the Sixth Schedule areas, Reprot of the Expert Committee. (September – 2006), New Delhi, Ministry of Panchayatiraj Government of India.
- Asia Pacific Froestry Sectro outlook Study: II, Country

Reprot, Ministry of Environment & Froests. Govt. of India.

- Decentralized Governance in tribal India Negotiating Space between the state community and civil society. Arunkumar Monditoka, 2010.
- India's fourth National Reprot to the convention on biological diversity. Ministry of Environment and froests Govt. of India., New Delhi, 2009.
- PESA – confromity and operational Issues a Couse study of Orissa. by Sarojkumar Das.
- Social Economic and political Dynamics in Extremist Effected Areas. Executive Summary: Study Commission by: Bureau of Police Research and Development. Ministry of home affairs, New Delhi.
- A Reprot on Status of Panchayats Extention to scheduled Area (PESA) Act, 1996 in the states of Andhra Pradesh. Orissa. Jharkhand. Gujarat and Chhattisgarh. Planning Commission Government of India, New Delhi.
- Second Administrative refroms Commission fifth reprot State and district Administration. Govt. of India, 2009.
- Tribal Law in India. Apporov kurup.
- Tribal Welfare through panchayats: the experience of PESA is Orissa. By Sujata Ratho.
- www.tribal.nic.in
- www.trti.gujarat.gov.in
- www.tribal.gujarat.gov.in
- www.ncst.nic.in

# એકમ ૧૬ ભારતીય સમાજનો સાંસ્કૃતિક વારસો અને તેમાં આવેલું પરિવર્તન

## રૂપરેખા


૧૬.૦ ઉદ્દેશો

૧૬.૧ પ્રસ્તાવના

૧૬.૨ સંસ્કૃતિનો અર્થ

૧૬.૩ ભારતીય સમાજના સાંસ્કૃતિક વારસા અંગેના પરિબળો

૧૬.૪ ભારતીય સમાજના સાંસ્કૃતિક વારસામાં આવેલ પરિવર્તનો

૧૬.૩ સારાંશ

૧૬.૪ ચાવિરૂપ શબ્દો

૧૬.૫ તમારી પ્રગતિ ચકાસો

૧૬.૬ સંદર્ભ સૂચિ


## ૧૬.૦ ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી અદ્યેતાઃ

- ભારતીય સમાજની સંસ્કૃતિ અંગે જાણી શકશે
- ભારતીય સમાજના સાંસ્કૃતિક વારસા અંગેનું જ્ઞાન મેળવી શકશે
- ભાષા, ધર્મ, સાહિત્ય – કલા તેમજ આ અંગેની સમજણ કેળવશે
- સાંસ્કૃતિક વારસામાં આવેલ પરિવર્તન અંગેની સમજ

## ૧૬.૧ પ્રસ્તાવના

માનવીના સમગ્ર જીવનશૈલીનો ચિતાર આપતી બાબતો તરીકે સંસ્કૃતિને વર્ણવી શકાય. તેમજ મોટાભાગે સંસ્કૃતિનો ખ્યાલ માનવ સમાજના સંદર્ભે જ ઓળખાવી શકાય છે. સામાન્ય રીતે લોકોને જીવન જીવવાની એક રીત કે શૈલી એટલે સંસ્કૃતિ. પ્રાચીન સમયથી શરૂ કરીને આધુનિક યુગ સુધીમાં ભારતીય સમાજમાં અનેક પ્રકારની સંસ્કૃતિના દર્શન થાય છે. સામાન્ય રીતે ભારતીય સમાજની સાંસ્કૃતિક બાબતોમાં ગ્રામ્ય સંસ્કૃતિ અને શહેરી સંસ્કૃતિ તેમજ આદિવાસી સમાજની સંસ્કૃતિના દર્શન જોવા મળે છે. માનવી પાસે જે કાઈપણ જેમાં જ્ઞાન, કલા, સાહિત્ય, રિવાજો, પરંપરાઓ, ઉત્સવોની ઉજવણીની રીતો આ તમામ બાબતોને જે તે સમાજના સંસ્કૃતિક પરિબળો તરીકે ઓળખાવી શકાય.

બીજી તરફ સમાજમાં સતત થતી નવી શોધ-ખોળો, જ્ઞાન અને વિજ્ઞાન, ટેકનોલોજી ને પણ સમાજની સાંસ્કૃતિક બાબતોમાં વર્ણવી શકાય છે. પ્રાચીન

સંસ્કૃતિમાં પરંપરાગત સાધનોથી થતી ખેતીથી શરૂ કરીને નવી શોધ-ખોળો ત્યાં જોવા મળતી હતી. જેને સંસ્કૃતિના તત્ત્વો તરીકે ઓળખાવી શકાય છે. સમયે-સમયે સાંસ્કૃતિક બાબતોમાં સતત પરિવર્તન જોવા મળ્યું છે. જેમાં આ બાબતો અંગે કહી શકાય કે, ભારતીય સમાજનો સંસ્કૃતિનો જે પરંપરાગત વારસો હતો તેમાં સમયે-સમયે ફેરફારો નોંધાયા છે.

## ૧૬.૨ સંસ્કૃતિનો અર્થ

સામાન્ય બોલી અને બોલ ચાલની ભાષામાં વારંવાર આપણે સંસ્કૃતિ શબ્દનો ઉપયોગ કરીએ છીએ પરંતુ ખરેખર સંસ્કૃતિ એટલે શું એ ખ્યાલ સ્પષ્ટ કરવો જરૂરી છે. સમાજશાસ્ત્રીઓ એવું જણાવે છે કે સંસ્કૃતિ એક એવુ તત્ત્વ છે. જે માનવી સમાજ અને પ્રાણી સમાજને એકબીજાથી અલગ કરે છે. અથવા બંને વચ્ચેનો ભેદ સમજાવે છે.

સમાજવ્યવસ્થામાં જે વ્યક્તિઓ ધોરણો, રિવાજો અને ધર્મને વ્યવસ્થિત અનુસરે છે. તેઓને આપણે સુસંસ્કૃત વ્યક્તિ તરીકે ઓળખીએ છીએ.

- સમાજના સભ્ય તરીકે આપણી વિચારવાની રીતો પ્રવૃતિ કરવાની રીતો તથા આપણી પાસે જે કાંઇ છે. તે બધા જટિલ જથ્થાનો સંસ્કૃતિમાં સમાવેશ થાય છે.
- રોબર્ટ બસ્ટિડટ :

સંસ્કૃતિમાં જ્ઞાન , માન્યતાઓ, કળા, નિતી, કાયદો અને રિવાજ વગેરેનો તેમજ સમાજના સભ્યો તરીકે માનવીએ જે કંઈ શકિતઓ અને ટેવો મેળવી છે. તેનો સમાવેશ કરે છે.

ઇ.બી. ટાઇલર

- સંસ્કૃતિ એ વર્તન વ્યવહાર માટેની યોજના અને વિધિ-નિષેધો છે, તે માર્ગદર્શન આપતા ધોરણો અને મૂલ્યોની બનેલી છે.

બુમ અને સેલ્મેનીક

ભારતની સંસ્કૃતિ વિવિધતા સભર છે. જેમાં ભારતનો ઈતિહાસ, ભૂગોળ, સિંધુની સભ્યતાઓ તેમજ રિવાજ, પરંપરાઓ, વિચારો વગેરેનો સમાવેશ થાય છે. ભારતના રિત-રિવાજો, ભાષાઓ, પ્રથાઓ, પરંપરાઓ, પારસ્પરિક સંબંધો વગેરે સંસ્કૃતિના ઉદાહરણો છે. એટલે કે ભાષા દર્શન, ધર્મ, સમાજ, વસ્ત્રો, પહેરવેશ, સાહિત્ય-કલા, જ્ઞાન, મનોરંજન વગેરે સંસ્કૃતિ છે.

ભારતીય સમાજમાં સાંસ્કૃતિક વારસાની બાબતોમાં વૈવિધ્ય જોવા મળે છે. સંસ્કૃતિ અથવા સાંસ્કૃતિક વારસાની બાબતો અંગે કહેવાય કે સમાજમાં જોવા મળતું વાતાવરણ સંસ્કૃતિ સાથે સંબંધ ધરાવે છે. વળી, ભાષાઓનું વૈવિધ્ય, ધર્મનું વૈવિધ્ય, અને સમાજની રચનાઓનો સમાવેશ સાંસ્કૃતિક વારસા સ્વરૂપે ઓળખાવી શકાય છે. સમાજે-સમાજે સાંસ્કૃતિક બાબતોમાં ભિન્નતાઓ પ્રવર્તે છે. જેમ કે ભારતીય અને પશ્ચિમી સમાજના સાંસ્કૃતિક વારસાઓમાં ભિન્નતાઓ હોય છે. અહીં આપણે ભારતીય સમાજના સાંસ્કૃતિક વારસા અંગે ચર્ચા કરી રહયા છીએ તો અહીં પણ જે પ્રકારનો સમાજ એ પ્રમાણેની સાંસ્કૃતિક ભિન્નતાઓ જોવા મળે છે. સાંસ્કૃતિક વારસાની કેટલીક બાબતો મૂર્ત છે તો કેટલીક બાબતો અમૂર્ત પણ છે. ભારતીય સમાજ ગામ, શહેર, અને આદિવાસી સમાજનો બનેલો છે. પરિણામે આ ત્રણેય સમાજમાં સાંસ્કૃતિક વારસાની બાબતોમાં વૈવિધ્ય જોવા મળે છે. સમાજે, સમાજે ભાષા બોલી, રિવાજો, મૂલ્યો, પરંપરાઓમાં વૈવિધ્ય પ્રવર્તે છે.

## ૧૬.૩ ભારતીય સમાજના સાંસ્કૃતિક વારસા અંગેના પરિબળો

### (૧) ભાષાગત વારસો :

ભાષા જ એક એવુ માધ્યમ છે. જે આપણી મૂળ સંસ્કૃતિની ઓળખ આપણને આપે છે. સર્વ જગતમાં માનવીજ એક એવુ સામાજિક પ્રાણી છે. જે ભાષાના માધ્યમનો ઉપયોગ કરી શકે છે. એટલેકે આ માધ્યમ માનવીને સામાજિક માનવી તરીકેની ઓળખ આપે છે. સામાન્ય રીતે સંસ્કૃતિનું સર્જન અને વિકાસ પણ ભાષાના માધ્યમથી જ થયેલ જોવા મળે છે. માનવી પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન પોતાના દરેક વ્યવહારો ભાષાના માધ્યમથી જ કરે છે. સમાજવ્યવસ્થા, વિશિષ્ટ પ્રકારની સંસ્કૃતિની રચના તેમજ તેનું વહન શકય બને છે. ટૂંકમાં માનવીના દદરેક કાર્યો ભાષા દ્વારા થાય છે. વ્યક્તિની આવશ્યકતા અંગેનું જરૂરિ માધ્યમ શબ્દો કે ભાષા છે.

ભારતીય સમાજ બહુભાષી સમાજ તરીકે ઓળખાવી શકાય છે. એટલે ભાષા અને સંસ્કૃતિની બાબતમાં ભારતમાં વિભિન્નતાઓ જોવા મળે છે. અંદાજે ૧૯૬૧ માં થયેલ વસતી ગણતરી અનુસાર ભારતમાં ૧,૬૫૨ માતૃભાષાઓ હતી. ભારતીય ભાષાઓમાં ગુજરાતી, હિન્દી, બંગાળી, આસામી, કન્નડ, કાશ્મીરી, મલયાલમ, મરાઠી, પંજાબી, સંસ્કૃત, તામિલ, તેલુગુ, ઉર્દુ, રાજસ્થાની, બિહારી, સિંધી વગેરે અસંખ્ય ભાષાઓ બોલતો વર્ગ, સમૂહો જોવા મળ્યા છે. આમ દરેક ભાષાને તેનું અલગજ મહત્ત્વ છે. અહી ખાસ નોધનીય કે ૧,૬૫૨ માતૃભાષાઓમાં અંદાજે ૩૦૪ જેટલી ભાષાઓ આદિવાસી સમૂહોની જોવા મળી છે.

ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ ભારતની ભાષાઓ મુખ્ય ચાર વિભાગોમાં વિભાજિત કરાય છે.

| ઈન્ડો આર્યન | દ્રવિડ ભાષાઓ : | ઓટ્રીષ્ટીક : | ચીની : તિબેટી |
|---|---|---|---|
| જેમાં હિન્દી, પંજાબી, બંગાળી, ઉડિયા, મરાઠી, ગુજરાતી, બિહારી, રાજસ્થાની, નેપાળી, પહાડી, સિંધી, કાશ્મીરીનો સમાવેશ થાય છે. | તમિલ, મલયાલમ, તેલુગું, કન્નડ | આ ભાષાઓમાં નિકોબાર, મુંડારી, હો, ઓરિસ્સાની આદિવાસી ભાષાઓ | |
| સ્ત્રોત : ભારતીય સમાજ : લે. મહેન્દ્ર ત્ત્વેરી | | | |

આમ ભારતીય સમાજ બહુવિધિ ભાષાઓને બંધારણમાં પણ સ્થાન મળ્યું છે. આ ભાષાની વિવિધતા સાંસ્કૃતિક બાબતોમાં પણ વિવિધતાઓ સર્જે છે.

**(૨) ધર્મ અંગેનો વારસો :**

ભારતીય સમુદાય બિનસાંપ્રદાયિક હોવાના પરિણામે અહીં અનેક ધાર્મિક સમૂહો વસવાટ કરતાં જોવા મળે છે. ભારતીય સામાજિક જીવનમાં ધર્મને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. પરંતુ હા એ બાબત પણ નોંધનીય છે કે સમાજમાં ધર્મની સારી-માઠી બંને અસરો પ્રવર્તતી હોય છે. આ અંગે ડેવિસ નામના વિદ્વાન જણાવે છે કે '' ભારતના લોકો આજે પણ એવા ધાર્મિક સમાજમાં રહે છે કે જયાં સાધન અને સાધ્ય બંને ને ધાર્મિક દૃષ્ટિએ જ ઘટાવવામાં આવે છે. અને કર્મકાંડ તથા જાદુંનું મહત્ત્વ પણ સ્વીકારવામાં આવે છે. ''

ભારતમાં મોટો ધાર્મિક સમૂહ હિન્દુ સમૂહ છે. પછી ત્યારબાદ ઈસ્લામી, ખ્રિસ્તી, શીખ, જૈન, બૌધ્ધ, પારસી, યહુદીઓનો સમાવેશ થાય છે. દરેક ધાર્મિક સંપ્રદાયને તેની આગવી સંસ્કૃતિ અને તેનો સાંસ્કૃતિક વારસો હોય છે. જે પેઢી-પેઢી અનુસરવામાં આવે છે. તેમજ આ ધાર્મિક સંસ્કૃતિના ફેલાવાના પરિણામે સાંસ્કૃતિક બાબતો, (ધાર્મિક) જળવાઈ રહે છે.

ભારતીય સમાજવ્યવસ્થામાં ધાર્મિક સમૂહોની ગણતરી કરતાં સૌથી મોટુ જૂથ કોઇ હોય તો તે હિન્દુ ધાર્મિક જૂથ છે. સાલ ૧૮૮૧ થી ૧૯૬૧ સુધીની ગણતરી એવું બતાવે છે હિન્દુ ધાર્મિક સંપ્રદાય ભારતીય સંપ્રદાયમાં સૌથી વધુ સંખ્યા બળ ધરાવતો સમૂહ છે. ત્યાર બાદ મુસ્લીમ, સમૂહોનો સમાવેશ થાય છે. ત્યારપછી ગણતરીમાં ક્રમશઃ ખ્રિસ્તી, શીખ, જૈન, બૌધ્ધ અને પારસી કે યહુદીઓનો સમાવેશ થતો જોવા મળ્યો છે. સમાજના વિવિધ ક્ષેત્રોને પ્રભાવિત કરવામાં તેમજ સમાજમાં પરિવર્તન લાવવામાં આ ધાર્મિક સમૂહોનો ફાળો અત્યંત મહત્ત્વપૂર્ણ બની રહયો છે.

હિન્દુ ધાર્મિક સંપ્રદાયો મુખ્ય બે છે જેમાં વૈષ્ણવ અને શિવ, આ બંનેના કેટલાક પેટાસંપ્રદાયો પણ છે. અંદાજે ૯૦ ટકા હિન્દુઓ અને તેના પેટા સંપ્રદાયો દેવતાઓની આરાધના કરે છે. પૂજા કરે છે.

મુસ્લીમ ધર્મનો ઉદય સૌથી છેલ્લે થયો છે. પરંતુ તેનો ફેલાવો અત્યંત ઝડપથી થયો છે. પશ્ચિમમાં સ્પેન અને પૂર્વમાં ચીન, જાવા, અને ફિલીપાઇન્સ સુધી તેનો ફેલાવો છે. ધોરીવંશના ઈસ્લામી રાજયની સ્થાપનાથી મોગલવંશના સામ્રાજય સુધી ભારત પર તેમનું રાજકીય દૃષ્ટિએ પ્રભુત્ત્વ રહયું. ઈસ્લામના મુખ્ય બે સંપ્રદાયો છે. સુન્ની આધ્યાત્મક અને શિયા જેઓ પર્શીયન તરફી રહયાં. ભારતમાં જે મુસ્લીમ સમૂહો પછાત રહયા તેમાં મોટા ભાગે તેમની અલગતા અને ધર્મ પરિવર્તનો જ જવાબદાર રહયાં છે. વસ્તીગણતરીના વારંવારના આંકડાઓ બતાવે છે કે, આ ધાર્મિક જૂથના સભ્યોની સંખ્યા સતત વધતી રહી છે.

પારસી ભારતીય સમાજમાં માત્ર એક લાખની જ વસ્તી ધરાવતો એવો નાનો ધાર્મિક સમૂહ છે. રાષ્ટ્રીય અને ઔધોગિક ક્ષેત્રમાં આ ધાર્મિક સમૂહનો ફાળો અત્યંત નોંધનીય રહયો છે. અંદાજિત આઠ હજાર વર્ષ પહેલા જરથુસ્ટ્રે આ ધર્મ સ્થાપેલો માનવામાં આવે છે. જેઓ એક સમયે ભારતીય આર્યો સાથે રહેતા હોવાનું માનવામાં આવે છે. અન્ય ધાર્મિક સંપ્રદાયોમાં આ સંપ્રદાય સૌથી વધારે શિક્ષિત માનવામાં આવે છે.

આ ઉપરાંત ભારતના સાંસ્કૃતિક વારસામાં જૈનો, બૌધ્ધો, અને યહુદી, શીખ સંપ્રદાયોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વૈવિધ્ય સભર આ ભારતમાં ધાર્મિક વારસો પણ અલગ ભિન્નતાઓ ધરાવે છે.

**(૩) સામાજિક વારસો :**

ભારતીય સમાજમાં સામાજિક વારસામાં મોટાભાગે સમાજની સંસ્કૃતિ જેમાં રિવાજો, ધોરણો, મૂલ્યો, લોકનીતી, લોકરીતીઓ વિભિન્ન રિવાજો, સમૂહો, વિવિધ સમસ્યાઓનો વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

ભારતીય સમાજમાં રિવાજો અંગેઃ ધોરણોની બાબતોમાં રૂઢીચુસ્તતા જોવા મળે છે. રિવાજો પરાપૂર્વથી ચાલ્યા આવતા હોય છે. જેમાં જ્ઞાતિગત રિવાજો, સમૂહગત રિવાજો, અને કુટુંબે કુટુંબે રિવાજોની બાબતોમાં ભિન્નતા જોવા મળે છે. લગ્નના રિવાજો, ધર્મના રિવાજો, કુટુંબના રિવાજો તેમજ ભિન્નતાઓ ભારતીય સમાજમાં પ્રવર્તે છે. લગ્નના રિવાજોમાં કોની સાથે લગ્ન કરવા અને કોની સાથે લગ્ન ન કરવા તેમજ ગામ, કુટુંબ અને ગોત્ર અનુસાર લગ્ન કરવાની સાંસ્કૃતિક પરંપરા હોય છે.

વળી, બીજી તરફ સાંસ્કૃતિક વારસાનું જતન કરવાનું કપરું કાર્ય , ઈલક રીતી અને લોકનીતીઓ વડે પણ થાય છે. સ્ત્રી-પુરુષના પહેરવેશ, રહેણી-કરણી, ખાન-પાન વગેરેમાં કુટુંબ, ગામ અને જ્ઞાતિએ જ્ઞાતિએ ભિન્નતાઓ જોવા મળે છે. ગામ સમાજ અને જ્ઞાતી ફરે એટલે લોકવાયકાઓ પણ બદલાઈ જતી હોય છે. સમાજમાં જ્ઞાતિ અને વિસ્તાર પ્રમાણેનો પોષાક પણ હોય છે. દરેકને તેની બોલી પણ હોય છે. સંસ્કૃતિની બાબતમાં સમાજે સમાજે ભિન્નતાઓ પ્રવર્તે છે.

**(૪) સાહિત્ય અને કલાનો વારસો :**

ભારતીય સમાજમાં સંગીતની, ચિત્રકળા, નાટયકલા, પ્રદેશ પ્રમાણેની વેશભુષા આભૂષણો, લોકમેળાઓ, વિવિધ મહોત્સવોની ઉજવણીઓ, લોકનૃત્યો, તેમજ લોક ભરત-ગૂંથણ અન્ય જોવા લાયક પ્રવાસસ્થાનો. વળી, કેટલાક લેખકો, સાહિત્યકારો, સંતો-મહંતો, પણ ભારતીય સંસ્કૃતિના સાહિત્યને અને કલાના વારસાને ઉજાગર કરે છે.

ખાલી ગુજરાતની જ વાત કરીયે તો, ત્યાંના શિલ્પ સ્થાપત્ય, વિદ્યાપીઠો, આભૂષણો અત્યંત વખાણવા લાયક વારસો છે. જેને તેની પરંપરાને લોકોએ વર્ષો સુધી જાળવી રાખવાના ભરપૂર પ્રયાસો કર્યા છે. તેમજ અહીંની ભુમીએ અસંખ્ય સંત અને સાહિત્ય બાબતોનો ભરપૂર વારસો પ્રાપ્ત કરાવ્યો છે.

**(૫) સમૂહ સંચારના માધ્યમો :**

પરંપરાગત ભારતીય સમાજમાં સમૂહ-સમૂહ વચ્ચેના સંચારના માધ્યમમાં ભાષા મહત્ત્વનું પરિબળ હતુ. જેમાં મોટાભાગે સંસ્કૃત ભાષા, પ્રચલીત હતી. તેમજ ધીમે ધીમે માતૃભાષાઓ પણ અન્ય કેટલીક હિન્દી, અરબી, અને અંગ્રેજી ભાષાઓ સંચારના માધ્યમ તરીકે પ્રવર્તતી હતી. વળી, એ સમયે વર્તમાન પત્રો અને છાપખાનું સમૂહના સંચાર માધ્યમ તરીકે ચર્ચામાં હતં. લખાણ માટેની પણ વર્ષો પહેલા બે જ પ્રથાઓ હતી, જેમાં વર્ણમાલા અને બિનવર્ણમાલાનો સમાવેશ થતો હતો. વ્યક્તિઓ જંગલમાં મીઈલો સુધી ચાલીને જંગલોના જે કંઇ પ્રાકૃતિક તત્ત્વો હતા તેમાંથી આર્થિક પ્રવૃતિઓ કરતા જેના માટે પશુ અને પ્રાણીનો ઉપયોગ થતો. એક જગ્યાથી બીજી જગ્યા જવા માટે ગાડું મહત્ત્વનું સાધન હતું. પછી ટ્રેનની સુવીધા આવી.આમ અહી ભારતીય સમાજમાં વ્યક્તિ-વ્યક્તિ કે સમૂહ વચ્ચે જે સાધનો હતા તે મર્યાદિત હતા સમયે સમયે તેમાં અત્યંત નોંધનીય પરિવર્તનો પણ આવ્યા.

## ૧૬.૪ ભારતીય સમાજના સાંસ્કૃતિક વારસામાં આવેલ પરિવર્તનો

**(૧) સામાજિક પરિવર્તન :**

સમાજમાં હંમેશા સમયે-સમયે જે કોઈપણ ભૌતીક-અભૌતીક બાબતોમાં ફેરફાર નોંધાય તેને સામાજિક પરિવર્તન તરીકે ઓળખાવી શકાય છે. તેમજ સમાજ સતત પરિવર્તન શીલ છે, અને રહયો જ છે. એટલે સમાજની ભૌતીક બાબતો જેમાં વિવિધ, શોધ-ખોળ, સુખ સુવિધાના સાધનો, વાહન વ્યવહારો, જે કાંઈ બાબતો મૂર્ત છે. દેખાય છે. તેમાં આવેલા ફેરફારોને આપણે પરિવર્તન તરીકે પરિભાષીત કરી શકીએ છીએ. વળી, અહીં ખાસ નોંધનીય છે કે અભૌતિક બાબતો જેમાં જ્ઞાન, કલા, સાહિત્ય, રિવાજો, મૂલ્યો, ધોરણો જેવી અમૂર્ત બાબતોમાં થતા ચોકકસ ફેરફારોને પણ સામાજિક પરિવર્તન તરીકે વર્ણવી શકાય છે.

ડેવિસ નામના વિદ્યાન જણાવે છે કે, '' સામાજિક સંગઠનમાં, એટલે કે તેની રચના અને કાર્યમાં થતાં પરિવર્તનો એટલે સામાજિક પરિવર્તનો ''

જયારે આ અંગે મેકાઈવર અને પેજ કહે છે -'' માનવ સંબંધોની પ્રવર્તન પામતી જીવન રીતિઓ, સામાજિક પ્રથાઓ અને સંગઠનમાં ચાલતી પ્રક્રિયાઓ તથા સામાજિક રચનાને તેમાં પરિવર્તનો તથા એને નિપજના પરિબળોને સામાજિક પરિવર્તન કહેવાય છે. ''

આમ, સમાજમાં જયારે ભૌતીક, અભૌતીક તેમજ કોઈપણ ક્ષેત્રમાં ફેરફાર નોંધાય ત્યારે તેને સામાજિક પરિવર્તન તરીકે વર્ણવી શકાય આ ફેરફાર સાંસ્કૃતિક ક્ષેત્રોમાં પણ ચોકકસપણે જોવા મળે છે.

ભારતીય સમાજની જે પરંપરાગત સાંસ્કૃતિક બાબતો, વારસો છે. તેમાં ધીમે-ધીમે ચોકકસ ફેરફારો થયા છે. સામાજિક પ્રથાઓ અને મૂલ્યોની બાબતોમાં ભારતીય સમાજમાં પરંપરાગત સાંસ્કૃતિક મૂલ્યોમાં તેની પ્રથાઓમાં ચોકકસ ફેરફારો નોંધાયા છે. વૈદિક યુગના મૂલ્યોમાં જે પરંપરાગત ગ્રંથો હતા તેમના આધારે જ સમાજના રિવાજો અને મૂલ્યોની જાળવણી થતી પરંતુ આધુનિક યુગમાં આ પરંપરાગત ગ્રંથો ધીમે-ધીમે લુપ્ત થવા પામ્યા છે.

ભારતીય સમાજમાં જે તે સમયે દરેક ધાર્મિક જૂથોને જીવન જીવવા અંગેના ચોકકસ ધાર્મિક મૂલ્યો હતા આ મૂલ્યોમાં સમયે-સમયે પરિવર્તન નોંધાયા અને ઘણા જૂથો ધર્માંતરણ કરવા લાગ્યા છે. એવું માનવામાં આવે છે કે હિન્દુ ધર્મના સમૂહોની સંખ્યા ધટવા લાગી છે. જેમાં મુખ્ય બાબતોમાં (૧) પશ્ચિમનો પ્રભુત્ત્વ (૨) સમાજવ્યવસ્થામાં આવતું પરિવર્તન (૩) અન્ય ધાર્મિક જૂથોની સંખ્યામાં સતત વધારો નોંધાયો છે. સમયે-સમયે અનેક ધર્મના લોકો સમાજમાં સ્થિર થતાં ગયા. હિન્દુ ધર્મના લોકો તેઓને અપનાવતા ગયા વળી, બીજી તરફ ધર્મ પરિવર્તન વડે અનેક હિન્દુઓ અનેક ધર્મમાં પણ પરિવર્તન પામ્યા.

ભારતીય સમાજની સાંસ્કૃતિક વારસાની બાબતો જેમાં ભારતીય સમાજ વ્યવસ્થાની લગ્ન સંસ્થા અને કુટુંબ સંસ્થા જેવી વારસાગત બાબતો જેમાં ભારતીય સમાજવ્યવસ્થાની લગ્ન સંસ્થા અને કુટુંબ સંસ્થા જેવી વારસાગત સંસ્થાઓમાં પણ સંપુર્ણ પરિવર્તનો નોંધાયા છે. ખાસ તો જે લગ્ન સંસ્થાના નિયમો અને નિશેધો હતા તેમાં શિક્ષણ અને આધુનિકતાના કારણે પરિવર્તન જોવા મળ્યુ છે. જેના પરિણામ સ્વરૂપે લગ્નના સ્વરૂપમાં પરંપરાગત સ્વરૂપ રિવાજોમાં આધુનિકતાઓ સાંપડે છે. જયારે બીજી તરફ લગ્નની વય કે પરંપરાગત હતી તે હવે બદલાવા લાગી છે. અને લગ્ન માટેના જે જ્ઞાતિગત ધારા-ધોરણો હતા તેમાં પણ સમયે-સમયે ફેરફારો નોંધાયા

છે. વળી, જીવનસાથીની પસંદગી પહેલા ઘર અને સભ્યો જોઇને થતી હતી. તેમાં પણ ફેરફારો નોંધાયા છે. અહીં હવે જીવનસાથીની પસંદગી પ્રતિષ્ઠા અને શિક્ષણ જોઇને થવા લાગી છે. સ્ત્રીઓનો અને પુરુષોનો પશ્ચિમીકરણના કારણે લગ્ન અંગેનો ખ્યાલ બદલવા લાગ્યો છે. કેટલીક વાર બાળ ઉછેર અને તે અંગેના પરંપરાગત ખ્યાલો પણ બદલાવા લાગ્યા છે.

જેવી રીતે પરંપરાગત વારસાગત લગ્નો અને તેના ખ્યાલો બદલાયા તેમ ધીમે-ધીમે સંયુકત કુટુંબ વ્યવસ્થા અંગેના ખ્યાલો પણ બદલાવા લાગ્યા શિક્ષણ ઉધોગો પશ્ચિમી કરણના પરિણામે કુટુંબ સંસ્થાની પરિભાષાઓ બદલાવા લાગી. જેના કારણે વિભકત કુટુંબો અસ્તિત્ત્વમાં આવ્યા. સ્ત્રીઓની કૌટુંબિક ભૂમિકામાં પણ પરિવર્તન નોંધાયુ છે. વળી, સ્ત્રીઓ ઘર અને બહારના બન્ને ક્ષેત્રો પણ સંભાળવા લાગી છે. સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ વધવા લાગ્યુ. કેટલીકવાર કેટલાક પરિબળોના કારણે કૌટુબિક બાબતોની પરંપરાગત પરિસ્થિતિ બદલવા લાગી છે.

સાંસ્કૃતિક બાબતો જેમાં ભાષા, બોલી અને પહેરવેશ કે રહેણી-કરણી જેવી બાબતોમાં પણ ફેરફારો નોંધાયા છે. જેમ-જેમ સમય અને સંજોગો બદલાયા તેમ આ તમામ બાબતો પરિવર્તન થવા લાગી છે. જે કોઇ ભૌતિક સંસ્કૃતિ છે. શિલ્પ, સ્થાપત્ય, લેખીત સાહિત્ય વગેરેમાં કોઇ ચોકકસ ફેરફારો નોંધાયા નથી, પરંતુ જે અભૌતિક સંસ્કૃતિ છે. તેમાં ચોકકસ પણે ફેરફારો નોંધાયા છે. જેમાં રિવાજો, મૂલ્યો, ધોરણો, ફેશન, લોકનીતી-રીતી, વગેરે બાબતોનો સમાવેશ થાય છે. જેમાં ચોકકસ પણે ફેરફારને અવકાશ છે. તેમજ સાંસ્કૃતિની આ તમામ બાબતો પરિવર્તન થઇ રહી છે.

ભાષાની સાંસ્કૃતિક બાબતોમાં પણ સમયે સમયે ફેરફારો નોંધાયા છે. કેટલીક નીશ્ચિત ભાષાઓ બંધારણમાં સ્થાન પામી છે. ઘણીવાર ભાષા-ભાષાને લઇને વિવાદો પણ સર્જાયા છે. ત્રિ-ભાષા સુત્ર પણ અસ્તિત્ત્વમાં આવ્યું જેમાં માતૃભાષા અન્ય ભાષા હિન્દી જે રાજયની વહીવટી ભાષા અને બહારની ભાષા તરીકે અંગ્રેજીને પ્રાધાન્ય મળ્યું છે. આ ધીમે-ધીમે ભાષા પ્રમાણે અલગ પ્રદેશની માંગણી પણ જોવા મળી છે. વળી, બોલીઓ અને ભાષાઓ અંગેના રિસર્ચ પણ થયા છે.

ધાર્મિક બાબતોમાં પણ કેટલીક જડતા ભરેલા પરંપરાગત રિવાજો ધીમે-ધીમે બદલાવા લાગ્યા છે. આમ, સાહિત્ય-કલા, સંગીત અને તે અંગેના વિચારોમાં-આચારોમાં સતત ફેરફારો નોંધાયા છે. સાથે સમૂહ સંચારના પરંપરાગત સાધનોમાં પણ બદલાવ થયેલો જોવા મળ્યો છે.

## ૧૬.૫ સારાંશ

ભારતીય સમાજમાં તેના પરંપરાગત સાંસ્કૃતિક વારસાના પરિણામે એક અલગજ ઓળખ ઊભી થાય છે. સમાજમાં ભારતીય પરંપરાઓની અલગ જ માન્યતાઓ છે. બિનસાંપ્રદાયીક દેશ હોવાના કારણે અનેક ધાર્મિક જૂથો, સંપ્રદાયો, રીતીઓ અને ભાષાજૂથો અહીં વસવાટ કરે છે. અદ્‌ભૂત પચરંગી વારસો જ ભારતીય સમાજની આગવી ઓળખ છતી કરે છે. પરંતુ કેટલીકવાર સમય અને સંજોગો બદલાતા જાય તેમ આ પરંપરાગત રિવાજો મૂલ્યો વારસાઓમાં પણ ચોકકસ ફેરફારો નોધાય છે. પરિણામ સ્વરૂપે શિક્ષણ વ્યાપાર, સમૂહ સંચારના સાધનો વગેરે પરિબળો સાંસ્કૃતિક વારસાને બદલવામાં ચોકકસ ભૂમિકા ભજવે છે. આમ, આગવો સાંસ્કૃતિક વારસો સમયના વહેણમાં બદલવા લાગે છે.

## ૧૬.૪ કેટલાક ચાવિરૂપ શબ્દો

૧. **સંસ્કૃતિ :** પરંપરાગત સમાજની જે ઓળખ ઉભી કરે છે. જેમાં રિવાજો, મૂલ્યો, ધોરણોનો પહેરવેશ કે બોલીનો સમાવેશ થાય છે.

૨. **સમાજ :** જેને નિશ્ચિત પ્રદેશ છે. લોકો વચ્ચે એકતાની લાગણી હોય છે. જેઓ અમેપણાની ભાવના ધરાવે છે. તેવું જૂથ, સમૂહ

૩. **ધર્મ :** જે કોઇ અલૌકીક શક્તિ પર માનવીની શ્રધ્ધા અને વિશ્વાસ જેને ધર્મ કહેવાય છે.

૪. **ભૌતિક સંસ્કૃતિ :** સમાજમાં જે કોઇપણ શોધખોળો જે પૂર્ણ સ્વરૂપની છે. જેને જોઇ શકાય છે. તે તમામ સંસ્કૃતિ ભૌતિક છે.

૫. **અભૌતિક સંસ્કૃતિ :** સમાજમાં જે કોઇપણ રિવાજો,મૂલ્યો, ધોરણો, જેને માત્ર અનુભવી શકાય છે. તેને અપૂર્ણ કહેવાય તે અભૌતિક સંસ્કૃતિ છે.

૬. **સામાજિક પરિવર્તન :** સમાજની ભૌતિક-અભૌતિક બાબતોમાં ચોકકસ સ્વરૂપના ફેરફારને સામાજિક પરિવર્તન કહેવાય.

## ૧૬.૬ તમારી પ્રગતિ ચકાસો

**૧. સામાન્ય પ્રશ્નોના વિસ્તૃત રીતે જવાબો આપો.**

૧. ભારતીય સમાજનો સાંસ્કૃતિક વારસો લખો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

૨. સંસ્કૃતિ એટલે શું ? બદલાતા સમાજમાં સાંસ્કૃતિક વારસાને જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**૨. નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબો આપો.**

૧. સંસ્કૃતિ એટલે શુ ?

.................................................................
.................................................................
.................................................................
.................................................................

૨. ધાર્મિક જૂથોની ઓળખ આપો .

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૩. સામાજિક પરિવર્તન જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

**૩. એક વાકયમાં જવાબ આપો.**

૧. સંસ્કૃતિ કોને કહેવાય ?

..............................................................

..............................................................

૨. ભૌતિક સંસ્કૃતિની વ્યાખ્યા કરો.

..............................................................

..............................................................

૩. પરિવર્તન કઇ-કઇ બાબતોમાં છે.

..............................................................

..............................................................

## ૧૬.૮ સંદર્ભ સૂચિ

- ભારતીય સમાજ : લે. મહેન્દ્ર ત્વેરી, એન્ડ જનક ઠાકર પટેલ પ્રકાશન, વલ્લભ વિધાનગર ૧૯૬૭
- સમાજશાસ્ત્રનો પરિચય : (૨૦૦૩) એ.જી.શાહ, જે.કે.દવે, અનડા પ્રકાશન, અમદાવાદ
- સમાજશાસ્ત્રીય પરિભાષાઓ (૨૦૧૦) : ડૉ. શિલ્પા રાજગુરુ, પાર્શ્વ પબ્લીકેશન, અમદાવા
- ભારતીય સમાજ : રચના અને પરિવર્તન ( ૨૦૦૩) લે. એ.જી. શાહ, જે.કે. દવે, અનડા પ્રકાશન, અમદાવાદ
- ભારતીય સમાજ (૧૯૯૯) : લે. જે.એમ.એમ.જોવાનીયા એન્ડ કાળયાસિંહ રાઠોડ, રિસર્ચ પબ્લીકેશન જયપુર

# એકમ ૧૭ રાષ્ટ્રીય ઓળખ અને રાષ્ટ્રનિર્માણ

## રૂપરેખા


૧૭.૦ ઉદેશો

૧૭.૧પ્રસ્તાવના

૧૭.૨ રાષ્ટ્રીઓળખ

    ૧૭.૨.૧ રાષ્ટ્રીય ઓળખ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં

    ૧૭.૨.૨ રાષ્ટ્રીય ઓળખના માપદંડો તમારી પ્રગતિ ચકાસો

૧૭.૩ રાષ્ટ્ર નિર્માણ

    ૧૭.૩.૧ રાષ્ટ્રનિર્માણના આધારો

    ૧૭.૩.૨ રાષ્ટ્રનિર્માણ સમસ્યાઓ અને સમાધાન

    ● તમારી પ્રગતિ ચકાસો

૧૭.૪ સારાંશ

૧૭.૫ શબ્દાવલી

૧૭.૬ બહુવૈકલ્પિક પ્રશ્નો

૧૭.૭ સ્વાધ્યાય

૧૭.૮ સંદર્ભસૂચિ


## ૧૭.૦ ઉદેશો

આ એકમના અભ્યાસ બાદ તમે-

- રાષ્ટ્રીય ઓળખ અને રાષ્ટ્રનિર્માણ અંગેના ખ્યાલની સમજૂતી મેળવી શકશો.
- રાષ્ટ્રીય ઓળખ કે અસ્મિતાના પરિણામો વિશે વિસ્તૃત જાણકારી મેળવી શકશો.
- રાષ્ટ્રનિર્માણના આધારોનું વર્ણન કરી શકશો.
- રાષ્ટ્રનિર્માણમાં અવરોધરૂપ સમસ્યાઓ અને તેના સમાધાનો વર્ણવી શકશો.

## ૧૭.૧ પ્રસ્તાવના

ભારત દેશ વસ્તી અને તેના વિસ્તારની દષ્ટિએ જોવા જઈએ તો પ્રાચીન સમયથી જ એક વિશાળ રાષ્ટ્ર તરીકે ઓળખાતો રહ્યો છે. આજે ૨૧મી સદીમાં ભારતની વસ્તી એક અબજથી પણ વધુ છે ત્યારે સમગ્ર વિશ્વમાં સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે બહુમુખી વૈવિધ્ય અને સમૃદ્ધ સાંસ્કૃતિક વરસો ધરાવતા રાષ્ટ્ર તરીકેની ભારતની ઓળખ ઊભી થઇ છે. ભારતના ભૌગોલિક પર્યાવરણએ ભારતની અજોડ સંસ્કૃતિ ઘડવામાં અનેરું

પ્રદાન છે. ભારતમાં ભૌગોલિક એકતાના કારણે સમાન સભ્યતા અને રાષ્ટ્રના વિકાસ માટેની ઘણી સંભાવનાઓ છે.આઝાદીના સાત દશક બાદ ભારત દેશે અનેક ક્ષેત્રોમાં વિકાસની હરણફાળ ભરી છે. ખાસ કરીને સામાજિક, આર્થિક, અને વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેની નોંધ આજે સમગ્ર વિશ્વ લઈ રહ્યું છે. તેમાંય કૃષિ ઉત્પાદનો અને પશુપાલન ક્ષેત્રે સ્વાવલંબન હાંસલ કર્યું છે.આ સાથે સાથે ઈન્ફોર્મેશન અને ટેકનોલોજીમાં વિશ્વમાં ગ્લોબલ પાવર તરીકે ઊભરી રહ્યું છે. હવે ભારત કૃષિ સમાજ તરફથી ઔદ્યોગિક સમાજ તરીકેની નામના મેળવી રહ્યો છે ત્યારે ભારતીય સમાજ માહિતી આભિમુખ સમાજમાં ઉત્ક્રાંતિ પામી રહ્યો છે. આવી ઉત્ક્રાંતિ, રાષ્ટ્ર નિર્માણ અને રાષ્ટ્રીય ઓળખનો નિર્દેશ કરે છે.

## ૧૭.૨ રાષ્ટ્રીય ઓળખ (Nation Identity)

રાષ્ટ્રીય ઓળખ બીજા અર્થમાં રાષ્ટ્રીય અસ્મિતા તરીકે પણ પ્રચલિત છે. રાષ્ટ્રીય ઓળખ એ કોઈપણ રાષ્ટ્રનો આત્મા કે પ્રાણ, તે રાષ્ટ્રનું ચેતન કે સર્જનાત્મક્તા છે. ભારતીય હોવાનો ગર્વ અથવા તો રાષ્ટ્ર પ્રત્યેની લાગણી ભારતીયપણાની આપણી અંદરની ભાવના અને રાષ્ટ્રીય ચારિત્ર્યનો કયાંક ને કયાંક નિર્દેશ કરે છે. રાષ્ટ્રીય ઓળખ એ આપણા રાષ્ટ્રીય પ્રતીકો,રાષ્ટ્રીય સંસ્થાઓ, સંસ્કૃતિ અને ભાષાઓમાં વ્યકત થતી બાબત છે. તે નાગરિક તરીકેની સભાનતા અને રાષ્ટ્ર પર્ત્યેની ફરજોમાં વધારો કરે છે, રાષ્ટ્રીય અસ્મિતા એ વ્યક્તિમાં એક એવા પ્રકારનો મનોભાવ સૂચિત કરે છે કે જેનાથી વ્યક્તિમાં રાષ્ટ્ર પ્રત્યેના તાદાત્મયીકરણ, મમત્વ અને ઐક્યની ભાવનામાં વધારો કરે છે. ભારતીયોમાં ભારતીયપણાની લાગણીને રાષ્ટ્રીય અસ્મિતા કે ઓળખ કહી શકાય. ટૂંકમાં, રાષ્ટ્રીય ઓળખ કે અસ્મિતા એટલે રાષ્ટ્ર પ્રત્યે ગૌરવ અને સ્વમાનની લાગણી.

### ૧૭.૨.૧ રાષ્ટ્રીય ઓળખ : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં (Nation Identity in Histroical Perspective)

ભારતના ભવ્ય ભૂતકાળ તરફ જોઈએ તો, ૧૮મી સદીના અંત અને ૧૯મી સદીના શરૂઆતના તબક્કામાં એટલે કે મધ્યયુગની શરૂઆતના સમયગાળાથી લઈ મધ્યયુગના અંત સુધી ભારતીય દૃષ્ટિ સંકુચિત પ્રકારની જોવા મળી હતી. લોકોમાં સર્જનાત્મક શક્તિ લગભગ નાશ પામી હતી, સંસ્કૃતિના તત્ત્વો જુના ટકી રહ્યા હતા; પરંતુ, તેમાં સાચું મહત્ત્વ કયાંક ને કયાંક ભુલાવા લાગ્યું હોય તેવું વાતાવરણ જોવા મળતું હતું. રાજાઓ તેમના જીવનના સુખની બાબતોમાં રચ્યાપચ્યા રહેતા હતા. તેમને પ્રજા જીવનમાં કે પ્રજાના વિકાસમાં કોઈપણ પ્રકારનો રસ ન હતો સાથે સાથે ભારતની અસ્મિતા કે એકતામાં પણ રસ નહોતા દાખવતા. આથી, પ્રજામાં રાષ્ટ્રીય ભાવનાનો અભાવ જોવા મળતો હતો.

ભારતમાં બ્રિટિશ રાજયના અમલની સ્થાપના થતા જેની ભારતીય સમાજ ઉપર ઘણી વિપરીત અસર જોવા મળી. આ બધા જ પ્રકારના પરિબળો કારણે ભારતીય સમાજમાં ઘણા જ ઘેરા પ્રત્યાઘાતો આ પ્રકારના પડકારોના કારણે ભારતીય બુદ્ધિજીવી વર્ગમાં મનોમંથન શરૂ થયું. અંગ્રેજી શિક્ષણ પ્રણાલીના કારણે ભારતમાં એક સુધારાવાદી વર્ગ અસ્તિત્વમાં આવ્યો અને બીજો પુનરુત્થાનવાદી વર્ગ ઊભો થયો. રાજા રામમોહન રોય એ બ્રહ્મોસમાજની સ્થાપના કરી સુધારાવાદી પ્રવૃત્તિઓ ઉપર ભાર મૂકી,આધુનિક અંગ્રેજી શિક્ષણની સાથે સાથે વેદાંતના જ્ઞાનની જરૂરિયાત દર્શાવી વેદાંત કોલેજની પણ સ્થાપના કરી. સમાજમાંથી સતીપ્રથા જેવા કુરિવાજોને

તિલાંજલિ આપવામાં તેમજ સ્ત્રી પરાધીનતાની અન્ય બાબતો પણ દુર કરી સામાજિક જાગૃતિ ફેલાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. રાજા રામમોહન રોયે નિદ્રાધીન ભારતને જગાડવાનું મોટું કાર્ય કર્યું.

સુધારવાદી પ્રવાહમાં બીજા એક સુધારક તરીકે પ્રાર્થના સમાજના સ્થાપક મહાદેવ ગોવિંદ રાનડેનું નામ મોખરે છે તેમને પણ ભારતીય સમાજમાં સુધારાવાદી પ્રવૃત્તિઓના જનક તરીકે ગણવામાં આવે છે. તેમણે પણ સ્વતંત્રતા, વિવેક, સહિષ્ણુતા, નસીબવાદના બદલે ભાવિ જીવનમાં શ્રદ્ધા વગેરે બાબતો ઉપર ભાર મૂક્યો હતો. તેમજ બિનસાંપ્રદાયિકતા અને સ્ત્રીજીવન સુધારણા સંબંધી પ્રવૃત્તિઓ કરી હતી.

સુધારણાવાદના એક પ્રવાહ તરીકે ઇન્ડિયન નેશનલ સોશિયલ કૉન્ફરન્સે પણ રાષ્ટ્રીય પાયા ઉપર ઘણી સુધારાવાદી પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. આ સંસ્થાઓએ સમાજમાં સામાજિક અને રાષ્ટ્રીય જાગૃતિ ફેલાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. જેને કારણે સ્ત્રી વર્ગમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું હતું. કૉન્ફરન્સના આ કાર્યએ સામાજિક જાગૃતિ લાવવાના કાર્યને વેગવંતુ બનાવ્યું હતું.

પુનરુત્થાનવાદી પ્રવાહમાં દયાનંદ સરસ્વતી અને આર્યસમાજ તેમજ થિયોસોફીકલ સોસાયટી અને શ્રીમતી એની બેસન્ટ તેમજ રામકૃષ્ણ મિશન અને સ્વામી વિવેકાનંદએ સમાજમાં પુનરુત્થાનના નેજા હેઠળ સમાજ સુધારણાની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. સૌપ્રથમ સ્વામી દયાનંદ સરસ્વતીએ વેદ ધર્મના પાયા ઉપર વિવિધ પુનરુત્થાન વાદી પ્રવૃત્તિઓ હાથ ધરી ત્યારબાદ સત્યાર્થ પ્રકાશ નામનો ગ્રંથ આપ્યો, તેમજ તેમણે ભારતના લોકો સમક્ષ એક આદર્શ રજૂ કરીને લોકોને નીડર બહાદુર અને સ્વમાની બનવાનો સંદેશો આપ્યો; તેમજ, તેમણે આ ગ્રંથ થકી સ્વધર્મ, સ્વભાષા અને સ્વદેશની વાત કરી લોકોમાં દેશ પ્રત્યેની ભાવના જગાવી હતી. સ્વામી દયાનંદ સરસ્વતીએ ''સત્યનો જય'' એવું સૂત્ર આપ્યું હતું. સાથે સાથે તેમણે એવું પણ કહ્યું કે, ભારતના ભવ્ય ભૂતકાળ માટે ભારતના લોકોને ગૌરવ અને ગર્વ હોવો જોઈએ.

થીયોસૉફિકલ સોસાયટી અને એની બેસન્ટે,હિંદુધર્મ અને સંસ્કૃતિને વૈજ્ઞાનિક સમર્થન આપીને પુનઃ ઉત્થાન કરવાનો પ્રયાસ કર્યો હતો.શ્રીમતી એની બેસન્ટે ભારતીય સમાજને સ્થિરતાની સ્થિતિમાંથી ગતિશીલતાના સ્વરૂપ તરફ જવા ઉપર વધુ ભાર મૂક્યો પરંતુ,પરિવર્તનની સાથે સાથે ભારતીય ચારિત્ર્ય, સંસ્કૃતિ અને ધર્મનું પણ જતન થવું જોઈએ તેવું તેઓ દઢપણે માનતાં હતાં. ભારતે તેમના આધ્યાત્મિક વારસાનું ગૌરવ અને અભિમાન ક્યારેય ન છોડવું જોઈએ; તેમાં જ ભારતીયોનો સાચો ઉદ્ધાર છે. આ વિચારોથી પ્રભાવિત થઈ ભારતીયોમાં દેશ પ્રત્યે સ્વાભિમાનતા અને અસ્મિતા(ઓળખ) બંધાઈ હતી.

પુનરુત્થાનવાદી સંસ્થામાં તરીકે રામકૃષ્ણ મિશન અને સ્વામી વિવેકાનંદનું નામ મોખરે છે. રામકૃષણ મિશનના સ્થાપક સ્વામી વિવેકાનંદે વેદાન્તની નવી વ્યાખ્યા આપીને ભારતીય સમાજ અને સંસ્કૃતિનું પુનરુત્થાન કરવાનો પુરુષાર્થ કર્યો હતો. ખાસ કરીને બિનસાંપ્રદાયિકતા ઉપર વધુ ભાર મૂકીને સાર્વત્રિકધર્મની સ્થાપના કરી હતી. બધા જ ધર્મો વચ્ચે સમભાવ અને સમન્વય રહે એ જ વર્તમાન સમયમાં વેદાન્તનો પુરાણો સંદેશો છે તેવું તેઓ માનતા હતા. આ કારણે ભારતભરમાં રાષ્ટ્રવાદનું નિર્માણ થયું સ્વામી વિવેકાનંદે કહ્યું એ વેદાન્તનો સંદેશ છે એ શક્તિનો સંદેશ છે તેમણે આપેલો સંદેશો ''ઊઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહ્યો'' એ સંદેશો કે સૂત્ર એ લાખો યુવાનોના જીવનમાં રાષ્ટ્ર પ્રત્યે ગૌરવની લાગણી જન્માવી.

બ્રિટિશ રાજ્યની સ્થાપના થતા, ભારતમાં તમામ ક્ષેત્રના વહીવટોનું રૂપાંતર

થયું અને તેને કારણે ભારતમાં સાંસ્કૃતિક જીવન વિકસ્યું તેનાથી જ લોકોમ અખિલ ભારતીય સભાનતા જન્મી. જેમ જેમ સમય વધતો ગયો તેમ તેમ રાષ્ટ્રીય અસ્મિતા, એકતા અને રાષ્ટ્રવાદના ઉદ્ભવના કારણે જ ભારતમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થપાના થઇ. આવી ઘટનાએ સમાનતા સ્વતંત્ર્ય અને રાષ્ટ્રીયતાનું ભાન કરાવ્યું. જેણે લોકોમાં આત્મગૌરવ અને રાષ્ટ્રીય અસ્મિતા કે ઓળખ વિસવાવનું કામ કર્યું. લોકોમાં વિકસેલી રાષ્ટ્રીય ઓળખ વધુને વધુ શક્તિશાળી બનતી ગઈ, તેમજ વિભીન્ન સ્વરૂપ ધારણ કરતી ગઈ આજે જે ઓળખની આપણે વાત કરીએ છીએ તે ઓળખ આપણી પાસે ના હતી બ્રિટિશરો ભારતમાં આવ્યાં તે પહેલાંની સમાનતાની ઓળખ કદાચ રાષ્ટ્ર તરીકેની સાંસ્કૃતિક ઓળખ તરીકે વ્યકત કરી શકીએ;પરંતુ,રાષ્ટ્ર તરીકેની રાજકીય ઓળખ તરીકે ન વર્ણવી શકાય. કોંગ્રેસ અને મહાત્મા ગાંધીજીની આગેવાની હેઠળ સત્ય અને અહિંસાના મૂલ્યો અને ધોરણો સ્વીકારી.આઝાદી માટેની રાજકીય લડત મજબુત બનતી ગઈ જેના ફળ સ્વરૂપે ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ભારતનો એક સ્વતંત્ર અને સાર્વભૌમ રાષ્ટ્ર-રાજ્ય તરીકે વિશ્વમાં ઉદય થયો.જે ચોક્કસપણે પ્રખર અને પ્રબળ રાષ્ટ્રીય અસ્મિતાનું પરિણામ કહી શકાય.

## ૧૭.૨.૨ રાષ્ટ્રીય ઓળખ(અસ્મિતા)ના માપદંડો

### ૧) ભારતીય હોવાની ભાવના

ભારતીય હોવાની ભાવના દરેક નાગરિકમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે. ભારતીય ચારિત્ર્ય વિશે રીઝ્લેએ પણ નોંધ્યું છે, કે ભારતમાં ખૂબ જ વિવિધતા હોવા છતાંલોકોમાં વિવિધતામાં પણ ભારતીય ચારિત્ર્ય જોવા મળે છે. માનવ શાસ્ત્રીય અર્થ મુજબ જોઈએ તો ભારતીયતા મૂલ્યો, રિવાજો, પર્યાવરણ, મેળાઓ, વિધિવિધાનો, જીવનશૈલી વાગેરેમાં સહભાગીપણાનો નિર્દેશ કરે છે.ભારતના વિવિધ સમુદાયોમાં એવા વલણ અને લાગણી વિકસિત થયા છે કે પોતાની સામાજિક અને સાંસ્કૃતિક શૈલી ભારતીય ક્ક્ષા અનુસારની હોવી જોઈએ. ભારતીય ચારિત્ર્ય એ ભારતીય નાગરિકતાના મનોભાવને વ્યકત કરતી બાબત છે. લોકશાહીના પર્વ સમાન ચૂંટણીઓના પરિણામોમાં વ્યકત થતી એકતા એ ભારતીય અસ્મિતાનું ઉદાહારણ છે.

### ૨) બંધારણમાં વ્યકત થતી ભારતીય ઓળખ

ભારતના બંધારણના આમુખની શરૂઆત જ રાષ્ટ્રીય ઓળખ કે અસ્મિતાની ભાવના સાથે જોડાયેલું છે. ભારતના બંધારણના આમુખમાં જ ભારતીયતા અને રાષ્ટ્ર ભાવનાની ઓળખ દર્શાવે છે;જેમકે, ‘‘અમે ભારતના લોકો’’, ‘‘ભારતને, રાષ્ટ્રની એકતા અને અખંડતા’’, ‘‘અમારી સંવિધાન સભામાં’’ ‘‘ અમને પોતાને’’ શબ્દો અને શબ્દસમૂહોથી ભારતની સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક અને પ્રજાસત્તાક નુતન રાજય તરીકે ભારતની ઓળખ થઈ છે.

### ૩) રાષ્ટ્રીય પર્વો અને પ્રતીકો પ્રત્યે આદરભાવ

ભારતનો રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગીત,રાષ્ટ્રીય ગીત,અશોક ચક્ર, રાષ્ટ્રીય પુષ્પ વગેરે રાષ્ટ્રીય પ્રતીકો અને રાષ્ટ્રીય પર્વો વગેરેને લોકો આદરભાવની લાગણીથી જુએ છે. રાષ્ટ્રીય પર્વો અને પ્રતીકો પ્રત્યે લોકોના આદરભાવમાં એક પ્રકારની લાગણી જોડાયેલી હોય છે.આવી જ રીતે સ્વતંત્રતા દિવસની ઉજવણી અને પ્રજાસતાક દિવસની ઉજવણીમાં પણ લોકો સહભાગી બની કોઈપણ પ્રકારના ભેદભાવ વિના રાષ્ટ્રીય અસ્મિતા ને અખંડ

રાખવાનું કામ કરે છે.

### ૪) રાષ્ટ્ર માટે બલિદાન અને સમર્પણ ભાવના

લોકોમાં રાષ્ટ્ર માટે બલિદાન, ત્યાગ અને સમર્પણની ભાવના હંમેશા રાષ્ટ્રને નવી ઓળખ પૂરી પડવાનું કામ કરે છે, દેશના નાગરિકો જરૂર પડયે દેશ માટે ત્યાગ અને બલિદાન આપ્યાં છે, જેના અનેક ઉદાહરણો ઇતિહાસમાં મળી રહે છે, રાષ્ટ્ર કે કોઈ રાજ્ય ઉપર કોઈપણ પ્રકારની કુદરતી કે માનવસર્જિત આફત આવે છે ત્યારે તમામ નાગરિકો નાત-જાતના ભેદભાવ ભૂલીને રાહત સામગ્રી, વિવિધ બચાવ કામગીરી, સેવાઓ તેમજ નાણાકીય સહાય દ્વારા એકબીજાને મદદરૂપ બને છે રાષ્ટ્રીય અસ્મિતા અને એકતા પ્રદર્શિત થાય છે. યુદ્ધ જેવી સ્થિતિઓમાં પણ લોકો આંતરિક મતભેદ ભૂલીને એકતા પ્રદર્શિત કરે છે. જેમાં જેને કારણે રાષ્ટ્રની અસ્મિતા અને અખંડતા જળવાઈ રહે છે. દેશ માટે સમર્પણની ભાવનાથી લોકોમાં નવી ઊર્જાનો સંચાર થાય છે, જે રાષ્ટ્રની અસ્મિતાને સુદઢ બનાવે છે.

### ૫) રાષ્ટ્રીય સંસ્થાઓની ગરિમાની જાળવણી

દેશનું સંવિધાન, ન્યાયાલયો, કાયદા-કાનૂની સંસ્થાઓ વગેરે રાષ્ટ્રીય સંસ્થાઓ તેમજ રાષ્ટ્રધ્વજની ગરિમાની જાળવણી સાથે રાષ્ટ્રીય અસ્મિતા ઘનિષ્ઠ નાતો ધરાવે છે. હંમેશા તેના માન-સન્માન જળવાઈ રહે તે બાબતનું ધ્યાન રાખવામાં આવે છે. તેનું અપમાન થાય તે પ્રકારના આચરણો ગંભીરતાથી લેવામાં આવે છે. આમ, રાષ્ટ્રીય સંસ્થાઓ પ્રત્યે લોકોની લાગણી જોડાયેલી હોય છે, જે રાષ્ટ્રીય અસ્મિતાના દર્શન કરાવે છે.

### ૬) સાંસ્કૃતિક વારસાનું ગૌરવ

ભારત સમગ્ર વિશ્વમાં તેના વૈવિધ્યસભર અને અજોડ સાંસ્કૃતિક વારસાના કારણે વિવિધતામાં એકતાની સંસ્કૃતિ પ્રદર્શિત કરતા રાષ્ટ્રની છાપ ધરાવે છે. ઇતિહાસ, શિલ્પ-સ્થાપત્ય કળાઓ અને સ્મારકો, લોકકળાઓ, લોકસાહિત્ય, લોકકથાઓ, લોકનૃત્યો, સંગ્રહસ્થાનો પ્રાગઐતિહાસિક સમયના વિવિધ અવશેષો વગેરેનો સમૃદ્ધ વારસામાં સમાવેશ થાય છે. ભારતના નાગરિકો આ વારસા પ્રત્યે ગૌરવ અને ગર્વ અનુભવે છે. દેશના ભવ્ય ભૂતકાળના વારસાની સાથે આધુનિક વારસો પણ તૈયાર થઈ રહ્યો છે; જેમકે, અણુમથકો, સંશોધન સંસ્થાઓ, વિવિધ યુનિવર્સિટીઓ, વિવિધ સંગ્રહાલયો, રેલવે ટર્મિનલ, આમ અનેકવિધ રીતે આધુનિક સાંસ્કૃતિક વારસો તૈયાર થઈ રહ્યો છે, આમ, ભારતના ભવ્ય ભૂતકાળના વારસાના જતન અને આધુનિક વારસાની જાળવણી અને સર્જનમાં રાષ્ટ્રીય અસ્મિતા વ્યકત થાય છે.

### ૭) રાષ્ટ્રની સંસ્કૃતિના જતન અને વિકાસ માટે વ્યક્ત થતી અસ્મિતા

ભારત દેશે પુનરુત્થાનવાદી, સ્વદેશી, પુનઃઅર્થઘટનવાદી વગેરે પ્રકારના વિવિધ પ્રવાહોમાંથી મેળવેલા સાંસ્કૃતિક તત્ત્વોમાંથી રાષ્ટ્રીય ઓળખના દર્શન થાય છે. નવા પ્રકારની રાષ્ટ્રીય સંસ્કૃતિના નિર્માણમાં તમામ વર્ગોનું યોગદાન છે. આ તમામ વર્ગોના અમુલ્ય યોગદાનના કારણે રાષ્ટ્રની સંસ્કૃતિની સમૃદ્ધિમાં વધારો થયો છે. જે રાષ્ટ્રીય અસ્મિતાના દર્શન કરાવે છે. રાષ્ટ્રના વિકાસમાં પ્રદાન આપવાની ભાવના નવી પેઢીમાં સવિશેષ જોવા મળી રહી છે.

**૮) નાગરિક તરીકેની ફરજોની સભાનતા**

નાગરિક તરીકેની ફરજો અંગેની સભાનતા અને સક્રિયતા એ પણ રાષ્ટ્રીય ઓળખનું માપદંડ છે. રાષ્ટ્રીય પર્વોમાં વ્યકત થતી એકતા, વિવિધ એકતા રેલીઓ, સેવાકીય પ્રવૃત્તિઓ, પર્યાવરણનું જતન, સાંસ્કૃતિક ધરોહરોનું જતન, સાર્વજનિક મિલ્કતોનું જતન વગેરે બાબતોમાં નાગરિકોની સભાનતા અને સક્રિયતા જોવાં મળે છે, તેમાં રાષ્ટ્રીય અસ્મિતા જોઈ શકાય છે.

**૯) રાષ્ટ્રની સિદ્ધિઓનું ગૌરવ**

કૃષિ, ઔદ્યોગિક, વિજ્ઞાન અને ટૅકનૉલૉજી, અંતરિક્ષ, રમત-ગમત, કળા, સાહિત્ય, વગેરે અનેક ક્ષેત્રે ભારતે હાંસલ કરેલી સિદ્ધિઓ નાગરિકો ગૌરવ અને ગર્વની લાગણી અનુભવે તેમાં રાષ્ટ્રીય અસ્મિતા પ્રદર્શિત થાય છે. કૃષિ ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ, પશુપાલન ક્ષેત્રમાં શ્વેતક્રાંતિ, ટૅકનૉલૉજીના ક્ષેત્રે સંચારક્રાંતિ, તેમજ દેશમાં જ ઉત્પન્ન થતી વિવિધ ચીજવસ્તુઓ વગેરેમાં અનુભવાતી ગર્વ અને ગૌરવની લાગણી એ ભારતની સર્જનાત્મકતામાં વધારો કરે છે. જે વિશ્વમાં ભારતની શાખમાં વધારો કરે છે. ભારતે સામાજિક, રાજકીય, આર્થિક સાંસ્કૃતિક અને સંચાર તથા ઔદ્યોગિક ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓએ ભારતને મજબૂત અને સક્ષમ રાષ્ટ્ર તરીકેનો દરજ્જો અપાવ્યો છે. આજે વિશ્વમાં ભારતની છબી માત્ર કૃષિ પ્રધાન દેશ તરીકે નહિ; પણ, ઔદ્યોગિક અને માહિતી સંચાર ક્ષેત્રે સૌથી આગળ પડતું સ્થાન ધરાવતા રાષ્ટ્ર તરીકે થવા લાગી છે, જે રાષ્ટ્રીય અસ્મિતાનું મહત્ત્વનું માપદંડ કહી શકાય.

**૧૦) રાષ્ટ્રની ગંભીર સમસ્યાઓ :**

ભારતમાં રાષ્ટ્રની અસ્મિતામાં વધારો કરે તેવી અનેકવિધ બાબતોનું સર્જન થયું છે.સાથે સાથે આ અસ્મિતાને ઝાખપ લાગે તેવી અનેકવિધ પરિસ્થિતિઓનું નિર્માણ પણ ભારતમાં થવા પામ્યું છે, જે રાષ્ટ્રની અસ્મિતાને અવરોધે છે. નબળા વર્ગોના પ્રશ્નો, બેકારી, સ્ત્રીઓના શોષણની સ્થિતિ, કુપોષણ અને આરોગ્યની વગેરનું અનેકવિધ ચિંતાજનક પરિસ્થિતિઓનું નિર્માણ થયું છે જેમના ઉકેલ હજુ સુધી આપણે મેળવી શક્યા નથી. અનેકવિધ ક્ષેત્રે કૌભાંડો, ભ્રષ્ટાચાર, છેતરપીંડીઓ, મતદાન પ્રત્યે ઓછી જાગૃતિ જેવાં અનેકવિધ પ્રશ્નો અને ગંભીર સમસ્યાઓ પ્રત્યે લોકોમાં એક પ્રકારનું ચિંતન-મનન ચોક્કસ જોવાં મળે છે. આ બધી જ વિપરીત પરિસ્થિતિઓ ભારતની રાષ્ટ્રીય અસ્મિતાની ઉજજવળ બાજુની પાછળનું ચિત્ર પ્રદર્શિત કરે છે. આવી પરિસ્થિતિઓના કારણે વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા અને અસ્મિતાનું મૂલ્ય થોડું ઓછું અંકાતું જોવાં મળે છે.

**★ તમારી પ્રગતિ ચકાસો (ક)**

નોંધઃ (૧) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો,

(૨) એકમના અંતે આપેલા જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

૧. રાષ્ટ્રીય ઓળખને ત્રણ લીટીમાં સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

.........................................................................
.............................................................

## ૧૭.૩ રાષ્ટ્રનિર્માણ

સમગ્ર એશિયા ખંડમાં ભારત એક વિશાળ ઉપખંડ છે, ભારતના વિવિધતાવાળા ભૌગોલિક પર્યાવરણના કારણે ભારતમાં સામાજિક એન સાંસ્કૃતિક અનેક રીતે વિવિધતાઓ સર્જાય છે, આ પ્રકારની વિવિધતાઓના કારણે જ ભારત, સમગ્ર વિશ્વમાં અન્ય દેશો કરતા અલગ તરી આવે છે. હિમાલયના કારણે ભારત ઈતિહાસના શરૂઆતના તબક્કાથી જ અલગ ઉત્ક્રાંતિમાં અલગ તરી આવ્યું છે. આવી વિવિધતા અને અલગતાના કારણે જ ભારતીય સમાજજીવનમાં કેટલીક ખાસિયતો વિકસી છે. ભારતના ભૌગોલિક પર્યાવરણએ ભારતની અદ્વિતીય અને મૌલિક સંસ્કૃતિનું સર્જન કર્યું છે, આવી ભૌગોલિક એકતાના કારણે ભારતમાં સમાન સભ્યતા અને સંસ્કૃતિએ રાષ્ટ્ર વિકાસ અને રાષ્ટ્ર નિર્માણ માટેની પાર્શ્વભૂમિ સર્જી આપી છે.

### ૧૭.૩.૧ રાષ્ટ્રનિર્માણના આધારો

**A. રાષ્ટ્રનો ખ્યાલ**

જહોન્સનના મત મુજબ ''રાષ્ટ્ર એટલે સમાન ભૌગોલિક ક્ષેત્રમાં રહીને પોતાનું રાજય સ્થાપિત કરવા ઇચ્છતા લોકોનો સમૂહ'' જો પહેલેથી જ તેમનું રાજય હોય તો તેઓ અત્યંત મહત્ત્વપૂર્ણ રીતે એકતાની લાગણી અને સામન ધ્યેયો પ્રાપ્ત કરવાની ભાવનાની અભિવ્યક્તિ કરે છે. સમાન ધર્મ, સમાન ભાષા તેમજ જાતિની ભિન્નતા હોવા છતાં પણ ભારત દેશમા મજબુત રાષ્ટ્રીય ભાવના જોવા મળે છે. મોટાભાગે શત્રુના ત્રાસથી બચવા માટે સમાન ભૌગોલિક ક્ષેત્રના લોકો રાષ્ટ્રનું નિર્માણ કરે છે. રાષ્ટ્રના ખ્યાલ સાથે એકતાનો ખ્યાલ જોડાયેલો છે, કારણ કે એકતા વિના કોઈપણ રાષ્ટ્રનો ઉદભવ થઈ શકતો નથી. તેમજ એકતાના આધારે રાષ્ટ્રનો ઉદભવ થયો હોય પણ જો પાછળથી રાષ્ટ્રની એકતા જોખમાઈ અથવા તો એકતા તોડનારા પરિબળોનું સર્જન થાય તો ચોક્કસ કોઈપણ રાષ્ટ્રનું અસ્તિત્વ લાંબા સમય સુધી ટકી શકે નહી, રાષ્ટ્રના ઉદભવ માટે એકતા જરૂરી છે તેમ તેના સાતત્ય ને ટકાવી રાખવા એકતા ટકી રહેવી જરૂરી છે તો જ લોકોમાં રાષ્ટ્રનો ખ્યાલ ટકી શકે છે.

**B. રાષ્ટ્રનિર્માણનો ખ્યાલ :**

રાષ્ટ્ર એક પ્રક્રિયા છે.આ પ્રક્રિયાને રાષ્ટ્ર નિર્માણ તરીકે ઓળખવામાં આવે છે. રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયા એ સાંસ્કૃતિક અને રચનાતંત્રીય પ્રક્રિયા છે. તેની સાથે રાષ્ટ્રનો સામાજિક અને આર્થિક વિકાસ પણ જોડાયેલો છે. તેમજ રાષ્ટ્રનિર્માણમાં ઈતિહાસ, પૌરાણિક કથાઓ તેમજ સાંસ્કૃતિક વિરાસતો તેમજ તર્ક અગત્યનો ભાગ ભજવે છે. સ્થાનિક સ્તરે તેમજ પ્રાદેશિક અને રાષ્ટ્રીય કક્ષાએ સંસ્કૃતિનું જેમ જેમ જોડાણ થતું જાય છે તેમ તેમ તેમાં અને રાષ્ટ્રીય મેળા તથા ઉત્સવોમાં લોકોની ઉત્સાહભેર ભાગીદારીમાં લોકોના ધબકતા જીવનમાં રાષ્ટ્ર ઘડતરની પ્રક્રિયા વ્યકત થાય છે.

**C. રાષ્ટ્ર એક સમાજ વ્યવસ્થા તરીકે**

એક સામાજિક વ્યવસ્થા તરીકે રાષ્ટ્ર એ વિવિધ પેટા વિભાગો ધરાવતો અને અમુક

નિશ્ચિત પ્રદેશમાં વસવાટ કરતો વિશાળ લોક સમૂહ છે. રાષ્ટ્રની સામજિક વ્યવસ્થાની રચના સાથે સંબંધ ધરાવતા વિવિધ વિભાગો પારસ્પરિક સંબંધોથી પણ જોડાયેલા હોય છે. આ બધા જ વિભાગો અને પેટા વિભાગો વચ્ચેનું સાતત્ય અને તાદાતમ્ય હોવાથી સભ્યોની વફાદારી વ્યક્ત થતી હોય છે.તેમાં રાષ્ટ્રીય મૂલ્યો પ્રતીકો અને રાષ્ટ્રીય સંસ્થોઓના અસ્તિત્વને ટકાવી રાખવાનું વલણ હોય છે.રાષ્ટ્ર સામે જયારે કોઈપણ પડકારો ઊભા થાય છે ત્યારે તે પડકારોને પોહચી વળવા માટે સભ્યો જુસ્સાની અને બલિદાનની ભાવના ધરાવતા હોય છે,આવી બધી ખાસિયતો રાષ્ટ્રની સંસ્કૃતિમાં પ્રગટ થતી હોય ત્યારે રાષ્ટ્રનિર્માણનો એક આધાર, સામાજિક વ્યવસ્થાને ગણાવી શકાય.

### D. રાષ્ટ્રનિર્માણ એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય તરીકે :

પ્રાચીન સમયમાં ભારત દેશને ''ભારતવર્ષ'' તરીકેનું બિરૂદ મળેલું હતું,જે ભૂતકાળમાં પણ દેશની એકતા અને અખંડતાને વ્યકત કરે છે. ભારતમાં પ્રાચીન સમયમાં મજબુત રાષ્ટ્રીય એકતા પ્રવર્તતી હતી; પરંતુ, ગુપ્તયુગના અંત સાથે ભારતની રાષ્ટ્રીય એકતા ધીમે ધીમે નબળી પાડવા લાગી અને મધ્યયુગમાં વિઘટનકારી પ્રક્રિયાઓ અને પરીબળોના કારણે ભારતની એકતા છિન્ન-ભિન્ન થવા લાગી. આ કારણે સલામતીની ભાવના જોખમાઈ આ માટે લોકોની સંકુચિત મનોવૃત્તિ, હિંદુ-મુસ્લિમ અલગતા તેમજ ધાર્મિક માન્યતાઓ, આ બધા જ પરિબળો જવાબદાર ગણાવી શકાય; પરંતુ બ્રિટિશ શાસનના કારણે ફરીથી ભારતની એકતા મજબૂત બનવા લાગી. પરંતુ બ્રિટિશરોએ ભારતની મજબૂત બનતી જતી રાષ્ટ્રીય એકતાને તોડી પાડવા ''ભાગલા પાડો અને રાજ કરો''ની નીતિ અખત્યાર કરીને ભારતમાં કોમી રાજકારણ વિકસાવ્યું. દેશના રાષ્ટ્રીય નેતાઓએ ભાગલાવાદી નીતિનો વિરોધ કરીને સ્વતંત્રતાના આંદોલનો દ્વારા દેશમાં વિકસેલા ભાષા, ધર્મ, જ્ઞાતિ- કોમ આ બધા વચ્ચેના ભેદભાવો ભુલાવી દીધા આ પ્રકારની મજબૂત રાષ્ટ્રીય એકતાના કારણે જ ભારત દેશ ૧૯૪૭માં આઝાદ બન્યો પણ અંગ્રેજોની કૂટનીતિના કારણે ભારત અને પાકિસ્તાન એવા બે રાષ્ટ્રનું નિર્માણ થયું. જેના કારણે કોમવાદ અને કોમીસંઘર્ષ એવી બે ગંભીર સમસ્યાઓ વારસામાં મળી.

## ૧૭.૩.૨ રાષ્ટ્રનિર્માણ : સમસ્યાઓ અને સમાધાન

ભારત એ સામાજિક સાંસ્કૃતિક વિવિધતા ધરાવતો વિશાળ દેશ છે. વિવિધ કોમી અને ધાર્મિક જૂથો પ્રાદેશિક જૂથો ભાષાકીય જૂથો, જ્ઞાતિ જૂથો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના જૂથો જેવાં અનેકવિધ જૂથો ભારતમાં અસ્તિત્વ ધરાવે છે. આથી ભારતીય સમાજને બહુમુખી સમાજ તરીકે ઓળખવામાં આવે છે. ભારતીય સમાજ અને સંસ્કૃતિના આવા બહુત્વવાદી સ્વરૂપના કારણે ભારત દેશમાં અનેકવિધ સમસ્યાઓ કોમવાદ, પ્રાંતવાદ, ભાષાવાદ, જ્ઞાતિવાદ, એસ.સી. અને એસ.ટી. સમૂહોના અલગતાના પ્રશ્નો વગેરેએ ભારતમાં અનેકવિધ સમસ્યાઓ જન્માવી છે. જે ભારતના રાષ્ટ્ર નિર્માણમાં અવરોધક સાબિત થઈ છે.

### A. દેશી રજવાડાઓનું વિલીનીકરણ

દેશ આઝાદ થયો ત્યારે દેશમાં લગભગ ૫૬૨ જેટલાં નાનાં-મોટાં રજવાડાઓ હતા. સરદાર વલ્લભભાઈ પટેલે એ તમામ રજવાડાઓનું એક રાષ્ટ્ર તરીકે વિલીનીકરણ કરી, અખંડ ભારતનું નિર્માણ કર્યું. આ પગલાને કારણે ભારતમાં રાજાશાહીનો અંત આવ્યો અને લોકશાહીનો પાયો નંખાયો, જેને રાષ્ટ્ર નિર્માણમાં સૌથી

પાયારૂપ બાબત ગણાવી શકાય. આજે એક રાષ્ટ્ર તરીકેનું ગૌરવ દરેક ભારતીય લઈ શકે છે.

### B. નિરાશ્રિતોને સમાવ્યા

ભારતને સ્વતંત્રતા તો મળી પણ સાથે સાથે અંગ્રેજોની 'ભાગલા પાડો અને રાજ કરો' ની નીતિના કારણે ભારતમાંથી ભારત અને પાકિસ્તાન એમ બે રાષ્ટ્રોનું નિર્માણ પણ થયું જેને કારણે પાકિસ્તાનમાંથી હિજરત કરીને આવેલાં અસંખ્ય નિરાશ્રિતોને પણ ભારતની સમાજવ્યવસ્થામાં સમાવવામાં આવ્યા જેઓ આજે ભારતીય સમાજ વ્યવસ્થામાં ઓતપ્રોત થઈ ગયાં છે.

### C. બહુત્વવાદ અને બિનસાંપ્રદાયિકતાની નીતિ

૧૯૪૭માં આઝાદી બાદ ૧૯૫૦માં ભારતનું સંવિધાન અપનાવવામાં આવ્યું. આ સંવિધાનમાં બિનસાંપ્રદાયિકતા અને બહુત્વવાદ એમ બે નીતિઓ રાષ્ટ્ર હિત માટે અપનાવવામાં આવી. બિનસાંપ્રદાયિકતા એટલે સર્વધર્મ સમભાવ અને લોકોના ધર્મની બાબતમાં રાજયનો બિનહસ્તક્ષેપ, ધર્મની બાબતમાં ભેદભાવથી પર રહીને તમામ ધર્મ પ્રત્યે આદરભાવ. ભારતના બંધારણમાં ભારતના બહુત્વ સામાજિક, સાંસ્કૃતિક પ્રાદેશિક, ભાષાકીય વગેરે વૈવિધ્યને બહુત્વવાદની નીતિ અખત્યાર કરવામાં આવી.

### D. ભાષાના આધારે રાજ્યોનું પુનઃગઠન

ભારતમાં ભાષાકીય વૈવિધ્યના કારણે પુનઃગઠન કરવામાં આવ્યું. શરૂઆતમાં ૧૪ જેટલી ભાષાઓને બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું. ભાષાકીય અસ્મિતા ઉજાગર થવાના કારણે આજે દેશમાં ૨૨થી વધુ પણ ભાષાઓ બંધારણીય ભાષા તરીકે સ્થાન પામેલી છે. શરૂઆતમાં ભારત દેશમાં ૧૫ રાજ્યો હતા. આજે હવે ૨૯ રાજ્યો અને અને ૬ કેન્દ્રશાસિત પ્રદેશો અને દિલ્હી પાટનગર રાજ્ય સાથે મળી કુલ ૩૬ રાજ્યો થવાં પામ્યાં છે. રાજ્યોની એકતા અને અખંડતા જાળવી રાખવા માટે સમયાંતરે દેશમાં અનેક નવા રાજ્યોનું પુનઃગઠન થતું રહ્યું છે તેમજ હજુ અનેક રાજ્યોમાં અલગ રાજ્યોની માંગ બુલંદ થવા લાગી છે. આ તમામ રાજ્યો ભારતના વિકાસના તમામ ક્ષેત્રે પોતાનું એક કે બીજી રીતે યોગદાન આપી રહ્યાં છે.

### E. રાષ્ટ્રીય પ્રતીકો અને રાષ્ટ્રીય પર્વો

રાષ્ટ્રધ્વજ (તિરંગો), રાષ્ટીયચિહ્ન (અશોકચક્ર), રાષ્ટ્રગીત (જન-ગણ-મન), રાષ્ટ્રગાન (વંદે માતરમ) રાષ્ટ્રીય પંચાગ(ચૈત્રીય કેલેન્ડર) રાષ્ટ્રીય પક્ષી (મોર) રાષ્ટ્રીય પ્રાણી(વાઘ), રાષ્ટ્રીય પુષ્પ(કમળ) આ ભારતના તમામ રાષ્ટ્રીય પ્રતીકો છે. જેના પ્રત્યે લોકો આદરભાવ અને ગૌરવની લાગણી વ્યકત કરે છે. સાથે સાથે રાષ્ટ્રીય પર્વ તરીકે ૧૫મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસ તરીકે અને ૨૬મી જાન્યુઆરીને પ્રજાસતાક દિવસ તરીકે સમગ્ર દેશમાં દ્વારા લોકો ઉજવણી કરવામાં આવે છે. આમ, રાષ્ટ્રીય પ્રતીકો અને પર્વો વિવિધતામાં એકતા સર્જનારા અને રાષ્ટ્રીય અસ્મિતાના પ્રેરકબળ બની રહે છે.

- **તમારી જાતે ચકાસો (ખ)**

નોંધ (૧) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો,
(૨) એકમના અંતે આપેલા જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

૧. ભારતના રાષ્ટ્રીય પર્વો અને પ્રતીકો ક્યા ક્યા છે તે લખો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
........................................................

## ૧૭.૪ સારાંશ

આ એકમમાં આપણે રાષ્ટ્રીય અસ્મિતા અને રાષ્ટ્ર નિર્માણ વિશે વિગતે અભ્યાસ કર્યો રાષ્ટ્રીય અસ્મિતા વિશે આપણી સમજ કેળવાઈ રાષ્ટ્રીય અસ્મિતાને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં પણ સમજવાની તેમજ રાષ્ટ્રીય ઓળખના માપદંડો વિશે વિગતે જાણકારી મેળવી રાષ્ટ્ર નિર્માણ વિશે ખયાલ મેળવ્યો તેમજ રાષ્ટ્રનિર્માણમાં અવરોધરૂપ સમસ્યાઓ અને તેના સમાધાન વિશે માહિતી મેળવી.ટૂંકમાં, રાષ્ટ્રીય ઓળખ કે અસ્મિતા એટલે રાષ્ટ્ર પ્રત્યે ગૌરવ અને સ્વમાનની લાગણી. રાષ્ટ્ર એક પ્રક્રિયા છે, આ પ્રક્રિયાને રાષ્ટ્ર નિર્માણ તરીકે ઓળખવામાં આવે છે.

## ૧૭.૫ શબ્દાવલી

**રાષ્ટ્રવાદ** : રાષ્ટ્રીયતામાં પ્રદાન કરતા સમાન તત્ત્વોના આધારે લોકોમાં વિકસતી એકતાની ભાવના.

**સાંસ્કૃતિક વારસો** : રાષ્ટ્રની સંસ્કૃતિને જાળવી રાખવાની સતત ચાલતી પ્રક્રિયા.

**ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય** : કોઈપણ ઘટના કે બાબતને ઇતિહાસના સંદર્ભમાં તપાસવી.

**રાષ્ટ્રઘડતર** : રાષ્ટ્રીય ઓળખના વિકાસની પ્રક્રિયા.

## ૧૭.૬ બહુવૈકલ્પિક પ્રશ્નો

૧. રાષ્ટ્રીય ઓળખ એટલે............
(ક) રાષ્ટ્રીય પર્વો (ખ) રાષ્ટ્રીય અસ્મિતા
(ગ) રાષ્ટ્રીય ગૌરવ (ઘ) રાષ્ટ્રીય એકતા

૨. ભારતનું રાષ્ટ્રીય પુષ્પ કયું છે ?
(ક) ગુલાબ (ખ) ચંપો
(ગ) કમળ (ઘ) મોગરો

૩. ભારતનું રાષ્ટ્રીય પ્રાણી ..............છે.
(ક) વાઘ (ખ) સિંહ

(ગ) ગાય (ઘ) ચીત્તો

૪. બ્રહ્મોસમાજની સ્થાપના કોણે કરી હતી. ?
(ક) દયાનંદ સરસ્વતી (ખ) રાજા રામમોહન રોય
(ગ) એની બેસન્ટ (ઘ) સ્વામી વિવેકાનંદ

૫. દેશી રાજવાડાઓનું અખંડ ભારતમાં વિલીનીકરણ કોણે કર્યું હતું. ?
(ક) ગાંધીજી (ખ) જવાહરલાલ નેહરુ
(ગ) રાજેન્દ્રપ્રસાદ (ઘ) સરદાર વલ્લભભાઈ પટેલ

- **જવાબો :**

૧- (ખ) રાષ્ટ્રીય અસ્મિતા
૨- (ગ) કમળ
૩- (ક) વાઘ
૪- (ખ) રાજા રામમોહન રોય
૫- (ઘ) સરદાર વલ્લભભાઈ પટેલ

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
- **તમારી પ્રગતિ ચકાસો (ક)**

રાષ્ટ્રીય ઓળખ એ કોઈપણ રાષ્ટ્રનો આત્મા કે પ્રાણ, તે રાષ્ટ્રનું ચેતન કે સર્જનાત્મકતા છે. રાષ્ટ્રીય ઓળખ એ આપણા રાષ્ટ્રીય પ્રતીકો, રાષ્ટ્રીય સંસ્થાઓ રાષ્ટ્રની સંસ્થાઓ, સંસ્કૃતિ અને ભાષાઓમાં વ્યકત થતી બાબત છે.

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

રાષ્ટ્રધ્વજ (તિરંગો), રાષ્ટીયચિહ્ન (અશોકચક્ર), રાષ્ટ્રગીત (જન-ગણ-મન), રાષ્ટ્રીયગાન (વંદે માતરમ) રાષ્ટ્રીય પંચાગ(ચૈત્રીય કેલેન્ડર) રાષ્ટ્રીય પક્ષી (મોર) રાષ્ટ્રીય પ્રાણી(વાઘ), રાષ્ટ્રીય પુષ્પ(કમળ) આ ભારતના તમામ રાષ્ટ્રીય પ્રતીકો છે. રાષ્ટ્રીય પર્વ તરીકે ૧૫મી ઓગસ્ટ ને સ્વતંત્રતા દિવસ તરીકે અને ૨૬મી જાન્યુઆરીને પ્રજાસત્તાક દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

## ૧૭.૭ સ્વાધ્યાય

૧. રાષ્ટ્રીય ઓળખ(અસ્મિતા)ના માપદંડો સવિસ્તાર વર્ણવો.

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................

.............................................................

૨. ટૂંકનોંધ લખો : રાષ્ટ્રનિર્માણ

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

## ૧૭.૮ સંદર્ભસૂચિ


- A.R.DESAI. **ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા .**
- Desai A R. (1987). Social Background of indian Natioanalaism . bombay: popular pubalication .

  Government of India. Indaian Constituataion .
- http://epgp.inflibnet.ac.in/epgpdata/uploads/epgp_content/sociology/04._sociology_of_india/22._nation,_nationality_and_nation_building_in_india/lm/5167_lm_22lm.pdf.
- http://shodhganga.inflibnet.ac.in/bitstream/10603/38304/9/09_chapter%205.pdf.
- https://en.wikipedia.rog/wiki/Nation-building.

  satyendra kishroe. (1987). Natioanal Integaration in Indai. New Delhi: sterling.
- shrinivas M N. Nation-Building in independent India.

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**Dr. Babasaheb Ambedkar Open University**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**